ક્રોધથી જોયું અને ઝપાટાબંધ બહાર નીકળી ગયો !

'તું તે કાંઈ માણસ છો !' વાઘો એને બહાર લઈ જઈને ધખવા માંડ્યો : ' આની નજરમાંથી એક વાર ઊતર્યો કે પત્યું !' અને એણે ઢીલા વીલા ચતુરને તાણીને તંગ કર્યો અને વળી ધકેલ્યો.

વાઘાની ઇચ્છા હતી કે ચતુર પર જામેલું ચોકખાઈ અને ગરવાઈનું પોકું જો એક વાર તૂટી જાય તો મજબૂત થાંભલા જેવા આ માણસને ઊંડો ને ઊંડો ધરબી દઈને આ આખીય વસાહતનો મોભ બનાવી શકાય – એમાં બળ વડે શું ન થઈ શકે ?

દીવાળી એમાં જવાળા નાખતાં પૌરુસ્યને જોઈને કંપી ઊઠી.

—ચતુરે જોસથી એનું બાવડું પકડ્યું. દીવાળી રહેંસાઈ ગઈ. એણે ચતુરની આંખમાં જોયું અને ભયથી એ આંખો મીંચી ગઈ. ચતુર હવે એની સાવ નજીક હતો...સામેથી દીવો અજવાળું ફેંકતો હતો. ચતુર સ્તબ્ધ બની ગયો – દીવાળીની આંખમાંથી આંસુ ખળકતાં હતાં.

ચતુરને એના આ લાગણીવેડા ઉપર હવે હસવું આવ્યું.

દીવાળીનું છાતીનું માળખું ધ્રૂજવા માંડ્યું...ગળાની બધી નસો ફૂલી ગઈ. મોં એકદમ ફિક્કું અને વિકૃત બની ગયું. એણે હાથનો ઇશારો કરીને ચતુરને ખસી જવા કહ્યું પણ એ ખસ્યો નહીં. તંગ ચહેરે એ બોલ્યો: 'તું મને શું સમજ છ ?' ઊલટાનો વધારે નજીક ગયો : 'કહે તો ? શું સમજ છ ?'

દીવાળીએ એક ઉબકો કર્યો....એની વાચાઓમાંથી લાલચોળ લોહી દડદડતું ગળા પાસે થઈને છાતી પર રેલાઈ ગયું.

ચતુર ઠેકડો મારીને ઊભો થઈ ગયો : 'અરે લોહી છે...આ તો લોહી પડે છે દીવાળી !' અને એ પોતાના હાથ વડે લોહી લૂછવા માંડ્યો.

દીવાળીએ ચતુરના લોહીવાળા હાથ પોતાના ઓઢણાથી લૂછવા માંડ્યા.

'ના ના !' ચતુરે માથું હલાવ્યું. એક જબરજસ્ત આંચકો એણે તરત જ અનુભવ્યો. એનાં અંદરનું તત્ત્વ એકાએક તપી ઊઠ્યું. અને એને ધૂંધળો કરી જનાર ધુમ્મસ ફાળકા થઈને ઊડવા લાગ્યો.

ચોકખો ચણક થયેલો ચતુર કરપીણ અવાજે બોલી ઊઠ્યો: 'હું અહીં ક્યાંથી? અહીં ક્યાંથી?' એ એકદમ ભીંત પાસે ગયો. થોડી વાર એણે મુઠ્ઠીઓ વાળેલા હાથ આપસ આપસમાં ભટકાવ્યા અને વળી પાછો એ દીવાળીના ખાટલા પાસે આવ્યો.

'હું અહીં રોકાઈ જાશ...તારી પાસે રોકાઈ જાશ, દીવાળી! તું આ છોડી દે – આ બાળકને માટે છોડી દે...હું મજૂરી કરીને પીને...તું સમજી દીવાળી? હું એટલા માટે જ હવે આવ્યો છું...'

દીવાળી માત્ર એને જોઈ રહી.

તને બેન તરીકે રાખીશ' એ ભાવવિભોર બોલ્યો: 'તું મને ફક્ત રાંધી આપજે...બસ...ના ન પાડતી...તું ના ન પાડતી' ચતુરના મુખ ઉપર ચમક આવી ગઈ: 'હવે મારા જીવતરનો છેડો આવશે. હું બસ, આ રીતે જ જીવી કાઢશ તને ખરું કહું છું દીવાળી! મને આજ તાગ મળી ગયો છે.' એનો અવાજ પછી કંપતો બન્યો: 'જીવતરનો તાગ! હવે કોઈ ઝંઝટ નથી, કોઈ મૂંઝવણ નથી...આજ હવે એ પાનું પૂરું થયું...હા...સાચી વાતે પૂરું થયું...' અને પછી એ નકરું માથું હલાવતો રહ્યો. ક્યાંય સુધી...!

દીવાળી ધીમે ધીમે હાથના ટેકા વડે પોતાના દેહને બેઠો કરવા લાગી...બેઠા થતાં એ શ્વાસથી હાંફવા લાગી. કપાળ પરનો પસીનો લૂછીને એણે ચતુર સામે જોયું. અને પછી સર સર દડતાં આંસુ એની આંખમાંથી છલકવા માંડ્યાં!

અને ત્યારે જ બારણું ખોલીને વાઘો અંદર આવ્યો.

ચતુર અત્યારે સારી વાર અંદર રોકાયો હતો. વાઘો આનંદમાં હતો...વાઘાએ ચતુરનો વાંસો થપકાર્યો, પછી દીવાળી સામે જોયું અને આંખ મીંચકારી...દીવાળી પળભર હસી.

'બોલ, હવે રોકાઈશને?' વાઘાએ પ્રેમથી ચતુરનો હાથ હાથમાં લીધો : 'અમારે તારો ખૂબ ખપ છે.'

'હું મજૂરી કરીશ' ચતુર દીવાળી સામે જોઈને બોલ્યો 'આની ખાતર કાળી મજૂરી કરીશ...' અને વાઘા સામે ફરીને કરગરતો એ બોલ્યો : 'તમે એને મારી સાથે મોકલો...બધું જ...મેં બધું જ વિચારી લીધું છે.'

'એને અહીંથી કાઢી મૂકો!' દીવાળી એકાએક ઉશ્કેરાઈ ગઈ : 'કહું છું એને કાઢી મૂકો' અને એ કંપવા પણ માંડી : 'નહીં તો – નહીં તો હું...હું આપઘાત કરીશ.'

ચતુર ડઘાઈ ગયો...પછી એ આવેશથી દીવાળી સુધી ગયો : 'તને...તને...' એણે દીવાળીનો હાથ પકડ્યો.

—દીવાળીએ એનો હાથ તરછોડી નાખ્યો : 'જતો રહે... મને મોં ન બતાવીશ...' ને એ વાઘાને ક્રોધમાં કહેવા લાગી : 'આને કાઢો નહીંતર એ બધાનો કોળીયો કરી જશે.'

'બોલમાં બોલ!' ચતુરે હવામા હાથના બાચકાં ભર્યાં.

'જા!' દીવાળી ત્રાડી ઊઠી : 'જા...! કહું છું તું જા...!' અને એ તોરણમાં ઊભી થઈ. બારણું ખોલ્યું અને ચતુરને અંધારામાં ધક્કો માર્યો : 'જા..!'

'તું...તું નાલાયક છો' ચતુર એકદમ દીવાળી સામે ધસ્યો : 'બગડી ગઈ છો...એફામ રીતે બગડી ગઈ છો.' અને એણે જોરદાર તમાચો દીવાળીના ગાળ ઉપર ચોડી દીધો.'

'હરામખોર!' વાઘો કૂદીને ત્યાં આવ્યો : 'હાથ ઉપાડ છ?'

'રાખો હવે.' ગાલના લોહીને ઠેકાણે કરતી દીવાળી બોલી :

'હાથ તો મેં ઉપાડ્યો છે...મેં એને તમાચો માર્યો છે...તમે એને શું કામે ?' અને એ રડતી રડતી પછી સૂઈ ગઈ.

અંધારામાં, રોડ પર સૂતેલાં કૂતરાંને ભસાવતો ભસાવતો સ્ટેશન બાજુ જઈ રહેલો ચતુર, જ્યારે જ્યારે ખાડામાં પગ પડતો ત્યારે આટલું જ બોલતો હતો : 'અરેરે...ભારે કરી !'

૧૯

ધડધડાટ વહેતો સમય કેવો નિખાલસ અને પ્રામાણિક છે! એ સૌને હસાવી શકે છે, રડાવી શકે છે, સુવાડી કે જગાડી શકે છે–પરંતુ એ ક્યારેક, ક્યાંક સ્થંભી જાય છે. એ વખતે એ બહુ ભયાનક બને છે–ફૂંકી ફૂંકીને ખાઈ જાય છે... એ ઈર્ષ્યાળો અને કિન્નાખોર પણ બની જાય છે.

—સખત અને અણનમ ગણાતી કોઈ પણ ચીજ એના હુમલાનું નિશાન બને છે.

ગુલાબ એનું નિશાન બની હતી... નહીંતર એક વારની ભડકા ભડકા ગુલાબ આવી હોય?

દિવસો વીતતાં એ પીઢ બની ગઈ હતી. એનામાં સતત ઊછળ્યા કરતું ચંચળતાનું પ્રવાહી ધીરે ધીરે ધાટું, જાડું બનીને આખરે ઘનરૂપમાં ફેરવાઈ ગયું હતું અને રોજિંદા જીવનના ચોસલામાં આકારાઈને અનુરૂપ પણ બની ગયું હતું.

ધીમે ધીમે...એના કોડ અને અરમાનોની નસો સોઝતી ગઈ હતી અને એમાં વહેતો પ્રવાહ ડૂકવાની તૈયારીમાં હતો, પરંતુ ઇલાએ એને વળી પાછી એના અસ્સલ તરફડાટમાં મૂકી દીધી.

કરંડિયે પુરાયેલા એના સબળા સંતાપો વળી પાછા ફેણ ચડાવીને બેઠા થઈ ગયા.

ઇલા એને પેલી જગ્યામાં, ઘોડાગાડીમાં લઈ ગઈ – ગુલાબના જીવનમાં સુખનો સૂરજ ઉગાડવા, નવ લોહીયા એના ઘાયલ ઓરતાઓને જગ્યાના એ સંતપુરુષના ચરણમાં ધરીને, ચેતનાવંત કરીને નિરર્થક અન્યે જતા એના જીવનને ઉજાગરા ! — ઇલાએ જગ્યાના એ અવતારી પુરુષનું શરણું શોધી આપ્યું.

અવતારી પુરુષ...ભગત ચતુર ! ગુલાબનો પ્રેમપાત્ર, ચતુર...! ભગવાં કપડાં પહેરેલો, દાઢી વધારીને હરામખાઉ ધાન આરોગનારો, બાવડાનું બળ ગુમાવેલો, સીધો અને સાદો, નિખાલસ અને ખોળામાં માથું મૂકવા જેવો ભરોંસાપાત્ર ચતુર એને બાવો બનીને મળ્યો !

'અરેરે એ કેવો દંભી બની ગયો હતો !' ગુલાબની આંખમાં આંસુ આવ્યાં : 'એ કેવું બેઠો હતો ? કેવું કેવું બોલતો હતો ! એની ચારે બાજુ કેવી દુનિયા વસી ગઈ છે ! એ બધાં એને શું કદિ' છોડવાનાં છે ? ના ના ! એ બધાં એનાં ચરણ પૂજતાં રહેશે, ખૂટચો ખૂટચો આટો આપતાં રહેશે. બીડીઓ અને ગાંજો, ચા અને ભાંગ, ચલમ ..ભભૂતિ, તુંબડાં અને અને...' ગુલાબ નખશીખ ધ્રૂજી ઊઠી : 'એક દિવસ...! એક દિવસ એવો ય આવીને ઊભો રહેશે – આ સ્વાર્થી દુનિયા, મૂર્તિ, પાળિયાઓ, દેરીઓ અને સમાધિઓને થોક થોક પૂજનારી દુનિયા એને એક વાર જીવતો ભંડારશે. લાલ અક્ષરે એની દફનવિધિને કંકોત્રીમાં છપાવશે —' બાપુએ અમરપંથનાં પ્રયાણ કર્યાં...બાપુને અલખનો પ્યાલો, અલખનાં વાયક આવી ગયાં હતાં !

'ચતુર...! ચતુર !' ગુલાબનો આત્મા આક્રોશ કરી ઊઠયો :

ત્યાંથી નાસી નીકળ...ચતુર...તું કતલખાનામાં આવી ગયો છો... તારું આ કામ નથી ચતુર! તને પગે લાગું છું!' અને અહીં સુધી વિચારી નાખતી ગુલાબને એક ધક્કો લાગી જતો – એને સડક કરી મૂકે એવો આંતરિક ધક્કો!

'તેં પગે લાગવાનું કહ્યું ખરું?' કોઈક એ ધક્કા આડેથી બોલતું.

ગુલાબ માથાને બે હાથમાં પકડી લેતી.

'તેં એને શું કહ્યું હતું ખબર છે? એને મોઢું ન જોવાનું કહેલું સમજી?'

'એણે ભગવાં પહેર્યાં હતાં – ન કહું?'

'અને એ ભગવાં કદાચ તારે કારણે જ પહેર્યાં હતાં – તું એને મળવાની નથી એવી ખાતરી થયા પછી – તો?'

'એવું કોઈ બોલોમાં. ભલાં થઈ ને બોલોમાં' ગુલાબ હવામાં હાથ વીંઝતી, જોર જોરથી માથું ધુણાવતી. ઘણી વાર તો એ હાથમાંની ચીજને ઘડ દઈ ને ફેંકી દેતી અને 'ના ના ના...!' એમ જોરથી બોલી ઊઠતી.

ક્યારેક એ ભૂખી રહેતી અને ક્યારેક ખાવા માંડતી ત્યારે માપ છોડી જતી એની દરેક ક્રિયા આવેગમાં થતી – એમાં ડહાપણ કે ભાન જરાય નહોતાં!

એક દિવસ એ આજ સ્થિતિમાં બેઠી હતી. ઈલા ત્યાં દોડી આવી: 'ગુલાબ!'

ગુલાબ ચમકી – એણે ઈલાનું બાવડું લીધું – ચમકાવીને ભીંસવા માંડી.

— ઈલાએ ચમકીને ગુલાબ સામે જોયું અને પછી માયાળુ અવાજે એ બોલી: 'તને મારે ઘેર તેડી જવી છે, ચાલ!'

'હા હા...' સાસુ બોલ્યાં: 'તેડી જાવ. એને કાંક થઈ જાય છે.' અને પછી ઈલા સામે જોઈ ને ઉમેર્યું: 'એ જગ્યા જ એવી

છે મહાદેવની...સમજ્યાંને? ભલભલા તપેશરીનું ય માથું ભમાવી નાખે...એની અડખેપડખે પણ કોઈ ટકે છે? ઓલી ઝૂંપડીના ભગત કેટલા આઘા હતા? પણ પત્તો લાગ્યો?'

'આનો જીવ જ ઉત્પાતિયો છે માડી!' ઈલા ગુલાબને દ્વારની આગળ કરતી બોલી.

ગુલાબ ઈલા સામે ટગર ટગર જોઈ રહી.

'તને કાંઈ ભાન છે?' ઘેર લઈ જઈને ઈલા બોલી: 'પેલા ભગત પાસે ગયાં ત્યારથી તને કાંક થઈ ગયું છે. તે દિ' રસ્તામાં તેં મને એક પણ વાર ન બોલાવી, કે ન બોલી. તારે અને ભગતને શી વાત થઈ અથવા તો કશું ન થયું – એ બાબત પણ તેં મને ના કહ્યું...ભલે ન કહ્યું. માટે એ વિશે તને પૂછવું પણ ન જોઈએ. પરંતુ તારું વર્તન એ પછી વિચિત્ર બની ગયું છે સમજી?' અને ગુલાબની નિસ્તેજ આંખોમાં જોઈને એ બોલી: 'મને બીક લાગે છે ગુલાબ! તું અંતર ખોલીને વાત કરી દે...હૈયું હળવું થઈ જાય... નહીંતર તને મરચાંના ધૂંવાડા દેવાની તૈયારી થાય છે, ખબર છે? તારી સાસુ એ જ કરશે...!' ઈલાએ ગુલાબનો હાથ હાથમાં લીધો પંપાળ્યો અને આગળ કહ્યું: 'તને શું થયું છે? ભગતે કાંઈ કહ્યું? કે પછી તારી કોઈ છેડતી —'

'હ્યો ઓહોહો...!' ગુલાબ હસી પડી: 'હી...ક...! તમારા સમ છે કશું નહીં...એ મને શું કરતો હતો? સાચું કહું! એવો જુવાન માણસ ભગવાં પહેરીને એવા ઢોંગ કરે, એ મને ગમે નહીં. એણે ભગવાં શું કામ પહેરવાં જોઈએ? કેવું બેહૂદું! કોઈ સૌભાગ્યવતી છતાં સૌભાગ્યે મૂંડો કરાવે એવું! મને ખૂબ જુગુપ્સા થઈ ઈલાબેન, મને થયું – એકાદ ચંપલ ઝીંકી દઉં એને!'

'બસ આ જ વાતને?' ઈલાએ હાશકારો અનુભવ્યો: 'હેં ગુલાબ! ખરેખર?'

ગુલાબે હા કહી.

'જો, એમ દુનિયાના દુઃખે દુઃખી થવા આપણે નવરાં નથી. ગયો એ ભગત અને ગઈ એની ભક્તિ ચૂલામાં...એ વિચાર કાઢી નાખ મગજમાંથી. નહીંતર તારી વલે બહુ બૂરી થશે બેન!' લાંબો એક શ્વાસ લઈને એ બોલી: 'મને આટલા દિવસમાં સમજાયું છે કે ઘરમાં તારા માટે કોઈને પ્રેમ જેવું નથી...' અને અહીં ઈલાની આંખો ભીની બની ગઈ: 'તારા સંસારની પણ મને ગમ નથી.'

અહીં ગુલાબના ચિત્તમાં એક ચમકારો થયો જાણે એનું કોઈ ખિસ્સું કાપતું હતું. એ એકાએક ઊભી થઈ અને ઘોડિયામાંથી ઈલાના બાબાને ઊંચકીને એણે કળાઈઓમાં ગોઠવ્યો અને એના પેટ પર માથું ઝુકાવીને હસી: 'જો છને બાબા! મારા સુખને મારા જ ઘરમાં જોવાતું નથી...તો શું થઈ ગયું છે? તું કહે તારી બાને, કયે ગુલાબનો ઘરસંસાર સારો ચાલે છે એને શું દુઃખ છે? ઘરમાં પૈસા છે, સાધનો છે, સમૃદ્ધિ છે, પતિ પણ જુવાન છે. હું સુખી છું. ઈલાબેન! હું સુખી છું!' અને પછી બાળકને ખોળામાં તેડીને બેસી ગઈ. લાંબા પગ કરીને છોકરાને એના પર સૂવડાવ્યો અને બેચાર ચૂમીઓ લઈને એ બોલવા લાગી: 'મને શું થયું છે? કહેતો ભૈલા! મને શું થયું છે? મને કશું થાય? ગુલાબને વળી કાંઈ થતું હશે?'

છોકરો એના ગુલાબી પાંદડીઓ જેવા હોઠની ભૂંગળીઓ વાળીને હસી પડ્યો.

ગુલાબે એની છાતીમાં, પેટમાં, જ્યાં ત્યાં, મોં ભેરવીને ખૂબ ખૂબ હસાવ્યો. અને આખરે ઈલાને અબાવતાં એ છોકરાના માથામાં થૂંકી.

ઈલાને શ્વાસ ચડી આવ્યો: 'ગુલાબ! આ શા છોકરવેડા? તને વળી આવું બધું ક્યારથી જ્ઞાન થયું?'

ગુલાબ એકદમ ચાલી ગઈ. ઈલા એનાં આંસુઓને જુએ એ

એને મંજૂર નો'તું !

'બિચ્ચારી છોકરી !' ઈલાએ ઘેર આવેલા પતિને કહ્યું : 'એને બાળકના કોડ છે...આપણા છોકરાને રમાડીને એ માથામાં થૂંકી...જાણે કેમ એને બાળક જ થવાનું ન હોય ? કેમ જાણે સાવ નિરાશ હોય ?' અને અહીં ઈલાની આંખો ભીની થઈ ગઈ.

ગુલાબ પણ ઘેર જઈને, મેડી પર જઈને રોવાની હતી. પણ આંગણામાં એણે ભગાને જોયો.

ગુલાબનું ગદ્‌ગદ્ અંતર એક જ ઝટકે સડેડાટ સળગી ઊઠ્યું.

એના મોંમાં તણખા વેરતા શબ્દો આવી ગયા : 'અહીંથી તુ ચાલ્યો જા, ભગલા...હરામી !'

પણ પાછળ જયંતિ આવી ગયો હતો.

'સાંભળ્યુ ને વહુ ! ભગુ આજ અહીં જ વાળુ કરશે.' ડોશી બોલી : 'ચૂલે ચડો ઝટઝટ !'

ગુલાબે એક નજર સાસુ તરફ અને બીજી ભગુ તરફ નાખી અને ધડધડ કરતી દાદરો ચડી ગઈ.

'મારે હતું કે હવે સુખનો સરડકો આપશે.' ડોશી સાંજની રસોઈનાં વાસણો પછાડવા લાગી અને દીકરો સાંભળે એવા ઊંચા અવાજે બોલવા લાગી : 'કપાળમાં લખ્યું હોય તો મળે ને સુખ ! દીકરો પરણાવીને તો મારે પળોજણ વધી !' ઘડીક ઘરમાં, ઘડીક ઓસરીમાં ફરતી ફરતી એ બોલતી હતી : 'મને તો એ ગણકારતી જ નથી લે ! કપાળમાં આપ્યું તો છે એને !' દાદર તરફ એણે ડોળા ઘૂરકાવ્યા અને હાથ લાંબો કર્યો : 'આંગણામાં મેમાન બેઠા છે પણ રામ તારી માયા...કોણ મેમાન અને કોણ સેમાન..જેવાં ઘેર પધાર્યાં કે ધડધડ કરતાં દાદરો ચડી ગયાં !'

'તે માસી, જેંતિને જ કરવા દોને બધું ' ભગુ મેલા પંચિયાની ભેટ વાળીને મૂછો આમળવા માંડ્યો : 'તમે શું લેવા વલોપાત કરો છો !'

જયંતિથી હવે ન રહેવાયું. એ ધડાધડ કરતો ઉપર ગયો.

ભગુ પ્રથમ જોરથી હસ્યો અને પછી બોલ્યો : 'એલા જોજ્યે ક્યાંક મારતો બારતો ને.

ઉપર ગયેલા જયંતિની આંખો ખૂણેખાંચરેથી ક્યાંક હથિયાર જ શોધતી હતી અને મળ્યા પછી જ એ પત્ની સામે જોવા માગતો હતો.

પરંતુ એને કાને હસવાનો અવાજ આવ્યો. એ ચમકી ગયો.

આટલા બધા દિવસોમાં આજ પ્રથમ વાર જ એણે પોતાની પત્નીને હસતી જોઈ. હસતં વેળા એ આટલી બધી સુંદર લાગે! શું એ આટલી હદે રૂપાળી છે!

જયંતિ ગભરાવા માંડ્યો.

'મારવા આવ્યા છો ને?' હસતી ગુલાબ બોલી.

'અને મારું તો?' જયંતિ ઠંડા અવાજથી બોલ્યો.

'તો પસ્તાશો' ગુલાબ વળી હસી : 'બાને મારે શો જવાબ આપવો? તમારી બધાંની હાજરીમાં મારે કઈ રીતે કહેવું કે મને અડાય એમ નથી?'

જયંતિ શરમિંદો થઈને નીચે આવતો રહ્યો.

'લ્યો માસી, ભાઈ આવતા રહ્યા!' ભગુએ કટાક્ષ કર્યો.

'મને બધી ય ખબર છે બાપા!' ડોશી બોલી : 'હાથનો ખંજવાળ્યો વાંસો ન શું જાણે! તઈં'તો બધાં લાડ થાય છે. નહીંતર આદમી કોનું નામ?'

'કાંઈ સાંભળવું છે કે લવરો કર્યે જ રાખવો છે?' ભગુ અને માની વચમાં નજર રાખીને થૂંકતો હોય એમ જયંતિ બોલ્યો. 'વહુને અડાય એમ નથી, હવે શું છે?'

'બવ સારા સમાચાર દીધા!' ડોશી ઉકળી ગઈ : 'પડી રહેવા દે રંડોયાને...ઈ બીજું કરવાની ય છે શું? મારે ઈ જ સાંભળવું છે ના?'

'માસી, મૂકો હવે તથ્યા !' ભગુએ બેટ છોડી અને પગારખાં પહેર્યાં. ધારિયું લીધું અને મેડી પર એક કરડી નજર નાખતો ચાલ્યો ગયો.

વાળુ-પાણી પત્યા પછી, ખૂબ મોડી રાતે ગુલાબ જયંતિની પથારીએ આવી ધીમે રહીને એણે માથા પરનું ગોદડું ખેસવ્યું.

બંગડીનો અવાજ સાંભળીને જયંતિ ફરી વાર માથા પર ઓઢી ગયો.

હળવેકથી ગુલાબે હાથ સોડયમાં નાખ્યો. કુમળી સુંવાળી આંગળીઓ વડે એ પતિના કપાળને, વાળને પંપાળવા લાગી. જયંતિએ માથા પરથી ગોદડું વળી ખસેડયું

ગુલાબે દાદર તરફ ઇશારો કર્યો. જયંતિએ હાથ હલાવીને ના કહી. અને વળી પાછો મોં બગાડીને માથે ઓઢવા લાગ્યો.

ગુલાબે જયંતિના ગાલ પર આંગળીઓ ઘસી અને પછી ગોદડું ખેંચી લીધું...હાથ પકડયો...જયંતિ એ હાથ સામે એકીટશે જોઈ રહ્યો.

અડીને અજડાઈ જવાય એવો એ હાથ...! શું થયું જયંતિને ? એ હાથને એ તરછોડી ન શકયો !

ગુલાબે અટકાવીને ખેંચ્યો. એ ઊભો થયો. ધીમે પગે દાદર ચડયો.

—ડોશી રોષમાં માથા પર ઝૂકીને સૂઈ ગઈ.

ગુલાબે સ્વીચ દાબી. રૂમની ચારેય દીવાલો વચ્ચે પ્રકાશ રેલાઈ ગયો.

પત્નીએ પતિને ઓશીકા તરફ દોર્યો : 'બેસો...'

અજાણ્યાના ભાવ સાથે સંકોડાઈ ને જયંતિ બેઠો. અને મંદ-મંદ હસ્યા કરતી પત્નીને જોઈ રહ્યો.

ગુલાબે હાથના આંકડા બીડીને ડોક પાછળ ગોઠવ્યા અને આળસ ખાવાનો અભિનય કર્યો. માથા પરથી સરર કરતી સાડી લસરી ને છેક નીચે પડી. કેડય ઉપરની સોહામણી ગુલાબ ખુલ્લી

થઈ ને ચમકી ઊઠી.

—મોહક એવો આખો ખજાનો – બારી બારણાં દીવાલો અને છાપરું ઉખેડીને જયંતિની સામે ઢગલો થઈ ગયો.

એક ઘડીકે કરચલી વગરની શ્વેત, મુલાયમ આ ચામડી ક્યાંથી લાવી ગુલાબ? એ હાથ, એ ડોક, એ છાતી. અને એ બધામાં પવન સાથે ગેલ કરતું, સરોવરની ઉપલી સપાટી જેમ છલ છલ છલ છલ વહેતું ફૂલગુલાબી લોહી.

જયંતિ આભો બનીને જોઈ રહ્યો. હસતી ગુલાબ એક કદમ આગળ વધી.

જયંતિ પડદાની ઝાલર જેમ કાંપવા માંડ્યો. એના ચહેરા પર પ્રેતછાયા જેવી ગભરામણ દેખાણી.

પેલું બધું જ પ્રકાશની સાથે નાચતું હતુ. નીચેથી ઉપર અને ઉપરથી નીચે.

ગુલાબ એ જ હસતી મુદ્રામાં ઊભી હતી.

પોતે આ બધાનો માલિક નથી એવો લઘુતાનો ભાવ, અંધાઢો મેઘનું ઝાપટું બનીને જયંતિની ભીંતોને ઝાપટી રહ્યો. જયંતિ એકદમ નિરતેજ, ફિક્કો બની ગયો!

પત્ની હળવી છલાંગ ભરીને પતિ સામે ઝૂકી પડી. એની ચિબૂક હાથમાં લીધી અને હસતી ગરવી આંખોમાં એણે પતિને સમાવી લીધો: 'તમે...' ભાવવાહી અવાજે પત્ની બોલી: 'તમે ગભરાઓ છો ખરું? શુ કામે એવું થવા દો છો? આ બધું તમારું છે.' અને એ પતિને વધુ ને વધુ આવરવા લાગી: 'તમે ગભરાઓ છો એટલે જ સમજ્યા ને? એટલે જ આ બધું આમ છે' ને એણે પતિના બાવડાં ડોકમાં પહેર્યાં: 'હું તમારી પત્ની છું...તમે મારા પતિ છો...પુરુષ છો...સમજ્યા? ભગુ કરતાં ક્યાંય બળવાન. ક્યાંય મરદ! પોચા શું બની જાવ છો? હું તો તમારી લાવેલી, તમારે આશરે આવેલી સ્ત્રી છું અને એ પણ તમારી પોતાની સ્ત્રી...!

તમારી જ સુવાંગ...મને તમે ઘાસનો પૂળો સમજો...પૂળો સમજીને ભીંસો, કચરો, અરે, છૂંદી નાખો.' એણે પતિને વધુ નજીક ખેંચ્યો: 'એવું ય ન આવડે? ઘાસનો પૂળો તમને શું કરવાનો હતો!'

પતિએ આભારવશ આંખો પત્ની સામે માંડી પણ પોતાની જગ્યાએથી ચસક્યો નહીં!

'બહુ ચોખલિયા છો હોં તમે!' મમતીલું હસીને એ બોલી: 'તમે કાંઈ અભડાવાના નથી...એ તો ખધું...એ તો બધું...કહું? ભગુને કાઢવા માટે... એ તો મને દીઠે ગમતો નથી...મારે તમે છો એ ઘણું છે...ઘણું છે...ઘણું છે!'

અને જયંતિએ જોયું...એક જ પળમાં નખશીખ સુંદર, મુલાયમ એક ચીજ અનાવરણ થઈ ને પથારીમાં લેટી ગઈ.

એ બહાવરો બનીને એના પર લટકી રહ્યો...પ્રકાશમાં પેલી સુંદર રેખાઓ હલચલ કરતી હતી...કમળની ડાંડલી જેવી બે ભૂજાઓ ઊંચી થઈ અને એને વીંટળાઈ ગઈ.

પુરુષે આક્રમણ કર્યું. સ્ત્રી હવે કંપતી હતી. ઊછળતી હતી, એના ધગધગતા દેહમાંથી વરાળો બહાર નીકળતી હતી.

એક પળમાં, એ ખોળિયાં વચ્ચેથી તો ઠીક, પણ ફેફસાં વચ્ચેથીય હવાનું ટીપું નીચોવાઈ ને ભીંસનું માર્યું ઓરડામાંથી નાસી ગયું!

એક પળ વીતી – ના, વીતી શાની? પળના ગળાં પર દોઢ ફૂટનું ખંજર ભોંકાયું, લોહીના બળ વચ્ચે એ કરપીણ રીતે રહેંસાઈ ગઈ...!

સ્ત્રીએ ટાઢાબોળ, બોજા રૂપી પુરુષના લોચાને જોરદાર ધક્કાથી ફગાવી દીધો અને વિશ્વની તમામ સ્ત્રીઓના એકી સાથેના ઘોર નિઃશ્વાસો એના હૈયામાંથી ફેંકાઈ રહ્યા.

કલાક પછી એ ઊભી થઈ – જાણે કોઈ લોચાને, કોઈએ લાકડીની અણી વડે ઊંચો કર્યો...!

'તું!' એણે પથારીમાં ઊંઘતા પડેલ પતિ સામે ઘોર તિરસ્કારથી આંખો માંડી અને કપડાં પહેર્યાં, પછી વાવાઝોડાની જેમ એણે ત્રણ ચક્કર પલંગની આજુબાજુ માર્યા અને ધીમે રહીને એ ઓશીકા પાસે આવી એકાએક એની આંખોમાં લોહી ધસી આવ્યું ...એની પાંપણો ઊંચે ને ઊંચે ચડતી ગઈ...પ્રેતના આવેશમાં ધ્રૂજતી ધ્રૂજતી એ પાસે આવી...પંજા પહોળા કર્યા. ઝનૂનતાથી વધારે નમી અને એ જ વખતે બલિના બકરા જેવા જયંતિએ એની સામે જોયું. પછીએ આંખો મીંચીને ઊંઘો પડી ગયો અને એક ચીસ ગાદલાના રૂમાં થઈને પસાર થઈ ગઈ!

ગુલાબે એના પર પોતાના શરીરનો જોરથી ઘા કર્યો અને જયંતિની પીઠમાં માથા પછાડવા માંડી.

'તું! તું! તું...!' બસ આટલું જ સંભળાતું હતું!'

૨૦

આજ બધાં રોજ કરતાં મોડાં જાગ્યાં – મોડાં એટલે દિવસ ઊગ્યો, ચડ્યો અને ગોદડાં તપ્યાં ત્યારે !

રોજ પાંચ વાગ્યે જાગી જનાર ડોશી પણ આમાંથી બાકાત નહોતાં, છતાં એ સાથી વ્હેલાં જાગ્યાં ગણાય. કેમ કે મેડી પર તો હજીય શાંતિ હતી.

મોડાં જાગવા માટે સૌને પોતપોતાનાં કારણો હતાં :

આટલા બધા દિવસોમાં ગઈ રાતે ડોશીને મન મેડી સક્રિય રહી હતી – જયંતિમાં એને કંઈક વક્કર જેવું લાગ્યું હતું. આ બધું સાવ નિરાંત જેવું તો નહીં, પણ નિરાંતની શરૂઆત જેવું જરૂર હતું. અને એ મનગમતી કલ્પનાઓએ ડોશીની ઊંઘને ગલગલિયાં કરીને મોડી રાત સુધી જામવા નહોતી દીધી.

—ગુલાબને પણ વરાળો છોડતાં અંતરને હારતાં વાર લાગેલી અને જાગવાને ટાણે જ ઝોલું આવેલું.

જ્યારે જયંતિએ તો જે ક્ષણે આંખ મીંચેલી તે ક્ષણથી હજી એમ જ, કદાચ એથીય વધારે સખત રીતે ભીડીને પડ્યો હતો!

કોઈ છાશવાળાંએ ડેલીની બહારની સાંકળ જોરજોરથી પછાડી એટલે ડોશીને ખાટલો છોડવો પડ્યો...ડેલીની બારી ખોલતાં પહેલાં એ ધીમે પગલે મેડીનો દાદરો ચડી અને દાદરનું બારણું ચારેક આંગળ ઊંચું રહ્યું, ત્યારે એણે કાબરું માથું ઊંચું કર્યું અને તરત જ પાછું ખેંચી લીધું. મોં સહેજ મરક્યું અને પ્રથમ એણે ભગવાનનું નામ લીધું અને પછી. વહેવારિક મીઠા ઠપકાનાં બોલ કાઢ્યાં: 'શેયાંરે લાઈટ પણ બંધ નથી કરી!' અને ધીમે પગલે દાદરો ઊતરી, પાણીઆરે જઈને દાતણ લીધું, પાણીનો લોટો ભર્યો અને એ જ વખતે વળી પાછી ડેલીની બારી ખખડી.

અણુગમાથી એકવાર જોઈને એણે દાતણ અને લોટો મૂકી દીધાં અને પછી ઝડપથી ઘરમાં જઈને ભીંત પરના કબાટનો રેશમી પડદો હટાવ્યો, અને છાશવાળાંનાં જેવાં તેવાં મોં જોવાને બદલે કૃષ્ણની છબી સામે હાથ જોડીને એણે કૃષ્ણનું મોં જોયું:

'શ્રીકૃષ્ણ શરણં મમઃ'થી એણે મૂર્તિને નવાજી અને પછી ધન્યવાદ પણ આપ્યા: 'તું તો નખ્ખે નવાજ છો મારા નાથ!'

અને પછી એ ડેલીએ ગયાં. 'છાશ ફેરી નથી' એવો જવાબ વાળીને દાતણ કર્યું...ચા બનાવી અને એક અછડતી નજર મેડી પર નાખી. મીઠાશથી માથું હલાવ્યું અને વહુના બધાં જ કામ એણે હાથ પર લીધાં.

વાસીદું પૂરું કર્યું. છાશ ફેરી લીધી, ઘર અને ઓસરીમાં સંજવારી કાઢી ઠાકોરજીનો ધૂળ ધૂળ કબાટ ઝાપટ્યો, વાસણો બધાં માંઝીને ગોઠવી કાઢ્યાં.

ગુલાબ જ્યારે જાગીને નીચે આવી ત્યારે એ ચાર ડોશીઓને બાજરની લ્હાણ કરતી કરતી સાસુ વાતોના તડાકા બોલાવતી હતી.

જેવું તેવું દાતણ કરીને હાંફળીફાંફળી–ગુલાબ કામ શોધવા

માટે આંટા મારતી હતી ત્યારે સાસુ-વહુની અજાણતા મરક મરક હસતી હતી.

ગુલાબ કામ માટે જ્યાં હાથ લાંબો કરતી ત્યાં કામ જ નહોતું મળતું ! એ વળી બીજે જતી પણ ત્યાં ય કામ તો પતેલું જ જણાતું !

'કામ ગોત છ ને વહુ ?' આખરે સાસુએ પૂછ્યું.

ગુલાબ મૂંઝાતી નજરે સાસુ સામે જોઈ રહી.

'લે હવે નિરાંત કર્ય' મમતાથી સાસુ બોલી : 'કામ તો ક્યારનું ય પૂરું થયું...ન થાય ?' અને પછી એ ગૌરવ લઈ રહી : 'ખોરું ઘી કાંઈ દીવેલમાંથી નો જાય વહુ ! પૂછય આ તારી કાકીજીને !' લાંબા નાકવાળી એક ડોશીને બતાવીને એ બોલી : 'તારો સાસરો જીવતા ત્યારે...અટાણે તો શું કામ છે ! ચક્કીએ દળાય છે...નળે પાણી આવે છે...તે દિ' તો માણું માણું દળણું... .અડધો અવેડો પાણી ભરવું પડતું – અને બે સૂડલા રોટલા... અને પાછો તારો આ વર ધાવણો પાછો...દળતાં દળતાં ધવરાવેલો સમજી ?' પછી મર્મભરીને વહુ સામે જોતાં હસી : 'રાત તો અમારેય આવતી, બાઈ ! પણ પાંચ વાગ્યે વળાવવી પડે...બધોય ખેલ ખતમ...સૂવાપણું પછી કેવું ?'

સાસુની આ કુચ્ચા જેવી કલ્પના પર ગુલાબ આખે આખી વલોવાઈ ગઈ. એનાં મોંમાં સાસુને ઝૂડી નાખવા જેવા વાક્યો આવીને ઊભાં રહ્યાં : 'સૂઓ નહીં તો શું કરે ? મારી જેવો તો એ છે... પછી !' પણ રાતની જેમ એ દિવસ બગાડવા નહોતી માંગતી – માત્ર મૂંગી તીખાશથી એ ડોશીને જોઈ રહી.

પણ ડોશીને ઉમંગ સમાતો હોય તો એ વહુના આ અણગમાને ઝીણપથી જુએને ?

એ તો બજરની ડાબલી બંધ કરીને ઊભી થઈ : 'લે, હું કૂવાણાનાં છોકરાંને ઓસડિયાં ચીંધી આપું...ઘરમાં કોઈ નાનું

મોટું ને...વહુ છે અસ્સલ તારી જેવી...સાવ છોકરું...કહું છું : ઘરમાં મામેજવો રાખવો જોઈ.'

છેલ્લા શબ્દો સાસુએ ગુલાબને ઉદ્દેશીને જ કહ્યા અને આથી ગુલાબ ઓર છંછેડાણી – રીંસને દાબવા એ પીઠ ફરી ગઈ.

'અને જો' જતાં જતાં સાસુએ મેડી તરફ હાથ ઊંચો કર્યો: 'એ ભલે હજી સૂતો...અને જાગે તઇ પહેલાં દૂધ દેજે, ચા નૈ...તું એને જગાડતી નૈ બાપુ!' અને જૂનાં ચંપલ પગમાં નાખીને ખહરક ખહરક અવાજે એ ચાલી ગઈ.

શિકારને ફાડવા માટે વાઘણ જે રીતે શિકારની આસપાસ આંટા મારે, એ રીતે ગુલાબે આંટા માર્યા – જો કામ હોય તો કંઈકેય એ મનને એમાં પરોવત, પણ ડોશીએ આજ બધું ચોકખું ચણક કરી દીધું હતું.

ડોશીના આ ઉત્સાહનો વિચાર કરતાં ગુલાબનું મગજ ફટકા ફટકા થઈ રહ્યું.

ધડોધડ બધાં બારણાં વાસ્યાં અને ચાલતી થઈ ઈલાબેનને ત્યાં.

ઈલાનો નાનો બાબો એ વખતે કજિયે ચડ્યો હતો. ઈલા એને ઘોડિયામાં નાખીને ધસડતી હતી – છોકરો ઘોડિયામાં ઊંચો થઈ ને પછડાતો હતો.

વિષ્ણુભાઈ સવારનો પોર હતો એટલે ચૂલા આગળ બેઠા હતા...ઈલા પતિ પાસે જવા અધિર હતી.

વિષ્ણુભાઈથી શરમાઈને ઓસરીમાં ઊભેલી ગુલાબ એકદમ ઘરમાં દોડી ગઈ.

'આમ હીંચકાવા ય?' ગુલાબે ઈલાના હાથમાંથી દોરી લઈ લીધી.

'તને એની ખબર નથી' ઈલા છોકરા પર ચિડાતી ગુલાબને કહેવા લાગી : 'એ ભાઈ સાહેબને તેડાવવું છે સમજી?' અને એણે પતિ તરફ આંગળી ચીંધી : 'એ હજી ચા વગરના બેઠા છે. ને હું

આને તેડું ?'

'ઓહોહો...!' ગુલાબ ઘોડિયાં ઉપર નમી અને છોકરાને ઊંચકી લીધો.

'જો કાલની જેમ માથામાં થૂંકતી ને પાછી!' ઈલા લાડકું ખિજાણી: 'મોંમાં હજી દૂધ ગંધાય છે એનને...અને જાણે સાઠ વરસની છોકરા વગરની ડોશી જેવું ઓછું મન કરી બેસે છે!' એ ગુલાબના કાન પાસે મોં લાવીને હસી: 'ધીરી બાપુ! ધીરી!' અને જેવી એ ટપલી મારવા ગઈ કે એનું અને ગુલાબનું મોં એકી સાથે આશ્ચર્યથી ઊઘડી ગયાં...!

છોકરાએ મા સમજીને ગુલાબની છાતીમાં મોં ભરાવવા માંડ્યું.

'ઓ...રે...' તીણી ચીસ નાખીને ગુલાબ ઓસરીમાં દોડી ગઈ—ઘરમાં ઈલા હસીહસીને બેવડ વળી ગઈ. પતિ પૂછતો ત્યારે એ માત્ર પોતાની છાતી તરફ હાથ ચીંધતી અને લોથ થઈ જતી. બહાર હાથ લંબાવતી અને વળી હસવા માંડતી.

વિષ્ણુભાઈ હવે વાતને પામ્યા. એ ચિડાયા: 'શું તું પણ!'

'ગુલાલ એ જ લાગની છે' ઈલા હજી પણ હસતી હતી: 'તેડવા ગઈ છે તો...થવા દો થોડીવાર. એ બચ્ચો મૂકવાનો નહીં.'

સીધા-સાદા સ્વભાવનો પતિ બિચ્ચારો ઊભો થયો અને કબાટ-માંથી દૂધ કટોરો અને ચમચી લઈ ને એણે બહાર હાંફતી ગુલાબ આગળ મૂક્યાં: 'એ ભૂખ્યો છે. દૂધ પાઈ દો બેન! એ તો ગાંડી છે.'

અને અંદર ગયા પછી ખુદ વિષ્ણુભાઈ પણ, પોતે જે જોયું હતું એથી મોં દાબીને હસી પડ્યા.

છાતીએથી છોકરાનું મોં અને હાથ છોડાવીને ગુલાબે એનાં મોંમાં ચમચીઓ ભરીને દૂધ રેડવા માંડ્યું.

છોકરો પણ કેવો? પોતે કરેલાં પરાક્રમથી ગુલાબની બેહાલી પર જાણે હસતો ન હોય! ખડખડ હસતો હતો...!

ઓખાં, ખીલતાં પુષ્પની પાંખડીઓ જેવા એ મોં હાસ્ય પર ગુલાબ વારી ગઈ...મુગ્ધ બનીને એણે ચૂમીઓથી છોકરાને નવડાવી નાખ્યો.

ઈલાબેન ઉંબરમાં ઊભાં ઊભાં હસતાં હતાં અને એ જ વેળા ગુલાબની સાસુ પૂર વેગે આંગણામાં ધસી આવી.

ઈલાબેને ગુલાબને પગનું ઠેબું માર્યું...સચેત થઈને ગુલાબે ફળીમાં જોયું અને એના બધાય મુલાયમ ભાવો વેરાન થઈ ગયા. આંખોમાં શોષ અને અણગમો ફસાઈ ગયાં.

'તું મેડી પર ગઈ 'તી વહુ?' વિહ્વળ આંખોએ સાસુ હજુય પોતાના ઘરની મેડી તરફ દુઃખી નજરે જોઈ રહી હતી.

અને ગુલાબ એ જ વેળા, કશુંય બોલ્યા વગર, કે પૂછ્યા વગર, કોઈ વેચેલું ઢોર એના માલિકની આગળ થાય એ રીતે આગળ થઈ.

'મેડી પર તું ગઈ જ નથી?' ફળીમાં આવીને સાસુ ઉકળી ઊઠી: 'મેડી પર શું બન્યું છે એની તને ખબર જ નથી?' અને એકાએક અવાજ હરડાઈ ગયો: 'જયંતિનું શું થયું, એની તને ખબર નથી?'

હવે ગુલાબનું જ્ઞાનતંત્ર જાગૃત થયું અને એમાંથી બેખબર નીચે જોવાઈ ગયું. વસમી એક કલ્પના વીજળીના પ્રવાહની જેમ એના દેહમાં છવાઈ ગઈ.

એની સાથે રાત આવીને ખડી થઈ ગઈ અને એ ભયમાં હાંફવા લાગી. પલક માત્રમાં એના ચહેરા પરની તમામે તમામ રતાશ ઊડી ગઈ...એ ઓસરીની થાંભલી પકડીને બાઘાની જેમ ઊભી રહી ગઈ...બધું ચક્કર ચક્કર ફરતું હતું!

'જેંતીને તાવ આવ્યો છે વહુ!' સાસુ દુઃખદ અવાજે બોલી: 'હાથ ન અડાડાય એવો – કાળો તાવ!'

હવે ગુલાબે સાસુ સામે જોયું...ડોશીની આંખોમાં જળજળિયાં આવ્યાં.

ગુલાબ કંઈક નિરાંતે નીચે જોઈને સાંભળી રહી.

'જા !' રગડાતા અવાજે ડોશી બોલી : 'મેડી પર જા !' અને પછી એ સાલ્લાના છેડાથી આંખ સાફ કરવા લાગી.

ગુલાબ એનાં સામિપ્યમાંથી છૂટવા એ જ પળે દાદરો ચડી – આમ તો એ ઉપર, ઊંચે ચડી હતી, પણ એને લાગ્યું પોતે લપસી લસરીને કોઈ અંધારી ગુફામાં આવી પડી છે.

દિવસ હતો છતાં રૂમમાં અંધારું હતું. ધીમે ધીમે ગુલાબે અંધારામાં આંખો કેળવી – સામે પથારી પર જયંતિ તાવમાં શેકાતો તરફડતો હતો.

નીચે પોતાની વણઉપાડી પથારી પર ગુલાબ આવીને ઊભી રહી. પોતાની અને જયંતિની વચ્ચેનાં કાળાં ધાબા જેવા અંધકારમાં ગુલાબે હાથ હલાવ્યો.

ગુલાબે ઉત્તરની બાજુની એક બારી ખોલી – પથારી પર પ્રકાશ પડ્યો.

– જયંતિનું ઓશીકું ચિક્કણી એવી 'ઓઝ'થી રસકાબોળ થઈ ગયું હતું અને એ ચિક્કાશ પર માખીઓનું પોડું જામી ગયું હતું.

દર્દી ઊંઘી પડ્યો હતો... રાતના લેંઘાની એની નાડી ઢીલી થઈ ગઈ હતી. ત્યાં પણ માખીઓ આવ-જા કરતી હતી.

ઢીલા લેંઘામાંથી નરાળા થયેલા અવયવો જોતાં ગુલાબને એક સણસણતો અણગમો થઈ આવ્યો...!

માખીઓના ત્રાસને હળવો કરવા ફરીથી બે બારીઓ ખોલવી પડી અને પ્રકાશના ધોધમાં દીઠા ન ગમતા જયંતિના અવયવો પર એણે ગોદડું ઓઢાડી દીધું.

પરંતુ ગોદડાની કોર નીચેથી હજુય માખીઓનાં ટોળાં ઊભરાતાં હતાં અને ઓશીકા બાજુથી વળી પાછાં અંદર જઈ રહ્યાં હતાં.

માખીઓની જબ્બરજસ્ત હલચલથી ગોદડું આખું હલતું

હતું પરંતુ દર્દી જરાય સળવળતો નહોતો...!

ગુલાબને આ હાલત પર કરુણા આવી. એ ધીમે રહીને પતિની પથારી પાસે આવી. ગોદડું હટાવીને એણે ઊંધા હાથનો પોંચો અડાડ્યો અને પોચો દાઝ્યો : 'આટલો બધો તાવ!' એ મન શું બોલી ગઈ અને પછી પોતાની નિરૂપાઈ સ્થિતિથી અકળાતી, કશું ય ન સૂઝવાથી, ઓશીકા પાસે બેસી ગઈ.

માખીઓનાં ટોળાં ઘડીભર ગુલાબ અને જયંતિ વચ્ચે સરખે હિસ્સે વહેંચાઈ ગયાં.

ગુલાબ ત્યાંથી ઊભી થઈ ગઈ અને પાંગતે જઈને જોવા લાગી

ઊંધા પડેલા જયંતિનું મોં અરધું દેખાતું હતું. એની જમણી આંખનું બહાર ફળાતું પોપચું સોઝી ગયું હતું...કપાળનો અરધો ભાગ સૂકાયેલો, શેકાઈ ને કાળો થયેલો લાગતો હતો...લાલ થઈ ઊઠેલ નાખોરાંથી ઉચ્છ્વાસના ટુકડા ઝડપથી ફેંકાઈ રહ્યા હતા.

'તમને' એ બોલવા માટે મથામણ કરી રહી! 'ક્યારે તાવ આવ્યો? મને જગાડી કેમ નહીં? હું કાંઈ કોક છું? તમારી સ્ત્રી છું. મેં રાતે આમ નહોતું કહ્યું? જુઓ તો ખરા. આ ઓશીકું કેવું ચીતરાઈ ગયું છે!'

ગુલાબની અંદરની ગુલાબ આ બધું બોલતી હતી અને બહારની ગુલાબ બેઠી બેઠી ફક્ત સાંભળતી હતી!

'મને કશું ખોટું નથી લાગ્યું, સમજ્યા? એ તો ઘડીક એવું લાગેલું. પણ એમાં તમારો ક્યાં દોષ છે? કાંઈ વાંધો નહીં' બહારની ગુલાબનું માથું હલતું હતું: 'મને કાંઈ નથી સમજ્યા ને? જુઓ હમણાં જ સારું થઈ જશે...લો, તમારું ઓશીકું બદલી દઉં. અરે, આ લીંબો તો જુઓ? આ બિચ્ચારી તમારી પાસે કઈ રીતે આવે?– લાવો નાડી બાંધી દઉં –આટલી બધી માખીઓ? ક્યાં ગઈ મચ્છરદાની? બહુ જ તાવ છે નહીં? પોતાં મૂકું? માથું દબાવું?

બામ કે એવું કાંઈ ઘસવું છે? પાણી બાણી લાવી દઉં? ચા તો પીઓ? લો, આપણે બેઉ સાથે પીઈએ. મેં પણ ચા નથી પીધી— ચા પીઓ હમણાં જ માથું ઊતરી જાય.'

અને ગુલાબનો હાથ ધીમે ધીમે જયંતિના પર નમ્યો અને પછી પંપાળવા ગયો કે જયંતિએ આંખો ખોલી – લાલ રંગના રગડામાં જાણે દિવસોથી પલળીને સડવા આવી હતી એ આંખો...

જયંતિ પળભર ગુલાબ સામે જોઈ રહ્યો અને પછી બન્ને હાથ તોરમાં ભેગા કરીને એણે ગુલાબના હાથને ધક્કો માર્યો: 'તું...તું...તું નહીં...જા...અહીંથી ચાલી જા!'

'સાંભળ્યું ને?' એ જ વેળા સાસુ ઉપર આવી...ગુલાબના કાળજામાંથી છમમમ કરતી ને બંદૂકની ગોળી જાણે સોંસરવી નીકળી ગઈ...એ નિર્જીવશી બનીને બેઠી રહી.

'એક કલાકથી ઉપર આવી છો' સાસુ રોષથી બોલી: 'આમ તો જો...' એણે જયંતિનો અરધો ઉઘાડો દેહ બતાવ્યો. 'આનાં કપડાં ય સરખાં ન કર્યાં? એને કેટલો તાવ છે એ પણ હાથ અડાડીને તેં જોયું છે? પાણીનું પણ તેં પૂછ્યું છે? આ ઓશીકું પણ બદલ્યું? તું એની ઘરવાળી છો સમજી? એના પ્રતાપે જ તારા અહીં પગ છે એ સમજી લે...'

'બા!' ગુલાબે બોલવાનો પ્રયાસ કર્યો: 'હું બધું કરવાની હતી.'

'કર્યો ને ખાધું, જા!' સાસુએ દાદર તરફ આંગળી લાંબી કરી અને પછી ગર્જી: 'તારું કાળું મોં લઈને નીચે જા!'

'મને થોડી વાર બેસવા દો, બા!' ગુલાબ મૂંઝવણભર્યા સાદે કરગરી: 'હું બધું ગોઠવું છું બા!'

'કહું છું તું જા!' સાસુએ ચીસ નાખી: 'તારો વર જ તને ના પાડે છે...બહુ સમજવા જેવી વાત છે – એક તો માંદગી છે અને ફજેતો કરાવવો છે તારે? હું બધું ય સમજી ગઈ છું – બનાવટ કરછ? અને એ પણ મારી આગળ?' અને એણે ગુલાબ

બનું બાવડું પકડયું અને દાદર તરફ હડસેલી : 'ઉતરજે કે મારું ધક્કો ?'

ગુલાબે ફાટી જતી આંખે એક વાર સાસુને જોઈ. પછી જયંતિને, આખા ખંડને, માળીઓને, માંદગીને – અને ધડધડ કરતી એ નીચે આવતી રહી.

'મારા દીકરા !' ઉપર સાસુ ગળગળા સાદે બોલતી હતી : 'હું બેઠી છું હો. એને હૂંકડીય આવવા દઉં તો કે'જ્યે...મને ખબર છે, પૂરી ખબર છે. એનાં પગલાં સારાં નથી.'

—ગુલાબ સાવ શાંત થઈને સાંભળતી હતી.

૨૧

ત્રીજે દિવસે ત્રીજી વાર આવેલા ડૉક્ટરે ગુલાબને ધીમેથી કહ્યું : ' બેસો.'

ગુલાબ જયંતિની પાંગતે બેસી ગઈ. ડૉક્ટરે ચશ્માં ઉતાર્યાં. એક વાર દર્દી સામે જોયું ને પછી ખિસ્સામાંથી રૂમાલ કાઢીને ચશ્માંના કાચ લૂછ્યા. અને પછી સીધું જ એણે જયંતિની બાને કહ્યું : ' તમે નીચે જાવ, માજી ! '

ડોશી પ્રથમ તો પળવાર ડૉક્ટર સામે જોઈ રહી અને વળી પાછી નીચે જોઈ ગઈ.

' તમારે નીચે જવાનું છે, માજી ! ' ડૉક્ટરના આ વખતના અવાજમાં ધારદાર આજ્ઞા હતી : ' મારે દર્દી સંબંધે થોડી અંગત માહિતી મેળવવાની છે' અને પછી એ ખુરશીમાંથી ડોશી તરફ ફર્યા : ' જે તમારી હાજરીમાં શક્ય નથી.'

મોં બગાડીને ડોશી નીચે જતી રહી.

ડૉક્ટરે ફરી એકવાર ચશ્માંના કાચ લૂછ્યા...ગુલાબ હવે કંપી રહી હતી.

ગોઠણુ પર પડેલા એના હાથની આંગળીઓ ધ્રૂજતી હતી અને એ ધ્રુજારીને ઢાકવા માટે એ સાડીના છેડાને વળ ચડાવતી હતી.

એ વાતમાં હવે શક નહોતો કે ભયંકર બની ગયેલી એ રાત ડૉક્ટરના નિદાનમાં નખશીખ સપડાઈ ગઈ હતી!

ડૉક્ટરનું મોં હવે ખૂલે એટલી જ વાર હતી – ગુલાબ જાણુતી હતી કે હવે ત્યાંથી વાઘ જેવા પ્રશ્નો કૂદીને બહાર આવવાના :

'તમે પરણ્યાં એને કેટલો વખત થયો ? આ લગ્ન તમારી પસંદગીના છે ? તમારો પતિ તમને ગમે છે ? ગમે છે એ શબ્દ હું એ અર્થમાં વાપરું છું કે એ તમને જાતીય સંતોષ આપી શકે છે ? હું ખાતરીપૂર્વક કહું છું કે તે એમ કરી શકતો નથી. જો એમ જ છે તો તમે એ વખતે શું કરો છો ? મારે તમને કહેવું જોઈએ કે આ માંદગી એક ભયંકર આઘાતમાંથી જન્મી છે...તમે એના પર ઝનૂની આક્રમણ કર્યું છે ? તમે મને કહેશો કે તમે ખૂની બન્યાં હતાં ? શા માટે ? શા માટે ?'

ગુલાબ હવે તો પ્રગટ જોઈ શકાય એ રીતે કાંપતી હતી. એનો ચહેરો ફિક્કો બની ગયો. આંખો નિરતેજ બનીને ઊંડી જતી રહી. એ ધીમે ધીમે માથું ધુણાવવા લાગી અને પછી – એક જ ઝટકા સાથે એ ઊભી થઈ અને રુંધાયેલા અવાજે બોલી : 'ના....ના...!'

ડૉક્ટર અપાર આશ્ચર્યથી એને તાકી રહ્યા...દવાની નાની નાની શીશીઓ પળભર એણે મુઠ્ઠીમાં દબાવ્યા કરી, પછી સીરિંજ લઈને સાફ કરતા હસ્યા : 'બેસો. બેસો...' સીરિંજમાં સોય ફીટ કરીને કહ્યું : 'આટલાં બધાં ગભરાવ નહીં...બધું જ સારું થઈ જશે...' અને એણે દવા ભરી. પછી આજુબાજુ જોયું અને ધીમેથી કહ્યું : 'મારે તમને પૂછવાનું છે કે દર્દીને દવા કોણુ પીવડાવે છે ?' એ ઝડપથી ઊઠીને દર્દી પાસે ગયા અને બાવડા પર સ્પીરીટનું પોતું ઘસીને બોલ્યા : 'જુઓ બેન ! દવા દર્દીના પેટમાં ગઈ જ નથી સાચી વાત એ છે કે દવા ફેંકી દેવામાં આવે છે.'

ગુલાબે આશ્ચર્યથી ડૉક્ટર સામે જોયું...ગુલાબનો ચહેરો રડમસ બની ગયો.

'તમે આપો છો દવા?' ડૉક્ટરે પૂછ્યું. ગુલાબ નીચે જોઈ ગઈ.

'સમજી ગયો' ડૉક્ટરનો અવાજ માયાળુ બન્યો : 'જુઓ, હવે બરાબર આપજો.. દર્દી તમારી અંગત દેખભાળ વગર સારો થઈ શકે તેમ નથી...તમે એના પત્ની છો.' ડૉક્ટર વડીલ બની ગયા : 'કહું છું તમે એનું શું નથી?'

હવે ગુલાબના હોઠ થરથરવા માંડ્યા.

'શ્રદ્ધાથી કામ લો' ડૉક્ટર આગળ બોલ્યા : 'રોગ અસાધ્ય હોય તેથી શું થયું? ભારતની સ્ત્રીઓ અલ્પજીવી સત્યવાનને અમર બનાવી શકે છે બેન!'

અને આ વાક્યથી ગુલાબે મોંમાં સાડીનો ડૂચો ભરાવીને મોટું એક ધ્રુસકું ભર્યું અને પછી પોસ પોસ રડી પડી!

કેટલીક ક્ષણો એમ જ વીતી...છેવટે ગુલાબ સ્વસ્થ થઈ ત્યારે ડૉક્ટરે કેટલીક દવાની પડીકીઓ અને ટીકડીઓ એના હાથમાં મૂકી : 'તમારી લાગણી માટે મને બહુ માન થાય છે' ડૉક્ટર ઊઠ્યા અને પેટી બંધ કરતાં બોલ્યા : 'હું કાલે પાછો આવું ત્યારે દર્દી મારી સાથે ચા પી શકે, અને વાતો કરી શકે એવો બનાવી દેશો ને?'

ગુલાબે એક ઊંડો શ્વાસ લઈને શ્રદ્ધા અને આંસુના મિશ્રણમાં રંગાને ડૉક્ટરને હા આપ્યો.

—ડૉક્ટર હસતા હસતા જતા રહ્યા.

ગુલાબે બધી ટીકડીઓનાં પડીકાં ખોલ્યાં. ટીકડીની સુંવાળાશ ટેરવાથી માપી; તપાસી અને સૂંઘી. પછી પડીકાં બાંધ્યાં અને એ વિચારમાં પડી ગઈ... લાલ, લીલી, પીળી – સંખ્યાબંધ આ ટીકડીઓ પોતે ભૂલ્યા વગર, સમય સમય પર કઈ રીતે આપી શકશે?

અને થોડી વારમાં, એણે એક ઇલાજ શોધી કાઢ્યો. બસ એમ કરવાથી ગલતી થવાનો કોઈ ભય નહોતો.

પ્રથમ એણે ઉત્તર તરફની દીવાલનો કબાટ ખોલ્યો અને સાડીના છેડા વડે ઝાપટીને એનું ઉપલું ખાનું ચોક્ખું બનાવ્યું.

પછી એણે ટીકડીઓના રંગને દિવસના રંગ સાથે સાંકળ્યા.

લીલી ટીકડીઓ દિવસ ઊગતાં જ...ને લીલી ટીકડીઓ એણે પૂર્વ બાજુ ગોઠવી...લાલ ટીકડીઓ બપોરે...માટે લાલને એણે વચમાં ગોઠવી અને પીળીને સાંજ ગણીને એને આથમણી ગોઠવી.

બસ, હવે ભૂલ થવાનો કોઈ સંભવ નહોતો...અને પોતાના આ ચોકસાઈભરી શોધથી એ ખુશ થઈ ઊઠી...એણે અપાર સંતોષથી જયંતિ સામે જોયું અને પછી ટીકડીઓ સામે – જાણે આ ગોઠવણથી જયંતિ ન્યાલ થઈ ગયો હતો...ધીમે રહીને એણે કબાટ વાસ્યો...પછી દવાના ડોઝની બાટલી એણે પથારી નીચે ગોઠવી. પાણીની માટલી લાવીને બાજુમાં મૂકી...દવા પાવાનો કપ સાડીથી લૂછીને ભુઝારા પર મૂક્યો એટલે વારંવાર પાણી ભરતાં પહેલાં નજર એ કપ ઉપર જાય અને ડોઝ પાઈ દેવાય.

આટલું કરીને એ પતિને ઓશીકે બેઠી અને તાવ માપ્યો.. ઉઘાડા રહેતા એના પગ ચાદર વડે લપેટી લીધા. વાળની લટો સરખી કરીને માથામાં ભેળવી અને ધીમેથી મોં પર ચાદર ઓઢાડી.

થૂંકદાની લાવીને જમણી બાજુ ગોઠવી પછી નાનું સ્ટૂલ પલંગ પાસે ગોઠવ્યું, વધારાની દરેક વસ્તુ એણે ઠેકાણે મૂકી દીધી અને પછી નિરાંત કરીને સ્ટૂલ પર બેઠી અને પંખો લઈને ચાદર પર બસતી માખીઓ ઉડાડવા લાગી.

થોડી વારે જયંતિએ ચાદરમાંથી મોં કાઢ્યું અને આંખો ખોલી.

ગુલાબ એના સામે જોઈને માયાળું હસી : 'દવા પીશોને?' અને સ્ટૂલ પરથી ઊઠીને એ ઓશીકા પાસે બેસી ગઈ અને પતિનો કૃશ થયેલો હાથ ખોળામાં લઈને પંપાળવા લાગી.

—જયંતિ કશુંય બોલ્યા વગર એની સામે જોઈ રહ્યો – જાણે એ એને ઓળખવા મથતો હતો.

'લો' ખાટલા નીચેથી જ દવા કપમાં રેડીને એણે પતિના મોં પાસે ધરી: 'સૂતા સૂતા જ પીઓ.'

—દવા પીવા માટે જયંતિએ મોં ખોલ્યું અને એ જ વખતે મેડીના દાદર પરથી જંગલી બિલાડા જેવો એક શબ્દ પતિ-પત્ની પાસે ઘૂરકતો દોડી આવ્યો: 'હા...આ...!'

ચમકીને ગુલાબે જોયું – ડોશી, કોઈ શિકારી શિકારને જુએ એ નજરે ગુલાબને જોઈ રહી હતી...!

એણે ક્રોધમાં માથુ ધુણાવીને કહ્યું: 'ચીંથરાં ફાડવા મેલી દે વહુ! દવાથી શું એને મટવાનું છે?' એણે ફળી બહાર નજર નાખી અને બોલી: 'હું જોવરાવીને આવી છું. તારે આવા ઢોંગ કરીને ગંધાતાં ઉપર ધૂળ વાળવી છે કાં?' અને આ પછી એ ધબધબ કરતી ઉપર આવી અને ગુલાબના હાથમાંથી દવાનો કપ એણે ઝૂંટવી લીધો અને ખૂણામાં ફેંક્યો. કાચનો કપ કટકા થઈને ખંડમાં વેરાઈ ગયો – દવાના ત્રસકાથી ખૂણો ચિતરાઈ ગયો...!

'તમે બા!' ગુલાબ કરગરી: 'બા, તમે ડૉક્ટરને પૂછી જુઓ' ને પછી એણે કરુણાભરી નજર પતિ તરફ માંડી: 'એ ખૂબ નબળા પડી ગયા છે...એને કાળજીભરી સારવારની જરૂર છે ...મને ડૉક્ટરે એ જ વાત કરી છે.'

'ડૉક્ટરે તને ખાનગીમાં વાત કરી છે સમજી! ઈ ખાનગીમાં હું ન સમજું એમ?' અને એ ધૂંઆપૂંઆ થતી ગુલાબ સામે ધસી ગઈ. ગુલાબના બેય હાથ પકડ્યા અને આંખો ફાડીને એ ઉકળતા સાદે બોલી: 'તેં એને કરી મેલ્યું છે...મારા દીકરાને કરી મેલ્યું છે...તને ડૉક્ટરે ખાનગીમાં બોલાવી કે હું તરત સમજી ગઈ'તી...' અને એ તિરસ્કારમાં માથું ધુણાવી રહી: 'તું જોતો ખરી, એ એક વાર બધુંય બોલવાનો છે. મેં એવો ભૂવો ગોત્યો છે – કાળજાળ જોગણીનો ભૂવો...!'

એવું રહેવા દેજો બા!' ગુલાબે હાથ જોડ્યા: 'એવું

કરશોમાં...એની માંદગી બહુ ખરાબ છે...તમે ડૉક્ટરને તો પૂછી જુઓ!'

'હવે પૂછયાં ને ખાધાં...!' ડોશી ક્રોધમાં ધ્રૂજવા લાગી અને પછી એણે ગુલાબનો હાથ પકડ્યો: 'જા...! કહું છું આઘી જા!' અને એણે ગુલાબને ધક્કો માર્યો...!

—હલાલ થતું કોઈ પાલતુ જાનવર પોતાના માલિકને યાચક નજરે જુએ, એમ ભયભીત આંખો વડે ગુલાબે પતિને જોયો અને પછી આછી ચીસ પાડી: 'જુઓ છો?'

જયંતિ આ જોઈને માથા પર ઓઢી ગયો.

ગુલાબે ફરી વાર એની સામે જોયું...માંદગીથી છલકાતી એની પથારી જોઈ દવાની શીશીઓ અને ડૉક્ટરીકડીઓ જોયાં. .પછી પથરાયેલી નજરને એણે સંકેલી લીધી અને ધડધડ કરતી દાદરો ઊતરીને નીચે આવતી રહી.

બીજા દિવસે ડૉક્ટરને તેડવા ઘોડાગાડી ન ગઈ. ડૉક્ટર પણ આવ્યા નહીં.

ઈંડાની સેવણે ગીધડી બેસે એમ જયંતિની પથારી ઝાલીને ડોશી એકધારી બેઠી હતી.

અંતકાળના દર્દીનો પ્રાણ બ્રહ્માંડમાં ચડે અને દેહની બધી ક્રિયાઓ શૂન્ય થઈ જાય એમ ગુલાબનો આત્મા ઘરના લાકડાં અને પીઢિયાં ચારેને મેડી પર ચોંટયો હતો—ખોળિયું એનું શ્વાસ પૂરતું સળવળતું હતું—સ્થિર હતું.

તાવના અતિશય વધારા સાથે જયંતિનો તલેલો સંભળાતો ત્યારે એ સહેજસાજ હલી જતી.

બપોર થયા...બે ચાર જણ ઝડપથી અંદર આવ્યા.

એક ઘુદા, લાંબા, ઓળ્યા વગરના વાળવાળો...બીજો માથા પર લાલ લીરો બાંધેલો, બકરા જેવી દાઢી જેવો...ત્રીજો લાલ ચોળ આંખોવાળો, હાથે માથે ટપકાં ચિતરેલો, હાથમાં ત્રિશૂળ પકડેલો—ચોથાના

બાથમાં ઝાલ્યું હતું – બધાય ધબ્બોધબ્બ દાદરો ચડ્યા.

ગુલાબ એક અજ્ઞાત ભયથી કાંપી ઊઠી.

થોડી વારે ઉપરથી એક જોશીલો અવાજ સંભળાયો : 'એને બેઠો કરો.'

અને આ સાથે બે ચાર જણના ધમધમતાં પગલાં સંભળાયાં. જયંતિનો એક ઉંહકારો છેક નીચે સુધી દોડી આવ્યો.

ગુલાબ સહેજ ટટ્ટાર થઈ.

'જુઓ, એની આંખો જુઓ....' એક જણ બોલતો હતો : 'તમને દેખાય છે એમાં?... એ જ છે...મને ખબર છે. હું એની આંખોને ઓળખું છું – એની આંખો દીપડા જેવી હોય છે...બસ એ જ છે. એ જ હરામખોર આના દેહમાં પેસી ગયો છે.'

માંડ માંડ બેઠો કરેલો જયંતિનો અશક્ત દેહ પથારીમાં ભફ દઈને પડી ગયો.

'હં...અં...!' ભૂવા જેવો માણસ ત્યાં દોડી ગયો અને એક જ ઝપાટે એણે જયંતિની ડોક પકડી લીધી. પછી ગર્જ્યો : 'હરામખોર! ઢોંગ કરાવ છ?...સા.. પાજી...!' અને એણે સાથીદારોને આદેશ આપ્યો : 'એલા ટંકણખાર લાવો....પાણીમાં ઓગાળો અને છાંટો આની આંખોમાં....પછી દેવતા કરો અને મરચાં નાખીને કરો ધૂંવાડો....!'

જયંતિએ અસહાય બનીને ચીસથી રૂમને ભરી દીધો!

ગુલાબની, ઘરમાં પડેલી ગાંસડી પળમાં ખળભળી. એના હાથ અને પગ તીરની જેમ શરીરમાંથી બહાર નીકળ્યા અને ત્રણ છલાંગે એણે દાદર પૂરો કરી નાખ્યો : 'છોડી દો...' એ પથારી પર ટીંગાઈ ગઈ : 'છોડો, કહું છું!'

'આઘી રે!' સાસુએ દોડીને વહુને પકડીને ખેંચી : 'જવું આવા દે...!'

'ના ના!' હાંફતી ધ્રૂજતી ગુલાબે લાલચોળ આંખો સાસુ

સામે નોંધી : 'એના પર આવો જુલમ? આવો! એની આંખોમાં ટંકણખારનું પાણી? મરચાંનો ધુમાડો!?' અને ફાટી જતા સાદે એણે બૂમ પાડી : 'ભાગી જાવ!' પથારી પાસે ઊભેલા બે જણની સામે એણે દેહનો ધા કર્યો – ઓચિંતાના ધક્કાથી પેલા વાંકા વળતા ભીંત સાથે અથડાયા.

ગુલાબે ટંકણખારવાળા પાણીનું વાસણ લઈને ભૂવાના માથા પર ઝીંક્યું: 'લે! લે....!'

'આને પકડો' ભૂવો કંપવા લાગ્યો : 'ડોશી! તમને કહું છું...હવે તમે સમજ્યાંને આમાં?'

'સમજીને તો તમારી પાસે આવી છું.' ડોશી ઊભી થઈ અને એણે ગુલાબને ઢીંકા અને પાટુથી મારવા માંડી.

ગુલાબ જયંતિ પર છવરાવા લાગી.

'આને...' માર ખાતી-ખાતી એ જયંતિને ચીંધીને બોલી : 'આને તમે કાંઈ કરશો તો હું ફોજદારી કરીશ. પોલીસને બોલાવીશ. મારા પતિના ખૂનનો આરોપ મૂકીશ...' અને એ ફરી વાર પેલા ચારેયને કહેવા માંડી : 'ભાગી જાવ...નહીં તર હું હમણાં જ પોલીસને બોલાવું છું.'

હવે તો બહાર પણ માણસો એકઠા થઈ ગયા હતા અને મોટા ભાગના બધાં ભૂવા અને ડાકલાવાળા સામે ઉકળતા હતા.

એ ભૂવાની મંડળી આખરે જતી રહી.

—તે દિવસે ઘર આખું ચોસલાં જેવું, થીજેલું રહ્યું – કોઈએ રાંધ્યું કે ખાધું નહીં.

ડોશી મેડી પર વાઘણનું રૂપ લઈને બેઠી હતી – ઉપર જનાર કોઈનેય, ખબર પૂછવા આવનાર સુધ્ધાંનેય અટકાવતી હતી.

—બીજી સાંજે ભગુ આવ્યો.

વાળ્યા વગરની ઓસરીમાં પડેલી ધૂળ ધૂળ ગુલાબ બેઠી થઈ. કપડાં ખંખેર્યાં અને હસીને એણે ભગુને આવકાર આપ્યો : 'સારું

કર્યું ભગુભાઈ! પાણીનો ગ્લાસ ભગુને આપતાં એ બોલી : 'હું તમારી જ વાટ જોતી હતી.'

પાણી પીતો પીતો ભગુ ગુલાબને તાકી રહ્યો. ગુલાબે લાગણી-ઓને ઠાલી બનાવી દીધી. ઘરમાંથી ગાદલી લાવીને ઓસરીમાં મૂકી અને હસીને બોલી : 'બેસો, ભગુભાઈ!'

એ હાસ્યમાં વીંધાઈને કાણાં કાણાં થઈને ભગુ જ્યારે નીચોવાઈ ગયો ત્યારે ગુલાબે એને ધીમેથી કહ્યું : 'એક કામ કરશો ભગુભાઈ?'

'એક શું? એક હજાર ચીંધો' ભગુ ઢંગધડા વગરનું હસવા માંડ્યો.

ગુલાબે એક લાંબો શ્વાસ લીધો : 'તમારાં માસી...' મેડી પર ઇશારો કરીને બોલી : 'મારી ઉપર ક્રોધમાં છે' વચમાં એ વળી હસી : 'બહુ જ ક્રોધમાં, ભગુભાઈ!'

અડપ દઈને ભગુ ઊભો થયો : 'શું લેવા? તમે એનું શું બગાડ્યું છે તે એ...' એ મેડી તરફ ડોળા કાઢવા લાગ્યો.

'સાંભળો તો ખરા...' તમારા ભાઈ બહુ બીમાર છે...તમારાં માસી ભૂવાને લાવ્યાં'તાં...મેં એ બધાને કાઢી મૂક્યા...' આંગળીના નખ લાદી સાથે ઘસતી એ બોલી અને પછી રેશમી પરદા જેવી સુંદર પાંપણો ઊંચી કરીને ઝરમર હસતી કીકીઓ વડે ભગુને જોયો.

રાંકાત જેવો ભગુ છક્કડ ખાઈને લાદી ઉપર લથડવા માંડ્યો.

ગુલાબ ફરી એક વાર મોહક હસી : 'મારી ઉપર તમારાં માસીએ આળ મૂક્યું છે ભગુભાઈ...એ કહે છે મેં મારા પતિને કાંઈક કરી મેલ્યું છે.'

'તમારી ઉપર?' ભગુ ઉશ્કેરાટ થઈ ગયો : 'માસીનું કપાળ ...એના બાપનું કપાળ! કરી શું મેલે? એનો છોકરો છે જ નમાલો!'

'ધીમે બોલો ભગુભાઈ!' ગુલાબે નાક આંગળી અડાડી.

ભગુ ડાબો થઈને વળી બેસી ગયો.

થોડી વારે ગુલાબ ગંભીર બનીને બોલી : 'જે થયું તે... અને થવાનું હશે એ થાશે. એક વાર ડાક્ટર લઈ આવો ભગુભાઈ!' ને ગુલાબની આંખોમાં જળજળિયાં આવી ગયાં : 'ડાક્ટર આવે તો મારી ઉપરથી...તમે સમજ્યાને?'

'અરે આમ લેજાવારમાં...' કોઈ આવ આવ કરે ને કૂતરું દોડે એમ એ દોડ્યો.

'રહો. પૈસા લેતા જાવ...' ગુલાબે એને રોક્યો : 'સરનામું પણ લેતા જાવ...'

એ શ્વાસભર્યો પાછો વળ્યો પૈસા અને સરનામું લઈને ઊપડી ગયો અને થોડી વારમાં ડાક્ટરને લઈને આવી પહોંચ્યો.

'હાલો ભાભી!' ભગુએ ચપટી વગાડી અને ધડધડ કરતો દાદર ચડ્યો. આગળ ડૉકટર...એની પાછળ ભગુ...એની ગુલાબ...

'કોણ લાવ્યું ડાકટરને?' ડોશી ઘૂરકી.

'કેમ?' ભગુએ આંખો કાઢી : 'હું લાવ્યો...હું...!' અને એ લાંઘા ભરતો પથારી પાસે ગયો : 'તમે ઊભાં થઈ જાવ, જાણતાં નથી કાંઈ અને ડાંપણ કરો છો.'

ડોશી ડાહી થઈને ખસી ગઈ.

ડૉક્ટરે ચાદર ઊંચકી અને દર્દીને જોવા માંડ્યો...હાથ, પગ, આંખ, જીભ – દરેકને તપાસતાં ડૉકટર ઊંડા શ્વાસ લેતા હતા. ડૉક્ટર જેવા માણસનું પ્રત્યેક હલનચલન બહાવરું દેખાતું હતું – જાણે એ જયંતિના થીજી ગયેલા શરીરમાંથી ફાંફાં મારીને કશુંક ખોળતા હતા.

અને પછીની પળોમાં સ્ટેથેસ્કોપની નળીઓ ભેરવેલું મોઢું એનું માથું હલી જતું હતું.

'ઘણું મોડું થઈ ગયું...' બધી તપાસને અંતે એણે ભૂંગળી કાનમાંથી કાઢી અને ગળામાં લટકાવી, પછી ચશ્માં ઉતાર્યાં, આંખો

પર આંગળીઓ ધસી અને જયંતિને જોઈ રહ્યા. ત્યાંથી પછી ચહેરો હટાવીને એણે ડોશીને અને છેવટે ગુલાબને જોઈ.

ડૉક્ટરની એ આંખો સાસુ અને વહુને એક જ વાત કહેતી હતી : ' તમે બેઉ અત્યાર સુધી ગયાં હતાં ક્યાં ? '

સ્ટેથેસ્કોપને એણે હાથમાં લીધું. પોંચા પર વીંટ્યું અને પાછું કાને ચડાવ્યું અને ભૂલ થઈ ગઈ હોય એમ વળી પાછું ઉતારી લીધું :

' એમ કરો. ' જયંતિના કપાળ સામે જોઈ ને એ બોલ્યા : ' સારા દવાખાનામાં જો દાખલ કરી શકો તો —' અને જયંતિના બોલવાયે જતા નિસ્તેજ ચહેરાને પગ હલાવતા હલાવતા જોવા માંડ્યા અને પળ પછી વળી બોલ્યા : ' પણ રહેવા દો ..દર્દીને ફેરવવા જતાં—' અને એણે ઝડપથી ઊભા થઈ ને પેટી હાથમાં લીધી.

' ડૉક્ટર ! ' ગુલાબે ગભરાઈ ને ચીસ પાડી.

ડૉક્ટરે કડક ચહેરે ગુલાબ સામે જોયું અને ચાલતા થયા.

. ભગુ પાછળ ગયો...ઝપાટાબંધ જઈ રહેલા ડૉક્ટરને એણે ઊભા રાખ્યા : ' જરાક કે'તા જાવ સા'બ ! '

' એ લોકો . ' ડાક્ટરે મેડી સામે જોઈ ને કહ્યું : ' એના બાળ અને ખોઈ બેઠાં છે ..એની પત્નીને મેં કેટલી ભલામણ કરેલી ? કેટલી ? તમને શું કહું ! અત્યારે હવે મને બોલાવ્યો.' ડૉક્ટરનું મોં ક્રોધમાં લાલ થઈ ગયું : ' અપશુકન દેવા બોલાવ્યો...આ બધું અસહ્ય છે ..' ને એણે છેલ્લે કઠોર શબ્દો કાઢ્યા : ' દર્દીની પત્ની બેદરકાર છે, સમજ્યા ? '

' પણ હવે ? '

' હવે તો તમારી બધાની મમતા એની અંતિમ ક્રિયામાં ખપ લાગશે...' ડૉક્ટર જતા રહ્યા.

ભગુ ઉપર આવ્યો ત્યારે ડોશી જયંતિના ઓશીકે બેઠી બેઠી દૂર ઊભેલી ગુલાબને કાતર આંખે જોતી હતી અને આંખો પટપટાવતી હતી.

'તમે માશી થોડો ચા કરો.' ' ભગુ ફેંટાના છોગા વડે હવા ખાવા લાગ્યો અને ગુલાબ તરફ એક આંખ ફાંગી કરી.

ચિંતાભર્યા સાદે ગુલાબે પૂછ્યું: 'ડાક્ટરે શું કહ્યું, ભગુભાઈ?'

' અરે, જલસા કરો!' ભગુએ ફરી વાર આંખ ભાંગી : ' કીધું કે દર્દીને ચા-પાણી પાવ – એનો વાળેય વાંકો થવાનો નથી.'

ગુલાબે જોરથી એક શ્વાસ લીધો અને પછી નીચે જોઈ ગઈ.

' મને ખબર્ય છે હોં ભગુ!' ડોશી પોરસમાં આવી, ' જેંતીને કાંઈ રોગ જ નથી...' ને પછી એણે ગુલાબ સામે ડોળા કાઢ્યા : 'સવાર પડે એટલે તું જોજ્યે ભગુ!'

' ભલે ભલે તમે હવે જાવ ' ભગુ ઉત્સાહિત સ્વરે બોલ્યો : ' ચા કરો, જયંતિને પાઈ અને અમે પણ પીઈ...કેમ ભાભી?'

' મારે નથી પીવી ભગુભાઈ!' દુ:ખી સાદે ગુલાબ બોલી અને પછી એ જયંતિને જોઈ રહી.

જયંતિના મોં પર કાળું એક ધાબું ધીમે ધીમે વિસ્તરતું જતું હતું – એ કાળાશમાં નેણ અને પાંપણોનો કાળો ભાગ ઝડપથી ગેબ થઈ રહ્યો હતો.

એની અધખુલ્લી પાંપણોમાંથી, વાંકા, બીજ જેવા સફેદ નિસ્તેજ ડોળાઓ દેખાતા હતા. એનો નીચલો હોઠ ખેંચાઈને એક બાજુ થઈ ગયો હતો. મોં ખુલ્લી ગયું હતું. માથું મોટું દેખાતું હતું. નાક જાડું અને મોટું થઈ ગયું હતું.

ડોશી નીચે જવા ઊઠી કે ગભરાઈને ગુલાબે કહ્યું : ' તમે હમણાં ક્યાંય જતા નહીં બા! – મને ગભરામણ થાય છે!' એણે ખિન્ન આંખે પતિ સામે જોયું અને રડમસ અવાજે કહ્યું : ' તમે એને જુઓ તો ખરાં!'

' શું ભાભી તમેય તે...' ભગુ હવે તકને ઝડપવા તલપાપડ હતો. એણે ફરીથી ગુલાબ સામે આંખ ભાંગી : ' મને ખબર નથી એમ માનો છો?' અને ડોશીને એણે કહ્યું: ' તમતમારે જાવ. ચા બનાવો.'

'તું ભૂંડું વાંચવા વાળી!' ડોશી દાદર ઊતરી અને 'વાત છે તારી' જેવો અભિનય કરીને ચા બનાવવા નીચે જતી રહી.

ગુલાબે ચાંપ દાબી અને બીજી તેજદાર લાઈટ કરી.

જયંતિ એકદમ સળવળ્યો અને વિહ્વળ આંખો ફેરવતો આંચકા સાથે પથારીમાં બેઠો થઈ ગયો.

ગુલાબ એકદમ એના ઓશીકે બેસી ગઈ અને પતિને એણે બાહુમાં લઈ લીધો.

ભગુ આ જોઈને કટાક્ષભર્યું હસ્યો: 'હવે રહેવા દો ભાભી! આ બધા ઢોંગ કરવાનો શું અર્થ?'

ગુલાબે ચોંકીને ભગુને જોયો અને પછી પતિના મોંમાંથી નીકળતી લાળોને સાડી વતી લૂછવા લાગી.

જયંતિ સહેજ ભાનમાં આવ્યો. પ્રકાશમાં એણે આંખો પટપટાવી અને પોતાની પથારી પર કોઈ શિકારી જાનવર ચડ્યું હોય એમ એ ગુલાબને જોઈ રહ્યો.

'હું છું' ધેરા, ધ્રૂજતા અવાજે ગુલાબ બોલી: 'હું ગુલાબ' અને પછીના વાક્યો એણે ખુમારી ભરીને ઉચ્ચાર્યાં: 'તમારી, પત્ની!'

જયંતિએ માથું ધુણાવ્યું: 'ના...ના...!' અને ગુલાબના પાશમાંથી એણે પોતાના હાથ ખેંચી લઈને પલંગની ઈસ પર ગોઠવ્યા. પછી એણે આંખો કાઢી અને હાંફતો બોલ્યો: 'જા!' ને તરત જ પછી ચીસ નાખી: 'જા...આ...!'

'ના ના!' ગુલાબનો સાદ ચીંથરાં ચીંથરાં થઈ ગયો: 'મને...મને...'

અને પછી ગુલાબ સ્તબ્ધ બની ગઈ.

ભગુએ ઊભા થઈને પથારીમાં હાંફતા, સોવાતા જયંતિને એક ધક્કો માર્યો, જયંતિ ચત્તોપાટ પડી ગયો!

'મરવા દો એને ભાભી!' ભગુએ ગુલાબનું બાવડું પકડ્યું.

—ગુલાબે એક આંચકો મારીને બાવડું છોડાવી લીધું અને ધ્રૂજતી ધ્રૂજતી કબાટ પાસે ઊભી રહી ગઈ.

ભગુ ત્યાં ગયો અને નફ્ફટ આંખોથી એણે ગુલાબનાં યુવાન અંગોને તાકયાં અને પછી હાથને ત્યાં સુધી લાંબો કર્યો: 'આનું કરોને એક વાર, ભાભી!'

ગુલાબ ભીંતમાં પેસવા મથી, પછી એણે અસહાય બનીને જયંતિ સામે જોયું.

જયંતિ પડખું ફરી ગયો અને હાંફવા લાગ્યો.

ભગુ ગુલાબ તરફ વધારે સરકયો અને ઉના ઉના શ્વાસ ફેંકતો બોલ્યો: 'ડાક્ટરે મને વાત કરી છે – તમે ઢોંગી છો...જયંતિ પણ જાણે છે...તમે એને જિવાડવા નથી માગતાં...'

'હું?' ગુલાબનો સાદ ફાટી ગયો: 'દાક્તરે એવું કહ્યું?' ને એ પાગલની માફક ત્યાંથી દોડી જયંતિની પથારીમાં, જયંતિને ચીટકીને એ વળગી પડી.

ભગુ ત્યાં પાછળ આવ્યો: 'એ તો હવે મર્યો' ગુલાબને એણે ફરી વાર બાવડેથી પકડી: 'આપણું કરોને હવે!'

ગુલાબે એક ડૂસકું ભર્યું.

જયંતિ એકાએક સળવળ્યો અને ચત્તો થયો. ભગુ સામે એણે વિકરાળ આંખો માંડી.

ભગુએ જરાય શરમાયા વગર ગુલાબને ચોટલેથી પકડી.

'બા!' ગુલાબે ધ્રુસકાં સાથે ચીસ નાખી: 'ઉપર આવો, બા!'

'મારી સારુ થઈ ને ઈ ઉપર આવશે?' ભગુ ક્રૂર થઈ ને હસ્યો: 'તને એણે વાત જ નથી કરી?' અને અચેતન એવા જયંતિને નોંધીને એ બોલ્યો: 'આ જાય પછી...આ બધું મારું છે...ઘર અને તું...બધું જ...'

'ઉં...ઉં હ...!' જયંતિએ વેદનાભર્યો શ્વાસ લીધો અને પછી અજ્ઞાત એવા આવેશના જોરે એ પથારીમાં બેઠો થઈ ગયો.

'તમે...' ગુલાબ એને સુવાડવા માંડી : 'તમે રહેવા દો...!'

'તું !' ભગુ જયંતિ પાસે આવ્યો : 'તું બધું ભૂલી ગયો છે ? બાયલા ! તને શું કામે પરણાવ્યો છે એ જાણતો નથી ?' અને એણે જયંતિ સામે હાથ ઉગામ્યો.

જયંતિમાં જાણે કોઈ પ્રેત પ્રવેશ્યું. ગોઠણભેર થઈ ને એણે ભગુના ગાલ ઉપર તમાચો ચોડી દીધો

ભગુ એક પળ દૂર હટી ગયો અને વળતાં એણે જયંતિ પર હુમલો કર્યો અને એ જ વખતે ડોશી ઉપર આવી.

ભગુ ચોંકી ગયો પરંતુ બીજી પળે એણે બાજી હાથમાં લઈ લીધી. એ જયંતિની પથારી સામે લાંબો હાથ કરીને બોલ્યો : 'તમે જુઓ તો...ખરાં !'

ડોશીએ ગુલાબને જયંતિ સાથે ચીટકેલી જોઈ અને એનો ક્રોધ ફાટી નીકળ્યો...એ વાઘણની જેમ ગુલાબ પર ત્રાટકી અને ગુલાબને ઝૂડવા માંડી : 'મૂક ! હેતવાળીની...! મારા દીકરાને મૂક...ડાકણ મૂકી દે એને...!' અને પછી એણે ગુલાબને ધસડી...ગુલાબના પગને ઇસ સાથે ભટકાવ્યા – હાડકાના કડાકા સંભળાયા... !

'જયંતિ !' એ ઊભી થઈ અને પ્રકાશમાં ચારે બાજુ જોઈ ને એણે ફરી ચીસ નાખી : 'જયંતિ...ઈ...ઈ...!'

જયંતિએ એનું બાવડું પકડ્યું !

—ડોશીની આંખો પહોળી થઈ અને પછી ફાટી ગઈ.

જયંતિએ પોતાના બન્ને હાથ ગુલાબની આસપાસ વીંટી દીધા અને ક્રોધમાં બોલ્યો : 'મા...આ...!' ને એનો સાદ તરત જ પછી ફાટી ગયો.

સ્વરના સહારા વગરના કેટલાય શબ્દો – એના છેલ્લા કેટલાય શબ્દો – હવાના ગાંગડા થઈને એના ગળામાં જામી ગયા.

જયંતિની આંખો ભયાનક રીતે પહોળી બની ગઈ અને ગુલા-

અને ચોંટેલા એના હાથ સરરર કરતા સરી ગયા. ધબ્બ દઈ ને ચત્તો પથારીમાં પડી ગયો. ઓશીકું ફટ ઊડી ગયું. ગાદલું પલંગની પાટી સાથે અથડાયું. હવાનો એક મોટો બધો ગોળો બારીઓમાં થઈ ને આભમાં જતો રહ્યો.

'જયંતિ!' કહીને ગુલાબ એના પર નમી અને ઠંડા પડેલા પતિના દેહને જેમતેમ બાચકા ભરવા લાગી.

જયંતિની ખુલ્લી, બિહામણી આંખો જોઈને એ કંપી ગઈ ને માથા પરથી સાડી ઉતારીને એણે બિહામણા એ ચહેરાને ઢાંકી દીધો. પછી પોતાનું માથું એણે જયંતિના માથા સાથે જડી દીધું અને અચેતન એવા માથાને વળગી પડીને એ ધ્રુસકી રહી. એના કપાળના સૌભાગ્યનું બધુંય કંકુ ભૂંસાઈ ગયું...તોય એ પ્રાણ વગરના પતિને ચૂમતી રહી.

ડોશીએ એને માંડ માંડ ખસેડી. ભગુ તુલસીનાં પાન લેવા ફળીમાં ગયો.

૨૨

હાથી જેમ મૂઆ પછી સવા લાખનો થાય છે – ગુલાબ જયંતિને એ રીતે મૂલવવા માંગતી હતી.

જયંતિ ગમે તેવો હતો, પરંતુ સામાજિક ન્યાયે એ એનો પતિ હતો. એનું કેન્દ્ર અને એની સ્થિરતા હતો. વિસામો, કિનારો, આધાર આલંબન – જે ગણાય, સ્ત્રીને માટે જે ગણાય, એ તે હતો જ...એની સાથેનાં જોડાણમાં પોતાને સફળતા ન મળી એને એ પોતાનું દુર્ભાગ્ય ગણી લેવા જેટલી અત્યારે ડાહી પણ બની હતી !

સ્ત્રીસહજ ઝંખનાઓ અને મનોરથોના ખાનાંઓ એના દેહની સાથે જન્મ્યાં હતાં અને છેક આ ઘડી સુધી તે બધાં ખાલી હતાં – એ ખાલાશે એને રહેંસી હતી, રિબાવી હતી – એ ખાલાશમાં એણે શોકને ભરી દેવાનો નિર્ણય કર્યો હતો – શોકને એવો તો ખૂંદી ખૂંદીને ભરી દેવો – કપાસની બોરી જેમ હમેશાં ઊભરતો રહે...

આ માટે ગુલાબે સમર્થ પ્રયાસ કર્યો.

—જયંતિને નવડાવ્યો, લોચ લીધો, નનામીમાં બાંધ્યો અને આંગણામાંથી શેરીમાં લઈ જવાયો ત્યાં લગી એ જોતી રહી – સ્થિર અને અભેજ પાંપણો વડે. !

ગુલાબના અંતરમાં ઠસી ગયું હતું – આંખમાંથી ટીપું પણ પડશે તો પોતે એકઠા કરેલ જથ્થામાં છીદ્ર પડશે અને એ છીદ્રમાંથી પેલી ખાલાશ ઊગી નીકળશે અને એમાં ધીમે ધીમે સમય જમા થવા લાગશે – ઠગારો સમય...! ધીરે રહીને એ માણસના પગ નીચે ઘૂસે છે. મીઠી ફૂંકો મારીને નક્કરતામાં એ કાણાં પાડે છે અને દરેક કાણામાં – નવાં સુખો, નવી આશાઓ, નવી ચેતનાનો એની પાસેનો કચરો ભરવા માંડે છે!"

ગુલાબ રડી નહીં, ફૂટી નહીં – અરે પોતે જ પ્રવાહી ભર્યું હતું...એને ઠોકર લાગીને એ છલકાય કે ઢોળાય નહીં એ માટે – જે રડતાં હતાં, ફૂટતાં હતાં, ચીસો પાડતાં હતાં – એ બધાંને આડા હાથ દઈને એ રોકી રહી! — કેવી મૂર્ખાઈ!

ગુલાબના આ વર્તનથી ડાહ્યાં અને વહેવારુ સમાજમાં હાહાકાર મચી ગયો!

યુવાન પતિનાં પતન વેળા આંસુનું એક બિંદુ પણ નહીં ખેરનારી આ યુવાન વિધવાને જોવા, કારુણ્યના બહાના તળે, સરકસનાં પ્રાણીઓને જોવા જે જથ્થામાં પ્રેક્ષકો ઊમટે એ રીતે લોકો ઉમટવા લાગ્યાં...!

'ગજબ થયો' નો આ શબ્દ, જુવાનજોધ જયંતિના મરણમલાજા ઉપર છીણી મૂકી ગયો...!

જયંતિ શહેરનો એક જુવાન વેપારી હતો. એણે હજી સંસારમાં પૂરો પગે ય નહોતો માંડ્યો અને ચાલતો થયો – એવી શોકાંજલિનો આ જોમવતો શોભીતો શબ્દ – 'ગજબ થયો' – ગુલાબ રડી નહીં એ માટે વપરાયો! શેરી, ગલીઓ અને ચોટા તો ઠીક, પણ આરતીઓના ઘંટારવ અને દીપશીખાઓ ઝળહળાવતાં મંદિરોના

ગભીગાર સુધી વપરાયો !

મૂર્તિઓ સામે હાથ જોડેલા રાખીને ખેડૂવાસનાં કોઈ પણ દર્શનાર્થીને પ્રશ્ન પુછાતો : 'તમારા વાસમાં આ બન્ધુને ?'

'તમારા ઘરથી કેટલેક છેટું ?'

'તમે સાથેસાથ આ જોયું ?'

'એ સમૂળગી શેઈ જ ને :'

'ખોટુ ખોટું ય ને ? ફૂટીય ને ?'

'મેલો મારી બાયુ ! એ લોંડીએ તો અમારું મોત બગાડ્યું...' અને પછી મૂર્તિ તરફ હાથ ચીંધીને ખેડૂવાસનાં બૈરાં દેવની સરાસર અશક્તિને ઉચ્ચારતાં ! 'પિટ્યો ભગવાને ય મંદર્યમાં આમને આમ બેઠો રિયે'છે – એને અમારી આબરૂનીય દયા નથી આવતી !'

'તો તો અમારે એને જોવી પડશે !'

અને આ રીતે શહેરના ચારેય છેડાઓ જયંતિના આંગણા લગી ઉભરાયા...!

કોરી આંખે, ઘૂમટામાં મો ઢાંકીને, છાતીએ હાથ લાગી ન જાય એવાં છાજિયા લેવાની આવડત ધરાવનાર દરેક બૈરાં – ધૂળમાંથી ખોદી કાઢીને ખૂણામાં મૂકેલી કોઈ પથ્થરની પ્રતિમા જેવી ગુલાબને એકીટશે જોઈ રહેતાં. વચમાં થોડુંક ફૂટી લેતાં અને પાછાં જોવા માંડતાં. એકમેકને હાથના ઠોંસા મારીને આ નવતર નારીને નિરખી લેવા ઇશારા પણ કરતાં અને તિરસ્કારમાં પછી માથાં ધુણાવતાં...!

— ડાહી માણસોના આ ધસારાને જયંતિની સુવાસ ગણતી અને આથી એ વધારે ફૂટતી, માથા પછાડતી અને છેવટે સાંજે, આંગણું આખું ખાલી થતાં બધો ય રોષ ગુલાબ ઉપર ઉતારતી : 'મારું લોહીયાળું મોઢું છે એટલે હમણાં તો કાંઈ નહીં...' એ નિસાસો પછાડતી અને ડોળા કાઢતી. પછી રાંધવા બેસી જતી,

ખાઈ લેતી, વાસણ માંજી નાખતી અને વળતા દિવસે વહેલી જાગીને કૂટવામાં વ્યસ્ત બની જતી !

ગુલાબને ચોથો નકોરડો ઉપવાસ થયો !

— ડોશી રાંધતી રહી, ખાતી રહી, કૂટતી રહી !

નકામા એવા નળિયાના ટુકડા જેમ ગુલાબ ઘરમાં ભટકાતી રહી...ક્યારેક આડે પડખે, ક્યારેક એ ગોઠણમાં માથું ઘાલીને, રાત-દિવસ જ્યાં ત્યાં પડી રહેતી !

આખા પાડોશમાં અને પછી આખા શહેરમાં એને માટે ઉકળાટની લૂ વાતી હતી !

પાંચમા દિવસે સાંજના ચારેક વાગ્યે ડોશીના ફળિયામાં શેરીની વિણાઉ એવી ડોશીઓ ચા-પાણી પીને કૂંડાળે વળવા માંડી.

એકાદ વૃદ્ધા ખૂણામાં પડેલી ગુલાબને ડોકાઈને જોઈ ગઈ અને પછી કાંક ગુસપુસ શરૂ થઈ અને છેવટે હાંકલ પડી : 'વહુ ! બા'રી નીકળ ! છાજિયાં લેવાં છે !'

અને ગુલાબ હજી તો એ હાંકલ સાંભળે એ પહેલાં ડોશીઓએ ગુલાબની સાસુને ઘરમાં ઢકેલ્યાં : 'જાવ !' અને અંધારામાં ગૂંચવાયેલ રેખાઓમાં નિશ્ચલ પડેલ ગુલાબ નામના લોચા તરફ એણે સત્તાવાહી આંગળીઓ લંબાવી : 'એને ઘસડીને બા'રી કાઢો. જુવાનજોધ જયંતિ મૂઓ છે, સમજો છો !— એને હવે ઘરમાંથી વળાવવો જોઇં' અને રોણાંના અભિનયને અવાજમાં દાખલ કરીને એણે ઉમેર્યું : 'છેલ્લુંવેલું કૂટી લઈ– આપણી અને એની લેણાદેવીને પૂરી કરીઇં...આપણી ઉપર ઇ કાયમ ઝળૂંબતો રે'શે કાંઈ ?— હાલો ને એને રસ્તે અને આપણે આપણા રસ્તે !'

સાસુએ ગુલાબ તરફ હાથ લંબાવ્યા : ગુલાબ વધારે કોકડું વળી.

'લે હવે ડાહી થઈ જા...' બેચાર ડોશીઓ ઘરમાં દાખલ થઈ : 'તારે – હાથે જ તારે એને વદાય કરવો જોઈ.' અને ફોસલાવવા માંડી : 'સોંઠકી થઈ જા, માડી !'

'ના...ના...' ગુલાબનો ક્ષીણ અવાજ આવ્યો : 'રે'વાદો... મ...ને રે'વાદો...!'

'તારી તે મા ની...!' સાસુના હાથમાં સોએ મૂકેલું બળ આવ્યું : 'કયે દા'ડાની નચાવ છ?' ગુલાબને એણે ચોટલેથી પકડી અને ઘસડતી લઈ ચાલી.

—વાળ્યા વગરના ઘરમાં, મૂઆ ઢોરને ઘસડતો લીંટો ધૂળમાં અંકાઈ ગયો!

ગુલાબથી ચીસ નંખાઈ ગઈ : 'જ...યં...તિ...!'

'જયંતિને મારી નાખનાર રંડોચા!' એક સામટાં કેટલાંય ગળાં ઉશ્કેરાયાં : 'તારે એમ કે કોઈ જાણતું નથી! ઢોંગ કરછ? હજીય ઢોંગ? જયતિ તને વહાલો હતો એમ?' અને પછી સૌએ મળીને હાથની ચળ હળવી કરી!

—છતાં ગુલાબ કૂટવા ન ગઈ!

ડોશીઓએ જયંતિના નામ સાથે ગુલાબનું નામ સામેલ કરીને એનાંય છાજિયાં લીધાં...અને પછી ધરમરાજાને વિનવ્યા કે અમારા દીકરા જયંતિનો પડછાયો પણ અહીંથી ઉપાડી લ્યો મા'રાજ! – જ્યાં એની જ અર્ધાંગના આવી પાપણી છે, ત્યાં કણે એના બચ્ચારાના આત્માને શીદને ટીંગાડી રાખો છો, દેવ?!'

—છાજિયાંને વખતે દિવસે રોવા-કૂટવાની તમામ પ્રક્રિયા બંધ થઈ.

—ઘર આખું સૂનકાર બની ગયું...ગુલાબ ક્યારેક બાવરી થઈને ચારે બાજુ જોવા લાગી.

સાસુને મન દીકરો હવે ઘરમાં નહોતો...ઘરનો બધો ય ઘણો-વણો એ રોજિંદી સ્વસ્થતાથી કરવા લાગી. છાશ ફેરવતી, વાસીદું કરતી અને સમય મળતાં બજર લઈને તડાકા પણ ઝીંકતી...એને મન હવે ઘરમાં જયંતિ ય નહોતો અને ગુલાબ પણ નહોતી!

ગુલાબને અન્ન વગરનો સાતમો દિવસ ઊગ્યો...આજે એ લાશ

થઈ ગઈ હતી. એનો ચહેરો ઓળવાઈ ગયો હતો. આંખો ઊંડી ને ઊંડી ચાલી ગઈ હતી. ચામડી સ્નાયુથી જુદી થઈ ને સંકેલી શકાય અથવા તો ખેંચીને લેવાય એવી ઢીલી, પાતળી, ખડખડતી થઈ ગઈ હતી. એ જ્યાં બેસી, પડી કે સૂઈ રહેતી એ જમીનનો ટુકડો હવે વધવા માંડ્યો હતો...કોરી ચામડી અને સુક્કા એના ચહેરા પર હવે માખીઓ પણ બેસતી નહીં...!

આજે એને લાગતુ હતુ – એની આજુબાજુમાંથી ધીમે ધીમે ભારરૂપ એવું બધું જ ખસવા માંડ્યુ હતું. પળભર એની આંખો મીંચાઈ જતી અને શાંતિથી, ધબકયા કરતું શરીર એને મીંચાયેલી આંખોમાંથી દેખાતું હતું ! કશો ચડકાર, કશો દુ:ખાવો, કશો મૂંઝારો કે એવું કશું એને થતું નહોતું. ધીમે ધીમે બધુંય નીતરી રહ્યું હતું...! એના તીવ્ર સપાટીવાળા મગજ ઉપર હવે ચમકારાઓ ચમકતા હતા.. પળ બે પળ માટે એને બધું સ્થિર, આછરતું. પ્રકાશતું, રંગરંગીન લાગવા માંડ્યુ.

એનો આત્મા પ્રસન્નતામાં ઝબોળાઈ રહ્યો હતો, દૂર દૂર ક્યાંક વાંસળીઓ વાગતી હતી, ઊંચા વાદળી પહાડોના શીખરો પર સફેદ પંખીઓ ઊડતાં હતાં, સફેદ રૂપેરી પાણીનાં ઝરણાં ખળખળતાં હતાં અને પોતે પહાડોની ઈન્દ્રધનુષ્યશી રંગીન શીખાઓ પર નાનકડી વાદળી થઈ ને તરતી હોય એવુ લાગવા માંડ્યુ.

એ હસી રહી...પછી ધીમે રહીને લાંબી થઈ...જયંતિના ઘરમાં આવીને, વીંધાઈ, ત્રોફાઈ, સડી ગયેલું કોચલું હળવેક રહીને એના પરથી ખરી ગયું – અંદરથી ચકચકતી, સુખી અને ચંચળ ગુલાબ નીકળી પડી !

અહાહા ! પોતે શું આટલી બધી સુખી છે ! આટલી બધી ? !

ગુલાબ જાણે બાપના હાથની કળાઈ ઉપર બેઠી છે...રેશમી સેંથો, રેશમી ખમીશ અને પગમાં બૂટ.

'શામજીભાઈ ! આ તે દીકરો છે કે દીકરી ?'

બાપ વહાલસોઈ પુત્રીના માથા પર હાથ ફેરવે છે અને હસીને બોલે છે : 'દીકરો...ગુલાબ નામનો મારો દીકરો !'

મા એને હાલતાં ને ચાલતાં ચૂમે છે.

'અરે, કંચનબેન ! જુઓ તો ખરાં ?– આ છોડી તો ઝપટથી વધવા માંડી – આને હવે ધાઘરી...ચણિયો.'

અને એના શરીર પર રેશમી પોમચું ફરફરે છે...પુષ્ટ બન્યે જતાં અંગો કપડાંને સાંકડા કર્યે જાય છે...કર્યે જ જાય છે. કંચનબેન દરજીને ત્યાં રોજ ધક્કા ખાય છે.

અને પછી પતિને એકાંતમાં...

'હવે ગુલાબના વેવિશાળનો ગોળ ક્યારે ખવડાવો છો કંચનબેન ?'

'મુરતિયો જોયો છે તમે ?' કંચનબેન પૂછે છે : 'મારી દીકરી કેવી છે ? જુઓ છો ને ?'

'એને તો ગુલાબે જ શોધી કાઢ્યો...જાણો છો ?'

'હેં ગુલાબ ! સાચું ?'

'હા વળી' ગુલાબ હસીને કહે છે : 'મને એ ગમ્યો છે...બહુ ગમ્યો છે.'

'સારું. કરો પીળા હાથ...' કંચનબેન કહે છે : 'મારે તો મારી ગુલાબને ગમે એ સોનાનો...'

શરણાઈઓ વાગી. શામજીભાઈને આંગણે રંગો ઉમટ્યા... ગાડાંના બળદોના ઘૂઘરમાળ ધમક્યા.

પ્રથમ રાત્રિ છે...પાછલા પહોરે એ ચતુર સાથે ઊંઘે છે અને એકાએક સફાળી જાગે છે. ચતુરને ધણધણાવે છે : 'જાગો તો... અરે...એ...! જાગો તો ખરા !' મને એક સપનું આવ્યું. ઓ બાપ ! કેવું બની ગયું ! ચતુર, કેવું બની ગયું ? મને એ નમાલા વેપારી સાથે પરણાવી. તદ્દન નકામો...ચામડાનો કોથળો ! અરે, થોડા દિવસમાં તો એ માંદો પડ્યો. મૂઓ મરી પણ ગયો...હું છેને...છેને

...રાંડી ! તું હસમાં, ચતુર ! સાચી વાતે હું રાંડી...અરેરે હો ભગવાન ! સાસુ પણ કેવી ? દસ દસ દિવસ થયા – મને ખાવા અન્નનો દાણો ન આપ્યો ચતુર ! હું બહુ દુઃખી થઈ...' ને એની આંખોમાંથી ખૂબ આંસુ નીકળ્યાં. પછી આછી આછી ચીસો : ' ચતુર ! ચતુર ! ચતુર !'

' તને કેમ લાગે છે ?' ઘરમાં ડોકાતો એક પુરુષ ઓસરીમાં ઊભો હતો.

' તમે ઝટ કરો...ડૉક્ટરને લાવો. જલ્દી લાવો હોં..' પતિને કહેવા આવેલી સ્ત્રીનો સાદ દ્રવી ગયો : ' અરેરે ભગવાન ! આની સામે કોઈએ ન જોયું ?'

પુરુષ ડૉક્ટરને લેવા ઊપડી ગયો. સ્ત્રી પાછી ઘરમાં આવી અને બેભાન ગુલાબનું માથું એણે પોતાના ખોળામાં લીધું. એના પર વહાલપથી હાથ ફેરવ્યો.

એનાં વહીને સુકાઈ ગયેલાં આંસુ સાથે ઘરની ધૂળ જામી ગઈ હતી. એ ધૂળમાં વાળ ચોંટી ગયાં હતાં. આસ્તેથી આંગળી ઘસીને એણે ધૂળ લૂછી પોપચાં સાફ કર્યાં...પછી એની પીઠ પર હાથ ફેરવવો શરૂ કર્યો.

ધીમેથી ગુલાબે આંખ ખોલી.

' હું ઈલા છું, ગુલાબ !' ઈલાબેનનો સાદ એકદમ લાગણીથી છલકી ગયો : ' મને શું ખબર ગુલાબ !' અને એની આંખો ઊભરાઈ ગઈ. ગુલાબના કપાળમાં ક્યાંય લગી એણે આંગળીઓ ફેરવ્યા કરી. આંસુની ભીંસ વચ્ચેથી એણે માંડ માંડ અવાજ કાઢ્યો : ' તું મને ઓળખ છ ગુલાબ ?...હેં !'

ગુલાબે ખૂબ વાર સુધી આંખો માંડી અને પછી ધીમેથી માથું હલાવીને હા કહી.

અને આ સાથે ઈલાબેને ગુલાબના કપાળ પર બે ચાર ચૂમીઓ ભરી લીધી સારું થયું ને ? ડોશી હાજર નથી...નહીં તો આવી

હું કેમ કરીને આવત ?'

ગુલાબ ચોપાસ જોવા લાગી.

'ડોશી અપર માસ નાહવા ગઈ છે ..ગુલાબ !...આજ તો વળી બધી ડોશીઓ "વન" ગઈ છે' અને એક ભારે શ્વાસ લઈને એ બોલ્યાં : 'અરેરે બેન ! તને તો એય ખબર નથીને ? ત્રણ દિવસ થઈ ગયા, અધિક માસ બેઠો એને.'

ડૉક્ટરને લઈને વિષ્ણુભાઈ આવી પહોંચ્યા.

ઈંજેક્શન આપીને ડૉક્ટરે ઈલાબેનને કહ્યું : 'ઊંડા આઘાત સિવાય કશું જ નથી.'

'મને ખબર છે ડૉક્ટર !' ઈલાબેને માથું ધુણાવ્યું : 'પણ હવે અમારે આ ગામથી બદલવું જોઈશે...' એણે પતિ સામે જોઈને ઉમેર્યું : 'હું મારા જ ગામની આ દીકરીને, આ રીતે દુઃખી શી રીતે જોઈ શકીશ ?'

'બસ તો' ડૉક્ટરે પેટી ઉપાડી : 'એ સિવાય કશું જ નથી !'

'તને કશું નથી બેન !' ઈલાબેને પછી ગુલાબને ચા પાઈ અને બેઠી કરી, પણ એ હજી શુદ્ધિમાં નહોતી.

ઈલાબેન ઝડપથી બહાર ગયાં અને પતિના કાનમાં કંઈક કહ્યું. થોડી જ વારમાં પતિએ આવીને ઈલાના હાથમાં નાનો બાબો અંબાવી દીધો.

'બસ. હવે તમે છૂટા હોં...!' અને એ ઘરમાં આવ્યાં પરંતુ વિષ્ણુભાઈ જવા ઊપડ્યા કે એણે સાદ માર્યો : 'રહો તો ?...તમને ખીચડી બનાવતાં આવડે છે, ખરું ?...બનાવીને આપી જાઓ...બસ...' અને પછી એ બાબાને હુલાવતાં ગુલાબ પાસે બેઠાં અને ધીમેથી એને ગુલાબના ખોળામાં મૂકી દીધો.

કાળાં કાળાં વસ્ત્રોમાં બાંધેલાં ધોળાં મહોરાંને છોકરો એકીટશે જોઈ રહ્યો અને પછી કોણ જાણે કેમ, ઘૂઘવાટ કરતો હસી પડ્યો. એના હોઠના ખૂણા ફીણથી છલકી ગયા, ને એણે ગુલાબ સામે હાથ લાંબા

ક્યી. ગુલાબ સાચેસાચ હસી પડી.

—ત્રણેક દિવસમાં ગુલાબ હરતીફરતી થઈ ગઈ.

હવે એ ઘરકામ પણ કરતી હતી. સવાર થતાં સાસુ અધિક નાહવા જતાં રહેતી અને એ બધો સમય ઈલાબેન ત્યાં જ રહેતાં.

ગુલાબ હવે સાવ સાજી થઈ હતી. એક દિવસ ઈલાબેને ઓચિંતા જ પોતાની વાત કહેવી શરૂ કરી – ઈલાબેનની એ વાત ગુલાબના દાંપત્યજીવન સાથે બિલકુલ બંધબેસતી હતી.

'મારો પહેલો પતિ – તું ન જાણે ગુલાબ – મામાને ત્યાં હું પરણી હતી એટલે – પૈસાદાર હતો. ઉકરડે નાખવા જેવો!' નાના છોકરા સામે જોઈને એ બોલ્યા.

ગુલાબ પ્રથમ તો એની સામે શંકાની નજરે જોઈ રહી પણ પછી હસી : 'હં...પછી?'

'પછી શું! આના બાપ—' છોકરાને ચીંધીને ઈલા હસી પડી : 'ફાવી ગયા...આજ હું અને એ...બન્ને સુખી છીએ...આપણે છેવટે માણસ છીએ ગુલાબ! જીવવા માટે જન્મ્યાં છીએ, અને જન્મ્યાં છીએ તો પછી જીવી જઈએ.'

ગુલાબ ચિકિત્સક ભાવે ઈલાબેનના ચહેરામાં જોઈ રહી અને પછી બોલી : 'તમે શું કહેવા માગો છો, છેવટે?'

'હું ને?' એણે ગુલાબ સામે પાંપણો ઝુકાવી, પણ એ મૂંઝવાઈ ગયાં. ગુલાબની પાસેથી સાચી વિગત – જે એણે ગુલાબના મોંમાંથી ચતુર ચતુરના બોલ સાંભળ્યા હતા એ વિશેની વિગત મેળવવા એણે પછી કહ્યું : 'તારે હવે જયંતિને છોડવો જોઈએ. આટલી નાની ઉંમરે એ તને ઝકડી રાખે એ શી રીતે પોસાય?'

ગુલાબે વિચિત્ર નજરે ઈલાને જોઈ, પણ સ્નેહ વરસાવતી આંખો સામે એ હસી પડી...અને પછી પોતાના રહસ્યને ઊંડે દાબીને ઈલાબેનને સાવ ખોટું ન લાગે એ રીતે કહ્યું : 'જયંતિ મને જકડી નથી શક્યો. એક વાર મેં એવો નિર્ણય કરેલો, પણ એ અંતરમાં

આદમી મારાથી છૂટી ગયો છે.' અને પછી ઈલાબેનનો હાથ પોતાના હાથમાં લઈ ને એણે ધીમેથી કહ્યું : 'તમને આ, મારાં ગણીને કહું છું ઈલાબેન ! મને હવે કશો જ શોક નથી...તમે માનશો ? લાગે છે કે જાણ્યે કશું બન્યું જ નથી !'

ઈલાબેન એની આ રહસ્યમયતાને તાકતાં જ રહ્યાં...અને પછી ગુલાબના અંતરમાં પડેલ પેલા ચતુરને કઢાવવા એ સમયની રાહ જોઈ રહ્યાં.

૨૩

કોઈ પરિવ્રાજકના હાથ-પગ કાપી નાખીને કૂવામાં ફેંકી દેવામાં આવે અને તપના બળે એ ભેડો પકડીને ચોંટકી રહે અને ભેડાની અર્ધી ફૂટ જમીનને એ વિશ્વ માનીને જીવન ખેંચ્યે જાય, એમ ગુલાબ જીવન ખેંચ્યે જતી હતી. ત્યાં વળી નવી સમસ્યા જાગી.

—સાસુ ઓચિંતાની એની પર દયા-માયા ધરાવતી થઈ ગઈ ! બોલામણી ચલા-મણીથી માંડીને દરેક પળે એ વહુ ઉપર બીની બીની રહેવા માંડી.

અપર માસ હતો ત્યાં સુધી તો ગુલાબને લાગ્યું કે ધર્મચારથી આ ભાવના પ્રગટી છે પરંતુ અપર ગયો એનેય અઠ-વાડિયું થયું, છતાં પ્રેમ પીરસતી રહી.

ગુલાબ હવે આ સહન કરી શકતી નહોતી...એણે પ્રત્યાઘાતને અણીદાર બના-વીને તૈયાર કર્યો અને એ રાહ જોવા લાગી : 'હું બધું જ જાણું છું સમજ્યાને ? મને મમતાથી બાંધીને, તમે લાચાર-

બનાવવા ધારો છો. ધર્મને નામે એક દિવસ મારી પાંખો કાપી નાખવા માગો છો. ધર્મઝિરૂતાથી મને ઓગાળી નાખીને જયંતિની આજીવન, પતિપૂજક વિધવા બનાવવા ધારો છો...બસ, પછી હું ધર્મનાં થોથાં વાંચ્યાં કરું અને હાડકાં સળી જાય, લમણા ધોળા થઈ જાય, પછી અહીંથી જ સ્મશાને જાઉં...ના ના...રહેવા દો... મને શા માટે નહાવાનું પાણી ગરમ કરી આપો છો? શા માટે ચા પાઓ છો? શા માટે મારા હાથે પુણ્યનાં કાર્ય કરાવો છો? પૂજાની તમારી સામગ્રી મારા હાથે શા માટે તૈયાર કરાવો છો? ધીમે ધીમે બધું મને સોંપવા માંડ્યાં છો – શા માટે? તમે મને શું સમજો છો? મને ખબર નથી પડતી એમ? તમને ભાન કેમ નથી? તમારો દીકરો મરી ગયો ત્યારે હું રડી નથી, કૂટી નથી, આંસુ પણ પાડ્યાં નથી. અરે, તમે જ કહેલું કે જયંતિને મેં મારી નાખ્યો છે...વેર લો...સમજ્યાં? વેર...! મારે માટે હવે એ જ વસ્તુ ઉચિત છે. મારે સઘળા તાંતણા તોડી નાખવા છે. આ ઘરમાં મારો એક પણ કણ ચોંટયો ન રહે એવું હું ઇચ્છું છું.'

અને સંઘર્ષની શરૂઆત કરવા ગુલાબે ચાર્જ ને બપોરે રાંધ્યું નહીં – માત્ર બપોરે એક વાર જ જમતી સાસુ આથી ખિજાશે એવું એણે ધારેલું, પણ એમાં એ સફળ ન થઈ.

—સાસુ બજારમાં જઈને બટેકાં લઈ આવી: 'અટાણે તો આ બાફી નાખ – ફરાળ કરી લઈએ.'

'ઠીક છે' ગુલાબ ધમધમતા પગે રસોડામાં ગઈ. બટેકાં બાફ્યાં અને તૈયાર કરીને ખાંડ નાખી અને પછી ઘી પણ નાખ્યું.

ડોશી હવે તો જરૂર ભભૂકશે: 'વીશ વરસનો મારો દીકરો મૂઓ છે, ને રાંડ ઘી-ખાંડ નાખી બેઠી!'

પણ સાસુ ન બોલી. ગુલાબે એની સામે જોયા કર્યું. કદાચ કોળીઓ મોંમાં મૂકીને...પણ એમ થઈ ગયું...સાસુએ કોળીઓ લીધો એક વાર એણે વહુ સામે જોયું અને પછી થોડુંક ખાઈને કથા-

વાર્તામાં જતી રહી.

બીજા દિવસે ગુલાબે નાકમાં ચૂંક પહેરી. કાનમાં રીંગો પહેરી.

—આ જોઈને સાસુ ઊલટાની ખુશ થઈ!!

—ત્રીજા દિવસે ગુલાબે સારામાં સારી બંગડીઓ પહેરી

'મને આ ગમ્યું ગુલાબ!' સાસુએ પ્રત્યાઘાત આપ્યો.

—ગુલાબને થયું પોતે ચીસ નાખે: 'હું રાંડીરાંડ છું – તારા જ દીકરાની રંડવાળ્ય!' પણ એમ શું કામે? ગુલાબ કઠોર થઈ ને વિચારવા માંડી: મૂંગા મૂંગા માણસને શું કામ ન દિખાવાય?

ગુલાબે કપાળમાં મોટો બધો ચાંદલો કર્યો. પછી ડોશી આગળ જઈ ને ઊભી રહી અને આખરે બોલી: 'મને કંકુ મંગાવી દોને બા!'

'અરે, મંગાવે શું, હું જ લેતી આવીશ!' અને ડોશી જે સારામાં સારી કંકુની શીશી એ લેતી આવી.

'હવે?...હવે શું કરવુ?' ગુલાબ અકળાવા માંડી.

એક દિવસ ખૂબ સરસ તક મળી ગઈ – ભૂતનાથમાં મેળો થઈ રહ્યો હતો.

—ઈલાબેનને એ જોઈને કહી આવી: 'આપણે મેળામાં આનંદ કરવા જવાનું છે – નીકળો જલ્દી...હું કપડાં બદલીને તૈયાર થાઉં છું.'

ઈલાબેન જ્યારે આવ્યાં, ત્યારે એણે ગુલાબને ઓળખી પણ નહીં!

આસમાની રંગની રેશમી સાડી, કપાળમાં મોટો બધો લાલ ચટ્ટક ચાંદલો. સોનું ઝીલતાં બધાં જ અંગો એણે ઘરેણાંથી લાદી દીધાં હતાં. માથું પણ કોઈ અભિનેત્રી જેવું અફલાતુન ઓળેલું. ચોકખી નજરથી જોનારને લાગે કે આ સ્ત્રી ફેશન અને શણગારના ભારને માંડ માંડ ઉપાડતી હોય છે!

'અરરર, માડી!' ઈલાબેનની જીભ બહાર નીકળી ગઈ!

'અમે મેળામાં જઈએ છીએ બા!' ગુલાબે એક બાજુ જોઈને સાસુને કહ્યું.

વહુને વિદાય આપતી સાસુની શકલ જોઈને ઇલાબેનને ગુલાબ ઉપર ખૂબ રોષ આવ્યો : 'આટલી બધી નફ્ફટ?'

એક વાર ઇલાબેનને એમ પણ થયું કે પોતે પાછાં વળે... ગુલાબ દિશા વગરનો વંટોળિયો જ છે – એ પોતાનેય ચકાવે ચઢાવીને, ચોક્કસ રેખા પર વહેવાના પોતાના ડહાપણને છિન્નભિન્ન કરી નાખશે.

પરંતુ એ હવે બન્ને બજારમાં હતાં અને ગુલાબને જોવા કંઈ કેટલાય ચહેરા સળવળતા. વળી પોતાનો બાબો ગુલાબના હાથમાં હતો અને છેલ્લી વાત – ડોશી પણ કેવી?

ઇલાબેને એને બોલતો સાંભળી – એ એકાદ બે પૃચ્છકને તતડાવતી હતી : 'વહુ તો મારી છે ને? એને ગમે તે પહેરે ઓઢે – તમારે શું એમાં? તમે કાંઈ અમારાં ઘરનાં ધણી નથી!'

આમાં ઇલાબેન શું બોલે? – એ મૂંગો રોષ ભરીને ગુલાબ પાછળ ચાલતાં રહ્યાં.

સવારનો તાજો, કુમળો સૂરજ મોંસૂઝણાના કૉફી કલરને માંઝી રહ્યો હતો.

હવામાં લહેરાતી ગુલાબની સાડી પ્રકાશનાં કિરણોને પી રહી હતી. કિરણો અંદર ઘૂસી જઈને હવાથી ખુલ્લાં થતાં ગુલાબનાં લાલ લાલ અંગોને પેટાવીને, રસ્તા પર અને ખેતરમાં આડેધડ ઉભરાયે જતાં માનવ કીડીઆરાં આગળ છતાં કરતાં હતાં.

ઇલાબેનની ચાલ નિરુત્સાહી હતી. એની ચાપલો ખરખર થઈને ધૂળ ઉડાડતી હતી – ગુલાબ પેલા છોકરાને તેડીને દોડતી હતી...!

પવનના મોટા હેલાગઓ આવતાં છોકરાની આંખો અધ્ધર ચઢી જતી.

'એ ગાંડી!' ઇલાબેને હાથ ઊંચો કર્યો...છોકરાએ એક

ચીસ નાખી.

ઇલાબેન શોધમાં ત્યાં પહોચ્યાં, તો છોકરો બોખું બોખું હસતો હતો! ગુલાબે દોડીને રસ્તા પરની કમ્બોઈમાંથી એક કમ્બોયું તોડીને છોકરાના મોંમાં મૂકી દીધું હતું.

'જુઓ!' ગુલાબે છોકરાના બેય ગાલ દબાવ્યા કે કમ્બોયું ટપ દઈને ડોકાયું: 'એને ખાવું'તું...સમજ્યાં?'

'સમજ્યાં!' ઇલાએ ચાળા પાડયા અને ગુલાબનાં કપડાં સામે જોઈને કહી દીધુ: 'આમાં ન સમજયાં!'

'નવાઈ લાગે છે?' ભવાંથી જોઈને ગુલાબ હસી: 'સાસુ લાડ લડાવે છે..રંડાપાની આ ખુશાલી છે...હજુ તો એક વાર ઘોડા પર બેસીને ફરવા નીકળીશ જોજયોને તમે!' અને પછી હસતાં હસતાં, છોકરાને લઈને એણે ફરી એક વાર દોટ મૂકી...!

પણ એ થોડી આગળ ગઈ અને અટકી ગઈ. આખો રસ્તો રોકીને એક ટ્રેકટર ઊભું હતું.

ગુલાબ એ ટ્રેકટરમાં બેઠેલી એક સુઘરેલી યુવતીને જોઈ રહી:

—કોરા, સોનેરી વાળ – કશાય કૃત્રિમ પ્રયાસો વગરનો તેજસ્વી એનો ચહેરો. બેસવામાં, જોવામાં, હસવામા – દરેક દરેક પ્રક્રિયામાં માપેલી રેખાઓનું પ્રગટીકરણ...!

ગુલાબને અકારણ જ એના પર ઈર્ષ્યા થઈ આવી.

—ઇલાનો બાબો આ યુવતીને જોઈને હસ્યો અને યુવતીએ તરત જ ચપટી વગાડી: 'આવ બાબા!'

—છોકરાએ હાથ લાંબા કર્યા!

'મૂરખ છે, મૂરખ!' છોકરાનું માથું જમણા હાથે પકડીને ગુલાબે પોતાના માથા સરસું કરી દીધું.

ટ્રેક્ટરનો ગીઅર બદલાયો અને પંખાએ ગાજ વધ્યો.

'મારી ગાડી તરશે નહીં, ભાઈ! બળદો નબળા છે.' સામેના ખેડૂતે લાચારી દર્શાવી.

ટ્રૅક્ટરના ડ્રાઈવરે એના સામે માત્ર હાથ ઊંચો કર્યો અને ત્યાં જ ગાડી રોકવા ઇશારો કર્યો

ભૂતનાથ જાઓ છો ?' યુવતીએ ગુલાબને પૂછ્યું.

તમે ?' ગુલાબે એને પૂછ્યું.

પેલીએ કહ્યું : ‘મારે પણ ત્યાં જ જવું છે' અને એણે ગુલાબને કહ્યું : ‘ચાલો આવી જાઓ – કંપની મળશે...'

‘અરે હા' ઇલાબેન પણ આવી પહોંચ્યાં : ‘લે, ચાલ ગુલાબ, બેસી જઈએ.' અને કપડાં સંકોરીને એણે હાંદિયું પકડ્યું. પેલી યુવતીએ હાથ આપ્યો ને એ અંદર જતાં રહ્યાં : ‘લે, આવતી રે', ગુલાબ !'

‘મારે તો—' છોકરાને ઝુલાવતી, પેલી વ્યવસ્થિત રેખાઓ તરફ ઈર્ષ્યાની ગુલાબ બોલી : ‘ચાલીને જવું છે.'

‘એમ કરો' યુવતીએ ઇલાબેનને કહ્યું : ‘એના બાબાને લઈ લો.'

‘અરે બેન...!' ઇલાબેને જાણે એના મોં આડે જીભ દીધી : ‘એ બાબો તો માગે છે.'

પેલી યુવતી ભોંઠી પડી : ‘ઓહ...સોરી !' ને પછી પોતાની આ ગલતી બદલ, ગુલાબના ક્ષોભને હળવો કરવા, એ જ પાછળ લગી લંબાણી અને ગુલાબને બાવડે પકડીને એણે ખેંચી : ‘ચાલો, આવી જાવ...'

—કેવો જાદુ ?!

—ગુલાબ જો ભાનમાં હોત તો જરૂર એણે એ ન ગમતા હાથને ઝટકાવી નાખ્યો હોત...પણ પત્યું...!—એ ગાંસડી થઈ ને અંદર ધકેલાઈ ગઈ.

યંત્રે એક વાર ઘૂરવાટ કર્યો...ખાંચાવાળાં તોતિંગ વ્હીલનો એક એક ખાંચો જાણે ઊંચે ઊડવાની તૈયારી કરતો હતો...અને પછી એક જ પળમાં ભયંકર ધરધરાટ કરતું ટ્રૅક્ટર હેલિકોપ્ટર-

જેમ જમીનથી ઊંચકાયું.

ઈલાબેનની આંખો સફેદ થઈ ગઈ – ગુલાબથી એક ચીસ નખાઈ ગઈ: 'માડી રે...નીચે...નીચે ઊતરવા દો અમને!'

'રહો હવે' પેલી યુવતી આટલી ઊથલપાથલ વચ્ચેય શાંત રહીને હસતી હતી: 'કશું નહીં થાય, ભય લાગતો હોય તો આંખો બંધ કરો.'

અને ખરેખર ઈલા અને ગુલાબ આંખો મીંચી ગયાં.

ટ્રેક્ટરે એક વધારે આંચકો માર્યો. બોધી એની પાછળ ફંગોળાણી.

'હાંકીજા, ઝટ!' ટ્રેક્ટરનો ડ્રાઈવર બોલ્યો.

અને બીજી પળે તો ટ્રેક્ટર પુનઃ રસ્તા પર ગોઠવાઈને દોડવા લાગ્યું.

'બાપરે! મૂઆં'તાં હોં...કોણ છે ડ્રાઈવર?' ઈલાબેને આંખો ખોલી.

ગુલાબ હજીય ઊંચી એવી ભેખડમાં છૂંદાયેલાં ઝાળાં અને ખાઈ જેવા ઊંડા ચીલાઓ સામે જોઈ રહી હતી...

એ બધું દૂર થયું ત્યારે ગુલાબ પણ બોલી: 'કોણ છે આ?' ને એ ડ્રાઈવરની પીઠને તાકી રહી.

'એ અમારો ડ્રાઈવર છે' યુવતી સગર્વ બોલી: 'અહીં તો શું ઢોળાવ છે?—એ આસામમા ટ્રકો ચલાવે છે...જ્યાં એવા ઢોળાવ આવે છે કે તમે કલેજાં વગરનાં બની જાઓ. માઈલો સુધી ઊંડી ખીણો...આપણે ઊભાં હોઈએ. વાદળાંઓ ઉપર, અને ખીણમાં નીચે વરસાદ પડતો હોય સમજ્યાં?—આ ત્યાં કામ કરે છે.' યુવતીએ રૂમાલ વડે પોતાનું સુંદર મોં લૂછ્યું. પછી બોલી: 'આપણા ગુજરાતનું તો શું ડ્રાઈવિંગ છે? આ તો...' ને એણે ફરી વાર ડ્રાઈવરની પીઠ તરફ હાથ ચીંધ્યો: 'કુશળ માણસ છે... બેલ્જિયમના દક્ષિણ ભાગમાં આવા ડ્રાઈવરો હોય છે ત્યાં કોલસાની

ખાણો પાસે 'ટેરીલ'ના પહાડ જેવા ઢગલાઓ હોય છે અને એના પર એ લોકો ગાડીઓ લઈ જાય છે...આપણે ત્યાં દક્ષિણમાં, મહારાષ્ટ્રમાં આવા ડ્રાઈવરો ખરા.'

'તો આ પરદેશી માણસ છે?'

'અરેરે' યુવતી હસી : 'શાનો પરદેશી? આપણાં ગામડાંનો માણસ છે. બહુ થોડા સમયમાં એ ડ્રાઈવિંગ શીખ્યો છે. અહીં તો અમારી ખેતી પૂરતો બે માસ આવ્યો છે. પણ હવે અમે એને જવા દેવાનાં નથી...બહુ ભલો માણસ છે – ટૂંકમાં, શોધવા જઈએ તો આવો માણસ ના મળે. એટલો મહેનતુ, એટલો નિરાભિમાની, એટલો જ સાદો અને ઊંચા ચારિત્ર્યનો માણસ...તમે જુઓ છો ને? દસેક ગાઉથી એમની સાથે હું એકલી આવી રહી છું.'

યુવતી વાતોની ખૂબ શોખીન લાગી...એનો શોખ કેળવણી અને વ્યાપક દર્શન વડે સુબદ્ધ થઈને પ્રતીતિકર બન્યો હોય ને, બસ સાંભળ્યા કરવાનું મન થાય.

ટ્રેક્ટર તેજ ગતિએ દોડતું હતું. પૂર્વ બાજુનો સૂરજ એના પડછાયાને પશ્ચિમ બાજુએ સ્પષ્ટ કરતો હતો.

ટ્રેક્ટર સહિતનું સૌનું છાયા ચિત્ર જોતાં લાગતું હતું કે નાનકડી એક ઇમારતના ધાબાં પર એક કુટુંબ બેઠું છે અને ઇમારત દોડી જાય છે.

ડ્રાઈવરની વાત સાંભળ્યા પછી ઈલાબેન અને પેલી યુવતી વાતો કરતાં હતાં પરંતુ ગુલાબને હવે ડ્રાઈવર પર પણ ઈર્ષ્યા થતી હતી અને એ કારણે એ એના પડછાયાને ચિકિત્સક નજરે જોઈ રહી હતી – એનું લાંબું સીધું નાક, અંડાકાર માથું અને સ્ટીયરિંગ પર ફર્યે જતાં એનાં ગોળ, મજબૂત, ભરાવદાર કાંડાં...

'યંત્રના એક એક ભાગનું ઊંડું જ્ઞાન' પેલી યુવતી કહેતી હતી...'અમને આ બે માસમાં એક પણ પાઈનો ખર્ચ નથી થયો. બહાર ભાડે ખેડવા જાય ત્યાં એક એક મિનિટની ગણતરી – એક

મિનિટ ન તો અમારી એજે કે ન તો ખેતરવાળાની. કામની ભીંસ હોય છે ત્યારે એ રાતપાળી કરે છે – થાક કે કંટાળાની એના શરીરમાં કોઈ નસો જ નથી.'

'બાળ બચ્ચાંવાળો છે?' ઇલાએ રસપૂર્વક પૂછ્યું

'બાળ બચ્ચાં?' યુવતી છોભીલું હસી: 'આપણે પા કલાકનો જ માત્ર પરિચય છે અને એ કારણે હું તમને, તમારાં બાળ-બચ્ચાં વિશે બેધડક પૃચ્છા કરી શકું પણ આને, અમે બે માસના અંતે પણ પૂછી શક્યાં નથી...એ પ્રબળ ઇચ્છાશક્તિ ધરાવતો માણસ છે. બુદ્ધિશાળી લોકો માટે એ એક કોયડા સમાન છે...તમે નહીં માનો...એને ઓળખવો, સાચા અર્થમાં ઓળખવો – એ કઠણ કામ છે.' ત્રિડિયાળ પગની ધૂળ લૂછતાં એ બોલી: 'એવા ક્ષણોમાં એ ભોળો લાગે, ભોટ લાગે, કવચિત બાઘો લાગે અને ક્ષણો બદલતાં એ તમને ચતુર, ડાહ્યો, દૂરંદેશી અને ચાલાક પણ લાગે.. કોઈ એના અંતર સુધી પહોંચી ન જાય એ માટે એ બહુ સતર્ક હોય છે અને છતાં ત્યાં કોઈક પહોંચી ગયું છે એની મને ખાતરી છે.'

'તમારી વાત કરોને!' ગુલાબને જાણે લાગ મળ્યો. હાસ્યનો આશ્રય લઈને એણે મશ્કરી કરી લીધી: 'તમે...'

ઇલાબેન આથી ગુલાબ પર સહેજે ચિડાયાં: 'શું, તુંય તે.'

'ના...મને એથી માઠું નહીં લાગે.' યુવતી હસી: 'મને બાજુ પર મૂકીને વાત કરું તો કોઈ પણ સારી અને સંસ્કારી યુવતી એને હોંશથી અપનાવી લેવાની...તમે બરાબર ધ્યાન આપો...' એણે વળી ડ્રાઈવરની પીઠ નોંધી: 'એ એવો બની શકે છે – જેવું સામેનું માણસ...હવે સમજ્યાંને મારી વાત!'

અને – ભૂતનાથ આવી ગયું.

જગ્યામાં માણસોનાં ટોળાં ઊભરાતાં હતાં – કોલાહલ અને દોડાદોડી પણ એટલાં જ હતાં.

'બસ અહીં જ રાખી દો, ચતુરભાઈ!' પેલી યુવતીએ ડ્રાઈવરને કહ્યું.

નીચે ઊતરીને મેળાને જોઈ રહેલી ગુલાબને જાણે કોઈ જંગલી માળીએ ડંખ દીધો : ' ચતુરભાઈ...! ચતુર...! '

ગુલાબ ઝડપથી પાછી ફરી.

ટ્રૅક્ટરની બેઠક પરથી એ યુવાન ઊતર્યો અને ખિસ્સામાંથી રૂમાલ કાઢીને એ વડે કપડાં ખંખેરવા લાગ્યો.

ગુલાબ સહેજ એ બાજુ ફરી...તડકાનો પીળો ઉજાસ ડ્રાઈવરના મોં પર પડ્યો અને ગુલાબ એનાં પોતાનાં કાળજામાં સમાઈ ગઈ !

—એ ચતુર હતો !

બીજી પળે ગુલાબની આંખો ચમકી ઊઠી...નસોમાં ધડધડાટ કરતું લોહી વહેવા માંડ્યું...એ જોર જોરથી શ્વાસ લેવા લાગી અને સાડીનો છેડો હાથ પર વીંટવા લાગી.

એક વાર એણે ઈલાબેન સામે જોયું. એક વાર મેળામાં સળવળતા સંખ્યાબંધ રંગો સામે અને પછી એ ચતુર બાજુ મૂકી. એનું મન ત્યાં દોટ મૂકીને દોડી ગયું...શબ્દો – પાંખો ફૂટેલા શબ્દો ઊછળવા લાગ્યા : ' ચતુર...ચતુર...! તું મને ઓળખ છ ? હું ગુલાબ.. ગુલાબ છું હું...મારી સામે તો જો...! '

' લો.' પેલી યુવતીએ સૂટકેશમાંથી નાનકડું પાકીટ કાઢીને પછી સૂટકેશ ચતુરના હાથમાં આપી : ' તમારી પાસે જ રાખો ચતુરભાઈ ! ત્યાં ભીડમાં...'

અને ગુલાબ એ યુવતી સામે એક ઝેરીલી નજર નાખીને એ જ પળે પીઠ ફરી...! અને છલાંગો મારતી દૂર નીકળી ગઈ...!

ઈલાબેન તો હજી એનાં કપડાં ખંખેરતાં હતાં. તીરવેગે ઊપડી ગયેલી ગુલાબને એણે સાદ પાડ્યો : ' ગુલાબ ! '

અને ગુલાબનાં ઉચ્ચારણ સાથે ડ્રાઈવર એના બૂટમાં ઊંચો થયો...

—આસમાની રંગનો ફરફરાટ હવાને વીંધતો દૂર દૂર જઈ

રહ્યો હતો, પરંતુ એની ચાહ હવા અને પ્રકાશનાં આવરણમાં જે રેખાઓ દોરતી હતી એ રેખાઓની ઝલક – ચોકખી ઝલક – પકડી લેતાં ડ્રાઈવરે લાંબો એક શ્વાસ લીધો : ' એ શું આટલી બધી નજીક આવીને જતી રહી ? '

—ઈલાબેન દોડતાં ગુલાબ પાસે પહોંચી ગયાં – ગુલાબનો આખોય ચહેરો લાલ અને સફેદ મિશ્રણથી ઉભરાતો હતો – એની ચોકખી આંખોમાં એકી સાથે પ્રેમ, ઈર્ષ્યા અને હતાશાનું એક વિચિત્ર રસાયણ ઉફાળે ચડ્યું હતું – ગુલાબ હાંફતી હતી !

મહાદેવનાં દર્શન કર્યાં, ચીજો ખરીદી. અનેક મનોહર જનો જોયાં પણ એ બધા સમય દરમિયાન ગુલાબ ચોસલાં જેવી જ રહી !

—વચમાં વળી પાછી પેલી યુવતી મળી ગઈ: ' અહોહો તમે ?' એ આ બન્નેને જોઈને હસી : ' આવવું છે ને ટ્રેક્ટરમાં ? થોડી વાર પછી અમે જવાના છીએ.'

' હા હા અમે આવશું ' ઈલાબેને નિમંત્રણ ઝીલ્યું.

—ગુલાબે એક વાર કંટાળાભરી આંખથી એ યુવતીને જોઈ અને પછી બેધડક બોલી : ' અમારી રાહ ન જોશો...અમારે હજી ઘણું કામ છે ' અને સામાન્ય શિષ્ટાચાર ભૂલીને એ ત્યાંથી ચાલવા માંડી.

પેલી યુવતીનું મોં ઝંખાઈ ગયું અને એ પણ ચાલતી થઈ.

' એ, બેન ! ' ઈલાબેન એ યુવતીના ક્ષોભને હળવો કરવા, અને વિવેકના બે શબ્દો કહેવા એની પાછળ ચાલ્યાં : ' બેન, તમારું નામ ? '

' જ્યોતિ ' પેલી સુંદર યુવતી હવે આ લોકોને શુષ્ક નજરે જોવા માંડી.

' તમારું સરનામું ન આપો બેન ? ' ઈલાબેન મૈત્રીને જાળવવા મરણિયો પ્રયાસ કરતાં હતાં : ' આપણે આટલી ઓળખાણ છે. તો કોઈ વાર પ્રસંગોપાત કાગળબાગળ લખીએને ! '

'ઓહો !' યુવતી હસી : અને પાકીટમાંથી સુંવાળા પૂંઠાનો એક ચકચકિત છાપેલો ટુકડો એણે ઈલાબેનના હાથમાં મૂક્યો : 'આ બાજુ મારા પતિનું સરનામું છે અને પાછળ, મારા પિયરનું.'

—અને હસીને બન્ને છૂટાં પડ્યાં.

'તેં એને માઠું લગાડી દીધું ગુલાબ!' ઈલાબેન ગુલાબ પાસે પહોંચીને બોલ્યાં.

'એ લુચ્ચી છે, સમજ્યાં ?' આવેશમાં ગુલાબ બે ચાર ડગલાં આગળ ચાલી ગઈ.

—એક કોલાહલ કરતો માણસોનો કાફલો પસાર થઈ ગયો.

'પણ છે શું ગુલાબ ?'

'એ પેલા ડ્રાઈવરને રાખીને—'

'પણ એમાં તારે શું ગુલાબ ? તું શા માટે મળે એને જોઈને આમ સળગી રહી છે ? શું નામ એ ડ્રાઈવરનું ?'

'ચતુર !' ગુલાબે સુક્કા અવાજે કહ્યું અને આડું જોઈ ગઈ.

ઈલાબેને આંખો પહોળી કરીને ગુલાબને જોઈ અને પળભર એ ઊંડા ઊતર્યાં. રહસ્યનો એક ચમકારો એણે પામી લીધો.

—તે દિવસે બેહોશીમાં આ નામ ગુલાબે જોર જોરથી ત્રણ વાર ઉચ્ચાર્યું હતું...અને પછીના દિવસોમાં એણે એ ઉચ્ચારને દાટો મારવા જે પ્રતારણા આચરી હતી એ પ્રતારણાએ એને આ કક્ષામાં મૂકી દીધી હતી.

પરંતુ સામાન્ય વિવેકને ઓળંગી જાય એવા ભાળા દિલની આ ઈલા નહોતી અને છતાં ગુલાબ એને આમ સાવ બનાવી જાય એ પણ મંજૂર નહોતું.

મોભમમાં, છતાં બરાબર ગુલાબની આંખોમાં અર્થપૂર્ણ રીતે જોઈને એણે હસવાના પ્રયત્ન સાથે કહ્યું : 'હા...હા...મેં પણ આ "ચતુર" નામ ક્યાંક સાંભળ્યાનું મને યાદ છે ગુલાબ !'

ઈલાની ઊંડાણભરી પૃચ્છાને સમજ્યા સિવાય ગુલાબ ઉતાવળથી બોલી : ' સાંભળ્યું જ હશે – એ સુધરેલી પાસેથી વળી ! '

ગુલાબની આ જાણુભેદુ નબળાઈ ઉપર ઈલાબેનને પ્રસન્ન થવાની ઓર મઝા આવી અને એણે માણી પણ લીધી : ' તું નકામી ઈર્ષ્યા કરછ ગુલાબ ! બિચ્ચારી એ તો પરણેલી છે.' જો, કહીને એણે પેલી યુવતીનું વિઝીટીંગ કાર્ડ ગુલાબના હાથમાં મૂક્યું : ' આ એના પતિનું સરનામું અને એના બાપુજીનું...' અને ઉમેર્યું : ' બસને હવે ? '

અને ઈલાબેનનાં છેલ્લાં વાક્યથી ગુલાબ છોભીલી પડી ગઈ. એણે એકાદ પળમાં છસાત વખત ઈલાબેન સામે જોયા કર્યું અને પછી ગલ્લાંતલ્લાં કરતી બોલી : ' એમ્ નહીં ઈલાબેન ! એવી સારી યુવતીએ આવા પુરુષ સાથે એકલાં...'

' ખરી વાત છે ' ઈલાબેન હસ્યાં : ' ચાલતો જરા આપણે એને ઠપકો દઈએ...જ્યોતિને આપણે ઘેર તેડી જઈશું...' અને એણે ગુલાબને એ બાજુ સહેજ દોરી કે ગુલાબ ચાલવા લાગી.

પરંતુ એ પહોંચ્યાં ત્યારે ત્યાં ટ્રેક્ટર નહોતું...માત્ર ખાંચા ખાંચાવાળા ચિહ્ના જ ત્યાં હતા. અને ગુલાબ એ ખાંચામાં એકીટશે જોઈ રહી – અને ઈલાબેન ગુલાબના ચહેરાને...!

૨૪

ગુલાબ ઘેર આવી ત્યારે ફળીમાં ચારેક જેટલા ખાટલા ઢાળેલા હતા અને દરેક ખાટલા પર બબ્બે જણુ બેઠા હતા – એકાદ બે પાડોશીઓને બાદ કરતાં બાકીના બધા મેંહેમાન હતા, એ તો એના ગળી દીધેલાં કપડાં અને પાઘડીઓ કહેતાં હતાં.

ગુલાબની સાસુ ઓસરીની કોરે, ફળીમાં પગ લટકતા રાખીને બેઠી હતી. એનાં મોં પરની બધી જ રેખાઓ થાક ઊતરેલી, તાજી લાગતી હતી. એનાથી થોડે દૂર નવાં કડકડતાં કપડામાં ભગુ મોંમાં નાખેલો સોપારીનો કટકો કડ કડ ભાંગતો, અને ધોળો સિગરેટના ધુમાડા કાઢતો.

આ દરેક જણુ ઓછામાં ઓછી બે કલાકથી અહીં બેઠા હતા એવું, બીડીનાં ઠૂંઠાં અને એંઠી રકાબીઓમાં સુકાઈ ને લાલ પોડાં બનેલ ચા ઉપરથી લાગતું હતું...અત્યારે દરેકના મોં પર વાતચીતના અંતે થયેલી સમજણુ પછીનો સંતોષ

દેખાતો હતો.

ગુલાબે આ બધા સામે પહોળી નજરે જોઈ લીધું અને પછી ઘૂમટો ખેંચ્યો ને ઊંડા પાણીમાં ઊતરતી હતી હોય તેમ કપડાં સંકોરીને ફળીમાં દાખલ થઈ.

'તમે જોયું ને?' ગુલાબ ઘરમાં ગઈ કે ડોશીએ એ બાજુ હાથ લંબાવ્યો: 'જો મને એનું હિત હૈયે ન હોય તો આમ રંગીન લૂગડાં પહેરાય ખરાં?...વહુ ભૂતનાથને મેળેથી આવે છે...કાલ્ય સવારનું બચ્ચું...એનેય ઓરતા હોયને...' અને અહીં ડોશીના સાદમાં દુઃખદ મમતા ભળી: 'મારો ભગવાન એનું અભરે ભરે...મલક ભલેને ફાવે તે બોલે?'

'એ તો હાલ્યા કરે કાકી!' ચકચકતી ટાલવાળો પાડોશી ભીખો બોલ્યો: 'ગળણું તો ગોળાને મોઢે બંધાય કાંઈ–ગામ ને મોઢે બંધાય?' અને પંચિયાંની ભેટ વાળીને પછી એણે એના ભલકુડા સ્વભાવને કામે ચડાવ્યો: 'ઈ તો કાકી, તમે આ ભલું કામ કરશો તો ય બોલશે કે જુઓ ભાઈ, હજી તો જેંતીને પાછા થયે મૈનોય નથી થયો અને ત્યાં—'

'ના ના ભીખાભાઈ!' મહેમાને ભીખા ટાલ્યની વાતને વધુ ચોકખી કરી: 'આયાં તો પાનુબાઈ ડોશીને દીકરો મળે છે અને વહુ તો છે જ આંગણે...ભગુને ખોળે બેહાડે છે...સમજ્યા?'

'અરે વાત કરોમાં. ન કેમ સમજું! આ ઘર કાંઈ પારકું છે! ભીખા ટાલ્યના ચહેરા પર મૂર્ખાઈમાં ખપે એ પ્રકારની ખુશામત દોડી આવી. મોંમાંથી એક લાળ લસરીને એની ડોકના રૂપાના મેલાં માદળિયા પર પડી: 'એમાં ખોટું શું? મરજો મા, અને જીવજ્યો માસી...ભગુની માસીનું આ ઘર છે બાપા!'

અને ભીખો વાતને કેન્દ્રમાં લાવવાની આવડત અજબ રીતે અજમાવી રહ્યો.

ભીખામાં જેટલી ખોટાઈ હતી એના પ્રમાણમાં આવડત પણ

પણ હતી અને એ આવડતને કારણે એનાં ખોટાંપણાને હજી સુધી કોઈએ પકડાયું નહોતું !

ભીખાનામાં ઘણી ઘણી ખૂબીઓ હતી...સમય આવ્યે એ ભગવાનનાં, પોતાના દીકરાના, પોતાના ગળામાં રહેતી માળાના એકધારા અને બેધડક સોગન ખાઈ શકતો, આંખમાં આંસુ લાવી શકતો કે પછી પ્રસંગોચિત ચહેરાને શીતલ, હસામણો, દયામણો કે કરડો બનાવી શકતો. અને આ દરેક વખતે માન અને અપમાનને પ્રજ્ઞ બનીને પચાવી જતો...!

અત્યારે એણે ગોળ ચંચળ આંખો રસોડામાં માંડી અને પછી ગળામાંથી માળા કાઢી, માળા પર હાથ અડાડ્યા અને પછી એણે ભગુને સાદ કર્યો : 'હાલ્ય ભાઈ!'

કોરા નેનનાં કપડાં ખખડાવતો ભગુ તરત જ ઊભો થયો.

ભીખાએ કપડાંનો એક ચોરસ સફેદ ટુકડો કાઢ્યો, હવામાં ઝાપટ્યો અને પલંગ ઉપર પાથર્યો. પછી એ પલાંઠી વાળીને બેસી ગયો અને ભગુને કહ્યું : 'વાળ્ય પલાંઠી...'

ભગુ પલાંઠી વાળીને સામે બેઠો – સૌનું કુતૂહલ વધ્યું. ડોશી પણ ઊભી થઈને ખાટલા પાસે આવી.

મહેમાન બધા ખાટલાની ઈસ ઉપર હાથ ટેકવીને, લાલ કિનારીવાળા સફેદ કપડામાં ભીખાએ મૂકેલ માળાના ગૂંચળાને ટગર ટગર જોઈ રહ્યા.

ભીખાએ એનું ટાલિયું માથું નમાવ્યું, પછી માળા સામે એકધારું જોઈ રહ્યો અને ઝડપથી આંખો મીંચી ગયો. પછી એણે માળા સામે બે હાથ જોડ્યા અને હોઠ ફફડાવ્યા અને તરત જ આંખો ખોલી, ચારે બાજુ જોયું ને ભગુનો જમણો હાથ પકડીને માળા પર મુકાવ્યો પછી એના પર પોતાનો હાથ મૂક્યો ને બોલ્યો 'જો, આ પંચ બેઠું છે, પંચ ત્યાં પરમેશ્વર. તારો રૂદિયો સાફ રાખીને પ્રતિજ્ઞા લે...ગુલાબ મારે મન મારી દીકરી છે, સમજ્યો ? જે તીનો

હું કાકા થાઉ એટલે મારો દીકરો ગણાય સમજાણું કે ને?...ને દીકરાની વવ દીકરી ગણાય.'

—આટલા બધા વેરાન દિવસોમાં, આસવપાલવની છાંય જેવો "દીકરી" શબ્દ સાંભળતાં, ફળીના આ દંગલ તરફ વાઘણ જેવી બનીને જોઈ રહેલી ગુલાબ એકાદ પળ ઠંડી પડી. એને ભીખાકાકા ખૂબ ગમ્યા. ને કાકાના મોંને જોવા એ લાજ ઢાંકીને ઉંબરામાં આવીને ઊભી રહી.

ભીખો વધારે ચગ્યો. એની આંખો વધારે ચંચળ બની, આકડાના સુકકા પાન જેવો એનો ચહેરો જીવંત રેખાઓથી ભરાઇ ગયો. એનો સાદ એની ઇચ્છા મુજબનો ગળગળો, ભાવુક અને પરગજુ બની ગયો. એનું તરબૂચ જેવું ગોળ, ટાલિયું માથું ગુલાબ બાજુ નમ્યું. એ બોલ્યો :

'ગુલાબ મારી દીકરી છે...એને દુઃખ નહીં દેવાય, એને ટૂંકારો નહીં કહેવાય, અરે ઊંચા સાદે પણ નૈં બોલાવાય, સમજાણું કે ને ? એની મરજી પરમાણે તારે વર્તવું જોશે, એ દિ' કે'શે તો દિ' અને રાત કે'શે તો રાત—જો આ માળા અને માળા માથે રમ્યા કરતો ભગવાન તારા કાંધ માથે.' ને માળા ભગુને આપીને એ ઊંચા સાદે બોલ્યો : 'ઉપાડીને મૂક તારા કાંધ માથે એટલે પતે કામ.'

અને ભગુએ માળાને જમણા હાથે ઉપાડીને કાંધ ઉપર મૂકી.

'ફતે...ફતે...!' ભીખાએ એની લાક્ષણિક ઢબે હાથ હવામાં ઘુમાવ્યો અને આંગળીઓ હલાવતો ઊંચા સાદે બોલ્યો : 'ભગવાન બેઠે છે તારે...!'

ને માળા ભગુના હાથમાંથી લઈને એણે ગળામાં નાખી અને પછી બોલવા માંડ્યો : 'આ જ ખૂબી છે મારા મે'રબાન ! આનું નામ અંજળ, આ માળાનો પરતાપ જ એવો છે. આમાં મોટા મોટા સાધુ માત્માએ દીધેલા પારા છે—આ ભીખાએ એની

પગચંપી કરીને એ મેળવ્યા છે સમજાણું કે ને ?...ને ભગુ સાચા દિલનો માણસ છે. નકર વાતમાં માલ ને કે મારી માળા ઊપડે...' અને પછી એણે ટાલ્ય માથે ફાળિયું બાંધ્યું અને ડોશીને કહ્યું : 'હાલો ચા·પાણી કરી નાખો ભાભી !' ને ટીપણું લઈને બેઠેલા ગોરને એણે ચપટી વગાડીને આદેશ આપ્યો : 'ધરમના કામમાં ઢીલ ને, ભૂદેવ! કાઢો ટીપણું અને ફટાફટ માંડો જોવા.'

ગોરે ટીપણું કાઢ્યું અને સાસુ રસોડા તરફ ગઈ: 'ચા મેલ્ય ગુલાબ !'

ગુલાબને છેવટે આ બધી ધમાલનો અર્થ સમજાયો. ભગુનું દત્તક વિધાન થાય છે...અને...

'ભલે બેસે' એ ચૂલા તરફ વળી ભગુ ખોળે બેસીને પછી અહીં જ રહેવાનો છે એ વિચારે એ વળી પાછી મૂંઝાણી : 'તો તો એ દિવસ ને રાત...' ને તાપના ભડકાઓ વચ્ચે એ પોતાની સલામતી ખોળતી રહી ..ચૂલામાં થતા તાપ અને ધુમાડાના પરસ્પર વિરોધી પ્રકટીકરણને એ લાચારીથી જોઈ રહી...ચાના ઉફાળાને દબાવતી રહી – આખરે એની આંખમાં એકાદ બે ટીપાં આવીને ઊભાં રહ્યાં : 'કાંઈ નહીં : કાંઈ નહીં' એ પોતાનામાંથી આશ્વાસન મેળવી રહી : 'આ કાંઈ મારા હાથની વાત નથી – એ એનો ભાણેજ છે ને મિલ્કત અત્યારે નધણીયાતી છે. ડોશી પણ શું કરે !' અને અહીં ગુલાબને ભગુની પ્રતિજ્ઞા યાદ આવતાં થોડી થોડી નિરાંત થવા લાગી : 'હા...એણે ભગવાનની સાક્ષીએ માળા ઉપાડી છે, કાંધ ઉપર મૂકી છે.'

અહીં એને ભીખાના શબ્દો યાદ આવ્યા. એ શબ્દોને એણે ચકાસી જોયા : 'દિવસ કહે તો દિવસ, અને...ટૂંકારો નહીં કે'વાય. દુઃખ નહીં દેવાય, સમજાણું ગુલાબ મારી દીકરી છે.'

ગુલાબને એ માણસ ગમ્યો : 'છેવટે એને મારી દયા આવી ...એ ભગુને જાણતો હોય ને...! માટે તો એણે માળા ઉપડાવી...

ત્યારે છેવટે મને દીકરી ગણનાર એક માણસ મળ્યો...! બહુ થશે તો એની પાસે જઈશ અને દીકરી પેઠે દુઃખ વ્યક્ત કરીશ: 'તમે કહેતા હતા, પણ જુઓ આ ભગુ...ભગુ મને—'

'શું ભગુ ભગુ કરો છો?' ઉંદર ખાઈ રહ્યા પછી બિલાડો જે રીતે હોઠ ચાટે એ રીતે ભગુ હોઠ ચાટતો ઉંબરમાંથી રસોડામાં જોઈ રહ્યો.

ગુલાબને એનો ચહેરો અત્યારે પણ જોવો ન ગમ્યો. એણે ચા કીટલીમાં રેડી અને કીટલી ઉંબરમાં મૂકી: 'લઈ જાઓ ભગુભાઈ!'

—પણ ભગુના હર્ષે ધમધમતા કાને એ સાંભળ્યું જ નહીં. એ તો નીચે જોઈ ગયેલી ગુલાબને ન્યાલ્ ન્યાલ થઈ ગયેલી આંખે જોતો જ રહ્યો અને પછી મોંમાંથી લાળ પાડતો બોલ્યો: 'અટકી કેમ ગયાં? બોલો તો ખરાં...હા...બો.. લો...' ને એ અંદર આવ્યો.

ગુલાબ વધારે નીચે જોઈ ગઈ. પછી કપડાં સંકોરીને બેઉ ગોઠણને બંને હાથના ભારામાં બાંધીને બાજુમાં પડેલી કીટલી ચીંધી: 'કહું છું એ લઈ જાવ ભગુભાઈ!'

'શું કીધું?!' ભગુ સહેજ વાંકો વળ્યો. બંને હાથ કેડય ઉપર ટેકવ્યા ને ભવાંમાંથી આંખો નચાવતો બોલ્યો: 'શું કીધું તમે?'

ગુલાબે શેપને ઢાંકીને આશ્ચર્યથી માથું ડાબી બાજુ ઢાળ્યું. ભગુની વિરુદ્ધ દિશામાં જોઈને કહ્યું: 'કાંઈ બીજું નહીં. ભગુભાઈ કહ્યા તમને...'

'હવે ભાઈ ન કહેવાય' ભગુ ધીમા શિખામણના સાદે બોલ્યો: 'કાંઈ સમજો-બમજો નહીં ને' અને પછી ગાંડાની જેમ ઢંગધડા વગરનું હસવા માંડ્યો.

'આ ગુરુવારે દિવસના અઢી વાગ્યે માથાં ભટકાવવાં' ગોર

…પણામાં માથું ખોસીને વેઢા ગણુતો બોલ્યો.

'હ્યો સાંભળો' ભગુએ ગોર તરફ હાથ ચીંધ્યો : 'માથાં …ટકાવવાનું મૂરત પણ નીકળી ગયું.'

'કોનાં માથાં?' ગુલાબે હવે હાથના આંકડા છોડી નાખ્યા …ને પછી જમીન સરસા કરીને છેક નેણ લગી ડોળા કાઢ્યા અને ઊંચા અવાજે બોલી : 'કોનાં માથાં કહું છું?!'

'હ્યો હવે, ઢોંગ કરોમાં' ભગુએ કાળા દાઝેલા હોઠ ઉપર જીભ ફેરવી…કોઈ ટેકરીના સીધા ઢોળાવ પર કાળું રીંછ ચડતું હોય એ રીતે એની ડાબી મૂછ ગાલ ઉપર અધ્ધર ચડી. ઘોડાના નાલ આકારનાં, અણગમો પ્રેરતાં એનાં નેણ ઊંચાંનીચાં થવા માંડયાં.

• એ ટપ દઈને નીચે બેસી ગયો. ફુમતાંવાળી નાડીના એનાં પણશિયા જમીન પર પથરાયા કરચલી પડતાં કોરા "નેન" કડકડ્યો. અત્તર ચોપડેલાં કપડાંના ગંધ ગુલાબના નાક સુધી ખેંચી ગયો.

• ગુલાબ એનાથી દૂર ખસી.

'ખરાં છો નટખટ!' ભગુ માથું હલાવીને હસ્યો : 'કયુંના બધું જોવો છો, સાંભળો છો, છતાં અજાણ્યાં થાવ છો!' અને એ ગોઠણભેર થઈને ગુલાબ બાજુ લાંબો થયો : 'જરાક માથું આમનું કરો – કાનમાં કહું.'

ગુલાબ ઊભી થઈ. એનું શરીર થરથર કંપવા લાગ્યું. સાડીનો પાલવ, ચણિયાની કોર અને એની આંગળીઓ એક જ તાલે ધ્રૂજતી હતી : 'હવે હદ થાય છે…ચા લઈને જતા રહેવું છે કે—' અને એ રસોડામાં ટાંગેલી મેલી રવાઈ સામે જોઈ રહી.

'તે મારશો તો માર ખાઈ લેશ' ભગુ ગુલાબ અને રવાઈ વચમાં આંખો ફેરવતો જોઈ રહ્યો. પછી એણે ઓશિયાળે સાદે કહ્યું : 'મેં માળા ઉપાડી છે…તમે મારા ઘરમાં બેઠા તિહાડયે મારે તમને ટૂંકારોય ન કરવો.'

ગુલાબને હવે બધું સમજાયું...એ લાલ ચોળ થતી એક ડગલું ભગુ તરફ ચાલી અને સીધા નજરે એણે ભગુને તાક્યો : ' ઘરમાં બેહારવાવાળું તમને બીજું કોઈ ન મળ્યું ? '

' ના...ના... ' ભગુએ માથું ધુણાવ્યું : ' બીજું કોણ ? '

' તમારે કોઈ બેન છે ? મા ? ' ને ગુલાબે કીટલી-રકાબીઓ સામે, ભાથામાંથી કાઢેલાં તીર જેમ હાથ લાંબો કર્યો ને વિવેકને કોરાણે મૂકીને કરડા અવાજે કહ્યું : ' લઈ ને જતો રહે ! '

ભગુ હજી પણ ઊભો જ હતો...ગુલાબ છલાંગ ભરીને બહાર ઓસરીમાં આવી અને ફળીમાં બેઠેલાઓને એણે ચીસ પાડીને કહ્યું :

' નીકળો બહાર...મારા આંગણામાંથી જતા રહો ! '

' ગુલાબ વહુ...દીકરી ! ' ભીખો ટાલ્ય બોલ્યો :

' પોલીસ...' ગુલાબનો સાદ ફાટી ગયો : ' હું પોલીસને બોલાવીશ. તમે બધાં મને વેચવા ઊભાં થયાં છો ? મને ? વિધવાને ! ? એ ઓસરીની કોર સુધી આવી અને ઘર તરફ હાથ લાંબો કરીને બોલી : ' હું આ ઘરની માલિકણ છું. ઘરમાલિક, જયંતિની વહુ.'

' હું જેંતીની મા છું ! ' ડોશી ગુલાબ સામે ધસી. એનો માથે ઓઢવાનો ચોખંડો ભફ દઈને નીચે પડ્યો. હાથ લાંબો કરતાં હાથમાંથી માળા પણ પડી : ' જેંતીની મા ..સમજી ?...રાં—' અને એણે ગુલાબના ગાલ પર ધડાધડ તમાચા માર્યા... જેંતીની... જેંતીની...! જેંતીની ! '

' બા ! ' ગુલાબે સાસુના હાથ પકડ્યા. આંખો મીંચીને ફરીથી એણે ચીસ નાખી : ' બા ! '

ડોશીએ ઝનૂની થઈને ગુલાબનાં બાવડાં ઉપર બચકું ભર્યું. ગુલાબે એને જોરથી ધક્કો માર્યો. ડોશી ગબડીને નીચે પડી. એનાં કપડાં જેમ તેમ થઈ ગયાં—બધાંએ એને ઢાંકી દીધી.

ગુલાબ દોડીને દાદરો ચડી ગઈ. બારણું વાસી દીધું અને સાંકળ નકૂચામાં ભેરવી દીધી. પલંગ પરની મચ્છરદાનીનું ચોગઠું

તોડી નાખીને કાઢેલો સળિયો એણે નકૂચામાં ખોસી દીધો.

અને પછી એ ગાદલામાં માથું ઘાલીને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી.'

ફળીમાં ડોશી પણ જયંતિનું નામ લઈ લઈને રડતી હતી.

બહાર પેલા મહેમાનો ભીખા ટાલ્ય સાથે ઝઘડતા હતા: 'દલાલી શાની મળે?. અમારું નાક ગયું અને તારી દલાલી—સમજ્યો?' ને એ પણ ચાલતા થયા.

'મોં બાળો એ રાંડનું...!' ભગુ મેડી તરફ જોઈને ગાંગરતો હતો: 'હાલો મારે ઘેર...મૂકો દીવાસળી આ ઘરમાં.'

'ના...ના...!' છોલાયેલ ચામડીને જોતી જોતી ડોશી બોલી: 'હું એનું લોહી પીશ...ટીપે ને ટીપે...!'

'તમે જુઓ તો ખરાં?' ભેગાં થયેલાં માણસોને ભગુ ડોશીનાં છોલાયેલાં અંગો બતાવતો હતો: 'આને ઈ મારી નાખશે.'

'હા હા, હમણાં જતાં રહો કાકી!' પાડોશીઓ બોલવા માંડ્યા: 'તમે એને મોંએ ચડાવી એનાં આ પરિણામ...! અને બે ચાર જણે ડોશીને ધકેલીને ભગુને સોંપી: 'હમણાં તેડી જા એને!'

'તમે નહીં આવો તો!' ભગુ મેડી તરફ જોઈને બોલ્યો: 'હું એને બંદૂકે દેશ. આંય ને આય...આ ઘડી!'

અને એનનો દીકરો ખૂન કરીને જેલમાં જાય એ માસીથી કઈ રીતે સહેવાય? એણે થોડી વાર માથામાં ઢીંકા માર્યા, હાથના કાકડા મોળ્યા...થોડાંક આંસુ સાર્યાં અને પછી ઘર આખામાં ગોતી ગોતીને તાળાં માર્યાં. ખડકી બહાર નીકળતાં એણે એક વાર દીકરાને યાદ કરીને મોટું ધ્રુસકું મૂક્યું: 'જયંતિ...ઈ!'

અને આ આર્તનાદે એને સમૂહની વિશાળ મમતા મેળવી આપી...પચ્ચી પચ્ચાં માણસો એને ઘેરી વળ્યા: 'અમે આજથી કાકી, એ રાંડનું મોઢુંય ને જોઈ.'

અને આમાં ભીખો ટાલ્યા પણ ભળ્યો : ' કરો ઊંચા હાથ !' એણે પેલી માળા ફરી વાર કાઢી : ' આ માળાની સાક્ષીએ કે એ કાળમૂખાં વહુ હાથે વે'વાર બંધ !'

અને પછી ગુલાબને ત્યાં એંઠુંવાસનો રોટલો ખાનાર કૂતરાંને પણ જવાની આણ દેવાણી... !

ડોશી ભગુની સાથે ચાલી ગઈ. બધું વિખેરાયું...

—એ ભયંકર નીવડેલી ગતે ગુલાબ ખાધાપીધા વગર તરફડી રહી. ઘર આખું એને મરેલાં ઢોરના ખાલડાં જેવું, ભયંકર અને બિહામણું લાગ્યું.

વિધવાપણાંની ભયંકરતાથી એ હચમચી ગઈ. એ આટલું બધું ક્રૂર અને રહેંસી નાખનારું છે એ એને અત્યારે, આ પળોમાં સમજાયું...!

જીવતે જીવત પોતા પર બોજો થઈ બેઠેલ જયંતિ મૂઆ પછી વધારે બોજરૂપ બનીને એને નિર્મમ રીતે છૂંદી રહ્યો હતો. એને વધારે બંદીવાન, વધારે લાચાર અને વધારે તિરસ્કૃત બનાવી રહ્યો હતો...!

પોતે હવે ક્યાંય નહીં જઈ શકે.. પોતાને ત્યાં હવે કોઈ નહીં આવી શકે... !

અત્યારે એને પોતાનાં મા, બાપ, ભાઈ – બધાં યાદ આવ્યાં. એ ગૂંગળાણી અને પછી રડી પડી : 'મેં તમારું શું બૂરું કરેલું ?' નિર્જન દીવાલોની આડશમાં એ અથડાતી અથડાતી બોલવા માંડી : ' મેં ક્યારે તમને કહેલું કે મારે પરણવું છે ? મારે મારું અલાયદું ઘર જોઈએ છે ? પૈસા જોઈએ છે ? સુખ જોઈએ છે ? મેં ક્યાં કહેલું કે મને તમારી પાસે નથી ગમતું ? મને બહાર કાઢો...મેં ક્યાં કહ્યું હતું કે હું જાઉં છું ત્યાં તમે કોઈ આવશોમાં ?...બસ ? તમે આવું જ ઇચ્છતાં હતાં ? આવુ ?...મને મારો પતિ મારે, સાસુ મારે...જે તે, મને જેમ ફાવે તેમ રહેંસી નાખે...ફાવે તેમ રિબાવે.. હું

…હું ચીસો પાડીને મરું…હા, તમે એ જ ઇચ્છો છો… ! નહીંતર આટલું બન્યું ને તમે ન આવો! ડોશીએ તમને મેલો ન લખ્યો તેથી શું તમારી ગુલાબ રાંડી નથી?…કાંઈ નહીં…! હવે જોજ્યો તમે…જોજ્યોને…હું તમારે આંગણે આવું ? રોઈ ને તમને પગે લાગું ?…’ અને આ પછી એ વિકૃત હસી અને મોડી રાતે એક ભયંકર નિર્ણય કરીને એણે આંખ મીંચી.

૨૫

—મોંસુઝણામાં ગુલાબ જાગી ગઈ.

વીજળીના દીવા આખી રાતનો ઇતિહાસ આંખમાં ભરીને રોડને હજુય તાકી રહ્યા હતા...તેલના ઘાણાઓ રગડાતા હતા. સ્ટેશનમાં આવજા કરતી ગાડીઓ ચીખતી હતી. કૂતરાંઓ ભસતાં હતાં.

ગુલાબે ધીમે રહીને ડેલીની બારી ખોલી. અને કોઈ પણ ઉદ્દેશ વગર એણે બજારમાં જોયું અને પછી તરત જ બારી બંધ કરી.

અને પછી આછે પગલે ચાલતી ઘરમાં આવી. ઉદાસ નજરથી એણે ચારે બાજુ જોયુ...પછી ધીમેથી એ હીંડોળા પર બેસી ગઈ.

સાવ શૂન્ય થઈને ભિડાઈ ગયેલ અંતરમાં અગત્યની આ પળોમાં વેદના ઊભરી આવી.

અતિ નાજુક આ સમયે પોતાનાં કોઈ પણ સ્વજનને, તલસાટ કરતાં અંતરમાં વાસ કરી લેવા એણે ઝૂરી ઝૂરીને વિનવ્યાં:

'આવો...કોઈક તો આવો ! હવે તમે કોઈ ઝાંખાં નહીં પડો... તમારી આબરૂને હવે બટ્ટો નહીં લાગે...આવો...ગુલાબની બા...! ગુલાબના બાપુજી ..! ભાઈ – કિરીટ...! મારી બહેનપણીઓ...સરયુ ...રાજુ...મંગળા...બધાં આવો મારાં અંતરને છલકાવી દો...અરે આ એક કાળું ધાબ્બું...! જુઓ જુઓ...એ મારી સામે આવી રહ્યું છે, મોટું થઈ રહ્યું છે, મને ગળી રહ્યું છે. હું ગૂંગળાઉં છું... મારો આત્મા રિબાય છે...આવો...આવો...!' ને એ ભાન ગુમાવીને ઢળી પડી.

કંઈક અવાજ થતાં એણે ઘણી વારે આંખો ખોલી અને ત્યારે સૂર્યોદય પહેલાંનો ગાઢ અંધકાર ક્ષિતિજોનાં કપાળમાં લીંપાઈ ગયો હતો !

બેગ ખોલીને અંદરથી એણે કાગળ અને પેન કાઢયાં. પછી માંડચ ઉપરથી થાળી ઉતારી અને હીંડોળા પરનો ગ્લોબ સળગાવ્યો. કાગળ ને થાળીના તળિયાં સાથે ચોંટાડયો અને પેનની ટાંકને કાગળ પર અડાડી. હાથ એકાએક કંપવા લાગ્યો. શાહીનાં ટપકાં ટપકાં થઈ ગયાં.

એકાદ પળના વિરામ બાદ એણે ફરી હાથ અડાડયો. વળી ધ્રૂજ્યો, છતાં એણે આંટવા વાળો 'ચ' જેમ તેમ કરીને લખ્યો.

અને 'ત' તો મરીને ઊંધા પડેલ બકરાં જેવો થયો, છતાં એણે નીચે તોરણ આકારનું હ્રસ્વ ઉ કર્યું અને 'ચતુર' પૂરું કર્યું અને ત્યાં તો આંખો ટપકવા માંડી...આંસુની ઝાલર વચ્ચેથી એ 'ચતુર' ને જોઈ રહી.

દુઃખતા અંતરમાંથી પછી કેટલીય ભીની ભીની ઊર્મિઓનો ધોધ વછૂટયો...પોતે ચતુરને શું શું લખે ? શું શું ન લખે ?—શું ? હું દુઃખી છું એવું લખું ? સુખી છું એવું ? કે પછી સુખી કે દુઃખી કંઈ નથી એવું ?' અને આ પછી એ હતાશ થઈ ગઈ : 'મારી પાસે સરનામું જ ક્યાં છે ચતુરનું ?'

પળભર એને ઈલાબેન યાદ આવ્યાં. એણે પોતાને જ પૂછી જોયું : 'એની પાસે સરનામું છે લઈ આવું ?' અને પછી તરત જ એણે ના પાડી : ઈલાબેન પાસે સરનામું માંગવું એટલે ?—ચતુરને પત્ર લખવો છે એવો જ એ તો અર્થ...અને પત્ર લખવો એટલે ? પોતાને અને ચતુરને કંઈક છે એવો જ એ તો અર્થ !

ગુલાબે સ્વગત હલાવ્યું : 'તો શું પોતાને અને ચતુરને કંઈ જ નથી ?...કંઈ નથી શાનું ?—ઘણું છે...' પછી દુ:ખદ સ્થિતિમાં એણે માથું ધુણાવ્યું : 'ઘણું હતું એમ બોલ, ગુલાબ ! હવે શું રહ્યું છે ? તું જાય છે ત્યારે શું રહે છે ?...નારે ના...નકામાં ફાંફાં શાને ?' અને એણે ચતુરના નામ માથે દોઢેક ઇંચનો છેકો માર્યો. પછી એ જોઈ રહી – ચતુર જાણે ચત્તોપાટ પડ્યો હતો. પેલો છેકો લોખંડનો રોલ થઈ ને એને છૂંદી ગયો હતો અને એણે ઝટ ઝટ "ચ" ને "તુ" ને અને "ર"ને શાહીના લપેડા કરીને દાટી દીધા જાણે શાહીના કફન વડે ઢબૂરી દીધા...!

થાળીના તળિયા પરનો કાગળ સળવળતો હતો. ગુલાબનું મન તાકીદ કરતું હતું. એ કોઈકને કહેતી હતી : 'મારો આ સંદેશો છે – મરતાં પહેલાં દરેક માણસ સંભળાવે છે એવો સંદેશો. આ લખીને હું મરું છું...તરત જ ..તરત જ !'

અને વળી ટાંક માંડી : 'બહેનશ્રી ઈલાબેન...સવારે આ બારણાં કોઈ ખખડાવવાનું નથી અને ખખડાવશે તો ઊઘડવાનાં નથી. આ બારણાંઓની આડચમાં ગુલાબ નામની એક સ્ત્રી રહેતી હતી, તમે જાણો છો ? આ ગુલાબનું મોં ન જોવાની અરધા શહેરે કાલે પ્રતિજ્ઞા લીધી છે. પણ જવા દો...મારે તમને ફક્ત સંદેશો આપવો છે...મારો આ સંદેશો...સંદેશો...સં...'

અને અંતર ઊભરાઈ ને વળી તળે ઉપર થવા લાગ્યું. આંખો ચૂવા માંડી. પળ પછી એ પુનઃ લખવા માંડી—'ચતુરને તમે જોયો છે...' અને એકાએક એ ચોંકી ઊઠી : ચતુર વળી 'પાછો

ક્યાંથી આવ્યો ?

ગુલાબે ઉતાવળમાં માથામાં ટપલીઓ મારી. લખવા માટે એ બીજો કોઈ સંદર્ભ ખોળવા લાગી. પણ એ દરેક મુદ્દામાં આછા તાર સાથે ઘડિયાળનું બાલ ચક્કર ઊંચકાઈ આવે, એ રીતે ચતુર ઊંચકાઇ આવતો હતો...!

બધા વિચારો બંધ કરીને એ જેમતેમ લખવા માંડી : 'હા તો એ ચતુર...પેલા ટ્રેક્ટરનો ડ્રાઈવર...એ એક વાર અમારામાં સાથી રહેવા આવ્યો હતો...લાંબું લખવાનો સમય નથી, ઈલાબેન! ભાભડ ભૂતડા જેવો એ માણસ મને ગમી ગયો છે...પણ મારું ગમવું મિથ્યા થયું છે. હું એને ઝંખતી હતી. ઝંખતી ઝંખતી જયંતિને પરણી ...ચતુર જ્યારે પણ તમને મળે, ત્યારે એને કહેજો – ગુલાબને તેં ભારે અન્યાય કર્યો છે...જયંતિ પુરુષ નહોતો. અને એ એની ભોંઠામણમાં જ મૂઓ છે. અને એક સત્વહીન પુરુષની આગળ કાયાને ખુલ્લી કર્યાનો વસવસો ગુલાબ મરી ત્યારે પણ એના અંતરમાં તરફડતો હતો...તેં ભારે કરી . હા, એને એ જ શબ્દો કહેજો કે' તેં ભારે કરી...બસ આથી વધારે કશું નહીં...મરતાં મરતાંય એ તને યાદ કરતી ગઈ છે એવું ય કહેજો...'

અને પછી એ ઝડપથી ઊભી થઈ – જાણે ખૂબ મોડું થઈ ગયું હતું...ઓસરીમાંથી એ રાશ લઈ આવી. રાશને બાંધી, બીજા છેડે ગાળિયો બનાવ્યો અને કાગળના અંતભાગમાં એણે ઉમેર્યું : 'મારે હાથે જ ગળાફાંસો ખાઉં છું' એને નીચે સહી કરી કાગળ ક્યાં મૂકવો એવો વિચાર આવ્યો...ક્યાં મૂકવો ?

અને એ જ વખતે ફરજામાંથી એક ભાંભરડો સંભળાયો. એનું ચિત્ત એક પળમાં ત્યાં જઈ આવ્યું...લખેલો કાગળ એણે નીચે ફેંક્યો અને ગાળિયામાં માથું નાખ્યું.

આ વેળા તો એ જાનવરે એક ભયાનક ચીસ નાંખી અને .પછી ધબ્બ કરતું .નીચે પડ્યું. ફરજાનાં બીજાં ઢોર પણ ભાંભર્યાં.

ગાળિયામાંથી ડોક કાઢીને એ ફરજા બાજુ દોડી.

ગાય એના ખીલા પાસે ઢળી પડીને ભાંભરતી હતી.

'તને વળી શું થયું બાઈ ?' ગુલાબે ફરજાનો ગ્લોબ સળગાવ્યો.

એક આંચકા સાથે ગાય ઊભી થઈ. એનો ખીલો છાણ-મૂતરથી રસબસ થઈ ગયો હતો અને એ ચારેય પગે ઊછળતી હતી.

ગુલાબ વધારે નજીક ગઈ અને ગાયને આવેલા પરપોટામાં પ્રકાશનું બિંબ દેખાયું.

'બિચ્ચારી સુળાય છે.' એ ખીલો બદલવા ગાય પાસે ગઈ પણ એ મારવા દોડી.

'તો પછી મરી જઈશ' ગુલાબે એની સામે જોયું : 'તને કોણ છે પછી બચાવવાવાળું ?' અને વાંકી વળીને એણે સાંઠી-કડું લીધું, ધીમે રહીને પાસે ગઈ અને પરપોટામાં ભોંકીને એને ફોડી નાખ્યો...લાલ કાળું ઘણુંબધું પાણી ધોધબંધ નીકળી ગયું. ભાર હળવો થતાં ગાય શાંત પડી અને ગુલાબને જોઈ રહી.

ગુલાબે સહેતા ભાવે ગાયના બરડા પર હાથ ફેરવ્યો...ગાય ગુલાબના હાથ ચાટવા લાગી.

ગુલાબ હસી : 'હં...આમ ડાહી થા બાઈ ! અહીં તો તારી અને મારી સિવાય કોઈ નથી, સમજી ?' અને એણે ગાયને છોડીને કોરા ખીલે બાંધી.

હવે વાછરૂના ખરીઓ સારી પેઠે બહાર આવ્યાં.

ગુલાબના મગજમાં પ્રસૂતા ગવતરી આખે આખી છાઈ ગઈ.

—એ ઘરમાં દોડી : 'ઊભી રહેજે હોં, ખાવાનું તૈયાર કરું.' ને એણે કોઠી તોડીને બાજરો કાઢ્યો. બધા ગ્લોબ સળગાવ્યા. ઝળહળતા પ્રકાશમાં એણે બાજરાને સોયો, ઝાટક્યો...અને પ્રાઈમસ ઉપર એણે ઘૂઘરી મૂકી. પછી ચૂલામાંથી રાખનું સૂપડું ભરીને ગાય પાસે આવી.

ગાય થાકીને હવે બેસી ગઈ.

‘ હવે સમજી...’ ગુલાબે રાખવાળા હાથ કર્યો અને ગાયના સાથળમાં પગ ભેરવીને એણે વાછરૂ ખેંચ્યું. પણ એના હાથ લપસી ગયા અને એ ચત્તી પાટ પડી ગઈ. પણ એ તત્ક્ષણ ઊભી થઈ અને ફરી હાથ રાખમાં ધસ્યા – ગાય હવે સાવ હારણ થઈ ગઈ હતી.

ગુલાબને પરસેવો વળતો હતો, છતાં એણે આંખો મીંચીને બળ કર્યું અને તરત જ વાછરૂનો ભીનો, ચીકણો, લપસણો લોચો એના ખોળામાં આવીને પછડાયો.

ભૂખ અને તરસના લીધે ગુલાબની આંખે અંધારાં આવ્યાં ને ત્યાં ને ત્યાં ઢળી પડી.

છેવટે, કેટલીય વારે એના કપાળ પર કાંટાળી જીભના લબરકાએ અને હીંહોરાના ઉના શ્વાસે એને ભાનમાં આણી...ગાયે એને કશુંક સમજાવ્યું અને ઘૂઘરીમાંથી પાશેર બાજરો ગુલાબે પણ ખાઈ લીધો ..પગમાં ચેતન આવ્યું.

હવે ગાયને ધરવવાની હતી. જો એ ધરાઈને ખાય તો જ ‘ ઝટ ’ પડે ..નીરણ જોઈએ.

થોડી વાર એ ઊભી રહી. પછી એ હસી અને ઘરમાં ગઈ. ગળાફાંસો ખાવા માટે બાંધેલ રાંઢવું એણે છોડયું અને ડેલીની બારી ખોલીને એ બજારમાં નીકળી.

સૂરજ ઊગીને ઊંચા આભમાં ચમકતો હતો. શેરીઓ અને ઘરો – બધું જ ઝળાંહળાં થઈ ઊઠયું હતું.

અંધકારમાં ઢોમ થઈને જામી ગયેલું – પાડોશનું મોઢું બધું પોડું હવે છૂટું છૂટું થઈ ને ચારે બાજુ વેરાઈ ગયું હતું.

‘ જોયું ! ’ પાડોશ વાતોએ ચડ્યો : ‘ કાં તો ફાંસો ખાવા જ જાય છે.’

‘ પણ ઘરનું ઘર મૂકીને બહાર શું કામે જતી હશે ! ’

ઘરમાં મડદું સડી જાય તોય કોણ જાય ? બહાર કોક ભાળે તો ખરું !'

'આ તો કોક ભાળે અને પાછી વાળે એવાં ઢોંગ છે, સમજ્યાં ?'

'પાંછી વાળે બલારાત – મરવા દો.'

અને આ પછી સૌએ થોડી જ વારમાં બજારને છલકાવતો કડબનો મોટો બધો ભારો આવતો દીઠો !

'નીરણ લાવી આ તો... !'

'કાં તો ઘરનેય સળગાવવાની છે..બસ એમ જ !'

અને જયતિના ઓરડામાંથી આગ અને ધુમાડા જોવા સૌ ઊભાં રહ્યાં.

અને ત્યાં તો બારીમાંથી, એક હાથમાં 'ખીરાં'નું ઓઘરણું અને બીજા હાથમાં લોટો લઈ ને ગુલાબ બહાર નીકળી અને જોત-જોતામાં તો એણે સાતઆઠ ઘેરે કળશો ભરી ભરીને ખીરું આપ્યું.

'તું અહી ક્યાં આવી ?' જેવા શબ્દો, ગુલાબનો કળશો વાસણમાં ઠલવાતો કે એમાં જ ડૂબી જતા !

'ગાય વિયાણી કે વહુ ?'

'શું આવ્યું ?'

'સારું...સારું માડી !'

અને ગુલાબ પાછી વળતી કે 'ઊભી રે' વવ !' અને શુકન માટે એના ઓઘરણામાં સોપારી કે દશિયું પડતું.

ઘેર આવીને એણે પાણી ગરમ કર્યું. ગાયના પગ જાયો અને વાછરડુંને નવડાવ્યું.

અને આ પછી એ બધું કામ ખોળવા જતી હતી કે એ જ વખતે ત્રણ જણ એના ફળીમાં એક સાથે દાખલ થયા.

'તમારાં ઢોર હવે હું ચારવાનો નથી. તમે બીજી ગોઠવણ કરી લેજો ' ગોવાળે કહ્યું.

'તમારી જમીન હું ખેડવાનો નથી.' ખેડૂતે કહ્યું.

દુકાનનો નોકર બોલ્યો : 'દુકાને હું જવાનો નથી, તમે સંભાળી લેજો.'

'બીજું કાંઈ ?' ગુલાબે એ ત્રણ જણ સામે એક વાર, ફક્ત એક જ વાર જોયું અને પછી ખરપો લઈને નીરણ કાપવા બેસી ગઈ અને ઊભાં ઊભાંને એ ત્રણેય આખરે ચાલતા થયા ત્યારે એણે સ્વસ્થપણે કહ્યું : 'આવજો ત્યારે...'

—પેલાઓને બહાર નીકળીને ભારે પસ્તાવો થયો...!

નીરણ કાપીને ગુલાબ ઓસરીમાં આવી ત્યારે પેલો કાગળ ફફડફડ કરતો ઊડતો હતો ગુલાબે એ હાથમાં લીધો, વાંચ્યો અને પછી હસીને એનાં ચીરિયાં કરી નાખ્યાં!

પેલા લોકો એને ભારે ઉત્તેજતા ગયા – સારા કોઈ સર્જકને પ્રેરણાનું એકાદ બિંદુ મળી જાય અને પછી ધોધ વહેવા માંડે એમ એના કણકણમાં મહેનત મહોરવા માંડી.

બપોરે રાંધી કરીને એણે પહેલું કામ તાળાં તોડવાનું કર્યું. કબાટ અને પટારામાંથી ચોપડા નોંધો, અને ભુક્કા કાઢી...અને સૌ પહેલાં એણે દુકાનનો હિસાબ જોયો...નાણાંનું રોકાણ, ઉધાર ધિરાણ જોયાં. હિસાબ ગણ્યો પછી ચોપડાની ગડીઓ પર આંગળીઓ ઘસીને એ સ્વગત બોલી : 'આહાહા...આ તે ધંધો હતો કે ધંધાનો દંભ!—એક મશીનના વેચાણ પાછળ કેવળ સો રૂપિયાનો નફો...' અને મહિને એકથી બે મશીનનું જ વેચાણ..! એની પાછળ નોકર અને ભાડાના ખર્ચના જંગી આંકડા...!

ચોપડાને દોરી બાંધીને એણે ગાંઠ વાળી – આવતી કાલથી દુકાન બંધ કરી દેવી.

આટલી મોટી સ્થાવર મિલ્કત...દુકાન અને ખેતી-ધંધાની બે મહા ધમનીઓ...! આ ધમનીઓ તો સતત ધબકવી જોઈએ. આવક અને જાવક માટે અહીં દિન રાત ધમાલ મચવી જોઈએ એને બદલે આવું !—આ તો ઔરંગઝેબના સૂબાઓ જેવું – જેમ

જેને ફાવે તેમ વર્તે...બહોળી આ અસ્કયામતનો મનસ્વી ઉપભોગ કરે...! આ ન ચાલે...આવું તે હોય કાંઈ? આ લોકોને એનાં જ સાધનોથી સાફ કરી નંખાયાં છે...આની મોટપના સાંઢાને ચારે બાજુથી ભેળાં મળીને શિયાળવાં ચૂસી રહ્યાં છે !

અને આ પછી ગુલાબની જ્યાં જ્યાં નજર પડી ત્યાં ત્યાં એના મોંમાથી શબ્દ પડ્યો : ' આ ન ચાલે...!'

વાડામાંથી ઢોર માટે નીરણ લાવવાના એક માણસ મહિને ૫૦ રૂપિયા લેતો હતો. ગુલાબે એને બોલાવીને એ બંધ કર્યું. વાસીદાવાળીના મહિનાના ત્રીશ રૂપિયા બંધ કર્યા.

તપાસ કરતાં જાણવા મળ્યું કે ખેતીનાં બધાં સાધનો પાડોશીઓ વાપરે છે – જે સાધનોએ પોતાના ખેતરનો શેઢો ક્યારેય જોયો નથી ! આડોશપાડોશમાથી એ બધાં મંગાવી લીધાં :

બાવડાં ભાંગી નાખેલું લોખંડનું હળ...દાંતા વગરનો દંતાળ, રાંપ વગરનાં કળિયાં, લોખંડના પતરાં, સૂતરનાં નાડાં – સાંજ થતાં થતામાં ગુલાબનાં આંગણામાં મોટો બધો ઢગલો થઈ ગયો અને આડોશપાડોશમાં હાહાકાર મચી ગયો...!

—ખીજમાં અને બળતરામાં, ઘણાં તો આંગણામાં આવીને પથ્થરા પણ નાખી ગયા : ' લે આ પાણો...આ પાણો પણ તારો છે... લઈ લે...લઈ લે...ઘણાં ચીંથરાંના ઢગલા કરી ગયાં, તો ઘણાં છોકરાં કાચના ટુકડા પણ નાખી ગયાં અને શેરીના નાકે નાકે, નાની નાની સભાઓ ભરાણી – દરેકને કોઈ ને કોઈ વસ્તુ છોડવી પડી હતી..!

—સવારે ગાયના ખીરાથી ઠરીને માન પડેલો હુતાશન પુનઃ પ્રજ્જ્વળી ઊઠ્યો.

મોટો હોબાળો થયો. કાયદેસર આનું શું થઈ શકે તેમ છે એ માટે કાનૂની નિષ્ણાતોની સલાહ લેવાણી અને રજૂઆતો થઈ : ' એ બધું વેચીને જતી રહેવાની છે. આ તો ગામની મિલકત છે. એક આવેલું બૈરી આમ ફનાફાળિયાં શાની કરે ?...એ વાડામાં

જઈને નીરણના પૂળા ગણી આવી છે...વાસણ બધાં ભેગાં કરીને કોથળામાં બાંધે છે...ચોપડાનો મોટો ઢગલો કર્યો છે...તાળાં બધાં તોડી નાખ્યાં છે.'

પેલા નિષ્ણાતોએ, ગુલાબને ગમે તે કરવાનો હક્ક છે એવી સમજણ આપી...છતાં એ લોકો દાર્શનિક પુરાવા ઊભા કરવા કટીબદ્ધ બન્યા.

જયંતિના ખેડૂતને, દુકાનના નોકરને અને ઢોરના ગોવાળને ફરી વાર ત્યાં મોકલ્યા.

એ લોકોએ ત્યાંથી આવીને ગુલાબની દાનતને સ્પષ્ટ કરી :

'મેં એને જમીન વાવવા કહ્યું તો એણે ના પાડી અને બોલી : 'એંસી વીઘાં જમીન વેચી હોય તો કેટલા નાણાં આવે ?'

'મને એણે કહ્યું ' દુકાનનો નોકર બોલ્યો : 'ઉઘરાણી બધી પતાવી દે, તો દશ ટકા તારા...અને ઘરાક મળે તો કહેજે ખોટ ખાઈ નેય મશીન બધાં વેચી નાખવાં છે.'

'અને મને કહે છે કે ઢોર પણ વેચી નાખવાં છે.' ગોવાળે કહ્યું.

અને આટલું બધું હોવા છતાં, ગુલાબને કાયદેસર જતા પહોંચાડી શકવાની કાયદાની સરાસર નિર્બળતાથી સૌ હતાશ બન્યા.

ઓછામાં પૂરું સાંજે એક ઘોડાગાડીવાળો ગુલાબની ડેલીએ અંદર જઈને કંઈક નક્કી કરી આવ્યો, ત્યારે સૌએ કપાળ કૂટ્યું : 'બસ, સવારે એ જતી રહેવાની છે...બધું જ વેચી સાટીને ઘોડાગાડીમાં બેસીને...'

અને પછી સૌ પોતપોતાનાં મગજ પ્રમાણે પસ્તાઈ રહ્યાં :

'હાળું જો એની હાર્યે બોલવાનો વે'વાર હોત તો, "પાણીને પાડ્ય" વેચાનારો એનો માલ થોડો થોડો લઈ શકાત.'

અને એમાંના ઘણા બુદ્ધિશાળીઓએ છેવટે ઈલાબેનનો આશરો લીધો : 'જો એને વેચવું હોય તો આપણા પાંચ પચ્ચા વધારે !'

અને ધીમે ધીમે થતાં, ઈલાબેનને ત્યાં પછી દરોડા પડ્યો :

અને આખરે આ ધસારામાંથી બચવા ઈલાબેન ત્યાં ગયાં. મનમાં હતું કે આ બધું ખોટું છે...ગુલાબ આવું કદિ કરે નહીં પણ ડેલીમાં જઈને એણે જોયું અને પછી ક્રોધમાં લાલ લાલ થતાં તરત જ પાછાં આવ્યાં અને કહ્યું : 'હું એનું મોં નથી જોવા માગતી !' ખરેખર ગુલાબે દરેક વસ્તુઓનો, ખાસ કરીને વાસણોનો મોટો ઢગલો કર્યો હતો. ઈલાબેન એ જ પગલે પાછાં વળ્યાં છતાં ગુલાબને ખ્યાલ પણ ન રહ્યો. માત્ર એક વાર ડેલીની બારી ખખડી હતી અને સાંકળ થોડીવાર હલ્યા કરી હતી.

ઈલાબેન રાત આખી તરફડ્યાં. એને લાગ્યું ગુલાબ વંઠી ગઈ છે નહીંતર આમ ભાગવાની તૈયારી શું લેવા કરે ?

અને સવારે, કંઈ નહીં તો એને ફીટકાર આપવાના ઉદ્દેશથી એ ત્યાં ગયાં અને જોયું તો સ્તબ્ધ બની ગયાં :

વાસણ બધાં મંઝાઈને ઝળાંઝળાં બની ગયાં હતાં !

'લો, આવો આવો...' ગુલાબ હસી : 'આને માંડચ ઉપર ગોઠવવા લાગો.'

ગુલાબ રાત આખી જાગી હતી. એની પાંપણો સૂઝી ગઈ હતી છતાં એના મોં પર થાકની કે હતાશાની નિશાની સુધ્ધાં નહોતી !

ઈલાબેન એને જોઈ જ રહ્યાં.

'કેવી લાગું છું ?' ગુલાબ હસી.

ઈલાને આથી વધારે આઘાત લાગ્યો. આડોશ-પાડોશ અને આખા શહેરમાં વગોવાઈને પાર્ટની બનેલી ગુલાબ રડવાને બદલે હસે છે !

અને રીસમાં એ જવા ઊપડ્યાં કે ડેલી આગળ ઘોડાગાડી આવીને ઊભી રહી.

અને સંઘળો રોષ દાબીને એ ગુલાબની હિંમતને જોવા થોડી વાર ઊભાં રહ્યાં.

૨૬

દિવસ ઊગતો હતો એ વખતે હકો ઘોડાગાડી લઈને ગુલાબની ડેલી આગળ આવી ગયો. ગાડી ઊભી રાખીને ઘડિયાળના પીળા, ઝાંખા આંકડાઓમાં એણે જોયું. એક વાર હોર્ન કર્યું. પછી ઘડિયાળને ત્રણચાર વાર હલાવીને કાને ધર્યું. માથું હલાવ્યુ અને ગાડીનો સામાન ઠીક કરવા લાગ્યો.

રસ્તે જતા-આવતા લોકોને અને પાડોશીઓને લાગ્યું કે હકો ઘોડાને પોરો આવે છે અથવા કાંઈ ખાટક ભાટક સમું કરે છે, પરંતુ બે મિનિટ વીતી અને હકાએ ડેલીની બારી સામે જોઈને ફરી હોર્ન કર્યું. એક વાર.. બે વાર... ત્રણ વા...

ક્યારનાં ટાંપી રહેલાં પેલાં બધાંને સમજાઈ ગયું - હકો ગુલાબને લેવા જ આવ્યો છે...બસ પછી તો—

ચિનાઈ માટીનાં તૂટેલાં વાસણો વેચનારો કોઈ લારીવાળો, પાણીમાં પાવડર ઘમઘમાવીને ચા બનાવતો કોઈ હોટલ

વાળો– ઠંડા ગાંઠિયાને ગરમ કરતો ફરસાણવાળો – લગી લળીને સૌ જોઈ રહ્યા. અને પોતાનાં ઘરાકોને અમૂલ્ય એવી માહિતી આપી રહ્યા : 'ઇ જ આ હકલો હાંકે...? જખૂડીને લઈ ગ્યો'તો, યાદ આવે છે? કુસનો એની જ આ ઘોડાગાડીમાં કરાંચી ભેળો થઈ ગ્યો – હકલો મારો બેટો એવા જ ગોરખધંધાનો કરનારો છે !'

અને આમ થોડી વારમાં હકાની બેઈમાનીની ભરીભાદરી વાદળી વેપારીઓના મુલકપર અંધારી, ને ખેડુવાસના આખા વિસ્તારમાં વરસી પડી : 'હકલો આજ પાછો એવું ભાડું કરવા આવ્યો છે !'

અને બે પગું કુતૂહલ ગુલાબની ડેલી આગળ ખડકાવા લાગ્યું.

કોઈકે વળી હકાને પૂછ્યું કે હકા, ક્યાં જાય છે ?.. હકોય બિચ્ચારો કર્મનો આગળિયાત જાણે તો કહેને ? એણે તો ખરી વાત કરી : 'ભાઈ, મારે તો ભાડાનું કામ છે ને ? – માઈલે પાંચ રૂપિયા...'

અને વાત લાંબી ચાલે એ પહેલાં તો હકાના નામનો અંદરથી સાદ થયો : 'આવો તો હકાભાઈ !'

ઘોડાની લગામને પીળી ચકચકતી દાંડીઓ સાથે બાંધીને હકાએ પાછી વળી ઘડિયાળ જોઈ અને અંદર જતાં જતાં એ ધીમું બબડ્યો :

'બળ્યું માણહનું કામ જ એવું...સાડા છો ને પાંચ મિલેટ થઈ !'

અને હકો અંદર ગયો કે છાનાંમાનાં બે ચાર જણ ઘોડા-ગાડી પાસે પહોંચી ને તલાશી લેવા માંડયાં...આગળના ભાગમાં ઘોડા માટે ભરેલો રજકો બિચ્ચારો એકલો જ હતો – એણે કોઈ હથિયાર છુપાવ્યું નહોતું. છતાં એને વીખીને તરણાં તરણાં કરી મૂક્યો !

'હા હા...ભાગી જવું છે' અંદર ગુલાબને બોલતી સાંભળીને એ સ્તબ્ધ બની ગયાં.

'તમનેય ભગાડી જવાં છે, સમજ્યાંને ?' ગુલાબ બોલતી હતી.

કોને એ કહેતી હતી એ ખાસ સમજાયું નહીં પણ સંબોધન

ઉપરથી એ હકાને તો નહોતી જ કહેતી – સામે કોઈ સ્રી હતી.

પત્તો મેળવવા કોઈ ડોકાશિયું કરતુ હતું એ વખતે હકો એની ધાડી મૂછો પર ચા લૂછતો અને ધુમાડાં કાઢતો બહાર આવ્યો. હકાની પાછળ ગુલાબ હતી. એણે ઈલાબેનના બાબાને તેડ્યો હતો.. ઈલાબેનના હાથમાં વોટર બેગ હતી.

'હાળાં ક્યાંક ફરવા જાય છે.' પ્રેક્ષકો છોભીલા થઈ ને વેરાઈ ગયાં.

—એ સ્રીઓ અને એક બાબલાને ખેંચીને હકાનો ઘોડો શેઢ પર ફટફટાવી ગયો.

'સામે વાંકો બાવળ દેખાય એ જોયો ?' હકો ગાડીના પૂંઠ પર સોટીઓ પછાડીને ઢાળ ચડાવતો બોલ્યો : 'એ બાવળને લાગીને તમારું ખેતર...આ બધાં આપણે પગતળે કાઢેલાં – ઘોડાની ચાર માટે બધાંય ખૂંદેલાં. કયો સર્વે નંબર છે એની પણ આપણને ખબર' કહીને એણે ગાડીને ઉગમણે પડખે લીધી...સામે એક નેળને બતાવતો એ બોલ્યો : 'જોયું ? એ રસ્તો નથી – વોંકળો છે. ચોમાસામાં નદી એમાં ધુસે છે અને—' એણે ખિસ્સામાંથી બીડી કાઢી.

'અને ?' ગુલાબે અધ્ધર જીવે પૂછ્યું.

'અને ?' સરડ દઈને દિવાસળી તાણતો એ બોલ્યો : 'એ પાણી તમારા ખેતરમાં પડે છે.'

'અમારા એકલાનાં ?'

'ને ત્યારે ? બીજા બધા ખેડુએ લેવલ કરાવ્યાં છે ને પાળા ઝીંકી દીધા છે' અને શેઢા ઉપર ગાડી ઊભી રાખીને એ બોલ્યો : 'આ જ તમારું ખેતર ..ઊતરો...' અને ગાડીને એ ધીમે ધીમે હાંકીને વાંકા બાવળ નીચ લઈ ગયો.

—ગુલાબ ઠેકડો મારીને નીચે ઊતરી ગઈ...ઈલાબેન તો હજી ઊતરતાં હતાં એટલામાં ગુલાબ એકાદ નાડાવા નીકળી ગઈ.

'ઈલાબેન તો એની ચંપલોના ખટખટાટે ઊડતા મોટા મોટા

કાંકરાઓ સામે તાકી જ રહ્યાં અને ચિડાઈને એ બોલ્યાં : ' પણ અહીં છે શું ગુલાબ ?' અને એ ચારે બાજુ સૂકી, આબડ-ખૂબડ જમીન અને કાંટાળાં ઝાળાં અને સુક્કા ઘાસનાં ઘોળાં ભોથાંઓને કંટાળાભરી આંખોથી જોઈ રહ્યાં અને ચાલવા ગયાં ત્યારે એની સાડી દારૂડીના ઝાળામાં ભરાણી અને એ છેડાઈ પડ્યાં : ' બળ્યું ... ! તું જ જા...જ્યાં જવું હોય ત્યાં...!' ને પાછા ફર્યાં.

' એ...!' ગુલાબે પોતાના ગળા પર હાથ ફેરવીને કહ્યું : ' તમને મારા સમ છે. એક વાર આવો...આવો તો ખરાં ?'

ઇલાબેન જવું કે ન જવું એવા વિચારમાં ઊભાં રહ્યાં અને ગુલાબ વિનવણીથી બોલી : ' ભાઈસાબ, આટલું તો માનો !' એણે આંગળીઓ ઊંચી કરી : ' બે મિનિટ...બસ ?'

—આખરે એને ત્યાં જવું પડ્યું.

' જુઓ છો ને, આ ઢોરો ?' ગુલાબ એક ઊંચાણવાળા ભાગમાં, કેડય પર હાથ ટેકવીને બોલી : ' પહેલાં આ પ્રમાણે જમીન હશે – આપણે ઊભાં છીએ ને, એ પ્રમાણે...' અને ખેતર જેવડાં નજર બનાવીને એ બોલી : ' એંસી વીઘાંનો આ નંબર છે બેન !'

ઇલાએ માત્ર માથું હલાવ્યું.

—ગુલાબ નીચે બેસી ગઈ...કાળી જમીનમાંથી એણે ધૂળની મુઠ્ઠી ભરી અને દબાવી – એના હાથમાં જાણે રેશમ આવ્યું... મુઠ્ઠી ખોલી અને પુનઃ દબાવી. પછી આંગળીઓ વડે એ ધૂળને પંપાળવા લાગી.

' ઇલાબેન ! આ તો જુઓ ?' એણે ધૂળ ઇલાની સામે ધરી : ' શું જમીન છે ! હાડી ક રાખ...!' અને એણે ગાંગડી મોંમાં મૂકી.

ઇલાબેન જો ગુલાબ પ્રત્યેના અણગમાથી ઘેરાઈ ગયાં નહોત તો મોંમાં ધૂળની ગાંગડી ચગળતી ગુલાબની મશ્કરી કરી લેત : ' આમ તો તું જયંતિને નામે ટાંટિયા પછાડછ...કાંઈ સુખ જેવું ન હોય તો ધૂળ ખાવાના આ સુખદ સંજોગ આવે કઈ રીતે ?' પણ

એ બોલ્યા નહીં – એના મનમાં ગુલાબનો આ ધૂળ-કાંકરીએ વહેમ પેઠો : ‘ એ કંઈક કરી બેઠી છે ’ ને એણે તિરસ્કારથી ગુલાબને જોઈને મનોમન બોલ્યાં : ‘ ન કરવાનું જ રતો ! ’ અને પછી શાંત ઊભાં ઊભાં એ ઉકળતાં રહ્યાં.

જ્યારે ગુલાબ તો ખેતર અને ધૂળમાં એકાકાર બની ગઈ હતી !

—એ જમીનનાં વખાણ કરતી, ઊભી થતી, બેસી જતી, ધૂળની મુઠ્ઠીઓ ભરતી અને અહીંથી તહીં ઘૂમતી હતી.

ઈલાને હવે પોતાની બુદ્ધિ મદદ કરતી હતી : ‘ એ બધું વેચીને જતી રહેવાની છે – જતાં રહેવાનાં જ આ બધાં લક્ષણ છે... હત તારીની !...વાત સુધ્ધાં કરે છે ! આ ! ’ એણે નજરનો હાથ બનાવીને ગુલાબ સામે લાંબો કર્યો : ‘ મરવા પડેલાં આ...ઘર એને સળગાવી મૂકવા જેટલું અસહ્ય લાગેલું. એ જ ઘરની આ જમીન ને જમીન માટે એને આવું વહાલ ! ’ એણે રોષમાં માથું હલાવ્યું : ‘ હું બધું જ સમજું છું...તારે જે કરવા ધટે એ બધાં જ ઢોંગ કરી લે, લુચ્ચી ! ’

‘ તમે શું જાણો ? ’ ગુલાબ એકાએક બોલી...ઈલા સહેજ ચોંકી ગઈ...!

‘ આ જમીનમાં તો ઈલાબેન ! – માથું વાવો ને, માથું ઊગે ! ’ ગુલાબ બોલી : ‘ પણ કમણી ઉર પડી આ ધરતી ! ’

જેનો ઓછાયો પણ પડી શકે એના ધન પ્રકારનો કંટાળો હવે ઈલાના ચહેરા પર ફરી રહ્યો હતો. હોંકારો આપવાનું બંધ કરીને એ છોકરાના માથા પર સાડી ઢાંકીને તડકાને વારતી હતી.’

ગુલાબે બાજ પક્ષીની ઝડપથી ખેતર ખૂંદ્યું અને ચારેય શેઢેથી માટી ખોદીને એકઠી કરી પછી સાડીના છેડામાં બાંધી. બસ, એ જમીન વેચી મારવાની છે – એ આ પ્રત્યક્ષ સાબિતી નહોતી શું ?

આવીને એ બોલી : ‘નમૂનો તૈયાર થઈ ગયો, ઈલાબેન !

મોકલી દઈએ એટલી જ વાર.'

અને કામ પૂરું કરીને સૌ ઘોડાગાડીમાં બેઠાં...ગુલાબની સાથે ગોઠવાયેલ ઈલાબેન એ અત્યારે ઈલાબેન નહોતાં – અઢીમણ વજનનો એકલો ક્રોધ જ હતો. એની કળાઈઓમાં ગોઠવાયેલું પેલું મુલાયમ બચ્ચું જો રડી ઊઠ્યું ન હોત તો સંભવ હતો ગાડી આખી સળગી ઊઠત...!

પરંતુ ભૂખ્યું બાળક માના ક્રોધને કૂમળા હોઠ લગાડીને મીઠા સ્પર્શે ચૂસી રહ્યું હતું...અને માટે તો માતા, લાંબો કંટાળાભર્યો આખો માર્ગ પૂરો થયો ત્યાં સુધી દુશ્મન જેવી લાગતી ગુલાબ સાથે સંયમ જાળવી શકી!

—છેવટે ગાડી ગુલાબની ડેલીએ આવીને થોભી અને ગતિના કારણે એ હજી થોડી થોડી હલતી હતી ત્યાં જ ઈલા ઠેકડો મારીને નીચે પડી અને ગુલાબ સામે તિરસ્કારભરી આંખ માંડીને પછી ચાલવા માંડી : 'લુચ્ચી છે – જેટલી ચાલાક અને રૂપાળી એટલી જ લુચ્ચી !' એને એક જ ઝાટકે ગુલાબમાંથી બધો રસ ઊડી ગયો.

રસ્તા પર લોકો ઊભરાતા હતા...ઈલાબેનને એ એક એક માણસ બુદ્ધિશાળી અને પોતાના કરતાં કિંમતી લાગ્યું : 'આ લોકોએ કેવી સચ્ચોટ આગાહી કરેલી ! – આ બધાંએ બેધડક કહેલું કે ડોશીનો કાંટો દૂર કરીને જયંતિની વહુએ રસ્તો સપાટ બનાવ્યો છે.'

ઈલાબેનને હવે સમજણ પડી—' હા ' એ બોલ્યાં : ' જયંતિને તાવ આવ્યો – માત્ર તાવ...જે લાખો માણસોને આવે છે અને ઊતરી જાય છે...આનો તાવ ઊતર્યો નહીં. એને ખતમ કરી ગયો – હદ કે'વાય...હદ !'

અને ગુલાબની નઠારાઈ એટલી બધી તો એના ચિત્તમાં વ્યાપી ગઈ કે એ અવાક્ બની ગયાં. જ્યારે જ્યારે એના હોઠ ખૂલતા ત્યારે ઝંઝાવાત જેવો આ એક જ શબ્દ નીકળતો : 'હદ કે'વાય !'

સાંજે ગુલાબ વળી પાછી એને ઘેર આવી. એના પ્રત્યેના ઘોર તિરસ્કારે ઈલાબેન હવે ગાંડાતૂર બની ગયાં હતાં!—એમણે ગુલાબને આવકાર સુધ્ધાં ન આપ્યો!

—વાંધો નહીં. ગુલાબને એવા વિવેકથી જરૂર જ ક્યાં હતી? એ તો આવી અને ધીમું ધીમું દોડતી પારણા પાસે પહોંચી ગઈ અને મોટી બધી બાથ ભરીને છોકરાંને ગોદડી અને બાળોતિયાં સહિત ખેંચી લીધો...અને પછી એણે એને હડબડાવ્યો.

ઈલાબેન રાહ જોઈ ને જ ઊભાં હતાં – બાબો જો ચૂં કે ચાં કરે તો તરત આંચકી લેવો અને કહી દેવું : ' તું તો ગજબની છો બાઈ!'

પણ છોકરો કેવો! એ તો જાણે ગુલાબને હજીય આહ્‌વાહન આપતો હતો...પછી એ એનેં ખભે માથું ઢાળી ગયો અને અમૂલ્ય વસ્તુને ભેટ્યો હોય એવા આવિસ્કાર સાથે મધુરું મધુરું હસી રહ્યો!

ગુલાબના આ અનુકૂળ ગ્રહો ઉપર ઈલાબેન માત્ર રિબાઈ રહ્યાં.

અને પછીની પળોમાં એને ગુલાબના અત્યારના આગમને, કંઈક રાહત મળે એવો એક મુદ્દો જડી ગયો અને મૌનની ભઠ્ઠીમાંથી એ બહાર નીકળીને વિચારવા લાગ્યાં : ' લુચ્ચી અને પાછી ગરજુડી...! અત્યારે કંઈક ગરજ છે એને...ગરજ પડે છે ત્યારે એ આવું આવું વર્તે છે...જોને સવારે આમ કરીને કામ કઢાવી ન ગઈ?—મનેય સાથે લઈ ગઈ એને ખેતરે...! પણ હવે...હવે...' જાણે એ ગુલાબ સામે તોપ ગોઠવતાં હતાં અને—

' એક કામ કરશો, ઈલાબેન!' ગુલાબ બોલી : ' મારા સાસુને તેડાવી આપશો?' ને ગુલાબનો ચહેરો ઓશિયાળો બની ગયો.

ગુલાબની આ પૃચ્છાનો ઊંડો ભાવ હવે ઈલાબેન ન સમજે એમ?...એ સ્થિર પાંપણે ગુલાબ સામે તાકી રહ્યાં...ગુલાબને તિરસ્કારી નાખવાની સ્થિર સભાનતા એમણે કેળવી લીધી...ફૂટવાની તૈયારી કરતા ટેટા જેવો ક્રોધ એની છાતીમાં ખખડી રહ્યો અને ઊંડું ઊંડું ઘૂમ-

રાણુ મચ્યું : ' હું તેડાવી આપું ! તારી સાસુને ? એમ કે ? હા...ભલે આસે તેડાવી આપું – અબઘડી તેડાવી આપું. પણ તારે શી જરૂર પડી એની ? તારે જરૂર હતી તો એને જવાની જરૂર કેમ ઊભી થઈ ?...હવે તું બસ કરીશ ? હું સમજી ગઈ છું હો...તારી સાસુને તારે તેડાવવાં છે, કારણ કે એ આવે તો ભાગવામાં તને લાભ થાય. તારી સાસુ હાજર હોય અને તું ભાગે પછી પોલીસ તને ક્યાંક પકડે એટલે તારે કહેવા થાય : પૂછો ડોશીને હું એના ઘરમાંથી કશું જ નથી લઈ ગઈ.'

'સાચું કહું ઈલાબેન ?' છોકરાને થપથપાવતી ગુલાબ નીચે જોઈને બોલતી હતી.

અને એ વેળા ઈલાબેને છોકરા સામે છાનામાના હાથ લંબાવ્યા છોકરાએ મા પાસે જવા સળવળાટ કર્યો.

'લાવ ગુલાબ ! હમણાં કજિયે ચડશે – લુચ્ચો છે એ !' એક આંચકા સાથે એણે છોકરાને લઈ લીધો.

'સાચું કહું છું, ઈલાબેન !' વિચારોમાં ટપાયેલી ગુલાબ બોલી : 'ઘરમાં ક્યાંય ગમતું નથી. કોણ જાણે કેમ – ડોશી હોય તો દિવસ નીકળી જાય છે – મને બે ચાર ગાળો આપે તો એય એક કામ થઈ પડે છે !' અને લાચાર નજરને ઊંચકીને એણે ઈલાબેન સામે માંડી.

ઈલાને થયું : જો એ સાચી હશે તો હમણાં જ સાદ ભીનો થશે, કાં આંસુ પણ આવશે.

પણ ગુલાબ તો વિનંતી ભરીને હસી : 'હોં ને ઈલાબેન !'

'ભલે...' ઈલાએ માત્ર આટલું જ કહ્યું.

ચારપાંચ દિવસ ગુલાબે ચારપાંચ પ્રસૂતિની વેદના જેવા વિતાવ્યા.

—એક દિવસ એ પોકારી ઊઠી : 'આમાં તો મરી જશું. .આ તે મન છે કે પ્રેત...! આને જો કામ નહીં મળે તો એ મને ફાડી

ખારો...આમે નિસરણી જેવું ચડવાનું અને ઊતરવાનું કામ આપી દેવું જોઈએ.'

અને માણસની ગમખ્વાર વસાહતને છોડી દઈને એણે પશુ સૃષ્ટિમાં પ્રવેશ કર્યો – હવે ગાયની વાછરડીને વહાલ કરવા લાગી !

રાતે એ વાછરડીને ઓસરીમાં રાખતી, એને મોડી રાત સુધી પંપાળતી અને પછી કોથળો પાથરીને, એને બાથ ભરીને સૂઈ જતી. પરંતુ દિવસ ઊગતો અને વાછરૂ એની મામાં લીન થઈ જતું...પછી ? એ પાછી વેરાન વેરાન થઈ જતી !

એ ડેલીની બારીએ ડોકાતી, આંટા મારતી બેસતી અને કામ શોધતી. હવે તો એ ફળીમાં પડેલા પથ્થરો ફેરવી નાખીને પોતાની જાતને થકવી નાખતી. અને લોથ જેવા શરીરને એ દિવસના ભાગમાં ઉંઘાડવા મથતી.

પરંતુ એના ઓથ ઝંખતા મન-પ્રદેશમાં એક કાળું ટપકું ક્યાંકથી આવીને ટપ દઈને પડતું અને ઝડપથી વિસ્તરવા માંડતું. ધીમે ધીમે એને મોં આવી જતું, લાંબા લાંબા દાંત આવી જતા, કાંટાવાળી જીભ આવી જતી અને એ એની જહરને પહોળી કરતું, જ્યાં ગુલાબના તાજા લોહીની માંગ દેખાતી...ને એ ચીસ નાખીને જાગી પડતી. એ વખતે આંગણાનાં પશુઓ એને તાકી રહેતાં અને પછી નીરણ ખાવા લાગી જતાં.

ઈલાબેન પણ એને હવે છોડી ગયાં હતાં. પાંચ-સાત દિવસ થયા એ આવ્યાં જ નહોતાં.

ડોશીને તેડી લાવવા માટે એક સવારે એ તૈયાર થઈ : ' બા ! ચાલો તો ખરાં...આપણી ગાય વિંયાણી છે. સુંદર છે એની વાછડી ...અને તમે આપણું ઘર તો જુઓ ! મેં ધોળી નાખ્યું, વાળીઝૂડી નાખ્યું, વાસણ બધાં માંઝી નાખ્યાં...અરે, આપણી જમીન પણ હું જોઈ આવી. કેવી બગડી ગઈ છે ? આપણે એને સુધારી લેશું બા ! – તમે જોજ્યોને એ કેવી નિપજે છે એ !...હવે રીસ ઉતારો...

ચાલો બા ચાલો...મારી ભૂલ થઈ સમજ્યાં! તમારી સિવાય મારું કોઈ નથી...કોઈ નથી' અને એ ડેલી તરફ ચાલી બારી ખોલી. બહારની દુનિયા દેખાણી અને એક આંચકા સાથે એ ત્યાં ને ત્યાં જડાઈ ગઈ: 'ત્યાં ત્યાં...ત્યાં તો...' એને શ્વાસ ચડી આવ્યો: 'ભગુ છે...ત્યાં...!'

અને મીંચાઈ ને ચોંટી ગયેલી પાંપણોના અંધકાર વચ્ચે વરુ જેવી તરસી બે આંખો, મગરના ચામડા જેવા ચામડાવાળો ઘાતકી કઠોર એવો ચહેરો ઊપસી આવ્યો અને ભયભીત બનેલી ગુલાબ ઓસરી બાજુ ભાગી!

'બેન!' ડેલીની બારીએ લાંબું, ભૂરું વજનદાર પરબીડિયું લઈ ને પોસ્ટમેન ઊભો હતો: 'તમારી ટપાલ છે.'

ધ્રૂજતા હાથે એણે ટપાલ લીધી અને બારી બંધ કરીને પછી ફળીમાં જ બેસી ગઈ. કંપ શમ્યો ત્યારે એણે કવર ખોલ્યું. અંદરથી ટાઈપ કરેલા કાગળો એ વાંચવા માંડી.

એની પાસે આજ કેટલા બધા અક્ષરો એના બનીને અહીં આવ્યા!

—મા જેવા, ભાઈ જેવા, મામા જેવા, કાકા જેવા...એને ત્યાં મહેમાન બનેલા અક્ષરો...!

એ બધાને ગુલાબમાં કેવો રસ હતો! ગુલાબની વાતને એણે કેવા ધ્યાનથી, કેવા વાત્સલ્યથી સાંભળી હતી!

'વાહ બધું વિગતવાર...!' એ એકદમ હરખાઈ ઊઠી...પોતાની નાની અમસ્તી કાર્યવાહીનો આટલો નોંધપાત્ર અને વિસ્તારથી મળેલા જવાબ મળ્યો એ આનંદે એને આત્મગૌરવ અપાવ્યું.

એ બધા કાગળો ખેતીવાડી ફાર્મના હતા – એમાં જમીનનું પૃથક્કરણ હતું – તેમાં ક્યાં કેવાં, અને કેટલાં ખાતરો નાખવાં, ક્યારે નાખવાં અને પછી કઈ જાતનું વાવેતર કરવું એની વિગતવાર નોંધ હતી...ઝીણામાં ઝીણું વિસ્તૃત માર્ગદર્શન હતું.

ગુલાબે એ બધા કાગળોને વહાલથી પંપાળ્યા, વારંવાર વાંચ્યા, આગળપાછળ ફેરવીને તપાસ્યા...એની આંખોમાં એક ચમકાર આવ્યો અને એણે તરત જ ડેલીની બારી વાસી અને ચાલી નીકળી ઈલાબેન પાસે.

'કાગળો આવ્યા ઈલાબેન ! જમીનના કાગળો' એણે ઈલાના ફળીમાં પગ મૂકતાં જ કાગળો હવામાં લહેરાવ્યા.

'વેચી નાખ ત્યારે...' ઈલા ચિડાઈને બોલી...પરંતુ ગુલાબે એ બાજુ ધ્યાન જ આપ્યું – એ તો સડસડાટ કરતી પગથિયાં ચડી અને બાવડે પકડીને એ ઈલાબેનને હીંડોળા પાસે ખેંચી ગઈ. કાગળ પહોળા કરીને લીંટીઓ પર આંગળીઓ મૂકતી બોલી : 'જુઓ આમાં લખ્યું છે મેં તમને નહોતું કહ્યું ! જમીન ઘણા ઊંચા પ્રકારની છે.'

'હા, ઘણા ઊંચા પ્રકારની' ઈલાબેન રસોડા તરફ વળ્યાં અને પછી સાવ શુષ્ક અવાજે બોલ્યાં : 'ગુલાબ, તું બેસવાની છો ? મારે દાળ મૂકવી છે.'

'અરે, બેસે ક્યાંથી બેન ?' ગુલાબ નિર્દોષ ભાવે બોલી અને ઊભી થઈ : 'હવે તો મારે ઘણું કામ છે...બપોર પછી તમે આવશો મારે ઘેર ?' અને જતી રહી.

ઈલાબેન રસોડામાં કાંઈ કામ નહોતું એટલે તરત જ પાછાં બહાર આવ્યાં અને ત્યારે એણે ગુલાબના પગને ચટક ચટક ઊપડતા જોયા અને એ પગ ફળી બહાર જતા રહ્યા ત્યારે તિરસ્કારથી એની પાછળ એક શબ્દને એણે ફૂળદાવ્યો : 'લુચ્ચી !' ને એંઠાં વાસણોનો પછી ફળીમાં ઢગલો કર્યો.

'ચાલો તો ઈલાબેન !' વળી પાછો ગુલાબનો ટોકો સંભળાયો : 'તમારું કામ છે.'

ઈલાએ મનને સંયમમાં રાખવા ઘણો પ્રયાસ કર્યો પણ એમાં એને સફળતા ન મળી : 'તું ગુલાબ પરિયાણુ ન કર...તારે જતા

રહેવું છે તો પછી આ ધમાલ શાની ? વેચી નાખ બધું અને જતી રહે...મારાથી આ બધું હવે સહન નથી થતું સમજી ? ચતુરને તેડાવીને જતી રહે.'

ગુલાબ સહેજ ચોંકીને બોલી : 'ચતુર !'

'હા, ચતુર તારો પ્રેમી છે – વધુ છુપાવતી નહીં. હું બધું જાણું છું. મેં એ નામ તારે મોંએથી સાંભળ્યુ છે.'

'લો, તો તો એ સારું થયું.' ગુલાબ હસી : 'તમે ચતુર વિશે જાણો છો – શું જાણો છો ? હું માનું છું કે એ શબ્દ સિવાય કશું જ નહીં...પણ એમાં શું ? હું તમને એ વિશે બધું જ કહીશ. એ ઘણો સરસ માણસ હતો...પણ હવે શું ? – હવે કશું જ નહીં – આપણને એક વાર ઢાંગલીઓ બહુ ગમતી. પણ હવે ! બસ ત્યારે .. હવે તો હું વિધવા છું. ચતુર એ જાણે છે...અને એ વિશ્વાસ મૂકવા જેટલો સરળ છે...જોજયો એ અહીં આવે ત્યારે...ટ્રેક્ટર-વાળા તો ઘણા છે પણ ચતુર...ચતુર...'

ફૂલાએ કટાક્ષ કર્યો : 'ચતુર...હા, ચતુર એટલે ચતુર ! બહુ સારો છે.'

ગુલાબે નિર્દોષ ભાવે અનુકૂળ પ્રત્યાઘાત વાળ્યો : 'જોયુ ને તમે ? મારું ખોટું ન હોય કદિ !'

'એટલે તો આ બધી ધમાલ આદરી છે ને !'

ગુલાબે હવે ધ્યાનથી ફૂલાના આખા ચહેરાને જોયો અને પછી સહેજ સંકોચાઈને બોલી : 'ધમાલ ? આને તમે ધમાલ કહો છો ? ખાતરનું કેરીઅર હું લાવી; જમીનનું પૃથક્કરણ કરાવ્યું અને ટ્રેક્ટર મંગાવ્યું એ બધી ધમાલ ગણાય ?' ને પછી હસીને હાથનો લહેકો કર્યો : 'તમેય ખરાં છો ને...હું ખેડૂતની દીકરી છું – ખેતી અમારો ધંધો છે...હાય બાપ ! તમે આને ધમાલ કહો છો ?'

'પણ તું તો વિધવા છો' ફૂલાએ ગુલાબની આંખમાં જોયું : 'વિધવાને આ બધી જરૂર શી ?'

'વિધવા છું માટે જ મારે આ જરૂર છે...' ને એ એકદમ ગંભીર બની ગઈ. પળ પછી આછા અવાજે એ બોલી: 'મને ખબર છે કે તમને આ બધું ગમતું નથી – પણ પૂછો તો કહું ને ? – હું આ બધું સાફદિલે કહી રહી છું. મને ચોવીસ કલાક કામ જોઈએ – નહીંતર મોત મને મારી નાખે' અને ગુલાબે પગ ઉપાડ્યો : 'મોત મારા સામે મોં ફાડે છે. હું એનાં મોંમાં કામ ભરી દેવા માગું છું.' અને અંતરમાંથી ઊગેલા આ શબ્દ ઉપર એ એટલી બધી મુસ્તાક બની ગઈ કે જગત બધું હવે એના પગ નીચે હતું – એ ચંપલો ફટફટાવતો ત્યાંથી ચાલી નીકળી.

શહેર અત્યારે કેટલું સરસ લાગતું હતું !—શું એ બધાંને ત્યાં આજે ખેતીનુ તોતિંગ કામ શરૂ થવાનું હતું ? એ બધાંને ત્યાં ટ્રેક્ટર આવવાનું હતું ? ટ્રેક્ટરનો પેલો કુશળ ચાલક આવવાનો હતો ?...?...?...

૨૭

—એક પળ તમે કલ્પના કરો.

—સામેથી એક કાળોતરો નાગ ફેણ ચડાવીને તમારી સામે ધસી આવે છે. લોકો તમને નાસોનાસો કરીને ચેતવે છે, પણ તમે પછી નિરૂપાયે ઊભા રહી જાવ છો. તમે હવે ચોક્કસ જાણી ગયા છો કે એ સાપ તમને ખતમ કરવા જ આવી રહ્યો છે. એ આવ્યો પણ ખરો. ફેણ ચડાવીને જમીનથી તમારી ઊંચાઈ જેટલો એ ઊંચકાયો ને મોં ફાડીને એણે એવો સીધો તમારા ગળાં પર ડંખ દીધો – તમે એ વખતે ખળભળી ઊઠ્યા. આંખે અંધારાં આવી ગયાં અને મોંમાં ચીસ...પણ પળ પછી તમને ખાતરી થઈ કે એ ડંખ નહોતો – એણે તો ગળામાં નવલખો હીરાનો હાર પહેરાવવા જ આમ કર્યું...હવે તમારા મનની સ્થિતિ કેવી બને? તમારું એ ઊભવું કે જેમાં તમને ખળભળાવનારી કાયરતા ઊપજી હતી – એ કાયરતાને તમે જતી કરવાના ખરા?– બહાદુરીનો બોજ

આપવાના ખરા?

ગુલાબ આવી બહાદુરીમાં હતી...

—ચતુર જ્યારે આવ્યો, એ પળે તો એની આંખે અંધારાં આવી ગયાં હતાં. મોંમાં ચીસ...એક પળે તો એ નાસી જવા તૈયાર પણ થઈ હતી...પણ અત્યારે! ત્રણ દિવસને અંતે એને એની નિર્ભયતા મળી ગઈ છે. એણે એના મનને બરાબર કાબૂમાં લીધું છે. હવે કોઈની દેન નથી કે એને જફા પહોંચાડી શકે – ત્રણે દિવસની સંખ્યાબંધ પળો – નેપામ બૉંબ જેવી વિઘાતક અને વિસ્ફોટક પળો – જે બહેતરપણે એના નાજુકમાં નાજુક ભાગ પરથી જ ગુજરી હતી.

એ એમાંથી હેમખેમ પાર ઊતરી હતી અને પાર ઊતર્યાનું આ મહાપરાક્રમ એને વારંવાર વાગોળવું ગમે તેટલું બળિયાતર હતું:

ચતુર જ્યારે ટ્રૅક્ટર લઈને આવ્યો, કુશળતાભર્યો એક આંચકો આપીને હાથી જેવા એ યંત્રને ડેલીના ખાનામાં ડાહ્યુંડમરું બનાવી દીધું ક્યારે?...પોતે એની સાથે એકધારું જોઈ રહી હતી. સ્ટીઅરિંગ પર ચપળતાથી ફરતા એના હાથ, ગીઅર બદલવાની એની છટા...ગજબની હતી એ બધી ઘડીઓ!

સરકસનો સિંહ એના ઉસ્તાદથી થરથરીને નાનકડા એવા ટેબલ પર બેસી જાય એમ તોતિંગ એ યંત્ર એકવાર ઘરેરીને પછી ડેલીના ખાનામાં બેસી ગયું.

સારું થયું કે પોતે હોઠ બીડી ગઈ. નહીંતર એના મોંમાંથી શબ્દ નીકળી જાત: 'શાબાશ!'

પણ એ સતર્ક હતી. ગુપચુપ રસોડામાં ચાલી ગઈ...અને ઘણી વારે એ બહાર આવી. એણે ચતુરને પાણી આપ્યું...ઉપરાઉપરી બે લોટા ખલાસ કરીને એણે ત્રીજો માગ્યો...ને ત્યારે પણ એનું મન સખણું ક્યાં રહ્યું હતું? ઊતરામણા કેટલા બધા શબ્દો એને હોઠે આવી ગયા હતા!

'અરે આમ લપ લપ કાં પીવો ! આટલું બધું કાં પીઓ ? કપાણુ લાગશે ચતુરલાલ...થોડી વાર જાળવો. પ્હેલાં મોં ધૂઓ, મોં પર કેટલી બધી રજ છે! જુઓ ખીંટી પર નેપકીન પડ્યું... લો, હું આપું.'

આવાં સંખ્યાબંધ વાક્યોને એણે રોક્યાં હતાં...રોકતાં કાંઈ ઓછી મહેનત નો'તી પડી...છતાં એણે ઓસરીમાં ખાટલો ઢાળ્યો. ગોદડું પાથર્યું, તકિયો મૂક્યો...'બેસો બેસો ચતુરલાલ !' એવુંય કહ્યું અને પછી ત્યાંથી એ ઝડપભેર જતી હતી ત્યાં ચતુરે પગમાંથી બૂટ કાઢ્યા. પટ્ટાવાળાં મોજાંથી ઢંકાયેલા એના પગ એને જોવા ગમતા હતા...અને ચતુર જ્યારે તકિયાને અઢેલીને નિરાંતે બેઠો ત્યારે ? વળી એના ગળામાં શબ્દોની ધાણી ફૂટવા લાગી: 'તમે ચતુરલાલ, પછી ક્યાં ગયા હતા ? તમને આ બધું ક્યારે આવડ્યું ? મારો કાગળ તમારા શેઠ ઉપર આવ્યો ત્યારે એણે કાંઈ પૂછ્યું હતું ? તમે એને કાંઈ કહ્યું હતું ? હું વિધવા થઈ એ બારામાં કોઈ વાત થઈ હતી ? ન થઈ હોય તો કાંઈ નહીં' અને પછી ધીમેધીમે એને ચતુર તરફ આત્મીયતાભર્યો રોષ ચડવા લાગ્યો હતો: 'તું ચતુર...કેમ કાંઈ પૂછતો નથી ? બોલતો કેમ નથી ? મારો પતિ મરી ગયો. હું યુવાન વિધવા થઈ. મારી ઉપર દુઃખના વાદળ ઘેરાયાં...તું પૂછ તો ખરો...? પૂછ તો ખરો ? અરે, હું મરી જતી હતી ચતુર, તારા સમ છે...! મેં તારી ઉપર કાગળ લખ્યો હતો...' ને ગુલાબની આંખો ભીની થઈ ગઈ હતી.

બીજા દિવસની સાંજે એણે ચતુરને જોયો અને એ લગભગ ફૂટી પડવાની અણી પર આવી ગઈ...એને કોઈ કે, અંતરના ઊંડાણમાં રહેતાં કોઈકે બહાવરી બનાવી મૂકી હતી— એને ચતુર માટે ઓછું આવી ગયું. મારો જ હાથ મારાં આંસુ ન લૂછે ! ને લાગણીના આ તીવ્રપણાએ એને પાગલપણામાં સરકાવી દીધી. સાંજે ચતુરને વાળુ આપવા એણે રસોડામાં, પોતાથી એક હાથ-

છેટે જ પાટલો ઢાળ્યો, પાણીનો કળશો મૂક્યો, દીવો સતેજ કર્યો... પણ સારું થયું – એ તો ઓસરીમાં જ ખાવા બેઠો.

'અરેરે!' અત્યારે એ પોતાના સ્ખલન માટે વિચારતી હતી. 'સારું થયું...ઘણું સારું થયું.'

—ચતુરના ચહેરાનો જમણો ભાગ દીવાના પ્રકાશમાં રસોડા-માંથી જોઈ શકાતો હતો. એ નીચું મોં રાખીને ખાતો હતો... એની ખાવાની રીત વળી પાછી ગમવા માંડેલી.

પોતાનામાં એ સાથી હતો ત્યારે કેવી તોછડાઈથી એ ખાતો? અને અત્યારે? પદ્ધતિસર, ચોક્કસ અંતરે, જરાપણ અવાજ કર્યા વગર ખોરાકનો કોઈ નિષ્ણાત જમી રહ્યો હતો...એની આંગળીઓ ક્રમબદ્ધ, ચપળતાથી ખોરાક ઉપર ફરતી હતી.

ગુલાબના મોંમાં ભીનાં ભીનાં વાક્યો દોડી આવ્યાં: 'આસા-મમાં આ રીતે ખવાય છે, ચતુરલાલ? આ રીત ઘણી જ સરસ કહેવાય!' પણ એ જ વેળા રસોડામાં બિલાડું ઘૂસ્યું અને એને તગડવામાં એ રોકાઈ ગઈ.

—ચતુર જમતો હતો. દીવાના પ્રકાશમાં એનો જમણો કાન લાલ લાલ લોહીથી ચમકતો હતો. વાળના ગૂંચળાં વ્યવસ્થિત થઈ ને એના માથાને ઢાંકતા હતાં. વાળની એક લાંબી "ટીસી" એના ગાલ પર છેક નીચે આવીને ભરાવદાર ગાલને ઓપ આપતી હતી. ડોક સીધી હતી. એક પણ નસ દેખાતી નહોતી. ખભાની રેખા સુંદર રીતે વળાંક લેતી હતી.

'દૂધ આપજો' ચતુર બોલ્યો...ગુલાબ આખું બોઘરણું લઈ ને ઓસરીમાં આવી

ચતુરે અધ્ધર જોયું ને એ કંપી ગઈ. દૂધની ધાર બે ચાર વળાંક લઈ ગઈ.

ચતુરે બોઘરા સહિતનો હાથ પકડી લીધો: 'રાખો...રાખો... રાખો.'

'રાખ્યાં ને ખાધાં...લ્યો હવે' અને એણે બે ઇંચ જેટલી પહોળી ધાર કરીને દૂધ રેડ્યું.

ચતુરે ફરીને હાથ પકડ્યો: 'માપ તો હોયને? બસ...!'

'માપ તો હોયને' એ શબ્દ કોઈ તરવૈયો બનીને આવ્યો અને છેક ડૂબવાની અણી પર આવેલી ગુલાબને બચોટે ઝાલીને સપાટી પર લાવ્યો અને પછી કાંઠે ચડાવી. અરે, એનાં ભીનાં કપડાંને એણે કોરાં પણ કરાવ્યાં.

'હા પોતે માપ છાંડી ગઈ હતી. પોતે યુવાન વિધવા હતી અને ચતુર અપરિણીત યુવાન હતો...બિચ્ચારો કેટલો બધો સારો!' રાતે પથારીમાં સૂતાં સૂતાં વિચારેલું...ને ત્યારે એને ગ્લાની થઈ આવી. આવેશો બધા ઠરીને હીમ થઈ ગયાં...મન થોડું આછર્યું. એણે લાંબો શ્વાસ લીધો: 'હાશ...!'

પથારી પર ગ્લોબ ઝગતો હતો...ગુલાબે કપાળ પર પોતાનો પંજો મૂક્યો. ઉપરથી પ્રકાશ આવ્યો. સફેદ ચામડીની આંગળીઓ-માંથી પ્રકાશ લાલ દેખાયો.

'સરસ છે આંગળીઓ!'

'લુચ્ચું નહીં તો...કોણ બોલ્યું એ?' ને એ આંગળીઓ સામે ગમતી નજરે જોઈ રહી.

આંગળીઓ હસતી હસતી બાવડાં ચીંધતી હતી, બાવડાં ખભો, ખભો ડોક, અને ડોક છાતી – બધાં એકી સાથે બોલતાં હતાં: 'સરસ છે...! સરસ છે...! સરસ છે...!'

'ના...ના...!' ગુલાબે માથું ધુણાવ્યું: 'સરસ હોય તો...' અને એ સાથે જ 'માપ તો હોયને!' એ શબ્દ ટપ દઈને ત્યાં પડ્યો. થોડુંક સળવળ્યો અને ઊભો થઈને એ દાડ્યો, ને, ઘડી પહેલાં સમજણનો જ્યાં ખૂંટો ખોડાયો હતો ત્યાં એ પહોંચ્યો અને ધક્ દઈને એણે ખૂંટાને ખેંચીને ફેંકી દીધો: 'મારું એ અપમાન હતું!'

ગુલાબ જોરથી પડખું ફરી.

—દીવાના ઉજાસની, કાપડના તાકા જેવી લાંબી પટ્ટી બારસાખમાં થઈ ને ચતુર જ્યાં સૂતો હતો ત્યાં સુધી લંબાતી હતી. ચતુર ચત્તોપાટ ડેલીના ખાનામાં ઊંઘતો હતો.

ગુલાબનું મન કળવા માંડ્યું : 'ઓહ ! એણે મને પૂછ્યું સુધ્ધાં નહીં – સંભાર્યું પણ નહીં : ગુલાબ તને કેમ છે ! તને કેવું દુઃખ પડ્યું ? જયંતિને અને તારે પછી કેવુંક ચાલ્યું ?'

ગુલાબે સૂતાં સૂતાં નજરને ચતુર સુધી લંબાવી : 'એ આટલો અભિમાની ? હું આટલી બધી તુચ્છ ?'

અને ગુલાબની નજરે તે દિવસે ટ્રેક્ટરમાં બેઠેલી અને ચતુરનાં એકધારાં વખાણ કરનારી પેલી યુવતી દેખાણી...ને પછી ગુલાબ ઉકળવા લાગી...દીવાની આસપાસ એક પીળું વાદળી કૂંડાળું દેખાયું...અને અકળાઈ ને એ ઊભી થઈ. અજવાળાના પટ્ટે પટ્ટે એ ચાલી અને આટલી વારમાં તો એક જબ્બરજસ્ત આવેશથી એનો દેહ કંપવા માંડ્યો : 'જા...ભાગી જા...! ભાગી જા અહીંથી ! મેં તને શું આટલા માટે તેડાવ્યો છે ? આટલા માટે હું આ બધું વેઠી રહી છું ? આ ખાતર, આ ખેતર, આ ખેડ...ના ના !' એ સ્વગત માથું ઝાટકવા લાગી : 'મેં...તને...મેં તને મળવા બોલાવ્યો છે.'

ચતુરના ખાટલા પાસે એ પહોંચી ત્યારે ચતુરે પડખું બદલ્યું અને એ ધ્રૂજી ગઈ...પછી તરત જ પેલી ઉભરાતી ચીજ સરર કરતી સરી ગઈ અને ગુલાબે પોતાના ગાલ ઉપર તમાચો માર્યો : 'તેં એને શા માટે તેડાવ્યો છે ? અને ભગાડે છે શા માટે ?'

'ભગવાન જાણે મેં એને શા માટે બોલાવ્યો છે અને હું પણ અહીં શા માટે આવી છું ?'

અને એ હાંફતી હાંફતી પાછી વળી. પથારીમાં પડી. ગ્લોબ ઝગઝગતો હતો...એનો પ્રકાશ ઘરની પછીતે માંડેલી છબીઓમાં

પથરાતો હતો. છબીમાં કૃષ્ણ દેખાતા હતા, ગાય દેખાતી હતી, હોઠ પર વાંસળી દેખાતી હતી. ગાયની પીઠ પર કોણી ટેકવીને રાધા કૃષ્ણને પૂછતી હતી : 'મને બોલાવી?'

જવાબમાં ઘનશ્યામે વેણુ વગાડી...! – ગુલાબે ત્યાંથી નજર લઈ લીધી.

બીજી છબીમાં સીતાની લાલ ચટક ઓઢણી હવામાં લહેરાતી હતી – એ ચીસો પાડીને : 'મને છોડી દે રાવણ !' એવું બોલતી હતી.

ત્રીજી છબીમાં સુરેખા હરણ, પછીની છબીમાં ઓખાહરણ ને પછી સુભદ્રાહરણ. નકરાં હરણ જ હરણ !

'સાહ્લાં જેને જે ગમ્યાં ઉપાડી ગયાં' એ ઊભી થઈ : 'લોહીનાં પીનારાં !' અને એણે કટ દઈને સ્વીચ દાબી દીધી. રંગો બધા અંધકારના સરોવરના ડૂબી ગયા...હવે માત્ર મરેલાં ઢોરની પાંસળી જેવા છબીઓની કેઈમો દેખાતી હતી.

ઘર આખામાં ટબોડિયાનો અંધકાર ભરાઈ ગયો હતો... સામેના જાળિયામાંથી, ચોરસ ટૂવાલ સુકાતો હોય એવા પ્રકાશમાંથી આકાશનો ટુકડો ત્રણચાર તારોડિયાને ટમટમાવતો દેખાતો હતો. એક તારોડિયો બરાબર જાળિયાના નીચેના ભાગે અને બીજો ઉપર ...પવનનો એક સુસવાટો આવ્યો...જાળિયાં પાસે કંઈક અવાજ થયો. નીચેનો તારોડિયો ઝડપથી ઢંકાઈ ગયો...અને ચોરસ આકારના એ ટુકડામાં એક કાળું ધાબ્બું સહસા ઊંચકાઈ આવ્યું...સળિયા ઢંકાવા લાગ્યા. એક.. બે...ત્રણ...ને પછી જાણે ખેંચાઈ ગયા... રક્ષણની હરોળ છિન્નભિન્ન થઈ ગઈ.

બહારનું પેલું કાળું ધાબ્બું ડોક લંબાવીને ઘરમાં ડોકાતું હતું : 'એકલી જ છોને?' એ ધીમે રહીને બોલ્યું.

ગુલાબની આંખો પહોળી થવા લાગી.

'ઊભી રે'જયે ત્યારે...!' પેલું ધાબ્બું હાથમાં જમૈયો લેતું હવે છલાંગતું હતું.

ગુલાબે ચીસ નાખી : ' ભગુ !...ભગુ આવ્યો...! ' અને પછી એની આંખો અને મોં – અવશપણે ઊઘડી ગયાં !

કંપ શમ્યો અને એણે આંખો ખોલી ત્યારે આખા ઘરમાં પ્રકાશ ચમકતો હતો. અને એના પલંગ પાસે, કાટખૂણે, એક આકૃતિ શાંત રીતે ઊભી હતી.

ગુલાબે ફરી ચીસ નાખી : ' ભ...ગુ ! '

ચતુર ગુલાબના ધ્રૂજતાં શરીરને જોઈ રહ્યો...એના બન્ને હાથ ભીડાઈને છાતી પર ચોંટી ગયા હતા. અમળાટને કારણે એનાં કપડાં બધાં આડાંઅવળાં થઈ ગયાં હતાં. શરીરના ચમકતા ભાગો પ્રકાશને ચમકાવતા હતા...ગભરાઈને આડાઅવળું દોડતું લાલ લાલ એનું લોહી, સફેદ અસ્થિબંધ એની ચામડી નીચે દોડતું હતું.

ચતુરે ધીમે રહીને એની ચામડી પર આંગળી મૂકી...ચતુરને લાગ્યું – રેશમને સ્ત્રીનું શરીર થવું ગમે છે !

એણે ધીમે, સહેતા ભાવે ગુલાબના બન્ને હાથ પકડ્યા અને પછી પથારીમાં, ગુલાબને અડકીને એ બેસી ગયો.

ગુલાબે ચીસ નાખવા ફરી વાર મોં ખોલ્યું...જાળિયાના સળિયામાં ફરી વાર ખખડાટ થયો. ગુલાબ આંખો મીંચી ગઈ...!

' હું છું...' ચતુરે ગુલાબના કપાળે પંજો મૂક્યો પછી નાકની સીધી દાંડી પરથી એણે આંગળીઓને ફેલાવી અને ગુલાબનાં બંધ પોપચાં પર ઉતારી...ને એનાં ટેરવાં ભીનાં થઈ ગયાં.

એ મૃદુતાથી બોલ્યો : ' હું ચતુર છું ગુલાબ ! ' ને એણે ગુલાબના માથાને હલાવ્યું.

' તમે ? ' ગુલાબે એકાએક આંખો ખોલી. મોં પર આશ્ચર્ય ઊપસી આવ્યું ને એ વિહ્વળ બની ગઈ : ' અત્યારે ? અહીં મારી પથારી સુધી ? હું તો વિધવા છું...મારી પાસે આમ ? '

' તમે ખોટી રીતે ગભરાઈ ગયાં છો.' ચતુર પથારી પરથી એકાએક ઊભો થઈ ગયો અને હસ્યો : ' તદ્દન ખોટી રીતે...જુઓ

સામેના જાળિયામાં ભગુ નથી...' ને પળ અટકીને એ બોલ્યો : 'કોણ છે એ ભગુ ?'

'મને થોડો ટેકો આપો' ગુલાબે બન્ને હાથ ઊંચા કર્યા... ચતુરે એ પકડ્યા અને પછી જાળિયા સામે જોતાં એ બોલ્યો : 'ત્યાં તો એક રેઢિયાર ઢોર ઓઝાડે છે !'

અને પછી એ બહાર જવા લાગ્યો : 'નિરાંતે સૂઈ રહો... મારે ધક્કો થયો નાહકનો...!'

કંટાળો ભરીને ગુલાબે એના સામે જોયું...એકાએક એના હોઠ સુકાવા માંડ્યા...એ નજરના થાય એટલા કટકા કરીને ચતુરને જોઈ રહી અને પછી પાંગતેથી એણે ગોદડું લીધું પગ પર નાખ્યું અને લાંબી થઈ.

'તમે કાંઈ બીજું ન સમજતાં હોં...' ચતુર બને તેટલી નિખાલસતાથી ચોખવટ કરવા લાગ્યો : 'એમ તો હું પણ સમજું છું...તમે વિધવા છો...સમજ્યાં ?'

ગુલાબથી હવે ન રહેવાયું : 'હું વિધવા છું તે શું ગુનો કર્યો મેં ? એ કહીશ તું ?' અને એકાએક પથારી પરથી ઠેકીને નીચે ઊતરી ગઈ. પછી ચતુર સામે ધસી ગઈ : 'બોલ, હું વિધવા છું એટલે શું થઈ ગયું ?...મારી સાથે તું વાત પણ ન કરે એમ ? હું માણસ નથી ?' એણે ચતુરનાં બાવડાં પકડ્યાં : 'હું કહું છું કે માણસ નથી હું ? મારી સામે સુધ્ધાં જોતો નથી...મને પૂછતો પણ નથી...મને ખબર છે...બરોબર બધી ખબર છે.' ને રોષથી એણે ચતુરની આંખમાં જોયું : 'તું માને છે કે હું સાવ અજાણી છું ? તું મારી પર વેર લઈ રહ્યો છે—ભયંકર.. વેર ! મેં તને ભાળો દીધેલી એનો તું બદલો લ્યે છે...હું દુઃખી થાઉં, રિબાઈ રિબાઈને મરું, એવું તું ઇચ્છે છે' અને પછી એનામાં પાગલપણું આવી ગયું. એ અટક્યા વગરના આવેશથી બોલવા લાગી : 'હું રાંડી છું...તું હસી લે...હસવું હોય એટલું...મારું લગ્નજીવન

વિફળ બનેલું છે...તમે એ સાંભળીને સંતોષ થશે ચતુર...! મારા પર અપાર સંકટો આવ્યાં છે...જયંતિ બીમાર પડ્યો ત્યારે બાપુએ મારા પર હાથ ઉપાડ્યો...જયંતિ છેલ્લાં ડચકાં ખાતો હતો ત્યારે... ત્યારે...' એનો સાદ ખોખરો થઈ ને બબડવા લાગ્યો: 'ત્યારે બાપુએ...એ ભયાનક જાનવરે...પણ ઓહ...! તારે શું એમાં! તારે શું? મને એ ભ્રષ્ટ કરી નાખત...' ને એકાએક એણે ચતુરને ધક્કો માર્યો: 'જા...! તુ બહાર જા...!'

ચતુરે જવાને બદલે ગુલાબના બન્ને હાથ પકડ્યા અને ગુલાબ પથારી તરફ ન વળી ત્યારે એણે એને ઊંચકીને પથારીમાં સૂવડાવી દીધી.

ગુલાબ ડીબકાં ભરી ભરીને રડતી હતી.

'લો, પાણી પી લો...' ચતુર પાણી ભરી આવ્યો.

ગુલાબ છોલી નાખેલા કોઈ સાપ પેઠે પથારીમાં વળ ખાતી હતી. એનાં બધાં કપડાં વળી પાછાં જેમતેમ થઈ ગયાં હતાં.

"શું આ...તે...' ચતુરે એનો ખસીને કોરે થયેલો ચણિયો ચમકતા એના સાથળ પર ઢાંક્યો. બટન તૂટીને આખી ખસી ગયેલી ચોળી પર એણે સાડલો ઢબૂર્યો અને ગ્લાસ ફરી વાર એણે ગુલાબના હોઠ આગળ ધર્યો: 'પાણી, ગુલાબ!'

ગુલાબનો ચહેરો ભયાનક રીતે વિકૃત થયો. પહોળી થઈ ને સફેદ થઈ ગયેલી એની આંખોમાં ઉપર બળતા ગ્લોબનું આખેઆખું પ્રતિબિંબ દેખાયું.

અને ચતુર કાંઈ સમજે એ પહેલાં તો, લાકડી ફટકારતી હોય એમ ગુલાબે હાથ વીંઝ્યો...અને ઠણણણ! કરતો ગ્લાસ એક ખૂણામાં જઈને પછડાયો...પાણીથી આખો ખૂણો પલળી ગયો.

'તું...તું...!' ગુલાબે દાંત પીસ્યા. જમણા હાથની આંગળી સીધી કરીને તીરની જેમ ચતુરની છાતીમાં મારી: 'તું બાયલો... છો...ના મર્દ છો...સાચી વાત એ જ છે...તારામાં [illegible]

અંગારો નથી જા...જા...તું જા!' અને પછી ઊછળીને એણે પોતાની જાતને ઊંધી કરી નાખી...એની પીઠ તોફાની સમુદ્રના મોઝાં પર ઊછળતી હોડી જેમ ઊછળતી હતી.

ચતુરના સમગ્રપણામાં એક કંપારી આવી અને કંપારીના આઘાતે ખળભળી ઊઠ્યો...એક પળ એણે દીવાના પ્રકાશ સામે જોયું અને પછી ગુલાબની પીઠ સામે..પછી એણે ઘણુ ઝીંકતો હોય તેમ પોતાનો જમણો પગ પલંગ પર ઝીંક્યો. પલંગી બે ચાર પાતર તડતડ કરતી તૂટી ગઈ!

ચતુરના પગ નીચે આવેલ ગાદલાનો છ ઈંચ જેટલો ટુકડો રૂ સાથે તૂટીને ટીંગાઈ પડ્યો...એણે ડાબા પગને જોરથી ધક્કો આપ્યો અને પલંગ આખો એક વેંત જેટલો ખસડાઈ ગયો :

એ ભયંકર રીતે ગુલાબ પર ઝળૂંબ્યો : 'ગુલાબ!' ને ઝનૂની ધ્રૂજતા પંજાઓ વડે એણે ગુલાબની ચોળીને પકડી...ધમણમાંથી તરત જ નીકળે એવી ઉની ફૂંક ગુલાબની ગરદનની આછી રૂંવાટીને ચચરાવી ગઈ.

ગુલાબ ધ્રૂજી ઊઠી.

ચતુરના હાથે એને સમી કરવા એક જબ્બર જસ્ત આંચકો લગાવ્યો અને એ સાથે જ ચોળીના પોણા મીટરનો લીરો દીવાના પ્રકાશમાં અધ્ધર ઊછળ્યો...બાંયો ગુલાબનાં બાવડામાં રહી ગઈ.

અને એક જ ક્ષણમાં ગુલાબનો નિર્વસ્ત્ર દેહ ચતુરના બાવડામાં નીચોવેલ આછાં કેસરી કપડાં જેમ બેવડો થઈને ઊંચકાયો.

ગુલાબે ચીસ નાખી : 'તને...તને પગે લાગું...' એ ચતુરની ઝગતી આંખો તરફ, એનામાં ત્રાડો પાડતાં પૌરુષ તરફ રગી પડી : 'હું વિધવા છું ચતુર...વિધવા છું...મારી ભૂલ થઈ ગઈ.'

—અને પળોના કેમેરામાં, એક ભયંકર દૃશ્ય ચિત્રણ પામ્યાનું સહસા જ રહી ગયું—ડેલીની બારી પર જોર જોરથી ટકોરા પડ્યા. ટકોરાની અડોઅડ જ એક રિક્ષાનું મશીન ગાજતું હતું. અંદરથી

ઊતરેલ કોઈ પેસેન્જર બૂમો પાડતું હતું: 'ખોલો...ખોલો!'

'જા...!' ચતુરે ગુલાબને પથારીમાં પડતી મૂકી.

'આવા વેશે!' ગુલાબ ગોદડામાં લપેટાઈ ગઈ...બે હાથ ચતુર સામે જોડીને બોલી: 'મારી ઇજ્જત બચાવ ચતુર! તું જા...ખોલ... અને કહેજે કદાચ મારા બાપુજી હોય...મારી બા પણ હોય...ઓહ! તેં કેવું કર્યું?' અને એ ઊભી થઈ, ચોળીનું ચીંથરું વીણી લઈને એણે ઓશીકા નીચે દબાવી દીધું...ગ્લાસ મૂકી દીધો, ખૂણો સરખો કર્યો.

ચતુરે જઈને બારી ખોલી.

પેલા આગંતુકે પૂછ્યું: 'પરમાણંદભાઈ અહીં રહે છે?'

'ના!' ચતુરે કહ્યું.

'તો અહીં કોણ રહે છે?'

'અમે રહીએ છીએ' ચતુરથી અજાણપણે બોલાઈ ગયું અને પછી એ પસ્તાયો. કેમ કે એથી પેલાએ એને સાથે લીધો: 'તો તો તમે જાણીતા માણસ...આવો રિક્ષામાં. આ શેરીમાં જ એ રહે છે...એની દીકરી બહુ બીમાર છે...એને બાપનું મોં જોવું છે – અમે પરમાર્થ માટે નીકળ્યા છીએ – એનાં સગાં નથી.'

અને ચતુરે રિક્ષામાં બેસવું પડ્યું – 'આ નહીં ને આ... પેલા નહીં ને પેલા મકાનમાં...' એમ કરતા રહ્યા અને દિવસ ઊગી ગયો.

સવારે એ આવ્યો એવો ટ્રેક્ટર લઈને ઊપડી ગયો. એણે ખોટામાં મોટી દાંતી ચડાવી...એ ગુલાબના ખેતરને આજ ને આજ પૂરું કરી નાખવા ઇચ્છતો હતો...પરંતુ દસ વાગ્યે દાંતી ભાગી અને એ નિરાશ થઈને ગામમાં આવ્યો.

કામ અધૂરું મૂકીને જવાય કઈ રીતે? લોકો તો પછી શું ધારે!

૨૮

ટ્રૅક્ટર લઈ ને ચતુર ગામમાં આવ્યો ત્યારે એના યજમાનની ડેલી બંધ હતી. ડેલીની આસપાસ, બબ્બે ત્રણ ત્રણ માણસનાં છૂટાં છૂટાં ઝૂમખાં ગોઠવાઈને સાવ મૂંગે મોંએ ગંભીરતાને પંપાળતાં હતાં.

ચતુરને આ જોતાં એક બૂરી કલ્પના આવી ગઈ: ' કદાચ એ ગળાફાંસો ખાઈ બેઠો છે !' અને માત્ર આટલાક એ ટપકાંએ એ બૂરાં દશ્યો એની સામે ચિત્રિત કરી દીધાં – ગુલાબનો નિઃચેષ્ટ જાણે કે ઘરના ઠેલ નીચે લટકી રહ્યો છે. ફાંસાનું રાંઢવું એની ડોકમાં પેસીને ચામડીમાં ઊંડે લગી ઘૂસી ગયું છે અને ત્યાં કાળાં મુડદાલ લોહીનું ચાઠું ઊપડી આવ્યું હતું. એની ડોક ખડી પડી હતી અને ખુલ્લી ગયેલાં મોંમાથી ચીકણું પ્રવાહી દડદડતું હતું અને આસપાસ માખીઓ ગણગણતી હતી.

ચતુર નખશીખ ધ્રૂજી ગયો.

—કેટલાક પુરાવાઓ ત્યાં મોજુદ હતા – ગુલાબની ફાટેલી ચોળીનું ચીંથરું

હતું, પલંગની પાટી તૂટેલી હતી, પલંગના ગાદલામાંથી એક ગાભું નીકળી ગયું હતું અને રૂ ઘરમાં ઊડતું હતું. ફેંકેલો ગ્લાસ પાણીના ખાબોચિયામાં હજી પણ પડ્યો હતો.

બંધ મકાનમાં જાણે આ જ બધું ચાલતું હતું. કોઈ અનુભવી અમલદાર ત્યાં પંચ તરીકે રોકેલાં માણસોને કહેતો હતો: 'જુઓ છો ને? આ આત્મહત્યા નથી, આ તો એક યુક્તિપૂર્વકનું ખૂન છે...જુઓ...આ...આ ચાંભાં...અહીંથી એને પકડી છે...આ સ્ત્રીનો ઊજળો વાન અમને ખૂબ મદદ કરશે – જુઓ, ગુનેગારનાં જાડાં આંગળાંઓની રેખાઓ, આ વાનમાં સ્પષ્ટ રીતે ચિતરાઈ ગઈ છે.'

ચતુરે ટ્રેક્ટરને જોરથી ઘુમાવ્યું. એક રેઢિયાળ ગાય પીલાઈ જતાં રહી ગઈ, છતાં બજારની એક કૂંડી તૂટી ગઈ.

માણસોનાં પેલાં ઝૂમખાંઓ, એને કોઈ જંગલી જાનવરની પેઠે જોઈ રહ્યાં હતાં અને તરત જ પાછાં ધીમા સાદની વાતોમાં રત થઈ ગયાં.

"—ચતુર ઠેકડો મારીને બેઠક પરથી નીચે ઊતર્યો અને બારી પાસે આવ્યો...એક વાર ચારે બાજુ જોઈ ને એણે ધીમેથી બારીને ધક્કો માર્યો. પરંતુ અંદરની સાંકળ બંધ હતી. એ પળભર ચૂપચાપ ઊભો રહ્યો...પેલાં ઝૂમખાં એને જ જોઈ રહ્યાં હતાં...એ ઝટ ઝટ ત્યાંથી ચાલતો થયો અને મકાનના પાછળના ભાગમાં ગયો...અને ત્યાં પણ સ્ત્રીઓનું મોટું એવું ટોળું બજર સૂંઘતું, સળીઓથી દાંત ખોતરતું, ગુસપુસ કરતું જમા થયું હતું.

'જુઓ, એક અક્ષર પણ બોલે છે?' મકાનની અંદરના ભાગમાં ઝાંકતી એક સ્ત્રી કહેતી હતી.

બીજી એને ટેકો આપતી બોલી: 'બોલાય કઈ રીતે? ગુનો કર્યો છે.'

'કેવી ધખડાવે છે, પણ જીભ સિવાઈ ગઈ રાંડની!' ટીનના ડબા જેવા માથાવાળી એક સયાણી ડોશી; સાદવાળા ડોશી અવાજને

ધીમો કર્યો વગર નિડરપણે બોલતી હતી...ચતુરે પગનો અવાજ કરીને એને ચેતવી, પણ એ જરાય ડગી નહીં: 'મારી જેવી હોય તો ખબર્ય પડે – જીભડો જ ખેંચાય જાય ..નો શું બોલે?'

ચતુરને પ્રથમ તો એ ડોશીની જીભ જ ખેંચવાની ઇચ્છા થઈ, પણ બીજી પળે એને એ શબ્દો આશ્વાસક બન્યા: 'કાંઈ નહીં, ગુલાબ જીવતી છે...એ આની સાબિતી છે – કદાચ એની જીભાન બંધ છે – કેમ કે એના ગળામાં ફાંસાનું રાંઢવું જરા વાગ્યું છે અને ગળામાં સોજો આવ્યો છે.'

'રાંડીરાંડ થઈને રંગત લૂગડાં પહેર્યાં તોય ડોશી બચ્ચારી બોલી નહોતી' જીણા સાદવાળી ડોશી કહેતી હતી: 'એને મૂકી જુઓ મારા હાથમાં. ચીરીને બે ફાડિયાં કરી નાખું – આ રહી સકુડી' એણે પડખે બેઠેલી એક બાઈને ચીંધી: 'રાંડીરાંડ છે, પણ એના પગની પાનીય ભાળી કોઈએ? પુરુષ નામે છોકરોય ન રમાડે!'

'અરે, પાનુ ડોશીની જ વાત કરોને...જેંતી પાંચ વરસનો હતો ને બચ્ચારી રાંડી'તી.. લીલો સાંઠો હતી, પણ પાર ઊતરી ગઈ ને! કોઈથી કહેવાશે કે એણે ક્યાંય નજર બગાડી?'

ચતુરથી હવે અહીં ઊભા રહેવાય તેમ નહોતું...એને તરસ લાગી હતી, ગળામાં સોસ પડતો હતો, હોઠ સુકાતા હતા. એને એક વાર પેલી હાંડા જેવા માથાવાળી ડોશીનું માથું નીચોવીને તરસ છિપાવવાનો વિચાર આવી ગયો. પણ એ સમસમીને ત્યાંથી ખસી ગયો.

'છેને ખારસો પીલલોડ જેવો!' પેલી ડોશીએ ચતુરની પીઠ પાછળ ઘા કર્યો.

બીજીએ આંખો નચાવીને ટાપસી પૂરી: 'એ સખણો રહેવાનો કાંઈ! ઉપાડી જવાનો.'

ચતુરે એક વાર ઝાટકો આપીને માથું પાછળ કર્યું અને

છલાંગો ભરતો આગળ વધ્યો, પણ ખૂણા પાસે એ અટકી ગયો.

'ભગુને જેવો તેવો ન માનતાં હોં' આદમી બધા વાતો કરતા હતા : 'એણે રખોપાં કર્યાં છે, દાદાગીરી પણ કરી છે – જોવામાં એને કોણ કહે કે એ કણુબી છે!'

ચતુરની આંખો ખૂણાના પાણા ખળભળાવતી ત્યાં સુધી પહોંચી ગઈ અને ભગુના એ પ્રશંસકને બોચીએ પકડીને કહેવાનું મન થયું : 'એ જ ને તારો ભગુ...જે ગુલાબ જેવી વિધવા સ્ત્રીને રિબાવી રહ્યો છે...એ જ ને એ તારો ભગુ, કે જેણે જયંતિની હાજરીમાં ગુલાબને બાવડે પકડી હતી...એ જેવો તેવો નથી એમ?...એ તો કૂતરો છે, જીવડા પડેલો કૂતરો' ચતુરે હવામાં હાથ ફેલાવ્યા પછી મસળ્યા : 'ભગાબગાનાં ગજાં નહીં...એ શું ઉપાડી જવાનો હતો...હું છું ને...હું જ ઉપાડી જાશ... જુઓ છો ને આ હાથ?' ચતુરે મુઠ્ઠીઓ વાળી : 'આની સામે થવાનો ચાળો તો કરી જુઓ? મારા હાથ જ મારી મૂડી છે, જાણો છો? એના બળે હું બધું જ કરી શકીશ...મને વિશ્વાસ છે મારા આ હાથનો...' ને પછી એણે એ હાથને છાતી પર મૂકીને માથું ઊંચું કર્યું : 'ગુલાબ આ મર્દની છે...મારે ઘર નથી, બાર નથી, પૈસો નથી – તેથી શું થયું? શું થયું તેથી? હવે હું બેસી રહીશ એમ?' અને પ્રકાશ ભરી હવામાં એણે વજનદાર શબ્દોને તરતા કર્યા : 'એ ગુલશન છે...હા...એની આંખોમાં મને પ્રિય એવી ગુલશન છે...મને તમે કેવો સમજો છો? મારી સઘળી આશા છે આ ગુલાબ! — ગુલાબને હું લઈ જાશ. મને ભલે ચામડાના ચાબૂકથી ફટકારો, ભલે મારું ઘર સળગાવો...ભલે બધું થાય...મારે તો ગુલાબ જીવતી છે એ બસ છે... હા, એ જ બસ છે મારે...' અને એ નિર્ણયાત્મક ચાલથી બારી તરફ ધસ્યો.

'તેં નોકરોને કાઢી મૂક્યા, દુકાનને તાળાં માર્યાં. ગોવાળને

જૂએ કહ્યો' અંદર એક આધેડ સ્ત્રી ગુલાબને લવડાવતી હતી. ચતુરે એ બારીની તિરાડમાંથી જોયું. ડોશી જેવી એ સ્ત્રીની ભાંગીતૂટી રેખાઓ ગુલાબ સામે પડતી, આખડતી, હુમલો કરતી હતી...સામે ગુણીયાં પર ગુલાબ બેઠી હતી: સાજી, સારી, શાંત ગુલાબ !

ચતુરે એની ડોકને બરાબર જોઈ – એ નખશીખ સલામત હતી.

'હું નથી જાણતી એમ ?' ડોશી ખાતરની ગુણ તરફ ધ્રૂજતો હાથ લાંબો કરીને બોલી: 'આ ખાતરને શું કરવું છે ? મને કહે તો ખરી, શું કરવું છે એને ? તારે ખેતી કરવી છે ? પૈસા કમાવા છે ? હવે ? મારો જેંતી ગયો તીકાઉચે ? તને હવે આ બધું સૂઝ્યું ?...આ બધું તરકટ છે સમજી ? તેં ટ્રેક્ટર મંગાવ્યું, જુવાન ડ્રાઇવર મંગાવ્યો...કહું છું એ કોણ છે તારો ? અહીં ખાયપીવે, અહીં સૂવે – હા...આ...!' ડોશી ચાવી દીધેલાં પૂતળાં પેઠે એક-ધારું માથું ધુણાવતી બોલી: 'બોલી નાખ, જીવતા રહેવું હોય તો' ને ડોશી ઊછળીને ઊભી થઈ.

— ગુલાબ શાંત નિશ્ચલ બેસી રહી.

'રાં...ડ.!' ડોશીનો હાથ વીંઝાયો અને એક ફડાકો ડેલીની બારી સુધી ધસી આવ્યો.

ચતુરે બારીમાં ઢીકા માર્યો: 'ખોલો...! બારી ખોલો !'

ડોશી એ બાજુ ગર્જી: 'કોણ છે એ ?'

'હું છું...ખોલો.'

'હું એટલે ?' ડોશી આખે આખી બારી સામે ફરી: 'હું એટલે કોણ ?'

'હું એટલે ટ્રેક્ટરવાળો' ચતુરે જોરથી એક ધક્કો માર્યો: 'ડેલીને સાજી રાખવી હોય તો ખોલો, સમજ્યાંને !'

ગુલાબે ચતુરનો એ ધ્રૂજતો, સળગતો, પડઘા પાડતો સાદ સાંભળ્યો અને એ એકદમ ગભરાઈ ગઈ. એણે એક મોટો નિ:શ્વાસ નાખ્યો: 'તું અહીં ક્યાં આવ્યો ચતુર ? — આ બધું મારા માટે

છે – મારી એકલી માટે...તારે શું ! ' અને ગુલાબ એકાએક ઊભી થઈ મનથી નક્કી કર્યું બારીએ જઈને પોતે ચતુરને કહી દે : 'બહુ થયું ચતુર !...જતો રહે ..હવે તું જતો રહે...મારા નસીબમાં માંડ્યું હશે એ થઈ રહેશે ..તું અહીં કદિ' ન આવીશ કદિ'.'

અને ગુલાબ ડેલી તરફ ફરી : ' બા ! હું ખોલું છું.'

' એમ કે ?' ડોશીએ લહેકો કર્યો : ' હં...અં...તું ખોલે એમને ? તું તો શું કામે ન ખોલે ? મનનો માનેલો સાદ કરેને.'

' તમે બોલો, પણ બીજું નકામું શું કામે બોલો છો ?' ગુલાબ સાવ ગરવા ગરીબ અવાજે બોલી : ' જાણ્યા કર્યાં વગર, બા ! એ તો સીધો છે, સાદો છે ! '

' મારે એને જોવો છે, સમજીને ?' ડોશી સડેડાટ કરતી બારીએ આવી અને આંચકો મારીને એણે બારી ખોલી...બારી વેગથી કમાડ સાથે ભટકાણી અને એ જ વખતે, એવા જ વેગે ચતુર અંદર આવ્યો : ' બોલો...' ડોશીને જોઈને એ બોલ્યો : ' શા ફજેતા માંડ્યો છે ?'

" એમ રાડ્યું પાડીને મને ડરાવીશ એમ ?' કેડયે હાથ દઈને ડોશીએ ધડ વચમાંથી ડોકને સીધી કરીને ચતુર સામે ઉછાળી : ' મને ડરાવ છ ?...મારી પછવાડે ભગુ જેવો ડાઘો બેઠો છે – તારી જેવાની તો એ કઢી કરી નાખે...સમજ્યો ?'

' હા સમજ્યોને ?' ચતુરે વ્યંગમાં માથું હલાવ્યું.

' તું...' ડોશી એક ડગલું એની સામે જોઈને ઊભી રહી : ' કહું છું...તું ધંધો શું કર છ ?'

ચતુરે એક પણ શબ્દ બોલ્યા વગર બારીમાંથી દેખાતા બજારમાં જોડેલા ટ્રેક્ટર સામે આંગળી ચીંધી.

' તું ટ્રેક્ટરવાળો છો !'

' ટ્રેક્ટરવાળો છું.' ચતુર જરા પાછો હસ્યો.

' અહીં ખાવું, પીવું. સઈ રહેવું...કહું છું તું કોને પૂછીને આવ્યો ?' અને ડોશી એકાએક ગુલાબ તરફ ફરી : ' આ મારી

વહુ છે, જુવાન છે...રાંડીરાંડ છે, સમજ્યો ?'

'સમજ્યોને !' ચતુરની આંખમાં હવે ડોશીની ઊંડી ઓળખાણ સળવળવા લાગી હતી અને એથી એને ખૂબ ગમ્મત પડતી હતી. જ્યારે ગુલાબ તો ચતુરને વિનવણી કરતી આંખે જ જોઈ રહી હતી.

'શું સમજ્યો તું ?' ડોશી વળી પાછી ચતુર તરફ ફરી: રાંડી-રાંડ તો હું પણ હતી, પણ તારી જેવા ઢૂંકી ન શકે – પછી ખવાય, પીવાય અને સૂવાય તો શાનું ? જેંતીના બાપ મરી ગયા, તયેં ચોવીસ વરસ જ થયાં'તાં. મને પણ કોઈ આંગળી ચીંધી જુએ મારો બેટો...હું પાનું છું...પાનું...મને તું ઓળખ છ ?'

'હા, ઓળખું છું.' ચતુરની ડોક એકાએક સીધી થઈ. હોઠ સંકોચાયા, ભવાં અધ્ધર ચડ્યાં. એ ડોશી નજીક જઈને બોલ્યો : 'ખરેખર તમને ઓળખું છું' ને એ એકદમ ડોશીની સામે ખોડાઈ ગયો, પછી એણે ડોશીની આંખો શોધી અને એની કીકીઓમાં પોતાની ધારદાર નજર ઘોંચી : 'તમે નીચ છો...સાંભળો છો ? તે દિવસે જગ્યામાં...' ને એણે ઝડપથી ચારે બાજુ જોઈ લીધું અને પછી બોંબ જેવો શબ્દ ડોશીના કાનમાં ઝીંક્યો : 'ભગત – જગ્યાના પેલા ભગત – યાદ કરો...બરાબર યાદ કરો...એ દિવસે સાંજ હતી ને હું પણ ત્યાં હતો...ભગત ભાગી ગયા...!'

ડોશી, ઝંઝાવાતમાં ચડેલાં કોઈ પંખીની જેમ ગડથોલું ખાઈને ઊભી ઊભી જ ખળભળી ગઈ. એની આંખો ધોળી થઈ ગઈ. ને એના પગની આંગળીઓ સાપ પેઠે ધૂળમાં સળવળવા લાગી – જાણે એનો આત્મા કોઈ ખેંચીને લઈ ગયું હતું. કેટલીય વાર પછી એનું ગળું ઊઘડ્યું : 'હરામખોર...!' ને એણે પીઠ ફેરવી, દોડીને ઓસરીમાં ગઈ અને થેલી હાથમાં લઈને એ ઝડપથી ડેલી બહાર જતી રહી.

* * *

'હવે એ ગુલાબનુ નામ તો નહીં જ લેવાની' ડોશી ગઈ.

તરત જ ચતુર ટ્રેક્ટર રિપેર કરાવીને, ખાધા-પીધા વગર ખેતરે પહોંચી ગયો.

એણે ફરી વાર મોટી દાંતી ચડાવી અને બરડા જેવા ભાગ ઉપર એ ઊંડા ઊંડા ચરેરા પાડી નાખ્યા. પછી એણે પાવડી ચડાવી અને યંત્રને માર માર ઉપાડ્યું...આગળ ને પાછળ .આગળ ને પાછળ.

એને અત્યારે ખેતરના ઢેફામાં ગુલાબનો પ્રસન્ન ચહેરો દેખાવા લાગ્યો. ચાસમાંથી નીકળીને ગુલાબ કહેતી હતી: 'ચતુર! તેં ભારે કામ કર્યું હોં.'

ઢેફામાંથી ગુલાબનો મુક્ત, તાજો, ખીલતો આત્મા બોલતો હતો: 'તેં તો ચતુર, મારું હંમેશનું દુઃખ મટાડી આપ્યું...તું ભલે આવ્યો...ભલે આવ્યો.'

ચતુર સામે શેઢે જતો અને પથ્થરના સઘળા ખાંભા હસતા હસતા કહેતા હતા: 'તેં સારું કર્યું હો જુવાન! ડોશી ચૂપ થઈ ગઈ. અરે, નાસી ગઈ...બિચારી ગુલાબને એ કરડીને ખાઈ ગઈ'તી..! તું તો ભડ નીકળ્યો, ભડ!'

'તે હું ભડ જ છું' એ ગીઅર બદલતો અને ટ્રેક્ટર કૂદતું કૂદતું દોડવા લાગતું...' તમે જોજયોને...એને હું લઈ જવાનો છું... મારા ટ્રેક્ટરમાં બેસાડીને લઈ જવાનો છું. સૌની આંખો ફાટી રહેશે...કોઈ આડું કરશે તો જુઓ આમ...' કહીને એ મોટાં મોટાં ઢેલાં પર ટ્રેક્ટરને કુદાવતો. ઢેલાંઓની ઝીણી ઝીણી કરચો થઈ જતી: 'આ કાંઈ જેવું તેવું છે?' એ સ્ટીયરિંગ પર હાથ પછાડતો: 'આસામના ડુંગર તોડે છે...મારું એ સાથીદાર છે. આને રીંછ કહો, સિંહ કહો, વાઘ કહો, હાથી કહો – મારું એ પાળેલું છે...મારી ઇચ્છા મુજબ એ વર્તે છે. હું કહું ત્યારે એ બળ કરે છે, દોડે છે, ઊભે છે...બરાડા પાડે છે કે શાંત રહે છે...મારી ઇચ્છા મુજબ એ વર્તે છે...હા, હવે હું એને કહીશ: 'ચાલ આસામમાં ઊઈજા આમને...' ને એ પ્રસન્નપણે પોતાની કલ્પના વણવા માંડ્યો:

'આશ્રમમાં એક પ્લોટ લઈ લેશું...ચાનો બગીચો બનાવશું...મને ગુલાબ ગમે છે...હું કોઈ ને એ કેમ સમજાવું ? એ ગુલશન છે...હું એને લઈ જઈશ. આજ ને આજ...આજ ને આજ !'

અને એ સાંજે, માંડવે જતા વરરાજાના મનોભાવથી અંતરને શણગારીને ઘેર આવ્યો.

ગુલાબ સૂમસામ એક જંગલ બનીને બેઠી હતી. સાંજનું અંધારું ફળીમાં અને ઘરમાં બધે જામ થઈ ને ચોંટી ગયું હતું. ઢોર ગમાણમાં મોં નાખીને કડ કડ અવાજ કરતાં હતાં.

ચતુરે ફળીની ધૂળમાં જોવા માંડ્યું. ફળીમાં ઘણાં બધાં માણસનાં, પહેલાં આવવાનાં અને પછી જવાનાં પગલાં પડ્યાં હતાં.

ચતુરે ફરી વાર ચારે બાજુ જોયું અને પછી નિરાંત કરીને ગુલાબને નોંધી અને સંતોષપૂર્વક બબડ્યો : 'ડોશી પાછી તો નથી આવી...પણ આને શું થયું છે ?' ને એ ગુલાબ સામે જોઈ જ રહ્યો.

ગુલાબ હજીય કશું બોલી નહોતી. ચતુર ધીમે પગલે ચાલતો ગુલાબ પાસે આવ્યો : 'મને ખબર છે સમજી !' કેડય પર હાથ મૂકીને સંતોષભર્યું એ હસ્યો : 'એ અહીં રહી જ ન શકે — હું હાજર હોઉં ત્યાં સુધી તો નહીં જ...એ ગુનેગાર છે...ભયંકર ગુનેગાર...! વિધવા થઈ ને...એ કાંઈ જેવી તેવી વાત નથી...ગજબ છે ગજબ ! દુનિયા જાણે તો એને મરવું પડે ગુલાબ !' ને એ ઉભરાતે હૈયે નજીક ગયો. ગુલાબનો હાથ એણે પ્રેમથી હાથમાં લીધો. ધીમેથી પંપાળ્યો અને પોંચા પર ચુંબન લીધું : 'હવે મૂંઝાવું-મૂંઝાવું છોડી દે, ગુલાબ ! ઘણું થયું...હવે હાંઉ...આપણે જતાં રહીએ, બસ જતાં જ રહીએ...જો...આપણને કોણ રોકે છે ?' અને આવેશમાં એણે ગુલાબનું આખું બાવડું પકડી લીધું : 'તું કહે તો અત્યારે...'

અને એ સ્તબ્ધ બની ગયો — ગુલાબે આંચકા સાથે હાથ

ભંચી લીધો અને મોં ફેરવી ગઈ.

ચતુર લાગણીથી ધ્રૂજતા અવાજે બોલ્યો : 'તું મને રિબાવમાં ...તું મને ગમે છે ગુલાબ ! ને મને ખાતરી છે કે હું પણ તને ગમું છું...' અને એ ગુલાબની સામે ભોં પર બેસી ગયો : 'હું તારી રાહે—ખુલાસો કરું છું—તારી જ રાહે હજી એકલો છું.'

ગુલાબે એક આછું છતાં ઊંડું એવું ડૂસકું મૂક્યું...અને કેટલીય વાર પછી એ રગડાતા સાદે બોલી : 'તું જતો રહે...ચતુર, જતો રહે...! મને માફ કરજે...હું નહીં આવી શકું...ના ના...! ન અવાય મારાથી. હું જયંતિની વિધવા છું...'

'એનોય મેં વિચાર કર્યો છે...અરે, આખો દિવસ મેં વિચાર્યું છે તું ન આવે તો કંઈ નહીં—હું અહીં રહીશ...!'

'અહીં ?!' ગુલાબ એક આંચકા સાથે ચતુર સામે ફરી.

ચતુરે ઉત્સાહપૂર્વક કહ્યું : 'હા...'

'ના !' ગુલાબે માથું ધુણાવ્યું : 'ના ના ! તું અહીં રહે તો...મારી સાસુ...મારી સાસુ—ન રહી શકે...!'

'ધોળી એ...એને સંભારમાં.'

'ન સંભારું ? હું એના વગર રહી શકું ? ના ના...એ મારો સથવારો છે મારા જીવનભરનો સાથ...ને તેં એને ઝૂંટવી લીધો ?' ગુલાબનો અવાજ તરડાઈ ગયો : 'તું આટલો બધો ઘાતકી બન્યો ! એને વીંધી નાખવામાં તને શો લાભ થયો ? એ બિચારી એક પણ શબ્દ બોલ્યા વગર જતી રહી...મને એક પણ શબ્દ ન કહ્યો. એક પણ ગાળ ન દીધી...ના ના ! હું એને છોડી ન શકું મારું અંતર...મારું અંતર વીંધાય જાય છે' ને એણે ડૂસકું ભર્યું : 'તું હવે જતો રહે...બસ જતો રહે, એ જ ઠીક છે. સવારે જા તું તારે...મારી આશા છોડી દે...ભલો થઈને છોડી દે...હું વિધવા છું. પરણીને ન્યાયથી બનેલી વિધવા ! મારે સાસુ છે, ઘર છે, સાસરાનું આ ગામ છે. આ બધું મારું છે...માટે હવે શાની જરૂર

'છે ! કશી નહીં...મેં ખોટે રસ્તે ઘણું વિચારી નાખ્યું. અને એનું પરિણામ મારે માટે આ સંજોગો ઘસડી લાવ્યું.'

ચતુર આડાઅવળો વેરાઈને માત્ર જોઈ રહ્યો...ખેતરમાંથી એ ચળકતા સિક્કાનું ગૂંજું ભરીને આવ્યો હતો અને ગુલાબે અત્યારે, એ બધા જ આંચકીને કૂવામાં ફેંકી દીધા હતા !

૨૯

પોતાને ભૂખ નહોતી, હોય તોયે ખાવું નહોતું અને એને ખાતરી હતી કે ચતુર પણ ખાવાનો નથી છતાં ગુલાબ રાંધવા બેઠી. અત્યારે રાત પડવા ટાણે એની પાસે બીજી કોઈ પ્રવૃત્તિ નહોતી – માત્ર રાંધવું એ જ એક કામ હતું અને પથારીઓ થતાં સુધી પોતાની જાતને વીંધાઈ જતી બચાવવા માટે એ જ એક ઉપાય હતો.

ગુલાબે જોયું હતું કે ચતુર સાવ આરામથી, ઘરનાં બારણા તરફ ચિકિત્સક નજરથી જોતો બેઠો હતો – કદાચ એ પોતે બહાર નીકળે એની જ વાટ જોતો હતો.

'તેં આ બધું ખોટે રસ્તે વિચાર્યું છે એમ ને?' એ કહેવાનો હતો – એના સ્વભાવ પ્રમાણે પોતા પર ધસી આવીને નહીં, પણ પોતે જો એની આસપાસમાં ફરકશે તો એ ચૂકશે નહીં... લાંબો એક શ્વાસ લઈને એ ઉમેરશે: 'ખોટે રસ્તે

તેં નહીં, મેં વિચાર્યું છે ગુલાબ! હજી પણ મારાં ડગલાં ખોટે રસ્તે જ છે ને?—ફેર એટલો કે તું પાછી વળવા ભાગ્યશાળી છો જ્યારે હું—'

આ વાક્યો સાંભળવાનું ગુલાબનું ગજું નહોતું – માટે જ એ જેમ તેમ, જેવું તેવું રાંધવા લાગી ગઈ... દરેક વસ્તુ બનાવતી વેળા એને ખાતરી હતી એ જમવાનો નથી અને શા માટે જમવાનો નથી એની ખાતરી પણ પોતે જ આપતી હતી: 'કયા મોઢે જમે? મેં એને જતા રહેવાનું કહ્યું – તગડાવીને જતા રહેવાનું... આવું કોઈ કરે ખરું? કરે તો કોઈ સાંખે ખરુ?'

રાંધતાં રાંધતાં એ ઊભી થઈ અને રસોડાના જાળિયામાંથી એ ડેલી તરફ ડોકાણી... ચતુર આરામથી ડેલીના ખાનામાં લાંબો થઈને સૂતો હતો. ગ્લોબના અજવાળે એના ચહેરાનો જમણો ભાગ પ્રકાશમાં ચોક્ખી રીતે દેખાતો હતો... એ ભાગમાં કશીય ગડમથલ વગરની સ્થિર શાંતિ હતી.

'સારું થયું' ગુલાબે સંતોષ અનુભવ્યો: 'ખાસ ખોટું તો નથી લાગ્યું.'

અને પછી ગુલાબે પાટલો શોધ્યો, લૂછ્યો, પાણીનો લોટો ભર્યો, ફાનસ લીધું અને બધું ઓસરીમાં ગોઠવ્યું.

આ વેળા ચતુરની રીસ સાવ ઊતરી જાય એવા શબ્દોમાં સાદ કરવા એ શબ્દોની પસંદગીમાં ઊતરી.

'ચાલ!' એક સ્નેહાળ શબ્દ હોઠ લગી દોડી આવ્યો... 'અંહક!' ગુલાબે માથું ધુણાવીને એને પાછો કાઢ્યો: 'હવે એ સારો ન લાગે.'

'ચાલો' ને ગુલાબને 'ચાલો' વાક્ય ગમ્યું. એણે ડોક હલાવીને એને આવકાર્યું: 'ચાલો, વાળુ કરવું છે ને?... ચાલો ત્યારે વાળુ તૈયાર છે.'

'મારે નથી કરવું વાળુ...' ચતુર જાણે કે બોલતો હતો:

ગુલાબ એને વિનવવા માંડી : 'વાળુ વગર સૂઈ રહેવું છે? બાર કલાક માટે આવું શું કામે કરો છો? ભૂખ્યા પેટે મારે ત્યાંથી જશો? ના ના...એવું કરોમાં. તમે તો...તમે તો મારા મહેમાન છો...'

'મહેમાન ગણો છો માટે જ નથી ખાવું.' એ બોલ્યો.

'મહેમાન ન ગણું તો બીજું શું ગણું?' ગુલાબ હાંફતી હાંફતી બોલી : 'બીજું કશું ન ગણાય મારાથી...તમે મહેમાન જ છો.'

'એ કદિ' ન બને ગુલાબ!' ચતુર જાણે ઊભો થઈ જઈને આવેશથી બોલ્યો : 'તું જાણે છે?...જાણે છે તું? હું...હું તને ચાહું છું – ખૂબ ખૂબ ચાહું છું.' ને એણે પોતાની છાતી પર જમણા હાથની આંગળી ટપકારી : 'અહીં તારું નામ લખાઈ ગયું છે...સાંભળ તું...તારા માટે બાવો બન્યો...બીજું ઘણું બન્યો... ને તારા માટે જ પાછો માણસ બન્યો...ફક્ત તારા માટે અને તું મને તરછોડે છે? મને કાઢી મૂકે છે? ના ના...! તને છોડીને હું ક્યાંય જવાનો નથી...તું માત્ર ગુલાબ છો – મારી પ્રિય ગુલાબ! તું વિધવા નથી...તું જયંતિને પરણી નથી...જયંતિ તારો પતિ નથી...જયંતિ આપણા વચ્ચે માત્ર ત્રીજો જણ હતો...એ તને ગમતો નહોતો...મને બરાબર ખબર છે – નહોતો જ ગમતો...તેં મને કહ્યું પણ હતું...તું મારી સાથે ચાલી નીકળવા પણ તૈયાર હતી...તું જયંતિ જયંતિ શા માટે લવે છે? જયંતિ રહે કે જાય – એનાથી કશો જ ફેર પડતો નથી, ગુલાબ!'

પોતાની જાત સાથેના આ સંઘર્ષથી ગુલાબ અકળાઈને ઉભરાઈ ગઈ અને એ અભાનપણે જોરથી બોલી ગઈ : 'ચતુર...!'

'મને બોલાવ્યો?' ડેલીના ખાનામાંથી ચડપ દઈને ચતુર ઊભો થયો.

શ્વાસની ચાલતી રમઝટ વચ્ચેથી માંડ માંડ ગુલાબે ' હા ' ને બહાર કાઢ્યો.

—ચતુર પાણીઆરે આવીને હાથ ધોતો હતો. ગુલાબ એને જોઈ રહી.

' રોટલા તૈયાર છે ને ? ' એ હાથ લૂછતો પાટલા પર બેસી ગયો.

ગુલાબનું મન કોણ જાણે કેમ ઉવળી ગયું : ' હા તૈયાર છે, રોટલા ! '

' ભલે ભલે... ' એક પગ નીચે અને એક પગ પાટલા પર રાખીને એ ગોઠવાઈ ગયો.

ગુલાબે બહાર આવીને રોટલા મૂક્યા, અથાણું મૂક્યું, શાક મૂક્યું અને દૂધનું બોઘરું મૂક્યું – અને આટલું કરતાં કરતાં ગુલાબનું મોં ચડીને ઢમઢોલ થઈ ગયું !

ફાનસના અજવાળામાં એણે ચતુરના રોટલો ઓગાળતા, ઢોરા ઢોરા થતા ગાલ સામે, દૂધના સબડકા બોલાવતા હોઠ સામે, અને અજગરના ગળા પેઠે કોળિયા ગળી જતાં એના જાડાં ગળાં સામે જોયે રાખ્યું. અને એ છળા ઊઠી : ' છેને છપ્પનિયાનો રાંક ! આહલાને ખોરાક ઉપર કેવી પ્રીતિ છે ?—ઢાંઢો છે ઢાંઢો ! ' એણે એક લાંબો શ્વાસ લીધો અને પછી પસ્તાણી : ' મેં આને... આ ઢાંઢાને પ્રેમ કરેલો ! ' ને એના અવાજમાં રુદનના ટશિયા ફૂટવા માંડ્યા : ' એને કાંઈ છે ? ચોકખો બળદ છે... બળદમાં કદિ કશા પ્રત્યાઘાત સંભવે ખરા ? ' ગુલાબે રીસમાં હાથનું લટકું કર્યું : ' બેસી ગયો – છપ્પનિયાના રાંકની જેમ – ટપ દઈને ખાવા બેસી ગયો... મેં એને સવારે જતા રહેવાનું કહ્યું. અહીં રહેવા માટે એને તિરસ્કારી નાખ્યો – કાંઈ છે એને ? '

—ભીંત ઉપર, મોં ફાડતો, બટકાં ભરતો, દૂધના સબડકા લેતો ચતુરનો પડછાયો એને ગાંડીતૂર બનાવતો હતો !

'સારું થયુંને તે દિવસે બચી ગઈ' ગુલાબ જાત સાથે સમાધાની બની : 'ભલું થજો ગાયનું કે બરાબર એ જ વખતે એ બિચારી વિયાણી…નહીંતર હું ! આજ તો રાખ થઈને હવાને બગાડતી હોત હું…!' ગુલાબે ચતુરના પેલા પડછાયા સામે દાંત પીસ્યા : 'આ બળદને શી અસર થાત એની ? હું મારા જીવની જાત અને આ રોયો બે રોટલા નિરાંતે ઝાપટી જાત…" ગુલાબ મરી ગઈ" એવું એકાદ વાર માંડ બોલત અને આખલા જેવા એના દેહને વળી પાછો અન્નથી ધરવાને કામે લગાડી દેત !' અને એણે ચતુર સામે કોઈ કચરાના ઢગલાને જોતી હોય એવી જુગુપ્સાથી જોયું…!

ચતુરના પાટલા ઉપર હવે ચોથિયું રોટલો જ બાકી હતો.

'લાવું રોટલો ?' એ બોલી.

'હા હા…લાવો.'

ગુલાબનો ઉકળાટ બેવડાયો : 'દૂધ ?'

'લાવો.'

'અથાણું ?'

'લાવો.'

'શાક ?'

'એ પણ લાવો.'

અને બધું કોઈ ખાડામાં ફેંકતી હોય એ રીતે ચતુર આગળ ફેંકીને છેવટે એ બોલી : 'આજ તો વધારે ભાવશે ખરુંને ?'

'શું કામે વધારે ?' ચતુરે બટકાને સીધું શાકમાં ઘોંકાવ્યું.

'મેં કીધુંને, સવારે જતા રહેવાનું. એટલે !'

ચતુરે શાકમાં બોળેલું બટકું મોંમાં મૂક્યું…સાથે દૂધ રેડ્યું ને મોં બંધ કરીને હાથ ઊંચો કર્યો…બળદના શીંગડાં જેવી એની આંગળીઓ નકારમાં હલી ઊઠી.

ગુલાબ ઉકળીને ઉભરાઈ ગઈ !

'તને જરાય દુ:ખ ન લાગ્યું ?' એણે પ્રગટ અવાજે કહ્યું.

'શું કામે ?' ચતુરે બીજું બટકું સબાવ્યું.

'શું કામે તે બીંછાં પડાવવા...!' રોષમાં એ બોલી : 'મેં તારું અપમાન કર્યું, સવારે જતા રહેવાનું કહ્યું – તને કોઈ અસર જ ન થઈ ! !'

એ ટાઢા અવાજે બોલ્યો : 'એમાં શું અસર થવાની હતી ?'

'તું મૂંઢ છો, બદમાશ છો !' ગુલાબે એની સામે હાથ લાંબા કર્યો. એનો સાદ તરડાઈ ને વિવેક છોડી ગયો : 'લોહીનો પીનારો છો !' ને પછી એ ઓસરીમાં આંટા દેવા લાગી : 'તને શું કામે અસર નથી થતી, એ હું જાણુતી એમ ? જાણું છું સમજ્યો ?' એણે હવામાં માથું ઉછાળ્યું 'રજેરજ જાણું છું...તારા મનમાં મારા માટે કોઈ જ ભાવ નથી, કોઈ જ લાગણી નથી.'

'કેમ ખબર પડી ?' ચતુર હવે હાથ ધોતો હતો.

'તું ખાવા બેસી ગયો એટલે...તને માઠું લાગવું જોઈએ, ખાવું ન ભાવવું જોઈએ. તું રિસાવો જોઈએ...અરે, ખિજાવો જોઈએ...લાલચોળ ખીજ !' માણસને જ્યારે પોતાનું માણસ આવું કરે ત્યારે મગજ ફાટી જવો જોઈએ...પોતાનું માણસ એવું બોલે ? એવું અપમાન કરે ? તું...તું મને પોતાનું માણસ ક્યાં ધારે છે ?...તું મને પહેલેથી જ...છેક પહેલેથી – કશું માનતો નથી તું મને ધિક્કારે છે સમજ્યો ? ધિક્કારમાં કોઈ દિવસ લાગણી ન હોય, પ્રેમ ન હોય, ઉષ્મા ન હોય...' ને એણે ચતુર સામે બાવડાંનો આંચકો માર્યો : 'જા...જા તું તારે...સવારે નહીં અત્યારે જતો રહે...મારે ને તારે શું ?' ને પછી એ હીબકાં ભરીને રડી પડી...!

'પણ હું ક્યાં જતો રહ્યો છું ?' ચતુર ધીમે પગલે ગુલાબ પાસે ગયો 'તું તને નથી સમજી એટલી હું તને સમજ્યો છું ! તું મને ચાહે છે સમજી !' ને એણે જમણો હાથ ગુલાબની પીઠ પર મૂક્યો.

'ઢોંગ...આ તારા ઢોંગ છે!' ગુલાબે ચતુરના હાથને તરછોડી નાખ્યો: 'તું જતો હો, ત્યાં જ જા!'

ચતુર ગુલાબની આંખો સામે જોઈને હસ્યો: 'તારી આંખોને આ ક્રોધ બગાડી નાખશે...આવી સારી આંખો તારે સાચવવી જોઈએ.'

એના આ શબ્દોથી ગુલાબની આંખો વધારે વિકૃત બની... 'ચાલ્યો જા!' એણે ડેલી સામે હાથ લાંબો કર્યો: 'નહીંતર હું ચીસ નાખીને ફજેતો કરીશ!'

ચતુરે લાંબા કરેલા બન્ને હાથ, ચિત્રકાર એની પીંછીને સંકેલે એમ સંકેલી લીધા અને પીઠ ફેરવી ગયો.

'જેમ બને તેમ વહેલો ચાલ્યો જજે.' છેલ્લા શબ્દો બોલીને ગુલાબ એના સૂવાના ઓરડામાં જતી રહી.

ગેરસમજ, તિરસ્કાર, રોષ અને વહેમનાં ગીધ પંખીઓ આવા એવા આ બનાવ ઉપર કિકિયારીઓ કરતાં ત્રાટકતાં રહ્યાં. રાત એનાં દાંતાવાળાં ચક્રો ખટાખટ ઘુમાવતી રહી.

ગુલાબ ધીમે રહીને પથારીમાં લાંબી થઈ...આળવીતરી આંખો ...કશું જોવાનું ન મળ્યું એટલે પેલાં જાળિયાં પર જઈને ચોંટી.

આકાશનો, નાહવાના ટુવાલ જેવડો ટુકડો વળી પાછો દેખાવા લાગ્યો...સળિયા દેખાવા માંડ્યા અને સંભવ હતો કે હવે થોડી વારમાં જ પેલું કાળું ધાબું દેખાશે.

એ ઊભી થઈ અને ધડાક કરતી બારી વાસી દીધી...ઘરમાંથી રિસાઈને બધી ય હવા બહાર નાસી ગઈ...ગુલાબ પરસેવે નીતરી ગઈ. ઘર આખામાં અંગારવાયુ ઠસાઈ ગયો.

ગુલાબ પથારીમાંથી ઊભી થઈ. ધીમે ધીમે દાદરો ચડી. ઉપર ગઈ...પલંગ પડ્યો હતો...એ ધ્રૂજી ગઈ...માંદગીમાં પડેલો જયંતિ હજુ જાણે એમાં તરફડે છે, માખીઓ બણબણે છે, ઉંહકારા ઊઠે છે...ખૂણામાં ભયુ ઊભો છે, એ એનો હાથ લાંબો કરે છે...

પછી ભૂવો...પછી ડૉક્ટર, સાસુ, ચીસ...ડૂસકાં.

ગુલાબે ધ્રૂજતા હાથે સ્વીચ દાબી અને ધાબા પર જવાનું બારણું ખોલ્યું.

'હાશ...અહીં સારું છે...નીચે તો કાંઈ રહેણાક છે? દોઝખ છે દોઝખ' ઉપર જઈને એણે ધાબાની ઠંડી સુંવાળી પાળી પર બાવડાં પાથર્યાં. હવાનો પ્રશાંત મહાસાગર જમીનથી ઊંચે ઊઠીને લહેરાતો હતો. ઉપર આખા વિશ્વના વલોપાત ઉપર તારાઓની અસંખ્ય આંખો વડે હસતું આસમાન ઝૂલતું હતું...!

ગુલાબ સહજ ભાવે રંગરંગીન પ્રકાશમાં ઝળહળતાં શહેરને અપલક તાકી રહી હતી.

સામે ઝીણુલાલ મેન્શનનો ધોળા હાથી જેવો બંગલો ઊભો હતો. એનાં બારી-બારણાં બંધ હતાં. કમ્પાઉન્ડમાં નિયોન ગ્લોબ જગતો હતો. અજવાળામાં પગી સૂતો હતો...થોડી વારે એ ઊભો થયો...પગી તરફ ઝડપી પગલે એક ઓળો ખસી રહ્યો હતો. એના હાથમાં ચાની કીટલી હતી.

પૂરેપૂરો એ ઓળો કમ્પાઉન્ડના પ્રકાશમાં પ્રવેશ્યો ત્યારે ગુલાબે એને ઓળખ્યો. એ કાશી હતી...પગીની વહુ.

કાશીએ ઓઢણાના છેડા વડે રકાબી લૂછી, પછી ભોં પર સરખી રીતે માંડી. ચા રેડી અને પતિને અંબાવી અને એ પલંગને અઢેલીને બેસી ગઈ...કશો અવાજ સંભળાતો નહોતો. પણ થોડી વારે કાશી ઊભી થઈને પાંગતે બેઠી. એના પરથી લાગતું હતું કે પતિએ એને તાણ્ય કરીને ત્યાં પરાણે બેસાડી હતી.

'શેયો ગળદો!' ગુલાબના મોંમાંથી એક શબ્દ નીકળી પડ્યો અને વળી એ એ બાજુ જોઈ રહી...પળ પછી પગીનો હાથ કાશીની ડોક આસપાસ વીંટાઈ ગયો.

ગુલાબના ગળામાં ચીસ આવી ગઈ: 'એ શેયાંવ! ગ્લોબ...! ગ્લોબ ઠારો કહું છું...' અને એ એકધારી ત્યાં જ જોઈ રહી:

ગ્લોબ ઠારે છે કે પછી—'

અને પછીની એક જ પળમાં ગ્લોબ ઓલવાયો.

'મરો મારાં હાળા!' ગુલાબ ત્યાંથી પીઠ ફેરવી ગઈ.

—વિવેકાનંદ વસાહતના નાના નાના મકાનોમાં ઝૂલતા પડદાઓ આડે આછો આછો પ્રકાશ હલચલતો હતો..એક જાળિયાનો પડદો, શી ખબર કદાચ તૂટી ગયો હશે – પવનમાં ચોપડાના પાના જેમ ફડ ફડ થઈને જાળિયાની અંદરની દુનિયાને ખુલ્લી કરતો હતો.

સરસ હતો બ્લોક...! લીલી સુંદર દીવાલો...દીવાલો પરની તસ્વીરો...ખૂણામાં પડેલો આસ્સાની રંગનો સોફો...સામે પારણું...એકાદ પળ વીતી અને પારણું જોરથી હિંચોળાયું...અને પછી તરત જ સોફો બેઠમાં ફેરવાયો...સોફાના રંગમાં બે રંગ ધીમે રહીને ગોઠવાઈ ગયા. ચોટલાનો કાળો અને સાડી વગરના બ્લાઉઝનો કથ્થઈ...જાણે કોઈ સુંદર નાટકનો પ્રથમ અંક...લીલી દીવાલોમાં ટૂંકી ચડ્ડી અને અંડરવેર ભેર સ્નાયુબદ્ધ એક પડછાયો દેખાયો...કથ્થઈ રંગે હવે બાવડાં હલાવ્યાં. અંડરવેર નજીક આવ્યું...અને સોફો હચમચ્યો ને...ને...કથ્થઈ રંગ બે ફૂટ ઊંચે ઊછળ્યો અને સોફામાં પછડાયો ...ચોટલો અને બાબરા...પછી એકલી ચામડી...ચામડી...ગુલાબને શ્વાસ ચડી આવ્યો. એ ઝડપથી બોલી : 'એ...એ...પરદો...પરદો...!' ને એ એકદમ પીઠ ફરી ગઈ...શ્વાસ ઊભરાવા લાગ્યો. હવા પાતળી થઈ ગઈ...દેહ એનો ગરમ ગરમ થઈ ગયો. એણે બાચકા ભરીને કઠેડી પકડી રાખી.

ઝીણુલાલ મેન્શનનો કમ્પાઉન્ડનો ગ્લોબ હવે ફરીથી પ્રકાશતો હતો.

કાશી, પગીને ઓઢાડીને દરવાજા બહાર નીકળી હતી. કીટલીને રકાબી સાથે ઝીણુંઝીણું અટકાવતી તે ઝડપભેર જઈ રહી હતી.

વિવેકાનંદ વસાહતના પેલા સોફામાં હવે ખીલખીલાટ હાસ્ય ભળાતું હતું.

ક્યાંક ક્યાંક નાનાં છોકરાં રડી ઊઠતાં અને એને સંભાળનારા પગ એ બાજુ જઈ રહ્યા હતા...ક્યાંક બારીઓ કેદ કરેલા પ્રકાશને બહાર ફેંકતી હતી, ક્યાંક કેદ કરી રહી હતી.

ગુલાબ ત્યાંથી સડેડાટ માળ પર આવી અને માળ પરથી દાદર વાટે નીચે.

ઉપર જાણે એને કોઈ તોફાની ટોળાંએ ગ્યાસતેલ છાંટીને સળગાવી મૂકી હતી...પછી પથ્થરા મારી મારીને છૂંદી નાખી હતી. ચામડી, માંસ અને હાડકાં સહિત વરાળો છોડતી હતી.

એ પોતાની પથારીએ આવી. બારણું વાસ્યું અને પથારીમાં લાંબી થઈ...અજ્ઞાતપણે એના હાથે એના શરીરને ખુલ્લું કરવા માંડ્યું.

પ્રકાશ એને મદદ કરતો હતો...પેલું કથ્થઈ બ્લાઉઝ અને સફેદ અંડરવેર એને દેખાવા લાગ્યાં.

એ એકાએક ઊભી થઈ અને મોટા અરીસા સામે ગોઠવાઈ ગઈ.

'જો!' એ પોતાના બિંબને તાકીને બોલી : 'હું પણ આમ ચમકી શકું છું...જયંતિને ખબર છે...ના ના...! જયંતિને ખબર નહોતી...એને...એને શી ખબર હોય...એણે તો...સાલ્લા એણે તો...' અને કોઈએ જાણે એનો ઘા કર્યો...એ પથારીમાં. જઈ પડી. અને શરીર આખું અમળાવા લાગ્યું.

કેટલીય વારે એનો શ્વાસ શમ્યો અને એ ઊભી થઈ. એક પછી એક કપડાં વીંટાળ્યાં ને ઓસરીમાં આવી...વળી પાછો શ્વાસ વહેતો થયો.

એ પૂરઝડપે બોલી ગઈ : 'ચતુર...!' અને પછી ચોંકી ગઈ.

ચતુર તરત પથારીમાંથી ઊભો થયો અને ઓસરીની કોરે આવ્યો.

પહાના નાઈટ લેંગામાં, ટીશર્ટના અંડરવેરમાં ચતુર એને અત્યંત શોભીતો લાગ્યો.

'તને ઊંઘ નથી આવતી ચતુર!'

'આવે છે ને!' ચતુરે સહજ ભાવે કહ્યું : 'પણ મને કોઈ

જગાડે તો તરત ઊઠી જાય.'

'તું ઊંઘી ગયો હતો?'

'હા...ઊંઘી ગયો હતો.'

'જા!' ગુલાબ રીસમાં બોલી: 'ઊંઘી જા...ઊંઘી જા તું તારે...!' ને ઝડપથી અંદર ચાલી ગઈ...લાઈટ ઓલવી નાખી અને ભફ કરતીને પથારીમાં પડી...પછી બે હાથ વડે એણે પલંગની ઇસો પકડી અને જોસથી આંચકો માર્યો.

અને પછી એક જ પળમાં – સાન, ભાન, વિવેક – બધું જ બધું એ ભૂલી ગઈ...એણે એનું નવું બ્લાઉઝ આંચકો મારીને તોડી નાખ્યું.

'ચરરરર!' અવાજ સાંભળીને ચતુર બારણામાં આવીને ઊભો રહ્યો: 'શું થયું એ?'

એ ગાંડાની જેમ બોલી: 'તું જા ..જે થયું તે...!'

'પણ તેં મને હમણાં બોલાવ્યો' ચતુર અંધારામાં એક ડગલું અંદર ગયો: 'શુ કામે બોલાવ્યો?'

'કપાળ કૂટવા!' ગુલાબ પછડાતી પછડાતી બોલી.

'એમ નહીં, શું છે ગુલાબ!'

'કપાળ તારું...તું સવારે જવાનો છે ને?'

'પણ તું લાઈટ તો કર...' ચતુર એની પથારી તરફ ચાલ્યો: 'આ અંધારામાં...કહું છું તને થયું છે શું?'

'તું જ કરને લાઈટ...' એ ધ્રૂજતા અવાજે બોલી: 'કર તું તારે લાઈટ...મને કોની બીક છે?'

ચતુર હવે અકળાયો: 'ગુલાબ, તું શું બોલે છે? કહું છું ગુલાબ!... લાઈટ કરીને સરખી વાત કર.'

'તું જ લાઈટ કરીને વાત કર...' એ બોલી.

અને ચતુરે સ્વીચ દાબી પ્રકાશનો હમલો મોભારે આંબી ગયો.

ચતુરના મોંમાંથી એક ચીસ નીકળી ગઈ: 'આ તેં શું કર્યું!'

અને ગુલાબના અનાવરણ દેહને જોઈ ને એ બારણા તરફ ભાગ્યો... અને બારણું ઓળગે એ પહેલાં તો એના ગળાની આસપાસ ગુલાબના બાવડાં બેઠીઓ થઈ ગયાં.

'છોડ મને, ગુલાબ!'

'કાયર!' ગુલાબે દાંત કચકચાવ્યા...ચતુર એની પહોંગી થઈ ને લપકતી આંખો જોઈ ને હબકી ગયો. ગુલાબના ડોળા ચક્કર ચક્કર ફરતા હતા. એ આવેશથી બોલી: 'બાયલા!' ને એણે ચતુરનાં બેય બાવડાં કચકચાવીને પકડ્યાં: 'આનાથી...આનાથી...તું મને ધક્કો માર...માર ધક્કો...પથારીમાં જઈ પડું એવો ધક્કો!' ને પછી ઓચિંતાની ઢીલી થઈ ને ચતુરની ડોકે ટીંગાઈ ગઈ...હું તને ચાહું છું...કેટલાં વરસથી ઝંખું છું!...મારા બધા ઢોંગને તું સમજ્યો નહીં? સમજ્યો નહીં?'

ને એ ચતુરને ઘસડીને લઈ ગઈ...છેક પલંગે...!

અને એ બનાવ પછી ચતુર જ્યારે ડેલીના ખાનામાં આવ્યો ત્યારે એનો સરળ આત્મા આક્રોશ કરી ઊઠ્યો: 'અરેર...કોઈ પણ જાતની ચોખવટ વગર આવું કરાય?' ને એણે ગુલાબની પથારી સામે જોયું. એ હવે નિરાંતથી ઘસઘસાટ ઊંઘી ગઈ હતી.

ચતુરે ધીમે રહીને ડેલીની બારી ખોલી અને પછી બહારથી વાસી દીધી. ઓછામાં ઓછા અવાજથી એણે ટ્રૅક્ટર ચાલુ કર્યું અને ગુનેગારની હેસિયતથી એણે ગુલાબનું ગામ છોડ્યું.

સવારે એ જાગી ત્યારે બારણાં ખોલીને એકાદ બે છાશવાળાં અંદર આવ્યાં હતાં.

ઓસરીમાં અને ફળીમાં તડકો ચમકતો હતો. ગુલાબે ધીમે ધીમે પોપચાં ઊંચાં કર્યાં. પાંપણોના વાળ ખૂલતાં ખૂલતાં જાણે રૂપાંની ઝીણુકી ઝીણુકી ઘંટડીઓ રણુકતી હતી.

ભાવવિભોર થઈ ને એણે પોતાના બન્ને હાથ છાતી પર મૂક્યા અને થોડી વાર એ એ જ સુખદ સ્થિતિમાં પથારીમાં ઝૂલ્યા કરી.

ફરજામાં ગાયનું વાછરૂ તીણા સાદે ભાંભર્યું…થોડાક પોપટ, થોડાંક ચકલાં, થોડાંક કબૂતર – ઓસરીમાં આંટા મારતાં હતાં અને રાતના વાળુમાંથી વધેલા ચોથિયા રોટલા ઉપર સરખે હિસ્સે ચાંચો મારતાં હતાં.

કોઈ પ્રથમ વારની પ્રસન્નમુખ પ્રસૂતાના સંતોષ અને આનંદભાવે ગુલાબ પોતાના આંગણાને જોઈ રહી. પછી ઝડપથી ઊછળીને એણે પથારી છોડી.

એ અરીસા સામે જોઈને ઊભી રહી ગઈ.

ગુલાબ કેટલી સુંદર, કેટલી જવાન દેખાતી હતી!

૩૦

'રાંડ કાંઈ કરતા કાંઇ લાજી?' ઢીચકી એવી એક સ્ત્રી હાથમાં ટીનની નાની તપેલી લઈ ને ગુલાબની ઓસરીમાં ઊભી હતી.

ગુલાબે એ બાજુ ચોંકીને જોયું. ક્યાંક બહુ જ ઊંડે, કોઈએ જાણે કાટેલી સોય ભોંકી.

'મારી ભેંશની વાત કરું છું બાઈ!' એ તપેલીમાં ટકોરા પાડવા લાગી.

—છાશ લેવા આવનારાઓમાં આ ચહેરો તદ્દન નવો હતો, ને જોવો ગમે એવી નવીનતા પણ એમાં હતી.

ધીમું હસતી ગુલાબ એના ચોરસ ચહેરાને જોઈ રહી. નેણ તો માંડ જરા-તરા હતાં અને હાથરૂમાલ જેવડા એના ચહેરાના ભાગમાં ભેંશ વસૂકવાનો મોટાં 'ખળાં' જેવડો શોષ.

'અમારે આની પે'લાં ભેંશ હતી, કોઇ દિ' ગેરકાયદા ને...' એ ઢીચકી બોલી.

'ગેરકાયદા?' ગુલાબે એની સામે

ડોક ઊંચી કરી.

'હા વળી, ગેરકાયદા !...આ રાંડ ગેરકાયદા થઈ ગઈ... પણ હવે ઈ છે ને હું છું...તમે જોજ્યો તો ખરાં...એને પાછા ભેગી થવા જ ન દઉં...'

ગુલાબથી ઓચિંતાનું બોલી જવાયું : 'ના ના...એવું ન કરાય બેન ! પાપ લાગે...!'

'અરે પાપ ને ફાપ...' એણે તપેલી રમાડી : 'ઘેર જઈને પારેવાંની ચરક ગોતીશ.. લોચો કઢવી નાખીશ.' છોકરાંનાં મોઢેથી દૂધ કઢવ્યું રાંડે.'

સૌ કરતાં પહેલાં જ એને વળાવવા માટે ગુલાબે છાશ દઈ દીધી અને તપેલી લઈને એ આંગણું વટી ત્યાં સુધી એને જોઈ જ રહી...અને એકાએક એનું મન જુગુપ્સાથી ભરાઈ ગયું : "લોચો... !'

ધીમે ધીમે એ શબ્દ શબ્દ મટીને લાલચોળ લોચો બની ગયો – હલતોચાલતો...લોચો...જેને હાથ, પગ, માથું...બધું જ સળવળતું હતું. એકાએક એ અકળાવા લાગી...ફળીમાં અને ઓસરીમાં એ જેમ તેમ આંટા દેવા લાગી...અને દરેક વખતે એ શબ્દ વધુ ને વધુ, ભયાનકપણે વિસ્તરવા લાગ્યો.

'એલી વવ ! તારો ટ્રેકટરવાળો તો વયો ગ્યો...ને વયો ગ્યો તાં લગી અમને તેં કીધું ને ?' આધેડ એક ડોશી ડેલીની બારીએ ઊભી રહીને બોલતી હતી.

ગુલાબે એકદમ જાતને સંભાળી લીધી. કપાળ લૂછી નાખ્યું ને બારી પાસે ગઈ : 'હા...એ...એ જતો રહેવાનો હતો.'

'માડી...! શું કામ કરે છે...! કે' છે તળાવ જેવું તારું ખેતર બારિકા જેવું કરી દીધું...આમ ધમાકામાં...કામનો તો ભાઈ, બારે સયરો.'

ગુલાબ – ધૂંસ અને ઝાળાંથી હજી હમણાં જ ઓઘરા ઓઘરા બની ગયેલી ગુલાબ – આ શબ્દોથી વળાઈ-ઝુડાઈને ચોકખી ચણક થઈ ગઈ – ચતુરના સાહચર્યની સુવાસે એના મનને મઘમઘતું કરી દીધું. એના ચિત્તમાં ચતુર માટે પ્રશંસાના ભાવો ઊછળવા લાગ્યા : ' એના જેવો બીજો કોઈ દેખાડો તો ખરાં ?...એને તમે કોઈ પૂરો ન ઓળખો...કેટલો બુદ્ધિશાળી...કેવો મળતાવડો...માયા તો બસ એની જ...એની જ...'

' મારો વીરજી હમણાં ખેતરેથી આવ્યો, તઇં ખબર્ય પડી કે ન્યા કણે ટ્રેક્ટરવાળો નથી...એણે તારું ખેતર જોયું. કંવછંવ... વહુ ! કેટલાનો ખર્ચો થયો ?'

ગુલાબનો શ્વાસ એક પળને માટે અધ્ધર અધ્ધર જ ચાલ્યા કર્યો : ' પોતે એને એકલો લૂંટચો જ છે...પૈસા પણ ન આપ્યા. પણ છેવટે અઠેગઠે એણે આંકડો કર્યો.

પેલી ડોશી માથું ધુણાવતી ધુણાવતી બોલતી ગઈ : ' વસૂલ છે તારે...વસૂલ...!'

ગુલાબે એ શબ્દો અંતરમાં, જ્યાંથી હજી હમણાં જ ભય અને પસ્તાવાના પરપોટા ઊઠ્યા હતા, ત્યાં મૂકીને ખાલી અવકાશને પૂરી દીધો.

' જે થવાનું હોય તે ભલે થાય ' એ સ્વગત બોલી : ' હું કાંઈ ડરી જવાની નથી. મને જે આનંદ મેળવવાનો હક્ક હતો, એ હક્કનો મેં પ્રામાણિકપણે – હા, ચતુરને મેં વર્ષોથી સ્વીકાર્યો હતો એટલે એ પ્રમાણિક જ છે – મેળવ્યો છે...' ને પછી એણે ડોકને ટટ્ટાર કરી અને દુનિયા આખી સાંભળે એ રીતે એ બોલી : ' સમજ્યાંને તમે ! હું કાંઈ જેવા તેવા પુરુષ સાથે, અલેલટપુ સાથે વ્યભિચાર કરતી નથી...!'

એનું આખું વ્યક્તિત્વ વળી પાછું ગૌરવભર્યા આનંદથી છલકવા માંડ્યું : એની ચાલ થનગનવા લાગી...પગલામાં ઝાંઝરનો

ઝણકાર સંભળાવા લાગ્યો...હવામાં સુગંધ આવી...વૃક્ષો ફૂલોથી લચેલાં દેખાયાં ..આકાશ રંગરંગીન ભાસ્યું.

'દેવનું કોઈને વરદાન મળે તો એ શું કપાળ ફૂટે ?' ગુલાબે બોલવા માંડ્યું : 'ના ના હો...શું કામે ? શું કામે પણ ?' અને એ નિર્ભય ચાલે રસોડામાં ગઈ : 'એ સરસ રીતે નહાય અને વસ્ત્રો બદલે ને પછી પેલા વરદાનને અંતર પર ધારણ કરે.'

ચૂલો સળગાવીને એણે પાણી મૂક્યું. મોટે ભડકે બળતો તાપ ઘરની રંગરંગીન છબીઓને જીવંત કરીને ધ્રુજાવતો હતો.

રાધાનું ગોરું મોં, કૃષ્ણનું શ્યામ મોં, શંકરનું બદામી રંગનું, પાર્વતીનું નારંગી રંગનું – બધાં મોં ધ્રૂજી ધ્રૂજીને હસતાં હતાં. ચૂલા પરનું પાણી પણ એની સપાટીને ધ્રુજાવતું હસતું હતું.

ગુલાબે એ હાસ્યમાં પોતાની જાતને આરોપી દીધી : 'મને પણ હસવાનો હક્ક છે.' એણે મોટો બધો ચોટલો ઝટકો મારીને પીઠ પર નાખ્યો અને પછી પાણી લઈ ને એ બાથરૂમમાં પહોંચી ગઈ.

બારણું બંધ કર્યું. પ્રકાશ ઓછો થયો અને દશ્યોનાં ઓછા-પણામાં એને તરત જ ચતુરનો ચહેરો દેખાયો.

'તું અહીં ?' ને એ હસતી હસતી એ ચહેરા તરફ ખોબા ભરીને પાણી ઉછાળવા માંડી.

અને એના માથા પર પાણીનો ધોધ પડવા લાગ્યો. પોતાને હાથે જ ચાલુ કરેલ નળ એની સ્મૃતિમાંથી લોપ થઈ ગયો – જાણે ચતુર જ એ પાણી ધધકાવતો હતો.

બે ગોઠણમાં માથું નાખી દઈ ને હસતી હસતી એ બોલી : 'રાખ હવે રાખ...હું કાંઈ ચડી નહીં જાઉં...ઓ બાપ રે...ચતુર ...શું તું તે...શ્વાસ પણ નથી લેવાતો...' ને ખસીને ખૂણામાં બેસી ગઈ ને ત્યાં એણે ભીંસ અનુભવી : 'તારા તો કાંઈ હાથ છે ? અરે છોડ, કહું છું – મારી નાખવી છે કે શું ?' ને એ ઊભી થઈ ગઈ : 'ઓહ...! ભાન તો જો !' ને અરીસા પાસે દોડી અને મોંમાંથી

એક આછી ચીસ નીકળી ગઈ—એના પોતાના હાથ જ પોતાને ભીંસી રહ્યા હતા...!

એ છળી ઊઠી—આખા શરીર પર લાલ લાલ ચકામાં ઊપસી આવ્યાં હતાં...ગાલ બેઉ સોઝવા આવ્યા હતા. છાતીમાંથી લોહીની ધાર થાય એટલી જ વાર હતી...પોતાના હાથનાં આ વાનરવેડાને ઢાંકવા એણે ઝટ ઝટ કપડાં પહેરી લીધાં અને ઘરમાં જતી રહી... માથું ઓળતાં એણે ફરી વાર ચહેરો જોયો—ગાલ હજીય લાલ-ચોળ હતા...!

ને ત્યાં જ ડેલીએ ટકોરો પડ્યો : 'ગુલાબ !'

ગુલાબ એ અવાજને ઓળખી ગઈ, અને ઝટ ઝટ એણે પાવડરનો ડબ્બો કાઢ્યો ને ધોળાં ધાબાં કરી કાઢીને લાલ હાથને સંતાડ્યા. પછી એ ડેલી ખોલવા ગઈ.

'તમે બાપુજી !' એ કેટલાય ભાવોને અવાજમાં ભરીને બોલી.

શામજીભાઈ પુત્રીના મોં પરના પાવડરને, દૂધમાં પડેલા કાદવને જોતા હોય એ રીતે જોઈ રહ્યા.

ગુલાબ પીઠ ફરી ગઈ...ને ધીમે પગલે ચાલતી ઓસરી ચડી આટલું બધું વિત્યા પછી, માત્ર રખડતું કોઈ પાંદડું આંગણામાં આવી ચડે ને એને જોતાં જે ભાવ જાગે એ ભાવ પિતાને જોઈને એને જાગ્યા. એ ઘરમાં ઊંડે ઊંડેને જવા લાગી. આખરે ભીંતે એને અટકાવી. એણે એકવાર ઓસરી બાજુ જોયું...ને એના હોઠ કાંપવા લાગ્યા. ચિત્તતંત્રને સજીવન રાખનારું લોહી—જેમાં એના બાપુજી પણ ભળેલા હતા—એ લોહી એનાં મૌનની દીવાલોને મોજાંની છાલટ મારી મારીને ધોવા લાગ્યું...અંતરમાં શબ્દો ઊછળવા લાગ્યા : 'બાપુજી...મઝામાં છોને બાપુજી ! મારી બા શું કરે છે ! કિરીટ નિશાળે જાય છે ? હવે શાંત થયો છે કે એવો જ તોફાની છે ? વાડીમાં પેલી નાળિયેરીઓ ફળે છે ? ઓણુ સાલ ચિકુ કેવાંક આવ્યાં છે !...ને બાપુજી !' રંજન હમણાં આંટો આવેલી ? રાજુ ? સરયુબાં ?

—કોઈએ મને સંભારી'તી ?' ને આ બધું યાદ આવતાં એની સખ્તાઈ અને તિરસ્કાર ઓગળી ગયાં – આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં.

શામજીએ ખાટલો ઢાળ્યો. થેલી ખીંટીએ મૂકી. પાઘડી ઉતારી ને પંચિયાના છેડા વડે મોં લૂછતા એ બોલ્યા : 'તે દિ' જ મારે તને બે વેણ કહેવાં'તાં બેટા !' એ ઉંબર તરફ તાકીને બોલતા હતા : 'આ ઘણું ખોટું કે'વાય...ઘણું ખોટું...'

ને એ સાથે ગુલાબની આંખમાં, લાગણી અને સંબંધના મોતી જેવાં તગતગતાં બિંદુઓ શોષાઈ ગયાં.

'ઘણું ખોટું થયું છે' એ મનોમન બોલી અને બારસાખની દીવાલમાં એક કાંકરાને નખ ભરાવ્યો. પાકી દીવાલનો કાંકરો ત્યાંથી ખસ્યો નહીં – ગુલાબનો નખ વળીને ભાંગી ગયો !

'આપણું કુળ ખાનદાન છે બેટા ! દુનિયા વાતો કરે તો કુળની આબરૂ જાય...' શામજીભાઈ ચોરણીના પાયચા પરથી ધૂળ ઝાપટતા હતા.

ગુલાબ હવે ઉકળવી શરૂ થઈ ગઈ હતી – એનું મન ઘૃણા અને તિરસ્કારથી ભરાઈ ગયું – આટલા બધે સમયે આંટો આવનાર બાપ પુત્રીનું સુખદુ:ખ જાણવાને બદલે, એનાં વિતકો, કે જે એના દ્વારા જ એ સર્જાયાં હતાં, તે પર માયાળુ બે વેણ કહેવાને બદલે, ખાનદાનીનો કચરો ભરીને 'બે વેણ' કહેવા આવે...! – શું વાત કરે એની જોડે ?

'આ ઘર તો બેન !' એ સહેજ ગુલાબ બાજુ ફર્યા ને પછી ધીમેથી બોલ્યા : 'આપણી ન્યાતમાં શિર ટોચ હતું...પણ...' અને એનો સાદ ભારે થઈ ગયો.

ગુલાબની આંખો હવે કંટાળાથી લગભગ સોઝી ગઈ હતી. એ બાપના ગદ્ગદિત થઈ આવેલા ચહેરાને તિરસ્કારથી જોઈ રહી, ને ત્યાં આવેલાં જળજળિયાંને દીવાસળી મૂકીને સળગાવી દેવાનું એને મન થયું.

'પણ આપણાં નસીબ !' દુઃખદ અવાજે એ બોલ્યા : 'નહીં-તર જયતિ જેવો—' ને ટપ ટપ કરતાં આંસુ પલંગની પાટી પર પડ્યાં.

'પાણી આપું ?' ગુલાબ સાવ લાગણી વગરના સાદે બોલી. બાપે માથું હલાવ્યું. દીકરીએ સામે જોયા વગર પાણીનો ગ્લાસ દીધો !

'મને તો કાલ સાંજે' પાણીવાળા હોઠ લૂછીને શામજી-ભાઈએ કહ્યું : 'કાલ સાંજે જ ખબર પડી કે તારાં સાસુ—' ને એ પૂરેપૂરા દીકરી તરફ ફર્યા : 'આવું શોભે બેટા ? તું અહીં એકલી ને આ બાળ રંડાપો.. લીલો સાંઠો, બેટા !'

ગુલાબનું મન ધમપછાડા કરી ઊઠ્યું : 'લીલોછમ જેવો સાંઠો—બાપુજી ! ને એ લીલો હતો માટે જ તમે જયતિ જેવા શિયાળવાને ચૂસવા આપી દીધેલો ને !' મન સાથે ઝઘડી ઝઘડીને હવે એ ધ્રૂજવા લાગી હતી. અંદરનો દારૂનો ભંડાર હવે સળગી ચૂક્યો હતો. હોઠને ય તોડી ફાડીને ફેંકી દે એવા શબ્દ ગોળા ગર્જતા હતા: 'તમને મેં તેડાવ્યા છે ? તમે મારા શું છો ?...મને તમે આબરૂના નામે વેંચી છે સમજ્યા ? મને રિબાવી રિબાવીને કસાઈ-ખાને હડસેલી છે...નીકળો મારા ઘર બહાર...કહું છું જતા રહો !' પણ આ ઝંઝાવત ફૂંકાય એ પહેલાં જ ગાયનું વાછરૂ ખીલા સાથે અટવાયું ને ભાંભરડો નાખ્યો. એ ફરજામાં દોડી ગઈ.

'આપણી ઓડકીના વાછરૂ જેવું જ આ તારું વાછરૂ ગુલાબ !' શામજીભાઈ હવે આડી વાતે ચઢ્યા : 'કિરીટ એને આખો દિવસ રમાડ્યા જ કરે છે.'

'તો તો એ નિશાળે શાનો જતો હોય ?' ગુલાબને પણ બોલવું ગમ્યું.

'અરે બેન ! નિશાળની તો તું વાત જ કરમાં—હમણાં શું બન્યું જાણુછ ? નિશાળે તો ફાગડા પડે છે નકરા...ઓલ્યો અનિલ માસ્તર ને ! વિઠ્ઠલ માસ્તરની વહુને ભગાડી ગ્યો . હેડ માસ્તરની

બિચ્ચારાની જિંદગી બગડી ગઈ...!'

'વિઠ્ઠલ માસ્તરની નવી ભાગી ગઈ!' ગુલાબ હસી.

'અરે, ભાગી તો ભાગી...પણ ઘરમાં હતાં એટલાં રૂપિયાં પણ તફડાવી ગઈ...!'

'સારું થયું...કાંઈ ઓછી દુઃખી હતી?'

શામજીભાઈ પુત્રીના મોં સામે જોઈને બોલ્યો: 'જુવાની દીવાની છે બેન!' ને પછી એણે લાંબો એક નિઃશ્વાસ મૂક્યો.

ગુલાબે એ નિઃશબ્દ પછડાટને પારખ્યો – બાપે જુવાનીનું નામ દઈને દીકરીને ચેતવી હતી – વાત હવે મૂળ પાટા પર આવશે એવું લાગતાં ગુલાબ પૂછવા માંડી: 'હીરુમા જીવે છે કે ગયાં? મોંઘીના ભાણીઆનો પગ સાજો થઈ ગયો? રંજન આંટો આવી'તી? સરસુબા શું કરે છે?' ને છેલ્લે મંગુને સંભારી: 'મંગુ? મંગુ આવી'તી હમણા?'

· અને શામજીભાઈએ આ પ્રશ્નથી સંતોષ અનુભવ્યો...એ ગુલાબે જોયું.

શામજીભાઈ મંગુના દાખલા પરથી જ પુત્રીને બધું સમજાવવા માગતા હતા. એ ગુલાબ ક્યાં જાણતી હતી?

'મંગુએ તો ભૂંસાડીઓ વાળ્યો...!' એ ઊંચા અવાજે બોલ્યા: 'કેવી કજાત છોકરી! કોઈ ધારતું હતું કે એ ગરીબ છોકરી આવું કરશે?...ધણીને મારી નાખીને આવતી રહી.'

'ખૂન કર્યું મંગળાએ?'

'ભયંકર ખૂન!' શામજીભાઈના મોં પર તિરસ્કાર છલકતો હતો: 'ધણીને કાચ ખવડાવીને પૂરો કર્યો – મંગળાનો બાપ જીવતે મર્યો જેવો થઈ ગયો છે – મંગળાને ઘરઘાવવી છે, પણ ધણીમાર છોડીને રાખે કોણ?...જુવાન દીકરીનો બિચ્ચારો બાપ!' ને ભારી શામજીભાઈનો અવાજ ગળગળો થઈ ગયો: 'માવતરનાં હૈયાને તમે આજકાલનાં છોકરાં ન સમજી શકો...ન સમજી શકો.' ને

પછી શીતલ સાદે એ ધીમેથી બોલી ગયા : ' મંગળાના બાપ જેવી જ હાલત તારા બાપની.'

' એટલે ?' ગુલાબ ઉંબરમાંથી બે ડગલાં ઓસરીમાં આવી. ને તરડાઈ જતા સાદે બોલી : ' એટલે મેં પણ મારા ધણીને...' આવેશમાં એના હોઠ કંપ્યા કર્યા, ને પછી એ સીસોટી જેવા સાદે બોલી : ' જયંતિને...જયંતિને મેં મારી નાખ્યો ? મેં ?...'

' મલકને મોઢે ગળણું ન બંધાય બેન !' શામજીભાઈએ આંખો લૂછી : ' તું અળખામણી તો થઈ ગઈ દીકરી – હવે સારું ઘર તો ન જ મળે ને !'

' તમે હજીય સારું ઘર...' એ પોતાના આખા ઘરને તુચ્છ નજરે તાકીને બોલી : ' આનાથીય સારું ઘર ગોતો છો ?'

' ગોતવાપણું છે જ ક્યાં ?' શામજીભાઈ ધીરે રહીને ઊભા થયા અને પાણીઆરે જઈ ને પાણી પીધું...ને ઉંબરમાંથી ઘરમાં જોઈ ને બોલ્યા : ' ઘર તો આનું આ જ...તારી સાસુની ઇચ્છા છે. પછી શું વાંધો ? તું એને સુધારી શકીશ...દીકરી ધારે તો શું ન કરે ? ધનુભાઈની દીકરીની જ વાત કરને, સોડાને એણે કેવો સુધાર્યો ?'

' તે મારે કોને સુધારવાનો છે ?' ગુલાબે રોષભરી આંખો બાપ સામે માંડી : ' કહોને, હજી કોને સુધારવાનો છે મારે ?'

શામજીભાઈએ ધીમેથી કહ્યું : ' ભગુને...' હાથની આંગળીઓના ટચાકા ફોડી રહીને એ બોલ્યા : ' એ તમારો સગો છે..બધું ઠેકાણે પડી જાય છે'—એ ગુલાબની સામે સમજણભરી નજરે માથું હલાવીને બોલ્યા : ' ઘરનું ઘર રહે અને આપણી આબરૂ.'

' આપણી ?' ગુલાબે એકાએક માથું ઊંચું કર્યું : ' આપણી નહીં...તમારી...તમારી આબરૂની વાત કરો...તમારી આબરૂની ખાતર જ તમે આ બધું કરો છો !' અને એ ઓસરીમાંથી એકદમ ચાલીને ફળીમાં જતી રહી.

શામજીભાઈએ રોષથી એના તરફ જોયું અને પછી ઊભા

થયા. પાઘડી લીધી, થેલી લીધી અને જોડા પહેર્યા : 'તો અમારે તારા નામનું નાહી જ નાખવાનું ને ? તારી બાને આ સમાચાર આપી દઉં ને ?'

'નાહી નાખવાનું...' ગુલાબ બાપની સામે ફરી : 'બાકી છે હજી ?' અને સાવરણો લઈને એ ફળી વાળવા માંડી : 'નાહી જ નાખજો.'

'ઝેર !' બાપનો હાથ તડકામાં ઊછળ્યો : 'ઝેર પી લેજે. બાકી અમારાં નામને બટ્ટો ન લગાડતી !'

શામજીભાઈએ પગ ઉપાડ્યો – કૂતરાંએ કાન કર્યા, એક બિલાડી આડી ઊતરી અને તોય એ ધમધમ કરતા ચાલ્યા ગયા.

ગુલાબે ફળી ખાલી થતાં ધડ દઈને બારી બંધ કરી : 'ભલે ...ભલે.'

૩૧

તાજી જલેબીનું પડીકું કંદોઈ પાસેથી લઈ ને હરખાતું બાળક જતું હોય, અને ઉપરથી ફડફડ કરતી આવીને સમડી ઉપાડી જાય, નહોર મારતી જાય અને પછી બાળક કકળાટભરી આંખે જે રીતે સમડીની દિશાને તાકી રહે, એ રીતે ગુલાબ શામજીભાઈની જવાની દિશામાં તાકી રહી.

'ઝેર પીજે ઝેર !' તડકામાં ઊંચો થયેલો એ હાથ બોરિંગ બનીને ગુલાબ સામે આવી ઊભો. ડોલતો ડોલતો એ ફૂંફાડા મારતો હતો ને એનું કાતિલ ઝેર ગુલાબના ખાલી ખાલી અંતર અને આંગણામાં ધળકે ધળકે ઢોળતું હતું...!

દીવાલોમાં દોરેલી પટ્ટીઓ...ઝેર... ઝેર...કાચના લીલા રંગના શીશાઓ ઝેર. ઝેર...! લીલો પીપળો, લીલા રંગનું પાણીઆરું, લીલા રંગના વાસા, લીલા રંગનો મોતિયો, ગાયની આંખો, વાછરડીની આંખો, લીલા રંગની બેગ, લીલી પેન્સિલ, લગ્ન સમયની લીલી પટ્ટીની

એની ચપ્પલો – બધું જ – બધું લીલા કાચ ઝેરથી લથબથ...ધીમે ધીમે...આંતર, કલેજું, જઠર, જીભ...ઝેર...ઝેર...

ગુલાબને માથામાં ચાસકા આવવા માંડ્યા, મોળ આવવા માંડી, બધું ફરવા માંડ્યું.

એ દોડીને ફળીમાંથી ડેલીએ આવી – લીલા રંગ વગરનું જો કાંઈ જોવા મળે તો!

—લીલો એક ખટારો ધધડાટ કરતો ગયો. લીલા નાળિયેની એક રેંકડી નીકળી. ફિલ્મની જાહેરાત નીકળી – 'ઝેર તો પીધાં જાણી.'

'જાણી જાણીને પીધાં? અને એ પણ ઝેર!' ગુલાબ સિનેમાના મોટા બધાં બોર્ડને તાકી રહી: 'શું કામે બનાવો છો દુનિયાને? પરાણે પકડીને પાઈ દો છો અને પાછા ગાતા બજાવતા જાહેરાત કરો છો!'

અને મોળથી ભરાયેલું ઘણુંબધું થૂંક ગુલાબે એ બોર્ડ તરફ થૂંકી નાખ્યું.

'ક્યાંક આઘા ફગાવજો મીઠીમા!' બાજુમાં એક પાડોશણ મીઠી માના સૂંડલા તરફ જોઈને થૂંકી: 'હાશ! કેટલા બધા મારી નાખ્યા! કૂતરાં-બલાડાં ખાશે તો સોઢી જાશે – ઝેર ખાધેલા ઉંદરડા!'

'મરે એટલાં જાય મારા બાપ પાસે—' મીઠીમા બોલ્યાં: 'કૂતરાં-બલાડાંનેય ઝેર ઠબકારવું જોઈ...'

ગુલાબને એક વધારે ચાસકો આવ્યો. માથું એણે ડેલીના કમાડ જોડચે ટેકવી દીધું. ગુલાબની આસપાસ શબ્દોની બોછાર... વરસી: 'ઉંદરને ઝેર, કૂતરાંને ઝેર, બલાડાંને ઝેર...માંકડને, મચ્છરને જીવજંતુઓને, નકામાં માણસોને...ઝેર! ઝેર - ! ઝેર!'

ગુલાબના રક્તકણો ઝેરથી લદાઈ ગયા. એને ચક્કર આવવા લાગ્યાં. ડેલી પકડી. પછી ભીંતને ટેકે ટેકે એ ઘરમાં પહોંચી.

અને પલંગ ઉપર એ ધબ્બ કરતીને પછડાણી. આંખે લીલાં કૂંડાળાં વળ્યાં, ગળામાં સોસ પડ્યો – બધું લીલું કાચ થઈ ગયું…!

ગુલાબના ડોળા તરફડ્યા, પાંપણો બિડાણી અને ઊંડાણ! – આખી દુનિયા સમાઈ જાય અને હાથ ઉણું રહે એવું, એટલું…શાંત, નિરવ, નિશ્ચેષ્ટ ઊંડાણ!!

—લીલા અને કાળા રંગોની ભરમાર!

'આ શું કર્યું? આવો ગજબ?'

'શાનો ગજબ!' શામજીભાઈ બોલતા સંભળાયા: 'અમારી આબરૂ પર એણે છીંણી મૂકી'તી…શું કરીએ? અરધો તોલો ઠબકારી દીધું!'

'પતી ગઈ એ તો' સાસુ ડોકાઈને બોલતી હતી: 'પતી જ ગઈ તમારે!'

ગુલાબે જમીન પર પડેલી પોતાની લાશને જોઈ…થોડાક માણસો ચૂપચાપ આવ્યા…એને વાંસડામાં બાંધી અને બજારમાં લઈ ચાલ્યા.

'કોણ મરી ગયું આ?' બજારના માણસો નનામી તરફ જોઈને બોલતા હતા.

'પૂછો છો શું એમાં? – જયંતિની રાંડીરાંડ – મહિના રિયા'તા ઈ યે ય ખબર્ય નથી!'

'પતાવી દીધી?'

'હા, સોંઢી ગઈ…ઈ તો.'

'પાપ ગયું.'

ગુલાબ બધું જોતી હતી, સાંભળતી હતી…પોતાના શબને લાકડાં પર ગોઠવવામાં આવ્યું. ઉપરથી કફન ખેંચવામાં આવ્યું… અને—

દૂર દૂરથી કોઈનાં પગલાં સંભળાયાં…સૌ ચોંકીને જોઈ રહ્યા.

—એ ચતુર હતો…ચતુર આવ્યો – દોડતો, હાંફતો, ચીસો

નાખતો આવ્યો...શબ પાસે આવીને એણે ખિસ્સામાંથી એક ડાબલી કાઢી, ડાબલીમાંથી સફેદ એક મૂળિયું કાઢ્યું. ફૂંક મારી અને લાશ પર મૂક્યું...થોડા ધુમાડા નીકળ્યા. શબ સળવળ્યું... આંખો જરાક ઊઘડી, શ્વાસ જરાક ચાલ્યો, પગ જરાક સળવળ્યા... એણે ફરી વાર ફૂંક મારી. ફરી વાર મૂક્યું...અહાહા...બડાક દઈને ગુલાબ લાકડામાંથી બેઠી થઈ!

—ચતુરે એને છાતીએ ચાંપી, પછી એક જ ઝટકે ખંધોલે નાખી અને ચાલતો થયો.

ગુલાબે હસીને સ્મશાનમાં જોયું – ડાઘુ સહિત બધાં પાછળ દોડતાં હતાં...ડોશીના હાથમાં, શામજીભાઈના હાથમાં, એકેએક માણસના હાથમાં ઝેર હતું...લીલું લીલું, સળવતું, જીભના લબકારા મારતું લોહીને થીજવવા ફૂંફાડા મારતું ઝેર!

'ચતુર!' ગુલાબે ચીસ પાડી: 'મને બધાં ઝેર પાય છે... જો...જો...! બધું લીલું થઈ ગયું...!'

'પાયો ઝેર! ઝેર કેમ પવાય તને? હું બેઠો છું ને...!'

અને ચતુરે એક લાંબો વાંસ લીધો અને આંચકાથી હવામાં વીંઝયો – ટોળાના હાથ બધા ફટાફટ પડી ગયા. ઝેર બધું ઢોળાઈ ગયું.

'જોયું?' ચતુર હસ્યો: 'એમ છે ત્યારે...જોજ્યે હવે...અને ચતુરે ઢોળાયેલાં ઝેર પર પેલી જડીબુટ્ટી ફેરવી, સડેડાટ કરતા એમાંથી છોડવા ઊગ્યા અને ક્ષણ વારમાં તો લીલી કંચન હરીયાળી ફેલાઈ ગઈ...બગીચાનાં ફૂલોની ઠંડી, માદક સુગંધ આવવા લાગી...મોટાં મોટાં ઝાડ ઊગી નીકળ્યાં. કમાનો થઈ ગઈ...હીંચકાઓ બંધાઈ ગયા અને એ હીંચકા પર બન્ને ખૂબ ખૂબ હીંચ્યાં...લોન પર આળોટયાં, ફૂલો ચૂંટયાં, હાર ગૂંથ્યા અને એકમેકના ગળામાં આરોપ્યાં: 'તું મારો છો ચતુર!'

'હું તારો છું ગુલાબ!'

'ગુલાબ !' ડેલીની સાંકળ જોરજોરથી ખખડી ..ગુલાબનું સપનું ધીમે રહીને રેળાઈ ગયું...આંખ ઊઘડી ગઈ.

અંધકારને ચૂનામાં બોળ્યો હોય એવું ભૂખરું મળસ્કું પાંપણો પટપટાવતું શાંતિથી સૂતું હતું.

પાણીમાં ગળકાં ખાતા હોય એવા ગણ્યાંગાંઠ્યાં ચાંદરણાં આભના ઘુમ્મટમાં ટમટમતાં હતાં.

ગુલાબ આસ્તેથી પથારીમાં બેઠી...આત્મા ઉપર પલળેલાં લૂગડાં જેવી ભારેસલ ખોળ્ય એકાએક સરી ગઈ અને ત્યાં નવી ચામડીવાળી હળવાશ આવીને બેસી ગઈ...સ્વસ્થ પ્રસન્નતાની ઝાલર આછી આછી ફરફરી...એણે થોડી નિર્ભયતા અનુભવી.

ફરી વાર સાંકળ ખખડી અને એ ઝડપભેર બારીએ ગઈ.

હાથમાં ખાલી લોટો લઈને ઈલાબેન ઊભાં હતાં. એણે એકાદ ક્ષણ ગુલાબ સામે જોયું પછી આજુબાજુ. અને એ હસી પડ્યાં: 'અરે ભાઈ, હેરાન થયાં આજ તો' અને પછી સારી પેઠે હસી પડ્યાં.

મર્મ કાંઈ સમજી નહીં તોપણ ગુલાબ પણ હસી !

'તને ખબર છે કે શું ?' ઈલાબેન હસવું ખાળીને બોલ્યાં: 'મારી બાઈ, સ્ત્રી જાતિનો મિઝાજ તો જો ! અમારાં દનૈયાંવાળી ગાય...કહું છું: ખૂંટ આવી...રાંડે દોવા જ ન દીધું—ઘરધણીએ બચ્ચારાએ મારી...ખૂંટને મારીને બહાર કાઢ્યો...' અને વળી હસ્યાં: 'ફારસ થયું ગુલાબ ! આડોશપાડોશ ભેગો થયો અને પછી...પછી...' ને એણે પેટે હાથ દીધા: 'વાત કરતાંય શરમ આવે છે હોં ખૂંટ ફળી બહાર ગયો કે ગાય પણ સાંકળ તોડાવીને ભાગી...મારાં પીટ્યાં, ઢોર તો જુઓ !...ખૂંટિયો હજી ય ગાય પાસે કોઈને આવવા નથી દેતો...ગાંડા જ કરે છે રોયો !'

'શું કામે ન ગાંડે !' ગુલાબ બોલી: 'એનો મરદ છે એ તો !'

'મરદને મેલ તડકે...દૂધ વગરનાં રહ્યાં એ!'

'ધોળ્યું રહ્યાં તો...' ગુલાબ આવેશમાં બોલી : 'શો ગુનો કર્યો બિચ્ચારી ગાયે! – એ તો ધણખૂંટ એટલો સારો...નહીંતર ગાયને પોતાની સાથે લઈ જાય...પછી કોઈ દિવસ, કોઈને પાછી જ ન આપે...પાછી જ ન આપે.'

'હા...આ!' ઈલાબેને લહેકો કર્યો : 'તુંય ગુલાબ! ઠીક છો હોં...તું તો એવી વાત કરચ કે જાણે ખૂંટિયો લગ્ન કરે, ઘર બાંધે, પછી માણસની જેમ જીવવા માંડે.'

હાથમાં બોઘરણું લઈને ગુલાબ વળી બોલી : 'એ માણસની જેમ જીવતાં નથી – એનું કારણ માણસ જ છે...' અહીં ગુલાબનો અવાજ ઊંચો થવા લાગ્યો : 'માણસે જ એને પશુ બનાવ્યાં છે ...માણસે શું ઓછી પશુતા વાપરી છે?...ઓછી વાપરી છે?... ઝાડેધડ એકલા બાવળિયા જ વાવ્યા છે – અધિકારના, ખાનદાનીના, તાબેદારીના, આબરૂના – બસ એમાંથી નીચી મૂંડીએ, લપાઈને, દબાઈને ચાલો. માથું કે પગ હલાવો ચલાવો કે ત્રોફી નાખે...ઉઝરડી નાખે...! તમે ધારો એમ હલાય નહીં, ચલાય નહીં, બોલાય નહીં, વર્તાય નહીં.' અને ગુલાબ કંપવા લાગી.

'તને તો કાંઈ વળગ્યું છે કે શું ગુલાબ?' ગુલાબને થર થર કાંપતી જોઈને ઈલા બોલી : 'આમ ધ્રૂજવા કાં માંડી?'

ગુલાબે એકાદ ક્ષણ ઈલા સામે જોયું. બુદ્ધિથી કેળવેલી સમજણનો પરદો પળ વિપળ માટે ફફડ્યો અને ત્યાંથી લાગણીઓ – દુઃખી, ઘવાયેલી, છોલાયેલી કરાંજતી લાગણીઓ – ઊભરી આવી. ગુલાબને થયું : પોતે હૈયું ખાલી કરી નાખે : 'ઈલાબેન, હું દુઃખી છું – બહુ દુઃખી...મને મદદ કરો, નિર્દોષને મદદ કરો, હું ક્યાં જાઉં? કહો કોને કહું?...સાંભળો...ચતુર અહીં આવ્યો હતો...અહીં રાતો રોકાયો હતો. પછી અમે...પછી અમે...કાંઈ નહીં...પછી શું? બેન, ખરું કહી દઉં – હું ચતુરને ચાહતી હતી...એને ચાહતી ચાહતી

જ જયંતિને હાથમાં આવી ચડેલી. એકની વસ્તુ ખોવાય અને બીજાને જડે – એમ જ હું જયંતિને જડી ગઈ તેથી ઇલાબેન, હું શું જયંતિની વહુ બની ગઈ ! જયંતિ મારો બની ગયો ! એની મા મારી સાસુ બની ગઈ ! જયંતિ ગયો અને હું નિરાધાર બની ગઈ ? હવે મારે શું ઝેર પીવું જોઈએ ? અથવા બીજો જયંતિ ખોળવો જોઈએ ? ચતુર નહિ ? ચતુર મારી માગણી ન કરી શકે ? એનો કોઈ હક્ક નહિ ? મને ગમે છે...અને ગમતી ચીજ પાસે પશુ પણ દોડે છે...ગાય દોડી ગઈ કે નહિ ? ચતુર મારો છે...મને ખૂબ ગમે છે...તમને બધાંને ઇલાબેન, ક્યાંથી સમજાય ? તમે બધાં સુખી છો, તમારે પતિ છે, બાળકો છે...તમારા મનને ગમી જાય એવી તમારી સૌને અનુકૂળતાઓ છે એટલે જ ને ?—હા, એટલે જ તમે નિરાંતવાં છો એટલે જ તમે તમારા વિચાર અને વર્તનને સારાં કહી શકો છો.' ગુલાબે એક પળ શ્વાસ ખાધો અને પુન: બોલવા લાગી : 'ઇલાબેન, તમે ચતુરને એક કાગળ લખો અને લખો કે ગુલાબ તને પળે પળે ઝંખે છે. સાલ્લા ખવીસ ! તારી સામે રીસ કરે છે, તારો તિરસ્કાર કરે છે, ખીજ કરે છે – એ બધું ખોટું ખોટું છે, બનાવટી છે કાંક સમજ ! એક વાર તું આવી જા...હિંમત કરીને આવી જા. એક ઇશારા ભેગી ગુલાબ તારી સાથે ચાલવા માંડશે. આસામના ડુંગરામાં, ખીણોમાં, કોતરોમાં, અરે, મોતના કૂવામાં.. ગમે ત્યાં...ચતુર, તારે હવે ઝટ કરવું જોઈએ. વીજળીના ચમકારે મોતી પરોવાય જાય...એ રીતે' ગુલાબના અંતરમાંથી આ બધું હોઠ સુધી આવતું હતું : 'આવો, ઇલાબેન...તમને બધી વાત કરું – છેને...અમે...ઇલાબેન ! અમે...બે...ખરું કે'જ્યો – એકાદ પળમાં, એક જ વારમાં આવું બની જાય ! ને બની ગયું હોય તો મારે કઈ રીતે જાણવું !

અને ખરેખર હવે ગુલાબ પોતાની વિશ્રંભકથા કહી દેવાની હતી. 'અહીં આવો તો ઇલાબેન !' એણે ઇલાનું બાવડું પકડ્યું.

અને ત્યાં જ—

'તારી વાછડી ગાયને ધાવી ગઈ ગુલાબ !' કહીને ઈલાએ ફરજામાં હાથ ચીંધ્યો અને ગુલાબે દોડીને વાછડીને વાળી લીધી પછી વધેલું દૂધ દોહ્યું.. અને દૂધ સામે નજર જતાં ગુલાબ સચેત બની ગઈ: 'હા, ઈલાબેન દૂધ લેવા આવ્યાં છે...તું આમ તળે ઉપર શીદ થઈ ગઈ ગુલાબ ! કોઈ વેપારી ઘરાક સાથે અંતરની ઊંડી વાતો કહી દે ખરો ? ..રાખ હવે રાખ !'

'લ્યો' ગુલાબે ઈલાબેનને દૂધ દઈ દીધું.

દૂધની મતલબ પૂરી થતાં ઈલાબેન ચાલતાં થયાં — કશું જ ન બોલ્યાં – આવો કે આવજો સુધ્ધાં ! ઊલટાનાં ચોરની જેમ ચારે બાજુ જોઈ ને, લપાઈ ને ચાલ્યાં ગયાં.

ગુલાબ સમજી ગઈ – એ એની આબરૂની પોટલી સાચવતાં હતાં.

અને બારી સુધી ગયેલી ગુલાબના કાન બહેર મારી ગયા :

'શું કરું ?' રસ્તામાં એક સ્રીને ઈલાબેન જવાબ આપતાં હતાં : 'હોટલમાંથી લેવું પડ્યું...!'

ગુલાબનું માથું ભમી ગયું. એને ચક્કર આવી ગયાં.

કલાક પછી એ ઈલાબેનને બે વેણ કહી દેવા એને ઘેર ગઈ.

પણ ઈલાને ઘેર તો સ્રીઓનું ટોળું જામ્યું હતું. સૌ ચોપાટ રમતી હોય અને એકાદ સોગઠી મરવાની હોય ને સૌ એને જોઈ રહે એ રીતે બધી સ્રીઓ, વચમાં બેઠેલી એક આધેડ ઉંમરની સ્રીને જોઈ રહી હતી.

કાળાં ધોળાં વાળના મિશ્રણવાળી એ સ્રી સૌને હસાવતી હતી – બધી પેટ પકડીને હસતી હતી.

'શેઠે ડાક્ટર મળે તો ધમલાવી નાખ્યું.' પેલી હસામણી બાઈ બોલતી હતી : 'શેઠ કે'તો'તો કે તમારે હવે...અને એની સહેજ-હોળી થઈ ને ઊભી રહી...ધબ્બા ધબ્બી વામીંટ થાય છે.'

'ઈ તો અવલબેન !' સામે બેઠેલી સ્રીએ અવલને બજરની

ગાબલી અંગાવી અને ચપટી વગાડી : 'માખી-બાખી ખાવામાં આવી હશે.'

'લે હવે બોઠી પડય!' અવલ બોલી : 'જણી જણીને ગળઢી થઈ છું સમજી? મને મારા પંડયનું ભાન હોયને...વામીંટ થયું કે લાગી તારે!' ને અવલે જમણા હાથનો પોંચો ઊંધો કરીને ડાબી હથેળીમાં પછાડયો : 'મામાનું ઘર કેટલે કે દીવો બળે એટલે...!'

'તો એમાં શું ખોટુ છે? તમે ક્યાં રાંડીરાંડ છો?'

—ગુલાબનો શ્વાસ બ્રહ્માંડે ચડી ગયો.

અવલ ગંભીર થઈ ને બોલી : 'ધણીએ ઉપરેસન કરાવ્યું છે એનું ભલુ પૂછવું. ઘડનારાનો કહીને ઊભો રિયે : 'આ છોકરું મારુ નથી' ને અવલે નિઃશ્વાસ મૂક્યો : 'મરદના ભરોસા શા?'

'બેસને ગુલાબ!' ઈલાનું ધ્યાન જતાં એણે વિવેક કર્યો : 'ઊભી શું કામે?'

—આભમાંથી બોલે એમ ગુલાબ બોલી : 'ઊભી છું.'

'તો હવે શું કરશો?' ઈલાએ અવલને પૂછ્યું.

'મારું કપાળ!' અવલે કપાળ પર હાથ મૂક્યો.

અવલ હવે શું કરશે—એ પ્રશ્ન પર ગુલાબ તોળાઈ ને ટીંગાઈ રહી!

'મારું આવી બન્યું ભલી મા'ણા!' અવલ બોલી : 'જાતી જિંદગીએ ગળાફાંહો...!'

ગુલાબનું અંતર ચિત્કારી ઊઠ્યું : 'હેં...! ગળાફાંસો ખાવો પડે?'

'ફાંસો ન ખાવો પડે...' ઈલાએ આશ્વાસન દીધું.

'તો શું લાડવો ખાશ હું?' અવલની આંખમાં જળજળિયાં આવી ગયાં : 'તમારા ભાઈ કહેવાના છે—મને ખાતરી છે...કે'શે કે આમાં પાપ છે!'

વાતાવરણ હવે ગમગીન બની ગયું – ગુલાબ ઝાંખીઝપટ થઈ ગઈ.

'તમે એમ કરો' ઈલા બોલી : 'ડાક્ટર પાસે જઈને મારા ભાઈની તપાસ કરાવો...ડાક્ટર કે'શે કે એ માની જશે – મૂળ તો કબૂલાત જોઈએ...આદમીની કબૂલાત, સમજ્યાં?' અને ઈલાએ ઉમેર્યું : 'ડાક્ટરને તરત ખબર પડે કે આ પુરુષમાં બાળકો થવાની શક્યતા છે કે નહીં!'

અત્લ ખુશ થઈ ગઈ : 'તો તો તમે જ ભગવાન બેન! ઘેર ગઈ નથી કે ડાક્ટર પાસે ગઈ નથી!'

અને આ સાથે ગુલાબને જાણે કાંઈક ઉકેલ મળ્યો. ગુલાબે એવી રીતે પગ ઉપાડ્યા કે ઘેર કાંઈક ભૂલેલું લેવા ન જતી હોય!

'અરે પણ બેસ તો ખરી ગુલાબ!' ગુલાબને છલાંગો ભરતી જોઈને ઈલાએ કહ્યું : 'શું આવી અને શું ભાગી?'

'કામનો પાર નથી' ગુલાબે છેક અરધે ફળીએ પહોંચીને કહ્યું : 'આવીશ પછી' અને આટલું પૂરું કરતાં તો એ બજારમાં પહોંચી ગઈ.

ઘેર પહોંચીને ગુલાબે ડેલી વાસી અને તરત જ લખવા માટે કાગળ લીધો.

ગુલાબના ચિત્તમાં એ પળે તો એક પણ આંટીઘૂંટી નહોતી અને હોય ક્યાંથી? ગુલાબ ક્યાં આવાં કાર્યોમાં પારંગત હતી? એ કંઈ પીઠ પાપી ઓછી હતી?

એનો સાચ અને સહાર્દવાળો ઉર્મિલ એવો ભાગ અત્યારે ઊછળતો હતો અને માટે તો એ બાળકની જેમ, કોઈ પણ પ્રત્યાઘાત વગર સ્વપ્નોમાં ખોવાઈ ગઈ :

'અતુરને ડાક્ટર તપાસશે. એ ભોળા આદમીને ખબર પડશે કે આમ પણ બને છે ખરું...બસ, એક વાર એ આવી જાયતે...'

ગુલાબે કાગળને થાળીના તળિયા પર માંડ્યો...ને એ ખુશ

વવા માંડી : ' હા, ચતુરમાં એ બધું છે ' અને ચતુરનું બલિષ્ઠ એવું પૌરુષ ગુલાબની નસોમાં સંગીત થઈને ગુંજવા લાગ્યું... એનો ચહેરો એકાએક પ્રકાશિત બની ગયો. અંતરમાં ભાવોની ભરતી આવી. મન આનંદથી ઊછળી રહ્યું : ' ચતુરનામાં જે છે ' ગુલાબે હાથનો પંજો પહોળો કરીને હવામાં ઝુલાવ્યો : ' એ બધું કદાચ કોઈ પુરુષમાં નહીં હોય...ના ના..ન હોય... ! '

અને કાગળ પર એણે ટાંક માંડી. સંબોધન માટે મનમાં ગડમથલ ચાલી શું લખું ? પ્રિયતમ લખું ? પ્રિય લખું ? ચતુર લખું ? ચતુરલાલ કે પછી બાદશા ?

અને ખરેખર ગુલાબને જેટલાં સંબોધન યાદ આવ્યાં એટલાં લખ્યાં અને સામે છગડિયો કાંઉસ કરીને ત્યાં લખ્યું : ' તને આમાં ગમે તે રાખજે ચતુર ! મને તો બધાં જ ગમે છે.'

અને પછી એણે કાગળની શરૂઆત કરી.

મદારીના ખેલથી માંડીને દરેકેદરેક પ્રસંગને એણે વિગતથી વર્ણવ્યો :

' તું દરેક વખતે બીકણુ રહ્યો. અરેરે, તારામાં આ બીકણુતા ક્યાંથી વસી ચતુર ? તારી બીકણુતાએ જ મારો આ વલે કરી.'

અને આવું આવું લખતાં ગુલાબની આંખો ઉભરાઈ આવી. કોઈ પ્રસંગ એવો આવ્યો ત્યારે હસી, ખિજાણી, ડોળા કાઢ્યા, ડરી ગઈ...અને છેલ્લે એણે બન્ને જણુની રાતનું વિગત વાર ચિત્ર રજૂ કર્યું... ' મને ખાતરી છે ચતુર મને બાળક થવાનું છે ' ને અહીં એ ક્ષણાર્ધ રોકાઈ ગઈ. ટાંક લૂછી, કાગળ સરખો કર્યો, લાંબો શ્વાસ લીધો અને પછી પેનને એણે પાછી ચલાવી : ' ભલે થાય – મને એવી કોઈ બીક નથી...માત્ર તું એક વાર અહીં આવી જા. તાબડતોબ આવી જા...આપણે ડાક્ટર પાસે જઈશું. તને ખાતરી થઈ જાય સમજ્યો ! તરત આવજે. વાર લાગે તો તાર આદ્દ્ક જવાબ લખજે ' અને આ પછી ચાર કાગળનાં લાંબાં પાનાં

એણે કવરમાં નાખ્યાં. ઘાટોથી ગુંદર ચોપડીને કવર બંધ કર્યું અને કિનાર પર પેનથી આંકા કર્યાં, ચતુરનું સરનામું કર્યું.

રવાના કરનારનું નામ ? કોનું લખું નામ ? અને એ ગૂંચવાઈ ગઈ : નામ ન લખું તો ? અને ગુલાબે નિર્ણય કર્યો : નથી લખવું નામ...કવર હાથમાં લઈ ને એ ડેલીએ ગઈ.

'લો તો બેન !' એક બાઈએ હાથમાંનો કાગળ ગુલાબને આપ્યો :

—છેકછાક અને લાલ શાહીની નોંધવાળાં ચક્કરડાં : 'મોકલ-નારને પરત.'

'કોનો છે બેન ?'

ગુલાબે કહ્યું : 'આ તો તમારો પોતાનો છે.'

'મારો લખેલો ?'

'હાસ્તો...માલિક હાજર નથી, મોકલનારને પરત.' જવાબ વાળીને ગુલાબ પછી એકાએક ગૂંચવાઈ ગઈ. સ્વગત માથું ધુણાવ્યું : 'મારો કાગળ પણ પરત આવે તો ? મોકલનારનું તો નામ નથી. કોની પાસે જાય ? આ કાગળને પછી ફોડવામાં આવે તો ? તો ? ઓય બાપ ! મોત બગડી જાય.'

અને એ ગૂંચવાતી આંખે કવરને જોઈ રહી. વિચારીને ઘણી વારે નક્કી કર્યું : 'રવાના કરનાર હું પોતે...!' અને લખવા માટે પોતાના કવરને એણે બારી પર ગોઠવ્યું. ટાંક અડી ન અડીને વિચાર આવ્યો : 'ગુલાબ છે રવાના કરનાર...અને માટે જ આ કવરને ફોડવામાં આવે તો ?...ફોડે જ સાહ્લા ! – આ રાંડીરાંડ વળી કવર કોને લખે છે ? વાંચો તો ભાઈ !'

'ના ના !' ગુલાબે માથું ધુણાવ્યું. અને છેવટે એને ગમ્મત સૂઝી.

હસીને એણે રવાના કરનારનું નામ લખ્યું : 'ઇલાબેન વિષ્ણુભાઈ ત્રિવેદી...!'

૭.૪.

૩૨

—ચતુરનો કોઈ પત્ર નહોતો – કોઈ જવાબ નહોતો. કોઈ સમાચાર કે પત્તો નહોતો.

—પૃથ્વી કેટલી ધીમી ફરે છે – કેટલી બધી ધીમી !—ચોવીસ કલાકે માંડ એક આંટો. એક આંટાનો એક દિવસ, સાત દિવસનું અઠવાડિયું...! ચાર અઠવાડિયે માસ ! માસની સાતસો ને વીસ કલાક, એની મિનિટો...સેકંડો...!

દરેક સેકંડ જેની પ્રતીક્ષામાં વીતે છે એવા ચિત્તની કેવી દશા ! પૃથ્વીને, ધીમે ધીમે, મરૂમરૂ ફરતી પૃથ્વીને ખબર છે કે ગુલાબની એક એક સેકંડમાં એક એક પોસ્ટમેન જન્મે છે...જેના હાથમાં સંખ્યાબંધ પત્રો...કાગળ, પોસ્ટકાર્ડ, કવર, મનીઓર્ડર, તાર, પારસલ ફટોફટ વહેંચણી...ધડાધડ વાચન...કોઈના શુભ, કોઈના અશુભ કોઈના આવવાના, જવાના, મળવાના, ઢગલે ઢગલા સમાચાર...કોઈની ભેટો, બુકો, પેકેટો, પારસલો.

ગુલાબ એ બધું વહેંચાતું, લેવાતું, વંચાતું, રવાના થતું જોઈ રહેતી.

ખાંચા, ગલીઓ, ઝૂંપડાં, બંગલાઓ, ઓફીસો, દુકાનો – બધે જ રવિવાર સિવાય આ બધું દરરોજ આવતું.

—ચતુરનો કોઈ પત્ર નહોતો, કોઈ જવાબ નહોતો, કોઈ સમાચાર નહોતા !

—પત્ર લખ ચતુર ! અહીં કેટલું બધું અનુકૂળ બની રહ્યું છે !

પેલાં અવલબેન હવે નિરાંતવાં હતાં. એના પતિએ સમાધાન મેળવી લીધું હતું – અરે ઊલટાનાં બેઉ માણસ રાજી હતાં – એને એકેય દીકરી નહોતી...હવે દીકરી આવશે.

પેલી ગાય હવે ફરીને દોવા દેવા માંડી હતી. હાસમના ખોરડાં ઉપર હવે છોકરાં પડેલા દાંત ફેંકતાં હતાં. મીમીને આશા હતી... પાડોશમાં એક વહુને અધરણી આવી રહી હતી. શાકવાળી જમના હમણાં.ગાંસડી ઉપાડીને શાક વેચવા નહોતી આવતી. કહેતી હતી : 'ચાર માસ થયા છે, ભાર નથી ઉપાડવો !'

'મારાથી ભાર નથી ઊપડતો ચતુર !' ગુલાબ બોલતી : 'તું એક પત્ર લખ...મને પત્ર લખ...બાકીનું પછી. કાંઈ વાંધો નથી... તું બે આંકડા પાડી દે...બીજું કાંઈ ન લખતો વાંધો નહીં ' ગુલાબ માથું હલાવતી : ' મુંઝાશમાં ' ફક્ત એટલું જ લખ. બસ ચતુર, આ " મુંઝાશમાં "માંથી હું જરૂર પડશે તો આસોપાલવ જેવું ઝાડ ઉગાડીશ અને એની શીળી છાયામાં બેસીશ. એ શબ્દમાંથી જરૂર પડશે તો ઢાલ બનાવીશ, જરૂર પડશે તો તલવાર બનાવીશ. જરૂર પડશે તો હોડી, કાં તો વિમાન, પુલ, અમૃત બધું જ બનાવીશ...હા, ચતુર...બધું જ...બધું...જ બધું જ...!'

અને એ આમ રટતી રટતી વિવશ બની જતી...આંખો મીંચાઈ જતી અને સામે ભયનું એક વિકરાળ જાનવર એની સામે ખોડાઈ જતું – હાથ હાથ લાંબી રૂંવાટીવાળું...લાલચોળ આંખોવાળું...

અને આક્રમણનો રાતો સમુદ્ર ફણાટો મારતો. એ જાનવરનાં પહોળા, બિહામણાં પંજામાં ભાલા જેવા નહોર હતા. એના રાક્ષસી દાંતમાં માંસના ટુકડા ભરાયેલા હતા. એનું મોં, તાજા જીવતા શિકારના લોહીથી ગબકતું હતું...!

એક અવ્યક્ત ચીસથી ગુલાબ ખળભળી ઊઠતી અને આંખો બંધ કરી નાખતી...અને એની સામે પૃથ્વીનો ગોળો – સાતમા પારણામાં એ ઝૂલતી અને ગમ્મત ખાતર ચકરડી ફેરવતી – એ ગોળો ચકરડી ફરતો – અમેરિકા, ઓસ્ટ્રેલિયા, યુરોપ, આફ્રિકા, એશિયા...અને એમાંય એશિયા આખો ખળભળી રહ્યો હતો...એ ખળભળયનું કેન્દ્ર હતું હિન્દુસ્તાન. હિન્દુસ્તાનમાં ગુજરાત – ગુજરાતમાં નવા નગર...એક મકાન...એ મકાનમાં ગુલાબ નામની એક વિધવા...એ વિધવાએ આ ખળભળાટ મચાવ્યો હતો...!

ચારે બાજુથી માણસો, વિફરેલા, ઉકળેલાં ક્રોધમાં ફાટી ગયેલાં માણસો હોંકારા કરતાં હતાં; : 'ભાગ રંડાયા...પાપણી...વ્યભિચારી હરામખોર...વેશ્યા...પાતર્ય...લોંડી...!'

'ના ના ના...!' ગુલાબ કાને હાથ દઈ દેતી : 'એવું ના બોલો...એવું ના બોલો...!'

'એમ ?...આ બાળક કોનું છે ? કોનું છે એ ? કોણ છે એનો બાપ ?'

ચતુર...ચતુર છે એનો બાપ ! રહો હમણાં...હમણાં જ બતાવું તમને ચતુરનો કાગળ...બતાવું...પછી ? પછી ?'

—ક્યાં હતો પણ કાગળ ?

બહાવરી ગુલાબ ડેલીએ દોડી જતી અને પોસ્ટમેનને ખોળવા માંડતી.

ખોળ્યા કરી...દિવસો સુધી...બગડેલી પાકી કેરી જેવા રંગના કપડાં પહેરેલો પોસ્ટમેન જતો રહેતો.

એક દિવસ ગુલાબ ટપાલીની વહુને પોતાને ઘેર તેડી આવી. દૂધનો શેર એકનો લોટો ભરી દીધો...શેર જેટલું શાક આપ્યું, કઠોળ આપ્યું. અને પછી ધીમેથી ભલામણ કરી: 'મારા ભાઈને કહેજો. મારી ટપાલ મારા હાથમાં આપે ..મારે ટપાલ આવવાની છે...કવર આવશે...કવર ઉપર મારું પોતાનું સરનામું હશે... મને ગોતીને આપે...અમારો આ લીલો ડેલો, વીજળીનો થાંભલો... બીજા કોઈના ડેલા પાસે વીજળીનો થાંભલો નથી, સમજ્યાં? બસ...યાદ રાખે...કેજ્યો, બરાબર યાદ રાખે!'

અને વળતે દિવસે, ટપાલને સમયે એ રાહ જોઈને ઊભી રહી. આજ ગુલાબને ખાતરી હતી. ટપાલીને બરાબર એંધાણ મળ્યું હતું લીલો ડેલો, વીજળીનો થાંભલો...કવર...કવરમાં ગુલાબ એવું નામ...બસ એ હવે નહીં ભૂલે, વળી હું પોતે લેવા ઊભી છું.

· સામેથી ટપાલી આવતો દેખાયો...ચપોચપ આવતો હતો, એના હાથમાં કવર પણ હતું અને ટપાલીએ ડેલા સામે જોયું પણ ખરું.

ગુલાબ જરાક વધારે, દેખી શકાય એ રીતે બહાર નીકળી.

એક રેંકડીવાળાએ ટપાલીને ખોટી કર્યો ..થોડાં પોસ્ટકાર્ડ ખરીદ્યાં. ટપાલી વળી ચાલવા લાગ્યો...હવે એ બહુ દૂર નહોતો... એણે ટપાલના થોકડામાંથી ટપ દઈને એક કવર ઉપર કાઢ્યું.

ગુલાબ ધીમેથી બોલી ગઈ: 'બસ એ જ...એ જ કવર!'

—અને વળતી પળે તો ગુલાબ હતાશ થઈ ગઈ—ટપાલીએ એ કવર પાડોશની એક ડોશીને આપી દીધું અને સામેનાં ખાંચામાં થઈને ઝપાટાબંધ આગળ ચાલ્યો ગયો...!

—ગુલાબ પૂતળાં જેમ ઊભી રહી.

પેલી ડોશી હાથમાં કવર લઈને ગુલાબ તરફ આવી રહી હતી. ગુલાબને ટપાલીની ભૂલ સમજાઈ ગઈ...એ રોષમાં બોલી : 'રાંડ...' અને પછી તરત જ એ ટપાલીની વહુ ઉપર ઊકળી પડી : 'રાંડ!

શેર એક દૂધ, શાક, કઠોળ...અને એનો આ ટપાલો...હાલો ભાનબોરો મારું કવર ડોશીને પધરાવીને જતો રહ્યો...!'

ડોશીએ હાથ લાંબો કર્યો કે ગુલાબે ઝડપથી કવર લઈ લીધું.

ડોશી ગુલાબ સામે જોઈ રહી.

ગુલાબે કવરને ફેરવીને જોયું અને પછી ડામ પડ્યો હોય એ રીતે એણે કવર ડોશીને પાછું આપ્યું: 'આ કવર મારું નથી.'

'મને ખબર્ય છે બેન! મારું છે – મારી દીકરીનું છે. સીસાઃ પેનથી ઈ કાગળ લખે છે...કેટલા દિ'એ આવ્યું માડી!' ડોશીના મોં પર રાજીપાના પતંગ ઊડી રહ્યા: 'બેન...ઠેઠ ટાઢચનું વાળું પડ્યું તે દિ' મારી દીકરીનું આવ્યું'તું' અને ગુલાબનો હાથ કંપતો જોઈને ડોશી બોલી: 'તોડો તમતમારે...વંચાવવા તો આવી છું...મારે તમારાથી કાંઈ ખાનગી નથી!'

'સ્વસ્તશ્રી ગામ...' કંપતા સ્વરે ગુલાબે પત્ર વાંચવો શરૂ કર્યો: 'ગામ સુરવદરથી લિ. તમારી દુઃખી દીકરી...!'

'હા, તે ખરું બેન!' ડોશી કાગળમાં ડોકાઈને બોલી: 'દુઃખી છે બચ્ચારી...બળ્યું માણહનો અવતાર – એને ય ઓરતા હોય ને બાપા! આજ સાત વરહ થયાં...એની હાર્યે પરણેલી છોડિયુંનાં છોકરાં બાળમંદર્યમાં ભણે છે.' અને અહીં ડોશીનો સાદ ભારે ભારે થઈ ગયો. પછી એ નંચું જોઈને, માથું હલાવીને બોલી: 'જમાઈનો રોયાનો કાંઈ ધડો નથી. દારૂ પીવે, જુગાર રમે – એમાંથી કાંઈ ન મળે તઇં, દીકરીને મારીમારીને ધોઈ નાખે...' ને એનું ગળું ફરી વાર રૂંધાણું: 'આ તો બેન, કુલાના ડામ છે સાત સાત વરસથી.'

'અત્યારે તો માડી ભગવાન સિવાય' ગુલાબ વાંચવા લાગી: 'કોઈનો મારે આધાર નથી. આ શુકરવારે હું તમારે આશરે આવું છું.'

'આવતી રે' માડી!' ડોશી રાજી થઈને વચમાં બોલી:

'આવતી રે' તું તારે...તારી પાંતિનો બટકું રોટલો મને ભગવાન દઈ રે'શે અને ફૂટેલું ઠામ તો કંસારાને ઘેર જ જાય ને બાપા!'

કાગળને આંગળીમાં પકડીને ગુલાબ ડોશીને તાકી રહી.

'વાંચો બેન, હલઘડી જ જવાબ લખી નાખું કે મારો કાગળ મળતાં પોરો પણ ઘેર આવીને ખાજે.'

છાનો છાનો ઊંડો એવો એક શ્વાસ લઈને ગુલાબે વાંચવા માંડ્યું: 'મને ત્રણ મહિના છે માડી!'

'ભગવાન રાજી, મારી દીકરી!' ડોશી આંખોના ખૂણા લૂછવા માંડી: 'ઘરમાં ગોળ છે, ઘઉં પણ છે...ભગવાન બોલાવતો હશેને, મેં ઓણ સંઘરી રાખ્યું છે બધું...બશેર ઘી તો હું પાતાળ તોડીને ય લઈ આવીશ' ડોશી, આસપાસની ચાર હાથ જગ્યામાં ઘીનું વાસણ લઈને ઘી લેવા નીકળી હોય એવા ભાવથી આંટા મારવા માંડી: 'દૂ:ખી છે પણ ડાહી છે' એ સંતોષથી બોલી: 'આગમચેતી વાપરીને ટપાલ લખી, જોયું ને બેન?' અને પછી બોખા મોંથી પોતાના સંતાનની આવડતભરી લુચ્ચાઈ ઉપર હસવા માંડી: 'અટાણુથી લખ્યું હોય તો મા છાણાં થાપવા માંડે, ગોદડીઓ સીવવા માંડે, ખોયા અને ઝબલાંનો જોગ કરી રાખે દીકરીની જાત બેન!' એ ગુલાબ સામે જોઈને મીઠું હસી. 'મર્યાના મટ લગી માવતરની આશા રાખે...ઘરમાં સારી ખીલી હોય તો એય ખેંચીને લઈ જાય...ભલે...માડી ભલે...મારે એનાથી વશેક શું છે? આવતી રે' બાપા!'

'અને માડી' ગુલાબે પત્રને આગળ છૂપાવ્યો: 'અટાણે તો મારી ઉપર આભ તૂટી પડ્યો છે.'

'હવે તૂટ્યો આભ!' ડોશીએ વચમાં હાથ ઊંચો કર્યો: 'હું બેઠી છું વાઘણ જેવી – તારી માથે આભ શાનો તૂટે?' અને એ છાતી ઉપર માથું હલાવવા લાગી: 'રોદણાં રોવાં મેલીને તું તારે આવતી રે'... તારે શી ઉપાદી છે?'

'તમારો જમાઈ કહે છે કે' ગુલાબે વળી પાછું વાંચ્યું : 'આ બાળક મારું નથી.'

"હેં !' ડોશી એકદમ ગુલાબ સામે ધસી ગઈ...એણે કાગળને ધ્રૂજતી આંગળીઓથી પકડ્યો અને એમાં જમાઈ દેખાતો હોય એમ ડોળા કાઢીને બોલી : 'તો ? તો કોનું છે ઈ છોકરું ? બોલ્ય તો મારા રોયા ! કોનું છે ! પારકું છે એમ ? જા હાળા મવાલી ! મારી દીકરી એવી હોય તો આજ સાત વરસ થાય શાનાં ?' અને એ સામેની દીવાલ સુધી ધસી ગઈ, વળી ત્યાંથી પાછી આવી.

ગુલાબ હવે એક ધ્યાને એને જોઈ રહી હતી.

—ડોશી પળ બે પળ કંપ્યા કરી. એનું કાબરચિતરું માથું હવાના સમદરમાં તરતું હતું અને દબાયેલા સાપ જેવો એનો ચહેરો વળ ખાતો હતો.

એક પળ પછી એણે માથું ઊંચું કર્યું. બે ડગલાં આગળ વધી ને હવામાં વેણનો ઘા કર્યો : 'ભલે. .ભલે એ કહેતો...હું આખી દુનિયાને જવાબ દઈ દેશ મારી દીકરી ! મારી દુઃખી દીકરી ટટળતી હતી...હા...દીકરી તો મારી છે ના, હલુલનું ગયું બધું...મારી દીકરી થોડી મરી જાય ? આવતી રે' તું તારે ! તારો એમાં શું ગુનો ?'

ગુલાબના અંગમાંથી એક ધ્રુજારી ધડધડાટ કરતી નીકળી ગઈ...અને પછી મોંમાંથી એક તીવ્ર ચીસ : 'માડી !'

'હું કોઈથી કાંઈ બી મરવાની બેન ?' ગુલાબને ગભરાયેલી જોઈને એ બોલ્યાં : 'તમતમારે મૂંઝાવમાં...જે થયું એ ભલે થયું. હું કંઈ મારી દીકરીને કાઢી મૂકીશ ? એનો બાપ હોત તો ઉપાધિ થાત. એ દીકરીને ઢવવા ન દેત...પણ હવે તો હું છું...મા...વાઘણ જેવી એની મા ! ઈ મારું સંતાન છે, મારા ખોળાની ટાઢક !'

ગુલાબે એક વાર જોરથી માથું ધુણાવ્યું અને એની આંખોમાં ઘોળાશ ઊભરી આવી...મગજમાં એક હજીરા ગયો, આભ તૂટીને

એના પગ પાસે જ ભફ દઈને પડ્યું...એ એકાએક પાગલપણાથી બોલી : ' ઝેર ! '

એની સામે પિતાની આકૃતિ મૂછો ધ્રુજાવતી, ડોળા તાણતી હવામાં હાથ ઉછાળતો બોલી : ' ઝેર પી લેજે પણ અમારું નામ બોળાવતી નહીં.'

' ના ના ! ' મા આડા હાથ દઈને પતિને રોકતી હતી : ' ભલે આવી...દુ:ખી મારી દીકરી...ટળવળતી...શું એનો ગુનો છે ! હું કાંઈ બી મરવાની છું ! હુ એને કાઢી મૂકું એમ ? તો તો પ્રથમી રહાતાળ જાય ! મારું ઈ લોહી છે, મારા ખોળાની ટાઢક...એના ઉદરમાં ગમે તે હોય, પણ દીકરી તો મારી છે ના ? '

અને હવામાં વાર થયો. હવા ધ્રૂજી ગઈ. પંખીઓ ઊડી ગયાં. શામજીભાઈએ પત્નીને એક જ ઘાએ ઢાળી દીધી.

અને આ સાથે ગુલાબના મોંમાંથી એક ચિત્કાર નીકળી ગયો.

પેલી ડોશી સજ્જડ થઈ ગઈ.

'—ગુલાબની નિર્જીવશી આંગળીઓમાં પત્ર ચોંટી ગયો હતો. એ હલતી નહોતી, ચલતી નહોતી, ધ્રૂજતી નહોતી – અને ડોશી હજી એને પકડે એ પહેલાં એક જ ક્ષણમાં એ સીધી, ટટ્ટાર, સજ્જડ થઈ, પછી એક જ આંચકા સાથે ઢળી પડી...!

' ઓય માડી ! ' ડોશી એકદમ બાવડાં હલાવતી દોડી અને જમીન પર આડેધડ, બેભાન પડેલી ગુલાબનાં ધૂળ ધૂળ અંગોને સાડલા વડે લૂછતાં લૂછતાં રડી પડી : ' અરે, મારી બાઈ ! મારું દુ:ખ ' ને પછી એનાં આંસુ ગુલાબ પર વરસી રહ્યાં : ' મારા દુ:ખે તને આટલી બધી દુ:ખી કરી ? મને શી ખબર દીકરી ! તું આટલી બધી હૈયાળુ હઈશ...અરે રે બાપા ! તું શું કામે મૂંઝાઈ ગઈ ! હું બેઠી છું ને, વાઘણ જેવી હું ઊભી થા બેન...ઊભી થા ! અમારેય ભગવાન છે, બાપુ ! ' અને આ પછી એણે આખો પાડોશ ભેગો કર્યો : ' જોવો જો ને, આ બાઈની ભલય ખાનદાની...જુઓ તો ખરાં ! મારાં દુ:ખે...મારાં દુ:ખે બચ્ચારી બેભાન થઈ બેઠી ! '

ગુલાબે આંખ ખોલી અને ખોલતાંની સાથે જ એ હેબતાઈ ગઈ...!

—છતમાં લાલચોળ નળિયાં અને વાંસા સિલિંગની ચોકડીઓવાળી એની દુનિયા ક્યાંય જોવા ન મળી.

એ વિચિત્ર ભાવથી બધું જોવા લાગી – છેક નીચું, માથાને અડુચું કે અડશે – એવું, સફેદ વીજળીના વાયરથી ઘેરાયેલું અને કપાળ ઉપર લટકતું સફેદ, સપાટ ધાબું...!

ગુલાબ અજ્ઞાત, ભય અને આશંકાથી ઘેરાઈ ગઈ.

'આ શું છે? મારી ઉપર આ શું છે? હું ક્યાં છું? મંદિરમાં છું? દેવળમાં છુ? કે પછી સ્મશાન છાપરીમાં?

—પોપચાંના બીડાણુમાંથી કીકીઓને એણે નીચે ઉતારી અને પાપા પગલી માંડતાં બાળકની જેમ જમીન પર ચાલતી કરી.

અહોહો! નજર લંબાઈ લંબાઈ ને

તૂટી જાય અને છતાં જેનો છેડો જ ન આવે! ...કેટલી બધી પથારીઓ! – પથારીઓનું નગર...! એક જ લીંટીમાં ખડકાયેલી; હાંસેલ: ભીંસાતી, ભટકાતી...પથારીઓ...! નાના નાના, એક જ રંગના દવાથી લદાયેલા, વાસ મારતા ગૂંગળાવતાં ટેબલો...!

—અરરર! આમ તો જુઓ!...એક જ સરખા, ફિક્કા, માંદલા, હાંફતા, કરાંઝતા, કણસતા, માખીઓ ઉડાડતા, દવા પીતા, ચૂપ થતા, આડા ને અવળા બેઠેલા અને સૂતેલા – કેટલા બધા ચહેરા!

ગુલાબના અંતરમાંથી પૃચ્છાઓનો રા' ફૂટયો : 'અરે, કોઈ જવાબ તો આપો! શું છે આ બધું? કોઈ જળ હોનારત થઈ છે કે શું? આ કઈ નદી છે? – આટલાં બધાં મુરદાંને તરાવતી; તાણતી ક્યાં જાય છે?'

અને ગુલાબની કીકીઓ થાકીને ધ્રૂજવા માંડી, નકૂચા તૂટેલી બારીઓ જેવી પાંપણો ડોળા પર પછડાણી. પળભર અંધકાર છવાઈ વળ્યો...! એ ગુંગળાવા લાગી. સમગ્ર તાકાતથી એણે પાંપણોને હડસેલી અને પોતાના ઘરને એ શોધવા માંડી:

—માંડય – પાટિયાંવાળી, વાસણોથી ભરેલી, છબીઓની કતારવાળી ઘરની પાછલી પછીત...ગણપતિનો ગોખલો, પૂજાનો કબાટ, ડામચિયો અને ડામચિયાની બાજુમાં, મોટા હાથી જેવા પિત્તળથી ચમકતા પટારા, જૂના વખતનું ઘંટીનું થાળું, કોઠી...કંઈ ન મળે!

'ઓહ!' એ પડખું ફરી...ગાદલાનાં કવરનો જાંબુડિયો રંગ એની આંખમાં ઘોંકાણો...નજરને સહેજ ઊંચી લીધી, બાજુમાં એક પેડ લટકતું હતું...એમાં ગુલાબનું નામ હતું – થોડા આંકડા પાડેલા હતા.

ગુલાબે પથારીઓ, ચહેરાઓ, ટેબલો – બધાંની ભીંસમાંથી છોલાયેલી દૃષ્ટિને વચ્ચે એક સપાટ કેડી પર માંડી...એક પરિચિત રેખાઓની આકૃતિ લાંબી લાંબી પથારીઓની નવેળીમાંથી દૂર દેખાતાં બારણાં તરફ રેળાઈ ગઈ!

પાછળના ભાગમાં ચપ ચપ કરતો અવાજ થયો...કાચનો ગ્લાસ ટેબલ પર ટક ! દઈ ને મુકાયો અને પછી એમાં પ્રવાહી રેડાયું : 'ખટ્ટટ્ટટ્ટટ્ટ !'

'આ બધું આપી દઉં, સિસ્ટર ?'

ગુલાબ એકાએક 'ધૂમજાવ'ની સ્થિતિમાં ફરી.

'જરા આસ્તેથી હોં' સફેદ વસ્ત્રોમાંથી એક શાંત, હસતો ચહેરો ગુલાબે જોયો ન જોયો અને બાજુમાંથી એક કચવાટ આવ્યો : 'ભલા ભગવાન ! આમ પડખું બદલાય ?'

'ગુલાબ !' ઈલાબેન સામે ઊભાં હતાં : 'સિસ્ટર કહે છે કે તું શાંતિથી હલચલ કર્યા વગર સૂઈ રહે !'

'હું...હું દવાખાનામાં છું ?'

'હોવે...તમે દવાખાનામાં છો...' સિસ્ટર હસી : 'દવાખાનું શું એટલું બધું ખરાબ છે, બેન !'

'પણ મને થયું છે શું ?' ગુલાબ એકદમ બોલી • તો ગઈ પણ પછી – ખૂનનો સાફ ઇનકાર કરીને છૂટી જવા માગતો ગુનેગાર અભાનપણે એકરાર કરી બેસે એ રીતે એ હેબતાઈ ગઈ.

સિસ્ટર કંઈ પણ બોલ્યા વગર ચાલી ગઈ. ગુલાબે ચાદર ખેંચી. ડોક સુધી ઓઢીને પછી એણે ધીમે ધીમે આંગળીઓને, કોઈ ન જુએ એ રીતે પેડુ પર ઘોંચીને પછી એકાએક બોલી પડી : 'કોઈએ કાઢી લીધું કે શું ?'

ઈલાબેન ગભરાઈ ને ઓશીકે બેસી ગયાં અને અતિ ધીમા સાદે એ ગુલાબના કાનમાં બોલ્યાં : 'બોલમાં...અહીં એવું ન બોલાય. ગુલાબ !'

છતાં ય ગુલાબ ચૂપ ન રહી. એણે ધીમેથી હોઠ ફફડાવ્યા : 'તો ઠીક...હજી તો છે ને ?'

ઈલાબેને ડોક હલાવી : 'હા, બાપા હા...છે...બીજું કાંઈ ?'

'બ...સ...!' ચાદર તાણીને માથે ઓઢતાં એ બોલી :

બીજું કાંઈ નહીં...બીજું મારે કામ પણ શું છે!' અને પછી એ નિરાંતે મિષ્ટાન્ન ખાધેલો કોઈ ખાઉધરો ઊંઘવા માડે એમ ઊંઘવા માંડી.

ઈલાએ એક ઊંડો નિઃશ્વાસ મૂક્યો.

'ટપાલ...' ગુલાબ વળી જાગી ગઈ : 'ટપાલ આવી ઈલાબેન?

'તું ગુલાબ! નિરાંતે સૂઈ રહીશ?'

ગુલાબે માથા પરથી ચાદર કાઢી નાખી. કપાળ પરનાં વાળ બેસવતાં એ સાવ ધીમેથી બોલી : 'અહીં આવો.'

ઈલાબેન એનાં ઓશીકા પાસે બેસી ગયાં.

'મારે...' ગુલાબે ચડેલા શ્વાસને ખાળ્યો. પછી જાંબુડિયા રંગના ગાદલાંને જોઈ રહી અને ધીમેથી બોલી : 'મારે ચિંતા કરવી પડે છે...ચિંતા થાય એવું...એવું!'

'તારે ચિંતા કરવી પડે એવું કશું નથી ગુલાબ!' ચાદરના છેડાને સરખો કરતાં ઈલા બોલી.

"કેમ નથી?' ઢળેલી આંખોને ગુલાબે ઝડપથી ઉઠાવી અને ઈલાબેન સામે માંડી : 'મને સમજાવોને, સમજાવો હવે!'

'નિરાંતે.' ઈલાબેન ઊભાં થયાં. ચાદર ગુલાબના માથા પર ઢાંકી અને ચાલતાં થતાં બોલ્યાં : 'નિરાંતે બધું સમજાવીશ, અત્યારે સૂઈ જા...' અને એ ઝડપથી વોર્ડ પૂરો કરીને બહાર લોબીમાં આવ્યાં.

'મને સમજાવો, સમજાવો હવે!' ગુલાબના શબ્દો પાળેલાં કુરકુરિયાં પેઠે પાછળ દોડી આવ્યા.

એ પગથિયાં ઊતર્યાં, કમ્પાઉન્ડમાં આસોપાલવને છાંયે ગુલાબની-બાજુ બેઠાં હતાં. સામેના આંકડા ઉપર ભગુ બેઠો હતો.

ઈલાને જોઈને માસી-ભાણેજ બંને સાથે ઊભાં થયાં. ઈલાએ એના ચહેરા જોવા – એ પશુઓ જાણે તળાવના પાણીમાંથી ઊપસ્યાં.

ચાં...એના પ્રત્યેક ભાગમાંથી આનંદ અને સંતોષ ટપકી ટપકીને આમણાં ભરતો હતો.

ઈલાનો ચહેરો એકાએક કઠોર થઈ ગયો પછી ત્યાં બળવો ફાટતો દેખાયો : 'તમે જતાં રહો...ખાસ કરીને તું જ જતો રહે ભગુ! આ એક અકસ્માત છે, ભગુ!—રસ્તા પર દોડતી મોટર એકાએક ઊથલીને ખાડામાં જઈ પડે, તો ખાડો કાંઈ ગેરેજ ન બની જાય...મોટર રિપેર થઈ ને એના ગેરેજમાં જ જાય...તું ગુલાબનો પતિ નહીં બની શકે સમજ્યો!' ઈલાએ મૌનપણે ભગુના ચહેરામાં, સારાપણાનો કોઈ અંશ છે કે કેમ એ અંગે તીવ્રતાથી, પગમાં વાગેલા કાંટાને જોતાં હોય એમ ભગુ સામે જોયું.

—ભગુ હસ્યો...!

ભગુના કુરૂપ અને અકારણ હાસ્યથી ઈલાનું હૈયું વલોવાઈ ગયું : 'કેવું બની ગયું! કેવું...!' અને એનું અંતર સાડીની કોર જેમ ચારે કોરથી ઝગ્યું...અને એ નીચે જોઈ ગઈ...એના અંતરમાં લાચારી ભર્યો એકરાર ખડ દઈ ને ભટકાયો : 'હા...એ હવે, ગુલાબનો હવે પછીનો પતિ છે.'

બધું ભગુની તરફેણમાં ગોઠવાઈ ગયું હતું – ગુલાબની સગર્ભાવસ્થાએ ભગુ જેવા રેઢિયાળના નસીબને ખોલી આપ્યું હતું!

અરે, ગુલાબના પિતા શામજીભાઈએ ખૂદ ભગુના હાથમાં ગુલાબને સોંપી હતી.

ચતુરને આસામમાંથી તાર કરીને તેડાવાયો હતો. જેના નામ સાથે ગુલાબ નાચતી હતી એ ચતુરે આવીને કહ્યું હતું : 'મારે અને ગુલાબને હવે કશું નથી' ને કપડાં ઉપરથી ધૂળ ખંખેરાય એટલી આસાનીથી ગુલાબ ચતુર ઉપરથી ખરી ગઈ!

ઈલાનું માથું એકાએક નકારમાં હલ્યું અને એ સાથે ચોરણી સાથે હાથ ઘસતો ભગુ પાસે આવ્યો : 'કેમ...એને કાંઈ મઝા નથી કે શું?'

ઇલા સ્તબ્ધ બનીને હજીય ઊભી હતી. માથું ભટકાય તો લોહી નીકળે એવા નક્કર સંજોગો સાથે પોતે કેવી પોકળતાથી વર્તે છે ? આ મામલામાં પોતે શું કરી શકશે ?...પણ શું કરે બિચ્ચારી ઇલા ? ભગુ જ એને દીઠે ગમતો નહોતો એનું શું ?

ઇલા કંઈ જ બોલ્યા વગર પાછી વળી. અને એથી તો વળી અનર્થ પણ વધ્યો.

લપ જેવો ભગુ એની પાછળ ચાલ્યો – અને ઇલાએ એને સમાચાર આપ્યા : ‘હવે સારું છે ગુલાબને !’

અને પછી અકળાઈ ગયેલી ઇલા એકાંતમાં એક બાંકડા પર જઈને બેસી ગઈ.. ચતુરે ના કહી...ગુલાબને સ્વીકારવાની ના !’

‘ના !’ કોઈ સુંદર મઝાની ઇમારત પર બૉંબ પડ્યો – “ના”ના વિનાશક અણુઓથી ભરેલો બૉંબ...!

આધાર, ઓથાર, આશા, પ્રેમ, ઝંખના અને તૃષાની ઈંટો વડે ચણાયેલો ઊંચો બનીને છેક આકાશમાં પહોંચેલો એક મહેલ... ભયાનક “ના” એ મહેલ પર ત્રાટક્યો અને બધું ય ખેદાનમેદાન થઈ ગયું.

ઇલાએ મૂંગો ચિત્કાર કર્યો : ‘તારે આવું નહોતું કરવું ચતુર !’ ને ધીમે ધીમે ખિસ્સામાં હાથ નાખીને એણે ગુલાબનો, ચતુર પરનો પરત આવેલો પત્ર કાઢ્યો.

‘તું એક વાર આવી જા...ચતુર ! ફક્ત એક વાર...’ ગુલાબ રવડતી હતી...કરગરતી હતી.

‘તું આવું કરવા આવ્યો ?’ ઇલા ચતુરને પૂછતી હતી : ‘આવું ?’ અને ઇલા ચોંકી ગઈ.

‘લે !’ વિષ્ણુભાઈએ નાના બાબાને ઇલાના હાથમાં મૂક્યો. સાઇકલને બાંકડાના પાછળના ભાગમાં ટેકવીને એ પત્ની પાસે ધીમેથી બેસી ગયા અને બોલ્યા : ‘પછી શું થયું ઇલુ !’

વિષ્ણુભાઈ રાતના મામલા પર પૂછતા હતા. ગઈ રાતે જે

કંઈ બનવાનું હતું એ વખતે પોતે હાજર હતા, પરંતુ ઓચિંતાનું ખાતાકીય કામ આવી પડતાં એ બધું અધૂરું મૂકીને જતા રહ્યા હતા.

'તમે એનો પક્ષ લો છો પણ એ સાલો કાયર છે, બાયલો છે.' ઈલા ધ્રૂજતી ધ્રૂજતી બોલી: 'ગુલાબ માટે એના દિલમાં કોઈ જ ભાવ નથી, કોઈ જ લાગણી નથી' અને પછી એ બાબાને ધવરાવવા લાગી.

'હું એ નથી માની શકતો, ઈલુ!' વિષ્ણુભાઈએ ફૂલની એક પાંખડી બાબાના માથા પર વેરી: 'જો એ એવો હોત તો છેક આસામથી અહીં આવ્યો હોત શાનો?'

'આવ્યો હતો, બાર વરસે બાવો બોલે એવું બોલવા!'

વિષ્ણુભાઈ ચમક્યા: 'એ એવું બોલ્યો!' પત્નીની વધુ નજીક જઈને એ સહેજ થોભ્યા અને ઉમેર્યું: 'કેવા સંજોગોમાં પણ?'

'સંજોગો?' ઈલા દુઃખદ હસી: 'આને તમે સંજોગોનું નામ આપો છો! એટલે તમે માનો છો કે એ લાચાર હતો? હજી પણ? એ સાલો એમ ને એમ જતો રહ્યો હોત તો એના બાપનું શું જવાનું હતું? ઊંડા કૂવામાં નાખીને, પાયમાલ કરીને એ કહેતો ગયો: 'ગુલાબને કહેજો કે મને ભૂલી જાય...!'

આ વાતથી વિષ્ણુભાઈ પણ થોડા વિચારમાં પડ્યા. પળભર શાંતિ છવાઈ રહી. ચતુરનું પગેરું કાઢતા હોય એમ વિષ્ણુભાઈ આસ્તેથી ઊભા થયા અને મેંદીની વાડ સુધી ટહેલી ગયા.

ઈલા ચતુરને હજીય પણ ગાડીમાં બેસતો જોઈ રહી હતી.

'ચતુર,' ઈલાએ ચતુરને કહ્યું હતું: 'ગુલાબ તારા વગર જીવી નહીં શકે...તું હજીય ફરી વાર વિચારી જો' અને પછી તરત જ એણે ગુલાબનો પત્ર એને આપ્યો હતો: 'લે, વાંચ. એટલે તને આ બધું સમજાય જાય...'

ચતુરે પત્ર લીધો...વાંચ્યો અને એણે એક ઊંડો નિઃશ્વાસ મૂક્યો.

'તું ચતુર મારી દીકરીને મુક્ત નહીં કરે તો હું એને ગોળીએ દેશ !' શામજીભાઈ ફરીવાર એના કાન પાસે બોલ્યા : 'અને છેવટે હું પણ ગોળી ખાશ...!'

'ઈલાબેન !' કાળજું કાઢીને અંબાવતો હોય એમ ચતુરે પત્ર પાછો આપ્યો : 'હું ગુલાબને સ્વીકારી નહીં શકું...' અને એક લાંબા શ્વાસને છોડતાં એણે પગ ઉપાડ્યો : 'એને કહેજો... હું એને નિર્ણય કરીને જાઉં છું...નિર્ણય કર્યા પછી જ હું આ જવાબ આપું છું. !'

અને ગાડીની વ્હીસલ થતાં એ દોડ્યો. એક પળ અટક્યો. એક ડગલું પાછળ હટ્યો અને બોલ્યો : 'ભગુ એ બાળકનો બાપ થવા તૈયાર થયો છે – શામજીભાઈની રૂબરૂમાં આ બધું નક્કી થયું છે.' અને પછી એણે ઈલા સામે હાથ જોડ્યા : 'મને તમે ..' અને એ ગળગળો થઈ ગયો : 'તમે માત્ર ગુલાબને, કોઈ સંજોગોમાં જીવતી. રાખજો...એટલું જરૂર કરજો' અને આંસુ લૂછતો એ દોડવા માંડ્યો.

'ગુલાબ મને ભૂલી જાય એવું બોલ્યો એ ? વિષ્ણુભાઈ ટહેલતા ટહેલતા બાંકડા પાસે આવી લાગ્યા.

'હા, અને પાછો કહેતો ગયો...સાવ મૂરખ !...કે'છે : ગુલાબને કોઈ પણ સંજોગોમાં જીવતી રાખજો.'

'તો તો...' વિષ્ણુભાઈના ચહેરા પર એક ચમક આવી : 'તો એ લાચાર બન્યો છે, ઈલુ !'

'તમે પણ રોમના "નીરો" જેવા છો—!' ઈલા રૂંધાયેલા સ્વરે પતિને કહેવા લાગી : 'તમે ભારે કરી...મેં તમને ગુલાબનો પત્ર આપીને મોટી ભૂલ કરી...! તમે મને આમાં ક્યાં હડસેલી? આમાં, આવા ગોટાળામાં આપણી ઈજ્જતનો સવાલ છે, વિષ્ણુ ! તમે મને મૂંઝવી ને મારી નાખશો...!'

'હવે હું સંભાળું !' વિષ્ણુભાઈ હસીને પત્ની પાસે બેસી

ગયા અને ધીમેથી એનો હાથ હાથમાં લઈને હસ્યા : 'તું મને આ નાટકનો છેલ્લો અંક સંભળાવી દે, બસ પછી ફ્રેશ થઈ જા...બધું મારા પર છોડી દે...!'

'તમે ઠીક છો હો...' ઇલાએ મીઠી રીસ કરી : 'શું સંભળાવવું મારે ? શામજીભાઈ સોદો પાડીને જતા રહ્યા છે. ભગુ હવે ગુલાબનો રખેવાળ બનશે, સાસુ ગુલાબને પંપાળશે. બધાં જ બધું જાણે છે. માત્ર એક ગુલાબ અજાણી છે બિચ્ચારી !' ને એક શ્વાસ લઈને એ આગળ બોલી : 'મારે તો હમણાં જ ગુલાબને ચેતવવી છે કે જો ગુલાબ ! ચતુર આવ્યો હતો એ ના પાડીને ગયો છે. તારા બાપ અને તારી સાસુએ તારું ભગુ સાથે નક્કી કરી નાખ્યું છે. બસ હું એમ જ કરવાની છું...હું હવે અકળાઈ ગઈ છું...' ને ઇલાની આંખમાં આંસુ આવી ગયાં : 'જે થવું હશે તે થશે બિચ્ચારીનું !'

'તું નકામી ગભરાય છે' વિષ્ણુભાઈએ ઇલાને ખભે હાથ મૂક્યો : 'આપણે બે ખરા દિલને સાંધી આપવાનાં છે ઇલુ !...ચતુર એને ખરા દિલથી ચાહે છે...એના છેલ્લા શબ્દો સંભાર—' ગુલાબને જીવાડજો...' એ શબ્દોમાં ચતુરનું અંતર ખૂલે છે...તું ન સમજી શકી એ જ નવાઈ કહેવાય...ચતુર કોઈ યોજના તૈયાર કરી રહ્યો છે. માત્ર એ સમયની રાહ જુએ છે...!'

'તમારી અક્કલ તો ગજબ કામ કરે છે.' ઇલા ફરીથી ચિડાણી : 'એવા ઘેટા જેવા પ્રેમી હોય તો ય શું અને નો'ય તોય શું ?.. જ્યાં એની મુઠ્ઠીમાં હતી અને ખિસ્સામાં ન મૂકી શક્યો, ત્યાં હવે એ ખીણમાં નાખીને પાછી મેળવશે ?'

'હા...' પતિ હસ્યો : 'દાખલા તરીકે મારી જ વાત કરને... મેં કેટલી ધીરજ રાખેલી ! ઇશ્વર સાચા પ્રેમની જરૂર તરફેણ કરે છે. તારા એ મહાશય સ્વર્ગે સીધાવી ગયા કે નહીં !' ને એણે હસીને પત્નીની હડપચી હાથમાં લઈને ઉમેર્યું : 'અને તું મને મળી કે ને !'

'ખોટું !' ઈલાએ વળી દલીલ કરી : 'એ એક અકસ્માત હતો. બધી જ બાબતોમાં એવું નથી બનતું...ભગુ જેવાનું મોત તો ક્યારેય ન આવે...!'

'તો ચતુર લાવશે' વિષ્ણુભાઈ હસ્યા : 'છેવટે બીજું કોઈક લાવશે.'

'અને ત્યાં સુધી ભગુ અને ગુલાબના સહજીવનનું શું ?'

વિષ્ણુભાઈ હસ્યા : 'તું તો જાણે એ લોકો મંગળફેરા ફરી લીધાં હોય અને મધુરજની ઊજવવાનાં હોય એવી કલ્પના કરે છે. તને બાબાને કળાઈમાં ગોઠવીને એ સાઇકલ બાજુ જવા લાગ્યા.

'અરે એ !' બ્લાઉઝ ઠીક કરતી ઈલા પતિ પાછળ ગઈ : 'કહું છું તમે તો ઊલટાનું વધુ ગૂંચવીને જાઓ છો ! મારે ગુલાબને શું કહેવું ? ડોશીને શું કહેવું ? અને રાહ જોઈને બેઠેલા પેલા રીંછને શું કહેવું ?

'સ્ત્રીચરિત્ર અજમાવ, દોસ્ત ઈલુ ! એ પણ શીખવું ? અચ્છા, તો ભગુને તારે કહેવું કે જનાબ ! ગુલાબની પ્રસૂતિ પતે ત્યાં સુધી દૂર રહો. ડોશીને કહેવું હમણાં ચૂપ રહો...આ માત્ર પ્લોટ છે, સમજી ? તું એના પરથી—' અને એણે સાઇકલના પેડલ પર પગ મૂક્યો. અને પછી હસી દીધું : 'એ બન્ને ખરા અર્થમાં પ્રેમી છે. આપણાં જેવાં ! એને ભગુ, શામજીભાઈ કે ડોશી – કોઈ જ જુદાં નહીં કરી શકે...આપણે ધીરજ રાખો. ગુલાબને આશ્વાસન આપો અને આપત્તિ વેળાનું પુણ્ય કમાઓ...સંજોગો જ સંજોગોને ઉકેલી આપશે' ને પછી એ ગંભીર થઈ ને બોલ્યા : 'આપણા જીવન જેવો જ એક આ પ્રસંગ છે. આપણે રસ લેવો જોઈએ ઈલુ !' ને એ જતા રહ્યા.

ઈલાને પણ પતિનાં છેલ્લાં વાક્યો સાચાં લાગ્યાં.

અને પતિના ગયા પછી એ કમ્પાઉન્ડમાં પાછી વળી ત્યારે એણે પેલા પ્લોટ ઉપર વાતો શરૂ કરી :

'ભગુભાઈ' એણે ભગુને બોલાવીને કહ્યું : 'તમારે હમણાં ધીરજ રાખવાની સમજ્યા ! ઘા તાજો છે. એના પર પોટું બંધાય. ભીંગડું જામે, એટલા સમયની જરૂર છે. નહીંતર એ ઘામાંથી લોહી વહેવું શરૂ થશે અને પછી તમે બધું જ ગુમાવી બેસશો.'

અને ભગુને ખરેખર : એ વાત ગળે ઊતરી ગઈ. એણે સમજમાં માથું હલાવ્યું અને પછી 'કપડાં, લત્તાં ને અસબાબ વીણી-ચૂંટીને એ જતો રહ્યો.

'તમારે હવે કળથી કામ લેવાનું છે' ભગુના ગયા પછી એણે ડોશીને કહ્યું : 'ગુલાબની હા એ હા કરજો...હમણાં કશું કહેતાં નહીં. શું સમજ્યા ?'

—અને આ પછી સમજણનો એક દોર સંધાઈ ગયો.

૩૪

દવાખાનેથી રજા મળી ગયા પછી ગુલાબ ઘેર આવી. સાસુ પણ સાથે જ આવી...એ હવે ગુલાબ પર વહાલ રાખતી હતી. ઘરનું બધું જ કામકાજ એ કરતી, છતાં એના ચહેરા પર કંટાળાની એક પણ રેખા દેખાતી નહીં.

ક્યારેક તો ડોશી થાકીને લોથ થઈ જતી.

—સાઠી-ડાંખળાં જેવી એની ડોક પર જ્યારે પાણીનું બેડું આવતું ત્યારે ગાગર હાંડાનાં કાંઠા પર વીજળીની ઘંટડી જેમ ધ્રૂજીને વાગ્યા કરતી...ધ્રૂજતી ડોકને સ્થિર કરવા એ બે હાથે લમણા પકડીને ચોકડીમાં બેસી જતી.

ઢોર માટે નીરણના ભારા લાવતાં એનાં કરડાયેલાં નાક પર પરસેવાનાં ટીપાં ટીંગાઈ રહેતાં.

આ સિવાય વાસણ-કુશણ, છાણ-વાસીદું, બજારની ખરીદી અને હમણાં હમણાં તો એણે ગુલાબના જીવને રાંધ

રાખવા ખેતર-વાડી કરાવી હતી એટલે, વાડીના ધક્કા પણ એ જ ખાતી.

વાડીએ દાડિયાંનું ભાત દઈને છેક સાંજે આવતી. સાંજનુ કામ એની વાટ જોઈને પડ્યું હોય, છતાં ગુલાબને એ હોંશભેર વાડીના વિગતવાર સમાચાર આપતી.

ગુલાબને એના પર દયા આવી જતી: 'બિચ્ચારી!' અને આ પછી એ એને લાગણીથી જોવા મથતી – કપાળની ઢીલી કરચલીઓ, નેણુ, નાક, કપાળ.

અને એકાએક એ બધા જથ્થામાંથી એક આકૃતિ ઉપસી આવતી. જયંતિ...!

એને જયંતિની રેખાઓનું જ એ ખોખું લાગતું. એ રેખાઓમાંથી જ જયંતિની રેખાઓ પ્રગટી હતી, જયંતિ પ્રગટ્યો હતો...!

અને એકદમ ગુલાબના ભાવો બદલાઈ જતા.

એ રેખાઓ દરડાય, ચમળાય પસીનાથી ભરાઈ જાય... થાકી જાય..

'એ જ લાગની છે એ!' ગુલાબ ત્રાંસી આંખે જોઈને બોલતી: 'ભલે મરતી...કારણ કે એ જયંતિની મા છે, ભગુની માસી છે... મારી સાસુ છે.. એ આવા ઢસરડા માટે જ જન્મી છે...એ બીજું કરવાની પણ શું?'

'તું ફલાણું કામ રહેવા દે...ગુલાબ!' ડોશી એક કામ મૂકીને બીજું શરૂ કરવાની હોય ત્યારે, વચ્ચે મળતા સમયમાં મોં પર પ્રસન્નતા ભરતી અને પ્રસન્નતાની પિચકારીઓ વહુ પર છાંટવા લાગતી.

ગુલાબ એના ચહેરામાં તાકી રહેતી અને ત્યાં ઉભરાઈ આવતાં એ વહાલને સમોડી નાખવા પોતાના ચહેરા ઉપર નેતરનાં વન ઉગાડતી.

ગુલાબ એ વખતે હાથમાંની કોઈ પણ ચીજ પંખાડતી અથવાં તો પગના ઠેબાથી ફગાવી નાખતી.

સાસુ સમતાથી શિખામણ આપતી : 'ક્રોધ ન કરાય માડી... આ અવસ્થામાં ક્રોધ ન કરાય...લોહીની જરૂર છે એવે ટાણે લોહી કાં બાળ્ય ?'

'લોહીની જરૂર છે !' ગુલાબને એ વાકયે સુઝકો પાડયો : એને પોતાના ગામના બેત્રણ કિસ્સાઓ યાદ આવી ગયા :

'કુંવર્ય, રાજી..ધકુડીના – હા એને લોહીની જરૂર પડેલી. કુંવારા કુંવારા જ...બસ આ પણ એવું જ કાળું કરી બેઠી છે.

અને ગુલાબ ધરતી ખાંડતી ઈલાબેન પાસે પહોંચી જતી અને આવેશમાં બોલી જતી : 'મને ખબર છે સમજ્યાં ! હું બધું જાણું છું...દવાખાનેથી બધાં ચૂપચાપ આવતાં રહ્યાં, કોઈ કશું બોલ્યું નહીં, કશી ધમાલ થઈ નહીં, બધે થાય છે એવો દેકારો થયો નહીં' પછી તે હાંફવા માંડતી 'તમારે આવું કરવું'તું ? આવું ? મને પૂછવું'તું કે નહીં ? મને કોણ મારી નાખવાનું હતું ? આવું કરવાનો ડાક્ટરને શું અધિકાર હતો ? ડાક્ટરને આ કાળું કામ કરવાના કેટલા પૈસા દીધા ?' અને રડી પડતી : 'કાઢીને કયાં દાટયું ?'

ગુલાબના ઉન્માદને પારખીને ઈલાબેન હસ્યાં. ગુલાબ પાસે આવ્યાં અને પછી આંગળી મૂકીને એ બોલ્યાં : 'અહીં દાટયું છે, ધીરી ખમ બાપા ! અને આ પછી એ એકાએક ગંભીર થઈ ગયાં : 'ગુલાબ !' સાદને ઠીક કરીને બોલ્યાં : 'તારે કંઈક હવે વિચાર કરવો જોઈએ...છેવટે એક દિવસ' એણે સમતાથી ગુલાબના દેહને તાકીને કહ્યું : 'આનો બાપ ગોતવો પડશે...નહીંતર—'

'નહીંતર ઉપાધિ થશે કેમ ?' ગુલાબ બોલી : 'હું એમ કહું છું કે એ ઉપાધિ અત્યારથી કેમ થતી નથી ! તેશી કેમ કોઈ બોલતી નથી ? બધાં આ માટે ચૂપ છે ! કોઈક કહું કે

તો કાંઈક કરી શકું ને!' અને એણે એકાએક ડોકને ઊંચી કરી: 'કશું'ક બને તો મારે જાહેર કરવું છે: આ બાળક ચતુરનું છે.'

'તું તો ગુલાબ, સાવ ગાંડી છે' ઉલા દુઃખદ હસી: 'કઈ તાકાત ઉપર તું આટલી બધી મુસ્તાક છે? હું માનું છું કે તું ચતુરના બળ ઉપર આ બધું કરી રહી છો...પણ એ બધું નકામું છે. એને તારી જરાય પડી નથી. વહેલાસર ચેતીને તારો રસ્તો તું સરળ બનાવ, ગુલાબ! તારો એ પ્રેમી કાયર છે, બીકણ છે, ભાગેડું છે – દુનિયાના લુચ્ચા આદમીઓ જે કરે છે – એ એણે પણ કર્યું છે...એ નાસીને આસામમાં જતો રહ્યો છે.'

'ભલે ગયો...' અખંડ સ્વસ્થતાથી ગુલાબ બોલી: 'એ આવશે...મને ખાતરી છે કે એ આવશે – હું એની વાટ જોઈ ને થાકી નહીં જાઉં...અને કદાચ નહીં આવે તો હું કોઈ કૂવે પડીશ! આપઘાત કરીશ! શું કામે પણ!...બધાં યે ભેગાં મળીને મારી આશાનું ખાતર પાડ્યું છે. મારી મુઠ્ઠી મરડી નાખીને એમાંથી એને આંચકી લીધો છે' અને એનો સ્વર આવેશમય બની ગયો: 'હવે એ વ્યાજ સહિત' ને એણે પેટ તરફ ઇશારો કર્યો: 'આ વ્યાજ છે એનું...વ્યાજ સહિત હું એને પાછો મેળવીશ – દુનિયાના ચોકમાં હું ઊભીશ અને એ બધાના ચહેરાને મેશથી હું રંગી નાખીશ – મારા માટે, વેર લેવાનો આ ઉત્તમ માર્ગ છે' અને અજાણપણે ત્યાંથી ચાલતી થઈ ઉલાબેન પાસેના આગમનને, હેતુને અને પ્રત્યાઘાતોને – બધાયને ભૂલીને ઘેર આવતી રહી.

આ નવા પ્રકારની માન્યતા ધીમે ધીમે વધીને એના દુઃખાં ભાગો સુધી પહોંચી અને ઇલાજ બની ગઈ...એનાં દુઃખો અને યાતનાઓ ઓસરવા લાગ્યાં.

અને થોડા દિવસોમાં તો એ દરેક મૂંઝવણમાંથી આપમેળે ખસતી પસાર થઈને પ્રકાશના માર્ગ પર આવી લાગી...ચતુર એને

ઓરો ને ઓરો આવતો લાગ્યો. પેલો પુદ્ગલ હવે બન્ને વચ્ચેની ખાઈને પૂરી રહ્યો હતો.

ક્યારેક તો લાગણીથી એવી એ ઉભરાઈ જતી કે મેડી પર દોડી જતી, બારણાં વાસી દેતી અને બાળક સાથે વાતો કરવા માંડતી : 'તારો બાપ, બહુ ભલો છે...ગમી જાય એવો છે, બળવાન છે...સાહસિક અને શોખીન છે...ભલભલી ભણેલી સ્ત્રીઓ એનો પાર પામી શકતી નથી...એ કોઈની સામે ઝુક્યાં જોતો નથી, છતાં કોઈથી ક્યારે ય દબાતો નથી...હા...દબાય એ બીજા !' અને આ વખતે તરત જ એના દેહમાં લોહીના ફુવારા ઊછળવા માંડતા... ત્રયાના બે નયનમાં એક જ સાથે પ્રકાશ અને ઉલ્લાસના પારાવાર ઘૂઘવવા લાગતા.

દુઃખદપણે વિતેલો ભૂતકાળ અને ડોળા કાઢતો ભવિષ્ય – એ બન્નેને એ ચોટલીથી પકડતી અને પેલા ઘૂઘવતા સમુદ્રમાં ડુબાડીને છેલ્લા શ્વાસનો પરપોટો બહાર આવે ત્યાં સુધી એને ગૂંગળાવીને ખતમ કરી નાખતી....માત્ર વર્તમાન – ઝીણાઝીણા ફરફાટવાળો – કોમળ કોમળ ચીસવાળો – ઝીણુકા ઝીણુકા હાથવાળો – દરેક રીતે વાતાનુકૂળ વર્તમાન એ ઓઢી લેતી ને પછી એકલી એકલી ઝૂલ્યા કરતી – ફળવાની મૌસમે લાકડાં સહિત મહોરી ઊઠતા આંબાની જેમ...

એક દિવસ...!

સાસુ ક્યાંક બહાર ગઈ હતી. એક ફેરિયો ત્યાં સાદ દઈ ઊભો. ગુલાબે એને બોલાવ્યો, ઓસરીમાં બેસાડ્યો અને પછી એની આખી પોટલી-ડબલાં ફંફોળીને, નજરિયા પારા, કાળા દોરા, માદળિયાં, ઘૂઘરાની નળીઓ, પગનાં વળિયાં, કાનટોપી અને નાની નાની ત્રણ ઝબલીઓ ખરીદી...બધું ય ભેગું કરીને પટારામાં નાખ્યું અને જરાય માથાકૂટ કર્યા વગર પૈસા આપી દીધા.

ફેરિયો જવા ઊપડ્યો કે ડોશી આવી લાગી...કેવું બન્યું ! એક ટોપી બહાર પડી રહી.

'એ ભાઈ !' ગુલાબે સાદ કરીને ફેરિયાને બોલાવ્યો : 'આ...' ને કાનટોપી ફેરિયાને લંબાવી : 'તમારી પડી રહી !'

'હવે ભલે રહી વહુ !' બોખું મોં સળવળાવીને ડોશી હસી.

ગુલાબ અવાક્ થઈને એને જોઈ રહી.

'મને બુઢ્ઢીને શું કામે બનાવ છ બાપા !' અને એણે ફેરિ- યાના હાથમાંથી ટોપી લઈ લીધી : 'આને બદલે ગરમ દે ભાઈ ! શિયાળો આવે છે.'

'બા !' ગુલાબની તપ્ત વાદળીઓ વરસી પડી : 'અત્યારે તો એ ભલે રહી, શિયાળામાં ગરમ લેશું...' ને પછી એ ઝડપથી પટારા પાસે ગઈ અને ખરીદેલું બધું જ કાઢ્યું.

ડોશી ખુશી થઈને બધું જોઈ રહી, માથું હલાવતી હલાવતી એણે એક એક ચીજ જોઈ : 'સારું છે, લે !'

અને પછી તરત જ ઘરમાં સમજણનો એક પ્રવાહ વહેતો થઈ ગયો :

'કઢી હું મૂકું છું બા !'

'મીઠો લીંબડો હું લ્યા'વું વહુ !'

'ભેંશને પાઈ છે, મેં.'

'ગાયને હું પાઈ લેશ.'

'વાસણ તો મને માંજવા દો ?'

'એક ફેરા રસોડામાં તો જોઈ આવ !'

'તમે તો બા, માંઝીને ગોઠવી પણ દીધાં !'

અને પછી રોજ, ગુલાબને ગમી જાય એવી ચીજ ઘરમાં હાજર થતી.

—ક્યારેક ટાંકામાં ખાટું ચીભડું હોય તો ક્યારેક જૂતડાં, તો ક્યારેક વળી થાળીમાં મોતી અને સોય પડ્યાં હોય....!

—એક દિવસ થોડો સંવાદ થયો.

'બા, એને તેડાવી લેશું ? બિચ્ચારો હાથે બળે છે.'

'હમણાં જાળવ્ય વહુ !' ડોશીના ઘરડાં હાડકાં નાચવા માંડતાં : એ એની જાણે આવશે.'

'એ એની જાણે નહીં આવે બા, અહીંયા એનું ઓછું અપમાન નથી થયું – તમને શું ખબર ? મેં એને ન કહેવાનું કહ્યું છે.'

'ભલે કીધું – એ કાને ધરે એવો નથી.'

'પણ બા, પછી બધાં આપણો ફજેતો કરશે.'

'કર્યાં ને ખાધાં. બધાંને ખબર છે, નક્કી થઈ ગયું છે એ, બધાં જાણે છે સમજી ને ?'

'હં...એટલે જ બધાં છાનાંમાનાં છે ન કર...ન કર...!'

*   *   *

'ક્યાં ગયાં ઈલાબેન !'.

—ઈલાને ઘેર ડોશીનો ઠરડો અવાજ ગાજ્યો : 'બોલો હવે કહેવું કે નહીં ?' ઈ તો તેડાવી લેવા ખુશી છે...બહુ ઉતાવળી થાય છે કહું છું : ચાર મહિના થયા છે – કહો તો તેડાવું.'

ઈલા ચોંકી ગઈ : 'ગુલાબ ભગુને તેડાવવા તૈયાર છે...!' ને એણે એ જ શબ્દ ફરી વાર કહ્યો : 'ભગુને ?'

'હા, ભગુને ગુલાબ જ કહે છે બિચ્ચારો હાથે રોટલા ક્યાં સુધી શેકશે ?'

'મને નથી લાગતું...!'

'અરે બેન !' ડોશીએ હાથનો લહેકો કર્યો, તમે હાજર હોત તો દંગ થઈ જાત....ગુલાબ તો પસ્તાવો કરે છે. કે'છે : 'મેં એનું બહુ અપમાન કર્યું છે. કદાચ નહીં આવે.'

ઈલાના હૈયામાં ઉકળાટ વ્યાપી ગયો. એક પળ એણે ચંદુરને સામે ઊભેલો કલ્પ્યો : 'એને જીવતી રાખવાનું કહીને આંસુડાં પાડતો હતો ને ? લે, લેતો જા !'

ડોશીએ જવાબ માટે તકાદો કર્યો : 'તો હવે કહેવામાં વાંધો નથી ને ?'

ના ના !' ઈલા એકદમ છોભીલી થઈને બોલી : 'આપણે નકામાં છેતરાયાં…ફેંકી જ નાખો' અને પછી ગુલાબનું "સ્નાન" કાઢતાં હોય એમ બોલ્યાં : 'ઓનું મન અને કંજૂસનું ધન – રેઢું પડે તો તળિયા ઝાટક થઈ જ જાય.'

અને ડોશીને જતાં જોઈને એણે ઉમેર્યું : 'વહેલાસર જ કરો બધું. નહીંતર એ કામ સવારે બીજા કોકને તેડાવવાનું કરશે – ભલુ પૂછો, કાંઈ ઉધળી ધર પૂછે છે !'

અને પછી વિષ્ણુભાઈ ઘેર આવ્યા ત્યારે પત્નીનો સઘળો રોષ એના પર ઊતર્યો : 'હવે એ રસ્તેથી પાછા વળવું કે પછી ચડ મૂળથી વઢાવવું છે ? મને તમે પરાણે દવાખાને ધકેલી, એનામાં ભૂંડી ઉતારી, કેટલાં વાનાં કર્યાં તમે ! સાંભળ્યું ને, – ગુલાબ ભગુને તેડાવે છે.'

અને વિષ્ણુભાઈને ઘણું ઘણું, મૂંગા થઈને સાંભળવું પડ્યું.

*   *   *

વાળુ કરી લીધા પછી પથારીઓ થઈ.

—દીવો બળતો હતો. દીવાનો પ્રકાશ લાલચોળ નળિયાં અને વાંસાં સિલિંગની પટ્ટીઓને સ્પષ્ટ કરતો હતો.

ગુલાબ છત સામે જોતી ચત્તી સૂતી હતી…કોઈ કોઈ મોટું ફૂદું જ્યારે કાચની સપાટી પર અથડાતું ત્યારે પ્રકાશ અને અંધકારના ટુકડા આંબુ દાવ રમવા લાગી જતા…છત ઉપર છાંયા પડછાયાનાં મોઝાં હેલારે ચડતાં.

ગુલાબ એ મોઝાંઓ પર પોતાની જાતને પ્રકાશતી, અંધારતી જોઈ રહી હતી.

ઓચિંતાનો કાળો એક પડછાયો સ્થિર થઈને છત ઉપર જડાઈ ગયો.

—ગુલાબ ચોંકીને બેઠી થઈ ગઈ.

'હું છું ગુલાબ !' ઓશીકા પાસે બેસીને ડોશી બોલી : 'આજ તો નીંદર નથી આવતી...બધું એકલું એકલું લાગે છે. મને કોઈ દિ' નથી લાગ્યું, એવું એકલવાયું હવે લાગે છે વહુ !' ડોશીએ એક નિઃશ્વાસ મૂક્યો : 'ચારે કોર ખાલી, ઊંડું...ને લાગતાં લોહી કાઢે એવું ધારીલું...!'

ગુલાબે ઊંચે જોયું...ડોશીના કરચલીદાર ચહેરામાંથી અટવાતો અટવાતો રેલો પ્રકાશમાં ચમકતો નીચે ઊતરી રહ્યો હતો.

'તને' એ આંસુ લૂછીને બોલી : 'તનેય એવું નથી લાગતું ગુલાબ !'

'મનેય લાગે છે, બા !' ગુલાબ બેઠી થઈ. વાત કરવા એનું મન એકદમ તૈયાર થઈ ગયું : 'ઘણા સમયથી લાગે છે પણ કોને કહું ? અને એમાં ય તમે જતાં રહેલાં ને...' ગુલાબ વહાલથી સાસુની નજીક સરકી : 'તમે જતાં રહેલાં ત્યારે મને નહોતું ગમ્યું બા !

'મારા સમ, વહુ ?'

'તમારા સમ બા !' ગુલાબે માથું ધુણાવ્યું : 'હું એની સાથે ઝઘડી હતી.'

'ઈલાબેન કહેતાં હતાં :' ડોશીએ વાત કાઢી : 'ઈ કહેતાં હતાં કે જેમ બને તેમ વહેલો તેડાવી લો...' ને પછી તરત જ એણે વહુના વાંસામાં હાથ ફેરવવા માંડ્યો : 'એ આવી જાશે ને, બધુંય સારું થઈ રહેશે, આપણને ઢાંકણ મળી રહેશે ગુલાબ !'

ગુલાબને લાગ્યું દીવામાં પૂનમનો ચંદ્ર આવીને બેસી ગયો છે. પીળો બનાવટી પ્રકાશ એકદમ સ્વચ્છ બની ગયો છે.

'હા બા !' ગુલાબે લાગણીથી જવાબ દીધો : 'તમને, જોજ્યો એ ખૂબ સાચવશે – સગી માની જેમ સાચવશે...એને મા અને બાપ કોઈ નથી.'

'તે અમથો સાચવશે કાંઈ ?' ડોશી મીઠું હસી : 'એની માસી છું – સગી માસી !'

—ગુલાબ એક પળને માટે ચોંકી ગઈ: 'તમે એનાં માસી છો, સગાં માસી!!'

ડોશીએ ગર્વથી માથું હલાવ્યું: 'હા. કહેવત છે ને, મરજો મા અને જીવજો માસી! મારી સગી બેનનો દીકરો છે એ.'

ગુલાબને જાણે કોઈ ભૂતે ફંગોળીને પલંગ નીચે નાખી: 'ભગુ!' ગુલાબ ડોશીના કાન પાસે જઈ ને બોલી: 'તમે ભગુની વાત કરો છો?!'

'ને ત્યારે?' ડોશીએ માથું હલાવ્યું: 'તારા આ બાળકનો બાપ...કહું છું આપણે હવે એમ જ કહેવાનું છે.'

'કોનું છે આ બાળક?' ગુલાબ ડોશી સામે ખેંચાઈ આવી. એનો ધ્રૂજતો તોતિંગ પડછાયો ભીંતને ચિતરતો હતો.

'લે તુંય તે ખરી છો ના!' ડોશી હસી: 'હજી ચોખવટ કરવી બાકી છે? બધું રંધાઈ ગયું છે. રંધાઈને પીરસાઈ પણ ગયું છે...' ચતુરે થામજીભાઈને મોઢે દવાખાનામાં ચોકખું કહ્યું.

'દવાખાને!...અને ચતુર!' માથાંને આંચકા સાથે અધ્ધર લેતાં ગુલાબ બોલી: 'ચતુર દવાખાને આવ્યો'તો?'

'હું તો વહુ! જાણે કાંઈ સમજતી ન હો, એવું શું બોલ છ?' ડોશીએ પલાંઠી વાળી, ઓશીકાને ખોળામાં ગોઠવ્યું અને એના પર બન્ને હાથની કોણીઓ ગોઠવીને બોલી: 'ચતુરને તાર કરીને ઠેઠ આસામથી તેડાવ્યો'તો તારા બાપાએ' ને માથું જમણી બાજુ ઝુકાવીને એ બોલી: 'આ તો કાળું કામ...ગંધાતાં સાથે ધૂળ વાળી!'

'કાળું કામ શાનું?' થર્મોમિટરને ઉકળતાં પાણીમાં નાખતાં પારો જે ઝડપે ઊંચે ચડે એ ઝડપે ગુલાબના ક્રોધે દોટ મૂકી...એ આખી કંપવા માંડી: 'શાનું કાળું કામ?'

'તું પહેલાં સમરી પડજ, વવ! કાળું તો હતું, જો ચતુરે

કીધું હોત કે બાળક મારું છે તો...પણ પત્યું...આપણે ભાગ્યશાળી બધું સમેસૂતર પાર પડી ગયું.' ડોશીએ સમતાથી વહુને જોઈ અને ઉમેર્યું : 'ચતુરે કીધું કે મારે ને ગુલાબને કાંઈ નથી – ઈ બાળક મારું નથી.'

'તો કોનું છે?' ગુલાબના ડોળા છેક પાંપણોમાં ખૂંતી ગયા. એ ડોશીની લગોલગ આવી. પછી ધ્રૂજતા હાથે એણે ડોશીના ચહેરાને પકડ્યો, ઊંચો કર્યો, પોતાની સામે રાખીને એ ગર્જી : 'કોનું છે આ?'

'ગોકીરો કર્યમાં મૂર્ખી!' ડોશી ફોસલાવતી બોલી : 'કહું છું એ ભગુનું છે...તું સમજતી કેમ નથી!'

'ભગુનું!' ગુલાબનું માથું ભમી ગયું ને પછી એ ભાન ભૂલી થઈ ગઈ! 'ભગુ! ભગુ!' એ બરાડી અને આંધળીભીંત થઈને એણે હાથ ઉપાડ્યો : 'ધડ! ધડ! ધડ!'

ગુલાબના કાન પરખશક્તિ ગુમાવી બેઠા હતા – નહીંતર ભગુની તાજી ચીસ અને ડોશીની પાકટ, ઘરડી, દયામણી ચીસ એ પારખી ન શકે?

૩૫

સવાર થયું. ગુલાબ જાગી – જાગી એટલે ખાટલામાંથી બેઠી થઈ એમ...બાકી રાતના બનાવ પછી એ ઊંઘી જ નહોતી... એ જાગતી હતી અને સવાર આવી...!

ગુલાબે, એક નવો શ્વાસ લીધો.

રાતના અંધકારનાં ચોસલાંઓ કે જે ગુલાબની આસપાસ ખડકાયાં હતાં. પ્રકાશે આવીને એને ધક્કો માર્યો.

ગુલાબ બેઠી થઈ ને ચારે બાજુ જોઈ રહી...પ્રકાશના દુધિયા રંગમાં ઘર દેખાયું, ઓસરી દેખાઇ, ડેલી અને વરંડી દેખાયાં. ગાય, ભેંસ, વાછરડી – બધું જ એની નિશ્ચિત જગ્યામાં, હલચલ કરતું, જીવતું જીવતું વ્યક્ત થઈ રહ્યું હતું.

ગુલાબે પોતાની જાતને આ બધાં-માંથી ખેંચીને ઊંચકી...આ સાથે બધું જ તોળાઈને ટીંગાઈ રહ્યું...આ બધાંની દોરીઓ પોતાને બાંધેલ છે એવું ગુલાબને સમજાયું – અજાણ એવા અનેક તાંતણાઓ વડે એણે પોતાની જાતને છીંકરાયેલી

જોઈ...ગુલાબને પોતાની જાત, રાંઢવે બાંધેલો ઘડો કૂવામાં ટીંગાતો હોય એ રીતની લાગી – રાંઢવું તૂટતાં મુક્ત થયેલો ઘડો પથ્થરાળ ભેખડોમાં અથડાઈને ઠરચો થઈ જાય છે...!

ગુલાબે સ્વગત માથું હલાવ્યું – અને પથારીમાં બેસી રહી એમ ને એમ ઘણો સમય ગયો. છેવટે એ થાકી, ઊભી થઈ અને કંઈક કરવા ખાતર એણે બત્તી બુઝાવી...અંધકાર ઘરમાં દોડી આવ્યો. અંધકારની રાત પણ તાજી થઈને દોડી આવી – રાતના કલેવરમાં ડોશીની ચીસો હજીય અકબંધ ભરેલી હતી.

ગુલાબ ઝડપથી ઓસરીમાં આવી – ઉતાવળથી એ ખાટલાના પાયા સાથે અથડાઈ...ગોદડામાં વીંટળાયેલ અનિયમિત આકારનો લોચો ખાટલામાં સાવ નિશ્ચલ હતો...!

ગુલાબ થોડી વાર ખાટલાને તાકી રહી – અંતરમાં રાજીપાનો એક છોડવો ઊગ્યો : 'કદાચ...કદાચ...!' અને ક્ષણાર્ધ માટે ગુલાબે પોતાને મુક્ત અનુભવી અને એ જ પળે એને ચતુર દેખાયો.

'ચતુર !' તરત એણે સાદ કર્યો...પણ આવો ચતુર ! ! એકદમ સ્થિર, જડ જેવો, ખાંભી જેવો !

ગુલાબે ઝંઝેડી નાખ્યો : 'ચતુર ! ચતુર ! હું...હું ગુલાબ ! જો તો ખરો ?—હું ભાગીને આવી...ડોશી મરી ગઈ – ના મેં મારી નાખી.'

'શું કામે મારી નાખી ? – આ પાપને ઢાંકવાને ? એ પાપ મારું નથી.' આખરે, પલીતો જગી રહે ને સુરંગનો ધડાકો થાય એવો ધડાકો ખોભી જેવા લાગતા ચતુરે કર્યો : 'એ બાળક તો ભગુનું છે !'

—ગુલાબ સુરંગના પથ્થર જેમ જોરથી ઊંચે ચડી અને તરત જ નીચે પડી – એનો બધોય ઘાટ ભાંગીને ભુક્કો થઈ ગયો.

એ નિર્વેદ ચહેરે ખાટલા પાસે ગઈ : 'નિરાધાર છે. વૃદ્ધ છે બિચ્ચારી મારી સાસુ !' ને ગુલાબની છાતી સોવાવા માંડી : 'આનો

શા દોષ હતો ?...અરેરે...જોઉં ?' અને એણે ગોદડું સહેજ ઊંચકાવ્યું. ડોશીનો ચહેરો થોડોક દેખાયો...ત્યાં ભગુ બેઠો હતો !

'આનો એ ભાણેજ છે...હરામખોર... મારી એ સારુ થયું...સારું થાય મરી જાય તો.' ગુલાબે ગોદડાની કિનારમાંથી દેખાતી ડોશીની આંગળીને જોઈ. પછી સહેજ અડી – આંગળી ઠંડી-ગાર હતી.

'મરી ગઈ !' ગુલાબને શ્વાસ ચડી આવ્યો : 'ના ના મરી શાણે ? મે મારી નાખી...અસહાયને, વૃદ્ધાને, નિરાધારને, મારી સાસુને...એનો કોઈ દોષ નહોતો...અરેરે.'

ને ગુલાબે ઝડપથી ગોદડું હાથમાં લીધું, ખેસવ્યું...કરચલીઓ-વાળું કપાળ, બેસેલા ગાલ...ને ગાલની ચારે બાજુ ઊપસી આવેલાં કાળાં કાળાં જાંબુડિયાં ચકામા.

ગુલાબને મરવા જેવી બેહાપણુ આવી ગઈ : 'આને મેં મારી ? ધરડીને ? અપુત્ર વિધવાને !'

ગુલાબનું અંતર દ્રવવા માંડ્યું – એણે ગોદડાને ખેસવવા માંડ્યું—

ઊંઘથી ખરડાયેલો શુષ્ક, દુર્બળ, રૂક્ષ ચહેરો સ્પષ્ટ થયો.

દાંત વગરના, ભોંયરા જેવા મોંમાં ટીંગાઈ રહેલા હોઠ ધીમેથી સળવળ્યા :

'જીવે છે !' ગુલાબને ખુશી ઊપજી – એ લાગણીથી બોલી ઊઠી : 'બા !'

કેવો મીઠો અને શીળો શબ્દ ! "બા" શબ્દે ગુલાબને ઉપાડી... સરસરાટ કરતાં પૈડાં ચાલુ થયાં અને ગુલાબને એ "બા"ના મધુરા ઉપવનમાં ખેંચી ગયો – જ્યાં વાત્સલ્યનાં ફૂલો કદિ ખરતાં જ નહીં.

ગુલાબ ગદ્‌ગદિત બની ગઈ. એ પુનઃ બોલી : 'બા !'

અને પથારીમાં ડોશી સળવળી કે એ પાણીઆરે દોડી ગઈ.

દાતણને કૂટીને કૂચ કરી, ગરમ પાણીનો કળશો ભર્યો, ગાદલી લઈને ઓસરીની કોરે નાખી અને પછી પથારા પાસે આવી. ધીમેથી સાસુનો હાથ હાથમાં લીધો : 'બા, જાગોને કેટલો બધો દિવસ ચડી ગયો ? આમ જુઓ, દાતણ, ગરમ પાણી, ગાદલી – બધું તૈયાર છે – જાગો... ! જાગો...જાગો...

ડોશીએ પ્રથમ તો ઝડપથી, કશાય સંદર્ભ વગરની શાંત અને સ્વસ્થ આંખો ખોલી અને પછી ગુલાબને પાંગતે બેઠેલી જોઈને એકાએક એની આંખોમાં ક્રોધ ગોરભાયો. અને તરત જ ગર્જના થઈ: 'તું ?!'

અને તરત જ ડોશી પડખું ફરી ગઈ: 'તું મને જગાડવા આવી ?' એણે ગોદડું ખેંચીને માથા પર ઓઢ્યું. તીખા સાદે કહ્યું : 'હું મારો મેળે જાગોશ...જા...તું અહીંથી વઈ જા !'

'હું ક્યાં જાઉં બા ?' ગુલાબ એકદમ ઢીલી થઈ ગઈ.

'તો હુ જાઉ એમ ?' ડોશીએ વળી પાછું ગોદડું માથા પરથી ખેસવી લીધું.

ગુલાબને એ ચહેરો જોઈને ખરેખર ભય લાગ્યો: એ બે ડગલાં પાછી હટી ગઈ.

'હું ક્યાંય નથી જવાની સમજી ?' ભયંકર ચહેરામાંથી ડોશી બોલી: 'અહીં, તારી છાતી ઉપર જ રહીશ...' અને પછી એકાએક આવેશથી એ ઊભી થઈ. ઓસરીની કોરે પડેલી ગાદલી એણે ગુલાબ સામે ફેંકી કળશો ઢોળી નાખ્યો. દાતણનો જોરથી ઘા કર્યો ને એ સામેના મકાન પર પડ્યું ને ત્યાંથી દડ દડ કરતું બજારમાં...!'

—ગુલાબ ચૂપચાપ ઘરમાં જતી રહી.

દિવસ સારી પેઠે ચઢી ગયો ત્યારે ડોશી કુંભારવાડામાંથી માથે ઉપાડીને સૂકો લઈ આવી. ઓસરીમાં માંડ્યો અને બાજુના ઈંધણાંથી આવી. ઓસરી [illegible] [illegible] થઈ ગઈ.

બસ, પછી તો ટંકેટંક ઈંધિણું આવતાં રહ્યાં, કાંટા વેરાતા રહ્યા, વાગતા રહ્યા અને અતિશાપ નીકળતા રહ્યા : 'મરે રાંડ!'

ચૂલાના ધુમાડાથી ઓસરી કાળી બનતી ગઈ, એ ગંદવાડ વધતો ગયો, ગંદવાડ વધતો ગયો...અવિશ્વાસ, તિરસ્કાર અને ગેરસમજનાં ચોસલાંઓનો ખડકાઈ ખડકાઈને મોભાર સુધી ગંજ થઈ ગયો!

ઓસરીમાં પડેલી લોટની માટલીમાં કૂતરું મોં લબાડતું ને ડોશી, કૂતરાંને હડકારવાના બદલે પાડોશીમાંથી બે ચાર જણુને ઘરે ઘસડી લાવતી : 'જુઓ તમે...આ જુઓ છો ને?...આ કૂતરાંને એણે ચાઈને પાળ્યું. ચપટી લોટ ખાઈને પડી રહ્યું છું એય એ દેખી હકતી નથી!'

'હાલો!' ગુલાબ પણ ક્યારેક બે જણને બોલાવી લાવતી અને ધુમાડાના ગોટા ચીંધીને કહેતી: 'કેટલો ધુમાડો કરે છે જુઓ...મને ગૂંગળાવીને મારવા જ એ એમ કરે છે!'

'જુઓ મારાં ઉટકેલાં હામડાં ઉપર સંજવારી ફેંકી!'

'એણે અહીં રાખ વેરી મૂકી!'

'એણે ગાયને પાટુ મારતાં શીખવાડી!'

'એણે ભેંશને શીંગડાં મારતાં શીખવાડી!'

અને આમ દિવસ આખો ઘૂરકિયાં થતાં રહેતાં...છેવટે રાત પડતી, અંધારાં ઊતરી આવતાં અને બધું શાંત થઈ જતું.

પવનથી બારી ભટકાતી, ક્યારેક બિલાડું ઘૂસતું, ક્યારેક ઢોર ઓઝાડતું, ક્યારેક પડાળ ઉપર મોરલો પડતો – અને આવા દરેક બનાવે સાસુ-વહુ બેઉ જાગી જતાં. બન્નેને શ્વાસ ચડી આવતો અને પછી આગ પાણી થઈને બેમાંથી એક બોલતું :

'જાગો છો બા?'

'અરે, ગુલાબ સૂઈ ગઈ છો કે શું?'

અને પછી પળભરને માટે બન્ને ખાટલાની એક જ ઈસ પર બેસી જતાં અને ભયનું નિરાકરણ કરતાં...ક્યારેક સાસુ-વહુ બન્ને

હસી પડતાં : 'અરેરે, રોયું મીંદડું છે.'

પછી બન્ને એકબીજાને પરોણા કે સોટીઓ અંબાવતાં, પાણી-બાણી પીતાં, કે પીવડાવતાં – અને સૂઈ જતાં.

દિવસ ઊગતો, અજવાળું પથરાતું અને રાતનો સંપ કુસંપમાં, ક્યારેક આક્ષેપમાં પલટાઈ જતો : 'હું કાંઈ નથી જાણુતી એમ! ડોશી કહેતી : 'રાતે મારે નો'તું બોલવું. બાકી કામા બધા તારા હતા...તેં જ જોસથી બારી ભટકાવી હતો...હું જોતી હતી, પણ કોણ લોહીઉકાળો કરે ?'

વહુ પણ લાંબા હાથ કરીને કહેતી : 'હું ય જાણું છું હોં. તે દિ' રાતે તમે ચાઈ ને મીંદડાને ખોરડાં ઉપર ચડાવ્યું હતું...પણ કોણ લોહીઉકાળા કરે ?'

અને એક સવારે આજ બાબતમાં જામી પડી. ડોશી લાંબા હાથ કરીને વાંગોરતી હતી : 'તારે વંહી જાવું છે...હું ભાગી જાઉં એની જ તું વાટ જોવે છે...પણ રામ ભજ્ય! આ ડોશીએ કંઈકને ભૂ પાઈ દીધાં છે...તું મને ભગાડી રહી...તું તે વળી કઈ વાડીનો મૂળો !'

'તો હુ ય ભાગી રહી..' વહુ બોલી : 'વાતમાં શા માલ છે!'

—આ ઝઘડાને ચાર કલાક વીતી હતી. સવારથી બપોર.

ડોશીએ તે દિ' અડદની દાળ કરેલી. હજી તો એ ખાતી હતી અને રામ જાણે શું પડ્યું હશે દાળમાં. ડોશી ઓકવા માંડી. ઓકી ઓકીને નહાં થઈ ગઈ – મરે તો ડોશી જ મરે...!

અને જોગાનુંજોગ બન્યું પણ કેવું ?—બધોય. ઝઘડો ભૂલીને ડોશીએ ગુલાબને ખાવી હોય તો દાળ લઈ જવા કહ્યું.

'મને અડદની દાળ ભાવતી નથી.' કહીને ગુલાબે ના પાડી.

—હવે શું ખામી રહે?

ઊલટીઓ .ઉર ડોશીનું મોં વળતું નહોતું...ગુલાબ ઉંબરમાં જ

ઊભી હતી...એના મનમાં સારવાર ઊભરાતી હતી: મીઠું આપવું પાણી ભરી આપવું, મોં લૂછવું, બરડા ઉપર હાથ ફેરવવો.

અને છેવટે ગુલાબે એ બધું કર્યું પણ ખરું.

હવે તો એ બિચ્ચારી સાવ નંખાઈ ગઈ હતી – આંખોના ડોળામાં સફેદી છવાઈ ગઈ હતી – મોં આખું વિકૃત બની ગયું હતું.

ઓસરીમાં અને આંગણામાં મોટાં પાટોડાં ભરાયાં હતાં. એકાદ બે કૂતરાં અને માખીઓથી બધું બણબણતું હતું...!

'બા!' ગુલાબે સાસુનો જમણો હાથ પકડ્યો: 'મીઠું આપું બા?' અને પછી એ બરડે હાથ ફેરવવા લાગી.

નળની જેમ પાણી ફેંક્યા કરતો સાસુનો ચહેરો વહુ તરફ મંડાયો. પાણીનો એક કોગળો નીકળ્યો અને એણે વહુને ધક્કો માર્યો: 'જા.!' ને પછી લાલચોળ આંખો કાઢતી, ધ્રૂજતી થાંભલીને વળગી પડી.

ગુલાબ એક પળ લાકડાની થાંભલી અને લાકડા જેવી ડોશીને તાકી રહી ને પછી ઝડપથી ડેલી બહાર નીકળી.

બેચાર પાડોશીઓને એણે વિનવી જોયાં: 'જો તમે આવો તો."

થોડાંક કશું જ ન બોલ્યાં, થોડાંકે કામ બતાવ્યું તો થોડાંકે વળી કટાક્ષમાં માથાં ધુણાવ્યાં: 'શું કામે આવીએ અમે?'

ગુલાબ કરગરી: 'એ મારી સારવાર લેતાં નથી અને આમને રહેશે તો—' ગુલાબની આંખો ભીની થઈ ગઈ.

'તો પાપ છૂટશે, બીજું શું!' પેલાં નશરમા થઈ ને બોલ્યાં: 'બાકી અમારે કયા ભવને કાજ?...તમારો ઝઘડો મલક છતરાયો છે...અમારે વળી પોલીસમાં ક્યાં ધક્કા ખાવા?'

'પોલીસ!' ગુલાબ પગ નીચેથી જાણે ઊંચે ઊછળી...'પોલીસ આવશે' પેલાં બોલ્યાં: 'આ કાંઈ જેવી તેવી વાત નથી... –અમારે એ લફરામાં નથી પડવું...સાક્ષી નથી નોંધાવવી...તમે જાવ બધાં.'

અને ગુલાબ આસભેર ઘેર દોડી આવી...ડોશી માથા પર ગોદડું ઓઢીને શાંત સૂતી હતી.

'પોલીસ!' ગુલાબ પગથિયું ચડી અને પગથિયાના પોલાણ-માંથી ખાખી કપડાવાળી સેંકડો આકૃતિઓ ઊભી થઈ.

ગુલાબ પાળ પાસે ખોડાઈ ગઈ...!

—કદાચ ઘરમાં પોલીસ છે, કદાચ રસોડામાં પોલીસ છે, મેડી ઉપર પોલીસ છે, ફરજામાં પોલીસ છે...બધું તપાસાઈ રહ્યું છે, કબાટ, ટાંકાં, પેટી, પટારા ટ્રંક, વાસણો...ડોશી મરી પરવારી છે... પોલીસે એની મરણ વેળાની કેફિયત નોંધી છે:

'મરનાર બાઈ પાનુ એના સ્વભાવ મુજબ વહુને રોકટોક કરતી હતી ને પરિણામે ઘરમાં કંકાસ રહેતો...મજકુર બાઈ ગુલાબ સ્વભાવે તેજ ને સાંભળવા પ્રમાણે સ્વછંદી છે. સાસુનો કાંટો કાઢવા એણે દાળમાં કોઈ ઝેરી પદાર્થ નાખેલો છે...અને...

ગુલાબ સામે એક નહોરવાળો શબ્દ ઘૂરક્યો: 'ખૂન!'

—કોર્ટના બાંકડાઓ અને ખુરશીઓમાંથી એક પ્રચંડ અવાજ ગાજે છે: 'ખૂન કર્યું' છે આ બાઈએ...નામદાર કોર્ટને મળતા પુરાવાઓ પ્રતીત કરે છે કે બાઈ ગુલાબનો હેતુ પોતાની સાસુને મારી નાખવાનો હતો – ઊંડી તપાસને અંતે કાનૂનને માલુમ પડ્યું છે કે મજકુર બાઈ ગુલાબ એક બદચલન જુવાન વિધવા છે. એને ત્યાં અમુક સમય પહેલાં એક ટ્રેક્ટરવાળો આવ્યો હતો અને એનાથી....બિલકુલ ગેરકાયદે...સમાજ વિરોધી...હિન્દુ પ્રણાલિ વિરુદ્ધ...હા, માટે...જ, એટલા માટે જ—'

ગુલાબનું માથું તૂટેલી પતંગની જેમ ગડથોલાં ખાતું ચક્કર ચક્કર ભમી ઊઠ્યું...ભીંતો એક વાર ચાલતી દેખાઈ, છત એક વાર નીચે આવતી લાગી, પછી આખું મકાન ઉપર અને પોતે નીચે...!

એ જ્યારે ભાનમાં આવી અને જાગી ત્યારે એની આંખો આશ્ચર્યથી પહોળી બની ગઈ – સાસુ પોતાનાં ઓશીકા પાસે

બેઠી હતી ! ગુલાબનો સાદ એકાએક ભીનો થઈ ગયો : 'બા, તમે મારી પથારીએ...બા, તમે !'

'લે હવે સૂઈ રહે' જરાય ભાવ વગર ડોશી બોલી : 'બાને શું...!—ઠીક છે મારા ભઈ બધું !'

'પોલીસ ક્યાં ગઈ, બા ! તમે પોલીસમાં જાહેર નથી કર્યું ?... મેં તમને ઝેર દીધું એવું તમે બોલ્યાં નથી ?' અને ગુલાબે ઓઢેલું ગોદડું એકદમ ફગાવી દીધું અને સાસુના હાથ પકડી લીધા.

'મૂક હવે' સાસુ મોં બગાડીને બોલી : 'કુલાના ડામ કોને દેખાડાય ?' અને પછી વહુની પથારીએથી ઊઠીને એ ચાલતી થઈ : 'જો, હવે બધું તારી મેળે કરી લેજે...ખાટલા નીચે દવા અને પાણી મૂક્યાં છે' અને એક પળ વધારે રોકાઈને ઉમેર્યું : સાંજે મગનું પાણી જ લેવાનું છે...રાતે સૂતી વેળા થોડું એરંડિયું – સવારમાં જાગીને ફાકી.'

'પણ બા !' લાડકડી પુત્રીની જેમ વહુ સાસુની પાછળ ગઈ : 'તમે કોઈ નેય ન કહ્યું બા !'

'મારો સગડ મેલ્ય.' ડોશી એકાએક ઉકળી ગઈ : 'કહ્યું નથી હું કાંઈ તારાથી દબાઈ ગઈ છું એવું ન માનતી...હજી હમણાં જો જાહેર કરું તો ત્રણ વરસમાં સલવાઈ જા સમજી ? પણ પછી આ આંગણું ખાલી થઈ જાય એના કરતાં ઠીક છે આ... આવો તો આવો – પણ સથવારો તો છેને !'

અને ડોશી પછી પોતાની પથારીએ જઈને માથા પર ઓઢીને સૂઈ ગઈ.

ગુલાબે એક નિઃશ્વાસ મૂક્યો : 'સથવારો તો છે !' અને એ શબ્દો પછી દૂધમાં પાણી ભળે એમ ગુલાબના લોહીમાં ભળી ગયા.

ગુલાબ પથારીમાં સૂઈ ન શકી...પથારી ઉપાડીને એણે ડામચિયા પર મૂકી દીધી.

ઘરમાં બધેય ગરમી લાગવા માંડી...દાદર ચડીને એણે મેડીની બારીઓ ઉઘાડી.

સાંજ પડવામાં હતી – આખા દિવસનો થાકેલો સૂરજ સંધ્યાનો સથવારો મેળવીને આસ્તે આસ્તે બીજા મુલકમાં જઈ રહ્યો હતો.

—એણે જોયું, જગત બધું તંતોતંત જોડાયેલું હતું. ક્યાંય કોઈ એકલું નહોતું – માણસને માણસનો, લાકડાંને લાકડાંનો, પથ્થરને પથ્થરનો સથવારો.

ગુલાબે પળભર બધાંને જુદાં કરીને જોયાં.

વાયરને આધારે ઊભેલો વીજળીનો થંભ ભોંભેગો, મકાનનું પડાળ ભોંભેગું, પૈડાં વગરનું વાહન.. બધું જ ધૂળ ચાટતું –પૃથ્વી વગર ગબડી પડતાં માણસો, ઢળી પડતાં વૃક્ષો...એકલું બાળક આખડતું, એકલી ડોશી ભટકાતી.

ગુલાબ વલોવાઈને ફીણુ ફીણુ થઈ ગઈ...ધડાધડ કરતી એ દાદર ઊતરી...સાસુની પથારીએ પહોંચી. લાગણીઓ એટલી બધી તીવ્ર. અને લપસણી બની ગઈ હતી કે ખાટલા પાસે જઈને હાલવી નાખતી હતી :

'બા, હવે હું ક્યાંય નહીં જાઉં...કહું છું ક્યાંય નહીં, ક્યારેય નહીં... તમારે કોઈનો આધાર નથી...મારેય ક્યાં છે ? આપણે એકમેકના આધારે જીવન ખેંચી કાઢશું – ફક્ત એક વાત આપણે પાળવી – આપણે આંગણે કોઈ પુરુષ નહીં...તમારે ભગુને ન બોલાવવો, હું ચતુરને ન બોલાવું...બોલો, બરોબરને ?'

પણ ગુલાબ કશું જ ન બોલી શકી. માત્ર હાંફતી હાંફતી એ ડોશીના ખાટલા પાસે ઊભી રહી...કેટલીય વાર પછી "બા" એટલું બોલી ત્યારે સાસુના રૂક્ષ ચહેરામાં બે આંખો અણુગમાના દીવેલથી ભડક ભડક થતી હતી.

ગુલાબ ત્યાંથી ખસી ગઈ...ઝડપથી આજુબાજુ જોયું અને ફળિયું ઓળંગીને એ બહાર નીકળી...બજારમાં, બજારમાંથી ખાંચામાં પછી બીજા ખાંચામાં.

પા કલાક પછી પાછી આવી ત્યારે ડોશી બાકસ લઈને

ઓસરીમાં એનો દીવો સળગાવતી હતી.

ગુલાબે ય રાંધવા માટે પોતાનો દીવો ઘરમાંથી બહાર આણ્યો અને સાસુના દીવે પેટાવ્યો.

એ દીવાના કેસરી ઝળકતા પ્રકાશમાં ગુલાબે સાસુના ચહેરાને જોયો, પછી આસ્તેથી એ પાસે ગઈ અને બોલી : 'બા, આપણે એમ કરશું ?' છેક કાન પાસે મોં લઈ જઈને પછી ધીમેથી કહ્યું : 'મેં એક રસ્તો ગોત્યો છે બા !...આપણે સાથે રહીને જીવીએ... આપણે ઘેરે કોઈ કરતાં કોઈ આદમી નહીં...હું અને તમે...બસ એ જ જણાં, બા !...તમને ચતુર નથી ગોઠતો...મને ભગુ – આપણે એ બેઉને જતા કરીએ...બસ આ જ રસ્તો સારો છે' અને ડેલીએ અવાજ થતાં ગુલાબ ઊભી થઈ.

એક આદમી ધીમે પગલે અંદર આવ્યો અને ઓસરીમાં આવતાં એ ચોંક્યો.

'મારાં સાસુ છે.' ગુલાબ ધીમે સાદે બોલી : 'કાંઈ વાંધો નથી આવો...' ને પછી આંગળી વડે એણે ઇશારો કર્યો: 'ઉપર કે અહીં ભોંયતળિયે ?'

'એ તો તમારા ઉપર આધાર છે – કદાચ ચીસ પડી જાય...!' પેલો આગંતુક બોલ્યો.

ડોશી હવે ચોંકી...!

'ના ના, ચીસ તો નહીં જ પડે, ડૉક્ટર !' ગુલાબ બોલી : 'તો અહીં રાખો' ડાક્ટર ઉંબરમાં આવ્યો.

ગુલાબ ધીમે ધીમે ઘરમાં ગઈ.

ડાક્ટરે બધાં સાધનો કાઢીને પથારી પર ગોઠવવા માંડ્યાં...બે મોટી ડીશો પથારી આસપાસ ગોઠવી અને ઉકળતા પાણીમાં ધારદાર ચમકતાં, વાંકાંચૂંકા નસ્તરો બોળ્યાં અને પછી એ હાથ પર મોઝાં ચડાવવા માંડ્યો.

ડોશી અંદર ડોકાઈ.

—ગુલાબ પથારી પર સૂઈ ગઈ.

'લગભગ ચાર માસ તો ખરા.' ડૉક્ટર તપાસવા માંડ્યો અને એણે દવાનો ડોઝ તૈયાર કર્યો.

'આ!' ડોશી અંદર દોડી આવી: 'આ શું છે વત્ર?'

'આમાં કશું થવાનું નથી માજી!' ડાક્ટર બોલ્યો: 'આજ કાલ હવે ઘેર ઘેર થાય છે. સરકારે આને કાયદાસરતા પણ આપી છે...!'

'રાખ ને ધૂળ...!' ડોશી કંપવા લાગી: 'રે'વાદે ભાઈ!'

'બા, શાંતિ થઈ જાય ..' ગુલાબ બોલી: 'એક કલાક થશે.'

'બરાબર...' ડાક્ટર બોલ્યા: 'એક કલાક...ફક્ત!'

'તારી ફી કેટલી થાય?' ડોશી ડૉક્ટરને પૂછવા માંડી.

'બસો રૂપિયા.'

—ડોશીએ પટારો ઉઘાડ્યો અને પૈસા ડાક્ટરના હાથમાં મૂક્યા: 'લે ભાઈ!'

'મેં કામ કર્યું નથી...ને...'

'અછતું રાખવાના આ!' ડોશી બોલી: 'જા બાપા!'

'પણ બા!'

'રાખ હવે રાંડ!' ડોશી ઉકળી ગઈ: 'તને કાંઈ દયા જેવી ચીજ છે કે નહી? આટલા બધા મહિને આ સૂઝ્યું તને? મારા ઘરમાં?' અને પછી એ વૃદ્ધા રડી પડી.

* * *

અધરાતનો ગજર ભાંગ્યો. ડોશીએ ઘરમાં બધું જ સમુંનમું કરી લીધું અને પછી એણે વહુને જગાડી: 'હાલ્ય આગળ થા!'

ગુલાબ પણ કોણ જાણે બધું પામી ગઈ હતી. તૈયાર થઈ ને એ પણ સાસુની આગળ ચાલી નીકળી.

—થોડા બટાલા સાથે સાસુવહુએ ઘર છોડ્યું.

—થોડાંક પાડોશીઓએ આ જોયું અને પછી એ ધીમેથી બોલ્યાં: 'સારું થયું...ઢેઢ ગયો ને આભડછેટ મટી!

૩૬

વાડી આમ તો શાંતિ આપે તેવી હતી...હા, શહેર થોડે દૂર હતું. પરંતુ બાજુમાં જ જબ્બરું રેલ્વે સ્ટેશન હતું. ચીજ-વસ્તુઓ બધી સ્ટેશનમાંથી મળી રહેતી હોવાના કારણે આસપાસના ગામડાનાં હટાણુંવાળાંનો પ્રવાહ વાડી પાસેથી વહ્યા કરતો. વળી પેસેન્જરોની પણ આવન-જાવન ખૂબ રહેતો – આ હિસાબે વાડીમાં ફળ ઝાડ કે બગીચાની જે ઊણપ હતી એને પૂરવા, ગુલાબ, જતાં-આવતાં આ વસિયાતોને જોઈને પૂરી કરી લેતી.

પેલી આવન-જાવનમાંથી ઘણાંખરાં તો બપોરે કે સાંજ વેળા અહીં આવી પણ ચડતાં – પાણી-બાણી પીને, સ્થળનાં અને સ્વાગત કરનાર – સાસુ-વહુનાં વખાણ કરીને જતાં રહેતાં.

અને આ સંસર્ગે સાસુ-વહુના જીવનમાં ઘણો મોટો ભાગ ભજવ્યો.

અહીં એ બન્ને સ્ત્રીઓની માણસ તરીકે ગણના થતી, વખાણ થતાં – આ

હિસાબે એમનું અહમ – જે અત્યાર સુધી સામસામે ટકરાઈ ને તણખા વેર્યા કરતું એ – ધીમે ધીમે ખરબચડાઈ છોડીને એકમેકને માટે મુલાયમ બનતું ગયું – અને આ ઘણા દિવસ ચાલ્યું.

કજિયા-કંકાસ વગરના આ દિવસોએ સાસુ અને વહુ બાઉની પ્રાગૈતિહાસિક ખાઈ લગભગ પૂરી દીધેલી – બન્ને જાણે સાસુ-વહુ નહીં, મા-દીકરીય નહિ, પણ ઉંમરના તફાવતવાળી સખીઓ હતી!

પણ એક સાંજે એક બીના બની.

—આડ રસ્તે થઈ ને ચૂપચાપ એક માણસ વાડીમાં દાખલ થયો...એણે ગુલાબની સાસુને ઇશારો કર્યો...અને અગાઉ યોજના ઘડી રાખી હોય તેમ ડોશી પણ ચૂપચાપ એ બાજુ ચાલી.

બન્ને વાડીના એક છેડા પર ગયાં...થોડી વારે ડોશીએ હકારમાં માથું ધુણાવ્યું...ને પેલો માણસ તરત જ ઊભો થયો અને પછી સૂચક નજરથી એ મકાન સામે જોઈ રહ્યો.

આથમતા સૂરજનાં ચમકદાર કિરણોએ એના ચહેરાની કઠોરતાને, એની મૂછોને, એની માંજરી આંખોને છતાં કરી દીધાં.

—ગુલાબે એને બરોબર ઓળખ્યો – એ ભગુ હતો.

—ગુલાબ વળી પાછી ભ્રમિત બની ગઈ : 'ડોશી કાંક ડાટ વાળી રહી છે...' અને આ પછી એ નીચલી સપાટીએથી ઉકળતી રહી : 'ગજબની છે ડોરી! કેવી રમત રમે છે! બસ આ એની રમત જ છે...આ માટે જ એણે ડૉક્ટરને કાઢી મૂક્યો...પછી બધું છતું કર્યું. લોકો બીંસ કરવા માંડ્યા...બીંસ કરે તો જ શહેર છોડાયને? શહેર છોડાય તો જ અહીં, વગડામાં ભગુ ફાવી શકે... મને એ અહીંથી—'

અને આ કલ્પનાથી ગુલાબ રઘવાઈ બની જતી. ક્યારેક એ ડામચિયામાં તો ક્યારેક ભીંતમાં માથું પણ પટકી નાખતી : 'ભગુ! નીચ...ના.'

ડોશી હવે ગુલાબનું સતત રખવાળું કરવા લાગી...ગુલાબ

કૂવે જતી તો ડોશી પગામાં ઊભી રહેતી – ઓસરીમાં જતી તો ડોશી ઉંબરમાં – સંડાસ, પેશાબ...દરેકેદરેક સ્થળે ડોશી માત્ર અમુક ફૂટનું અંતર રાખીને સાથે ખોડાઈ રહેતી !

રાતે પણ એ ગુલાબના ખાટલાને અડાડીને એનો ખાટલો રાખતી – ગુલાબ આ બધું ન સમજે ?

ડોશીનાં મોં પર એક અભિવ્યક્તિ સતત રીતે ટીંગાઈ રહેતી.

ગુલાબ એ શબ્દોને બરાબર ઓળખતી હતી...આ જ હતા એ શબ્દો : ‘ વહુ...તું માની જા...હજીય આપણે સુખી થઈ શકશું. ભગુ બિચ્ચારો કરગરે છે ! ’

આટલાં વાક્યો કહેવા માટે એ કેવો અભિનય કરતી ! – એ મિનિટો સુધી ગુલાબના ચહેરામાં જોઈ રહેતી, હોઠ ફફડતા અને આંખોમાં આંસુનો ઝાકળ આવી જતો !

ગુલાબ એની સાથે જરાય માન કે મરતબો રાખ્યા વગર જોરથી ડોક ધુણાવતી : ‘ હં...અં ! ’

ડોશી એ વખતે અપાર દુઃખી થઈ જતી...ગુલાબને આથી ખૂબ આનંદ થતો...ડોશી રિબાય એ એને ખૂબ ગમતુ

અને ડોશી પણ કેવી મહેલી ! એણે વાત સુધ્ધાં કરી ? ભગુ આવ્યો હતો, મને મળ્યો હતો, વાત કરતો હતો. એ બોલે છે ! કોઈ બોલે છે ?

‘ ખરી છે ડગરી ! એને એટલી ય ખબર નહીં હોય ? કે ગુલાબે એને જોયો હતો ? કુહાડી પછાડતો હાથ પણ દેખાયો હતો : ‘તમારું નામ લેનાર કોણ છે’ એવું ય એ બોલ્યો હતો.

એક દિવસ સ્ટેશન બાજુથી થોડાં ઓળખીતાં આવ્યાં. એને ડોશીએ સમ દઈને રોકી પાડ્યાં – પેલાં રોકાતાં નહોતાં, પણ ડોશી જવા શાની દે !

‘ હું આવું ત્યાં લગી રોકાઓ ’ કહીને એ શહેરમાં ગઈ.

ડોશીના ગયા પછી પેલા અતિથિઓએ ગુલાબને નહીં રોકવા

ઘણી વીનવી : ' છૂટ શું કામ કરો છો ? અમને જાવા દો !'

અને પછી ગુલાબના મનની વરાળ કઠોર કરીને બહાર નીકળી : ' તમને મારું ધ્યાન રાખવા રોકતાં ગયાં છે.'

' ધ્યાન તો ભગવાન રાખે બાપા !' પેલાં મર્મ સમજ્યા વગર બોલ્યાં.

ગુલાબને આથી વધારે ક્રોધ ચડયો. એ કહી દેવા તૈયાર થઈ : ' ધ્યાન એટલે ચોકી, સમજ્યાં ? તમે એ ડોશીને જેવી તેવી ન માનતાં...મારી ઉપર એ પળેપળની ચોકી રાખે છે – હું ક્યાંક નાસી જાઉં તો ? તો પછી જનમનો વાંઢો એનો ભગુ – તમે જોયો છે – ભગુને ? હરામખોર છે સાહ્લો...મને એ હરામખોરના હાથમાં સોંપવાની છે આ ડોશી !'

પણ સારું થયું છેવટે ડોશી આવી ગઈ...અને આવ્યા પછી બપોર હતા, શીરામણની વેળા હતી, છતાં એણે મહેમાનને ભૂખ્યાં ભૂખ્યાં જવા દીધાં...ગુલાબને આ ખૂબ ગમ્યું...શું લેવાં રોકાણાં સાહ્લાં !

' આમ આવ તો ગુલાબ !' પેલાં ગયાં કે ડોશીએ બે ભરેલી થેલીઓનાં મોઢાં છોડયાં.

—કપડાંનો મોટો બધો ઢગલો...!

—ઝભલાં, આંગલાં, ટોપીઓ...વળિયાં...માદરડી...

ગુલાબ પળભર આનંદી ઊઠી... એને હોઠે શબ્દ આવ્યો : ' બા !'

પણ બીજી જ પળે એ છળી ઊઠી :

—પેન્ટ પીસ, કોટ, શર્ટ, પગનાં મોજાં, કમરનો પટ્ટો...બધું જ...જયંતિ પહેરતો એવું જ...

' હા...તો – એ ભગુને જયંતિ બનાવવા માગે છે...હવે એ બનાવ્યે જ રહેવાની છે.'

ગુલાબ જ્યાં જ્યાં લાગ મળે – બિસાદ, આળિયું, તેવું – ભરેલી

એ ડોશીને, ડોશીના મૌનને, ડોશીની રમતને, રહસ્યને દાંત પીસીને જોઈ રહેતી.

—કેવી છે ડોશી! ગુલાબે એક દિવસ એને સમગ્રપણે એ આખી ખુલ્લી પડી જાય એવા સંજોગોમાં, અરધી કલાક સુધી વાડીના પયામાં એક ધ્યાને ઊભેલી જોઈ — શહેર બાજુના રસ્તાના ઝાડવાંની કતારો વચ્ચે એ તાકી રહી હતી...ક્યારેક પેની ભર થતી, ક્યારેક હાથની છાજલીઓ કરતી – કોઈ નિશ્ચિત બિંદુ પર એ એકાકાર થઈ રહી હતી...અને ઘણી વારે એ હતાશ થઈને ત્યાં જ બેસી ગઈ હતી.

'ન આવ્યોને?' ગુલાબ ક્રૂર બનીને એની મશ્કરી કરતી હતી: 'ભગુ ન આવ્યો, ખરું ને?'

એ દિવસે ડોશીએ ખાધું નહીં...પાણી પણ ન પીધું... રોંઢે ઊલટીઓ શરૂ થઈ.

ગુલાબ તિરસ્કારથી એને જોઈ રહી: 'હવે એ મરવાની છે!'

અરધા કલાક પછી ડોશી પથારીમાંથી ઊભી થઈ, ચક્કર આવી અને ફંગોળાઈ પડી...એક બાજુનો એનો લમણો, કોણી, પીંડી છોલાઈ ગયાં. પછી એકાએક એ લવી પડી: 'ભગુ! ભગુ! ભગુ!'

ગુલાબને થયું – ભગુ હવે આવવાનો નથી...નક્કી એ છોડી ગયો છે...અને ગુલાબ અહીં ઊકળવા લાગી: પોતે શું ભગુને હવે ગમતી નથી?...એમ કે?

ગુલાબ ભગુ ઉપર તરાપી રહી: 'એ તો મારે જોવું પડશે – હું તને ન ગમું એમ? તું મને તરછોડે? મને? ગુલાબને?' ને પછી મનોમન એ હસી! 'જોજ્યે ત્યારે...ના ના...હવે તો જોવું છે... એક વાર તો તારા ઘરમાં બેઠચે છૂટકો...એ વગર તારો, મારો, આ ડોશીનો છૂટકો કેમ થાય? હેં કેમ કરીને થાય?' અને ગુલાબે ભગુના ગળા પરથી હાથ ઉઠાવી લીધા અને આસ્તે આસ્તે એ

ભગુના પરિઘમાં ફરવા લાગી—હવે ડોશીને શીદને રિબાવવી!

એક દિવસ ડોશી વળી પાછી વાડીમાં ગઈ...ગુલાબ બરાબર જોતી હતી. એક માણસ છાનોમાનો વાડીમાં દાખલ થયો. હળવે રહીને એણે ખિસ્સામાંથી કાગળ કાઢ્યો, ધીમે સાદે વાંચ્યો...અને પછી ચારે બાજુ જોઈને ડોશીએ એને પૈસા આપ્યા. એ માણસ હવામાં હાથ હલાવતો જતો રહ્યો.

ડોશી ત્યાંથી આવી ત્યારે જાણે એને પાંખો આવી હતી. એ સંતોષના અતિરેકમાં ધ્રૂજતી હતી. પાણીઆરે જઈને ઘણું બધું પાણી પી ગઈ.

અરધી કલાક પછી એણે ગુલાબને કહ્યું : 'અજવાળી બીજ...'

'બીજું શું કામે?' ગુલાબ બોલી : 'તમે કહો તો...પણ ભગુ એ...અહીં કેમ—'

ડોશીએ હવામાં હાથ ઊંચો કર્યો...સુક્કા ગુવારની શીંગો જેવી એની આંગળીઓનો પોંચો હલાવ્યો અને વળી પાછી પથારીમાં જતી રહી.

'એ છેવટ લગી અછતું રાખવા માગે છે.' ગુલાબ ડોશીની પીઠ પાછળ ફેણ ચડાવીને બોલી : 'ઠીક છે...તું જો તો ખરી! હવે તો...હવે તો ગુલાબે આવેશમાં મુઠ્ઠી વાળી : 'તારો ટાંટિયો ત્યાં ટકવા દઈશ? ભગુના ઘરમાં બેસું પછી...પછી જોજ્યે મઝા!—બધો, પળેપળનો બદલો લઈશ હું.'

'આપણે ગુલાબ!' રાતે વાળુ કરી રહ્યા પછી સાસુએ કહ્યું : વહેલાં જાગવાનું છે' અને અહીં એ રોવા જેવી થઈ ગઈ. ઘણી વાર સુધી એની જર્જરિત ડોક ધ્રૂજતી રહી.

ગુલાબ એની મૂર્ખતા તરફ તિરસ્કારથી જોઈ રહી : 'એક વાર રોઈ પડને બાઈ! રો, એટલે મને લાગે કે તને મારા માટે ખૂબ પ્રેમ છે...ભગુના ઘરમાં બેસાડતાં તારું કાળજું પિંખાઈ જાય છે.'

'કોઈ નેય ખબર કર્યા વગર ગુલાબ, આપણે વહેલાં રોંઢે

ઊપડી આવું...'

'ભલે' ગુલાબ તુચ્છતાથી બોલી : 'સ્ટેશને જાવું છે? રેલગાડીમાં...?' ને પછી ટદાર પાંપણે એ સાસુને જોઈ રહી.

ડોશીએ હકારમાં જરાક જ માથું હલાવ્યું.

'નામ પાડે તો એનો જ બાપ મરે...!' મૂગો એક છણકો કરીને ગુલાબ પોતાની પથારીએ જતી રહી અને કલ્પના કરતી રહી : 'એ સ્ટેશને આવવાનો હશે, ડોશીએ માંડ માંડ સમજાવ્યો ફોસલાવ્યો હશે, કરગરી હશે...ને ભગુ બોલ્યો હશે : હું એને આપણા મલકમાં તો સાથે નહીં રાખું. મારી આબરૂ શું એમાં? તમે જુઓ છો ને, એના પેટમાં હરામના—'

ગુલાબ જોરથી પડખું ફરી : 'હરામના હમેત !...હા, હવે તો એ હરામના જ ને? કેમ કે ચતુર જ હરામ નીકળ્યો. નહીંતર એ દવાખાને આવીને જતો રહે? મારે ને ગુલાબને કાંઈ નથી એવું કહે?...એવું ! હત્ત સાલ્લા ! તું એવું બોલ્યો? એવું? તારી જીભડી કેમ કરીને ઊપડી?' ને ગુલાબે હાથ પછાડ્યો : 'ભલે...ભલે...' ને એને એક ઉધામો ઊપડ્યો... પોતે સાસુને જઈને કહે : 'બા, આપણે એમ કરીએ : તમારી આગળ ચતુરનું સરનામું છે ને? મારે એને કાગળ લખવો છે. લાલ શાહીથી, કંકોતરી જેવો કાગળ...' ને કંકોતરીનાં વાક્યો એ ગોખી ગઈ : 'વિ. વિ. સાથ લખવાનું કે અમારી પુત્રી ચિ. ગુલાબનાં શુભલગ્ન...નિવાસી ભગુભાઈ...સાથે.'

અને અહીં એને લિખિતંગનો પ્રશ્ન નડ્યો : 'કોણ લિખિતંગ? માબાપ? સાસુ? અરે સાસુ તે કાંઈ હોય?' ગુલાબ પુનઃ પથારીમાં ફસડાઈ. ઘણી વાર હાંફ્યા પછી એણે ઉકેલ શોધ્યો...પોતાના અને ભગુના ઉભયના નામથી એ ખુશાલીનો તાર કરશે : 'અમે બન્ને લગ્નગ્રંથિથી જોડાયાં છીએ.'

અને આ પછી ગુલાબે બધાં અંગોને છૂટાં કરીને પાથરી દીધાં અને નિરાંતનો લાંબો સુખદ શ્વાસ લીધો : 'હા, અમે જોડાયાં

છીએ ..લગ્નગ્રંથિથી જોડાયાં છીએ, સમજ્યોને તું ? અને પછી એ નિરાંતે ઊંઘી ગઈ.

વહેલી સવારે ડોશીનો હાથ એને ઢંઢોળતો હતો કે એ જાગી ગઈ...બારીમાંથી ગુલાબે બહાર જોયું...આંગણામાં ઘોડાગાડી ઊભી હતી.

' ડોશીના અચંબાનો પાર ન રહ્યો !

—ગુલાબ બધું ય ઝડપી પગલે આટોપીને ઘોડાગાડીમાં જઈને બેસી ગઈ : ' ચાલો બા ! ઝટ કરો.'

'બધું જ સંભારી સંભારીને ભર્યું છે, ગુલાબ !' ઘોડાગાડીમાં પડેલી બેગો તરફ હાથ લંબાવીને સાસુએ કહ્યું : ' કાંઈ કરતાં કાંઈ બાકી નથી...' ને એની આંખોમાં આંસુ આવી ગયાં.

ગુલાબને એક ઉમળકો આવી ગયો : ' બા, ચાલોને, અમારી ભેગાં...' પણ ઊલટાની એ ચિડાણી : ' છેલ્લી ઘડીઓ છે પણ એ બોલે છે ? ચોખવટ કરે છે ?'

અને પછી તો સ્ટેશન આવ્યું. એ ઊતર્યાં. ટિકિટબારીએ ગયાં. બે ટિકિટો લીધી. પ્લૅટફૉર્મ પર ગયાં. ગાડી આવી... આટલે સુધી બધું બન્યું...! બે ચાર વાર એ રડી પણ એણે કશું ન કહ્યું...પછી ગુલાબ શું કામે રડે ? શું કામે કહે કે બા તમે કોઈ વાતે મૂંઝાતાં નહીં...અમે કાગળ લખશું...તમે અમારે ઘેર આવજો.'

ગાડી આવી ગઈ.

ગુલાબ ડબ્બાઓની નજીક જવા લાગી. એને ખાતરી હતી ભગુ આવ્યો જ હશે...એ ભગુને પોતાની બાજુમાં ચાલતો, ગાડીમાં ચડતો કલ્પી રહી.

ગાડી ધીરેકથી ઊભી રહી. બરાબર ગુલાબની સામેનો જ ડબ્બો – ગુલાબ ચમકી ગઈ...પછી ધ્રૂજી ગઈ...એણે આંખો ચોળી, આંચી. અને ઉઘાડી ને પછી ચીસ નાખી : ' ચતુર ! '

'આવતી રહે' ડબ્બાની બારીમાં ઊભેલા ચતુરે હાથ લાંબા કર્યા.

'ના ના!' ગુલાબ પાછી હટી: 'ના ના...તારી સાથે મારે નથી આવવું.. તેં તેં શું કીધું'તું?...હેં?' ને એ બાળકની જેમ રડવા લાગી: 'તેં કીધું તું ને! મારે ને ગુલાબને—'

'જલ્દી કર ગુલાબ...! આ મેઈલ છે...હું તને તેડવા જ આવ્યો છું...ખાસ તને તેડવા!'

અને આટલી વારમાં ગાડી ઊપડવાની વ્હીસલ થઈ...ગુલાબે ઝડપથી તૈયાર થતાં એન્જિન સામે જોયું અને ઠેકડો મારીને ચડી ગઈ અને સીધી જ ચતુરના ગળે વીંટળાઈ ગઈ: 'તું આવ્યો ખરો બાદશા!' ગુલાબનાં આંસુ બાદશાની છાતીએ લીંપાઈ ગયાં.

'ક્યાં ગયાં ડોશી?' ચતુરે બહાર નજર કરી.

'અરે એને જવા દે...જવા દે એને...આપણે ચાલ બાદશા! તું આવી ગયો...સમયસર તું આવી ગયો...નહીંતર મને ભગુ...' ગુલાબ ધ્રુસકાં ભરીને રડવા માંડી: 'મને ભગુ લઈ જાતો'તો..: ડોશીને ખબર કરીશમા બાદશા! એ ભગુને ગોતે છે...સમજ્યો?' અને એ બાદશાને ખેંચીને ડબ્બાના અંદરના ભાગમાં ઘસડવા માંડી.

એંજિને એક મોટો ખોંખારો માર્યો. ભખ ભખ કરતું ચાલવા માંડ્યું

'મારે એને મળવું છે, ગુલાબ!' ચતુર બહાર જવા અધીરો બન્યો.

'નહીં...! ના ના...' ગુલાબ એને કતરઝોડની જેમ બાઝી પડી.

ગાડીએ વેગ પકડ્યો. ચતુરે મહાપ્રયાસે ડોક બહાર કાઢી ને... દોડ્યાં જતાં મકાનો, ઝાડો અને પાટાઓ વચ્ચે એની આંખોએ ધોળા ફરફરતા વાળ જોયા, અશક્ત અને અનાધાર પગને દોડતા જોયા, હાથ જોડતા જોયા...અને પછી બધું એકાએક રેળાઈ ગયું.

ગાડી પૂરજોસમાં દોડતી હતી, ચતુર ગુલાબની પકડમાંથી જમણો હાથ છોડાવવા મથતો હતો, છૂટેલો હાથ ખિસ્સામાં નાખવા મથતો હતો...ખિસ્સામાં ડોશીનો લાંબો પત્ર હતો...ડોશીએ જ એને તેડાવ્યો હતો...ડોશીએ જ ગુલાબને સોંપી હતી, એણે ગુલાબને લાડ લડાવવા, સુખી કરવા, જીવની જેમ જાળવવા – કંઈ કેટલુંય લખ્યું હતું...!

ચતુર એ બધું ગુલાબને કહેવા આતુર હતો. પણ ગુલાબ હજી ય ક્યાં છોડતી હતી!

'એ તને સાચો પ્રેમ કરે છે, ચતુર!' ડોશીનો પત્ર બોલતો હતો: 'એક સ્ત્રી જે કંઈ કરી શકે, સાચા પ્રેમને ખાતર – એ ગુલાબે કર્યું છે...તારા વગર એ જીવી શકે તેમ નથી...તારા વગર કદાચ એ ગાંડી બની જાય...તું એને લઈ જા...ઝટ આવીને લઈ જા...નહીંતર મને એનું પાતક લાગશે...ભગુએ આવીને મને ધમકી આપી છે.જો હું એને ગુલાબ ન આપું તો એ ગુલાબનું અને મારું પણ ખૂન કરી નાખે એ હદે પહોંચ્યો છે.'

ડબ્બાના માણસો હવે આસપાસ જોવાનું ભૂલીને આ નવા કુતૂહલને જોઈ રહ્યાં હતાં. થોડાંક મશ્કરી પણ કરતાં હતાં.

પરંતુ ચતુરે ગુલાબને હજીય ગળે ચીટકી રહેવા દીધી અને એ ગુલાબમય બની ગયો – કદાચ એ જ વસ્તુ એને માટે ઉચિત અને આખરી હતી ને...!

'નહીંતર, પાછળ રહી ગયેલાં સ્ટેશનમાં, માલગાડીના એક એંજિન નીચે દોડીને ડોશી જિંદગીને ટૂંકાવી નાખે અને સ્ટેશન આખું ચીસોથી ગાજી ઊઠે, ડબ્બા બહાર ડોકાં કાઢીને ચતુરની જ ગાડીના પેસેન્જરો આ બધું જુએ અને ચતુર કે ગુલાબ કેમ જુએ!

૩૭

આસામમાં રહેલાં ગુજરાતીઓ — આખી દુનિયામાં ભોંઠા પડ્યાં. પોતાનું થૂંકેલું પોતાને જ ગળવું પડે એ કેવું ?

નહીંતર આસામમાં વસતાં ભારતના અને વિદેશોના લોકો આગળ એણે ગુજરાતના ગૌરવનો પચ્ચાસ જેટલી ભાષામાં અનુવાદ કરાવ્યો હતો : 'અમારી ગુજરાત તો ગુણવંતી ગુજરાત...! ત્યાંની સ્ત્રીઓ જુઓ અને દેવીઓ જુઓ, પુરુષો જુઓ અને પાર્શદો જુઓ...દરેક સ્ત્રી સર્વગુણ સંપન્ન...પતિના મોટાભાઈની, પતિના પિતાની લાજ કાઢે.. ઝીણા સાદે બોલે, પગની પેનીઓ ઢાંકી રાખે. સગર્ભાવસ્થામાં તો એ પોતાની માતાને પણ પોતાનું શરીર ન દેખાડે.'

પણ ચતુર અને ગુલાબ આસામમાં આવ્યાં કે આસામના જંગલીઓ પણ ભોંઠાં પડ્યાં...બિચ્ચારા ગુજરાતીઓની તો શી દશા ?

ગુજરાતીઓને છેવટે ફેરવી તોળ્યું

પડ્યું : 'હા, અમે જે કાંઈ કહ્યું એ બધા ગુજરાતીઓ માટે નથી. સોમાંથી એકાદ કપાતર પણ હોય...!'

ગુલાબ અને ચતુર – કપાતર લાગે એ રીતે વર્તી રહ્યાં હતાં આસામમાં...!

ચતુર સાવ ઘેલો બન્યો હતો...કેમકે એને એની કલ્પનાની સ્ત્રી મળી હતી – એની પોતાની કલ્પના પ્રમાણે નાચતી, ઊછળતી, ઉભરાતી, છલકાતી, રૂપ અને ઊર્મિઓથી ઝલક ઝલક ઝલકાતી !

ગુલાબ માટે એ શું ન કરે ? શા માટે ન કરે ? જિંદગીનાં લાંબા વહેણ પછી એને અમૂલું સ્વપ્ન લાધ્યું હતું...એ પોતાની સ્ત્રી માટે આસામ તો શું આખું વિશ્વ એને ચરણે ધરી દેવા તત્પર હતો.

પળે પળે એ ગુલાબને નેહથી ગળે લગાવતો, ઊંચકતો, ચૂમતો, વીંટાળતો અને ગુલાબના કણેકણમાં એ અણુ અણુ થઈ ને ભળી જતો ને કલાકો સુધી એ ક્યાંય દેખાતો નહીં ! શું કરે ચતુર ?

ગુલાબ એના ભૂતકાળના ઓળાઓમાંથી, એ ઓળાઓનાં ધારાંમાંથી રુઝાઈ નહોતી...જ્યારે જ્યારે, જરાક વિચારવા જેટલો શાંત સમય મળતો કે એનાં વિતકો અને દુઃખોને ગાવા માંડતી:

તું બહુ મોડો કેમ આવ્યો ચતુર ? આટલું બધું મોડું કરવાનું તારે કારણ શું હતું, એ તો મને કહે ?'

અને આ વખતે ચતુરના હોઠે બહુ જ નિખાલસ ઉત્તર આવી જતો : 'સાચું કહું ગુલાબ ! તું મારી કલ્પના પ્રમાણેની સ્ત્રી હતી. અને મને ખાતરી હતી કે એવી સ્ત્રી મને મળવાની નથી – તારા લોહીના સોગંદ ગુલાબ ! હું હારી ગયો હતો.'

અને હોથલને પામેલો ઓઢો જે રીતે હોથલને જાળવવા માંગતો હતો એ રીતે મહામૂલી ગુલાબને દબાવી રાખવા ચતુર મૌન ધારણ કરી બેઠો હતો – પોતાના મહાભાગ્યને બોલી નંખાય ?

'તું જાણે છે ને ?' ગુલાબ બોલવા માંડતી : 'મને કોણીએ કેવાં દુઃખ દીધાં ?...એ બધુંને મારી ઉપર જડી દેવા માગતી હતી.

અને તું પણ —' ને એ એકાએક આવેશમાં આવી જતી અને લાલચોળ થઈને હાંફવા લાગતી: 'અને તું પણ ભગુને સોંપી દેવા માગતો હતો, નહિ ? તેં દવાખાનામાં ના પાડેલી...કહું છું ના પાડેલીને તેં ? વાહ રે ભગુને સોંપવી....એ તારો દુશ્મન છે દુશ્મન ! સમજ્યો તું ! જયંતિ માંદો પડ્યો ત્યારે...ત્યારે એણે મારું બાવડું પકડ્યું હતું...તું બેઠો હો ને તારા અધિકારની ચીજને કોઈ હાથ અડાડી શકે ? કહું છું બાદશા ! હું તારું કલેજું છું...તારે એની રખવાળી કરવી જોઈએ. એ કલેજાંને તારા સિવાયનો માણસ હજામતનું પાનું લઈને કાપા પાડે અને પાડે તોય તને પીડા ન થાય ?'

'ભૂલી જા !' ચતુરે ગુલાબને મોંએ હાથ દઈ દીધો : 'એ બધું ભૂલી જા, અને સુખી થા...મારા ઉપર દયા કર ગુલાબ ! એ બધાં ગુજરાતમાં છે. આ આસામ છે, અહીં કોઈ આપણને સતાવી નહીં શકે...અહીં આપણે હિમાલયની ગોદમાં છીએ...અહીં બ્રહ્મપુત્રા છે...અહીં દુનિયાથી વધુ મેઘ વરસે છે...તું જો...અને એ રીતે વરસવા માંડ ગુલાબ ! પેલી ખાસ્સી ટેકરીઓ જો ચેરાપુંજી ઉપર મેઘ ઝળૂંબ્યો છે જો; જો ગુલાબ ! એ આપણી પ્રીતનું ગર્જન કરે છે...આ બરફ ચડેલા પહાડો તો જો !...બસ એની જેમ તારા ભૂતકાળ ઉપર બરફ ચડાવી દે...ભૂતકાળ ઢંકાય જાય.'

અને પછી ચતુરે આસામની પ્રભુતા સભર ધરતી ઉપર ગુલાબને ફેરવવી શરૂ કરી :

—પથ્થર અને કોલસાની માઈલો ઊંડી ખીણો, ખીણોની ટોચની ઊંચાઈઓ...ઊંચાઈઓ પર ઊભીને, વાદળાં ઉપર, ખીણોમાં પડતા ધોધમાર વરસાદને – વરસાદ પર ઊભીને – વરસતો દેખાડ્યો...વાંસના ઝૂલતા પુલો પર ઝુલાવીને નદીઓના ભૂખરાં ઘૂઘવતાં પૂરો દેખાડ્યાં... કોલસાની ઊંડી ખીણોમાં ટમકતા દીવાના ઓછા પ્રકાશમાં કીડી-મંકોડા જેવા કામ કરતાં ખાણિયાઓને દેખાડ્યા...ટેરીલના ઢગલા પર ફરતી બોગીઓ દેખાડી, ધરતીકંપના જબ્બર જરત આંચકા

સાથે ઝૂજતાં ખળભળતાં જંગલો દેખાડ્યાં.

ચતુર ઇચ્છતો હતો – પોતાની પ્રિયતમા આ ઊછળતી, પછડાતી ને ગોટા વળતી કુદરતમાં ગારદ થઈ જાય – એના અંતરમાં ભોરિંગની જેમ ગાળાને ઘૂસેલો ભૂતકાળનો અજગર આ ભયાનક સૌંદર્યથી ચેપાઈ જાય, ચગદાય જાય અને એનો સગડ મૂકી દે!

પણ એ થાક્યો...અરે ઊલટાનો ઘેરાયો.

આ તોતિંગ સૌંદર્યના દશ્યો વચ્ચે ગુલાબના અંતરમાંથી ભગુ ઊપસી આવતો.

ટેરીલના ઢગલા ઉપર ઊભીને એ આક્રોશ કરતી : 'ભગુ! બાદશા, ભગુ અહીં આવે તો એને આ ઢગલા પરથી ખીણમાં ફેંકી દઉં...જો, પેલો વરસાદ પડે છે ને, પાણી ઊછળે છે ને...બસ એમાં એને ડુબાડી દઉં...! આપણે ઊભાં છીએ ને, આ ઝૂલતા પુલ ઉપર... બસ અહીંથી નદીમાં હડસેલી દઉં સાહલાને...! તું મને, એને મારી નાખવામાં મદદ ન કરે ચતુર?' અને એ ચતુરના નાક પાસે પોતાનું નાક લઈ જતી : 'ઓહ, તને ટીચકું ચડે છે! શું કામે ચડે છે આ ટીચકું! ભગુ મરી જાય...અહીં...આ ભયાનક સ્થળોમાં. એનાં મુરદાને અહીંના જંગલી રીંછો સૂંથે એ તને ન ગમે બાદશા?'

અને બાદશા મૂગો બનતો ત્યારે ગુલાબ એના પર આક્રમણ કરતી : 'તને તારા ખજાનાની – હું તારો ખજાનો છું – સાચવણુની કોઈ જ પડી નથી...આ તો સારું થયું કે એણે મને મારી ન નાખી...નહીંતર ચતુર...! તું મારા શબને જોવા આવે એવોય નથી.'

અને એ વખતે ચતુરની સ્થિતિ કેવી થતી!

—એનાં અંતરના છેક ઊંડાણે કે જ્યાં જ્વાળામુખી ઉપર એણે આત્મવિશ્વાસનું બૂચ માર્યું હતું – એ કઠાક કરતુંને તૂટી જતું અને ત્યાંથી અગ્નિ, કોલસા, ધુમાડા, રાખ અને છેવટમાં લાવારસ ધમધમાટ કરતો વહેવા માંડતો અને ચતુરનું બધું – સુંદર ફૂલવાડી જેવું કે જ્યાં એણે આવાં સુખોની રેખાઓ દોરી હતી, રંગો પૂર્યા

હતા, નકશી કોરી હતી. ગુલશન જેવી સ્ત્રી એક આલાયદા ઘરમાં કલ્પાયું. રાગ આલાપતી હતી – એ બધું લાવાની ઝપટમાં આવી જતું.

જમાતના મહંતનો બકવાસ એને યાદ આવી જતો : 'તું કભી ભી સંસારી નહીં બન પાયેગા – જહાં જા ...ફકીરી તેરો સાથ.'

ચતુરનું હૈયું વેરાન બની જતું. એ ગુલાબને ભેટી પડતો 'ગુલાબ ! ગુલાબ ! ગુલાબ !'

'તને આ બધું નથી ગમતું. મને ખબર છે કે નથી ગમતું. ગુલાબ એને હડસેલી મૂકતી : 'તારામાં કોઈ તણખો ચમકતો જ નથી... ઓલવાઈ ને રાખ થઈ ગયો છે તું....'

'તું ...! તું એ બધું ભૂલી જા ગુલાબ ! મારા ખાતર આપણા હવે પછીના જીવન ખાતર, વીસરી જા...વીસરી જા...!'

અને ચતુર આ પછી પોતાની પ્રિયતમાને કોઈ મોટો જાગીરદાર ભૌતિક, ઊંચામાં ઊંચાં ભૌતિક, સુખો આપી શકે એ આપતો રહ્યો.

એ નારંગી અને ચાના બગીચાઓમાં એને ઘુમાવતો હાથી ભાડે લઈને હાથી પર એને ઝુલાવતો. ઘણી વાર ગુલાબ એમાં રંગાઈ પણ જતી – ચાના બગીચાઓમાં માથા પર વાંસની 'ઝરપી' પહેરીને એ લહેરથી પાંદડાંઓ ચૂંટતી સ્ત્રીઓમાં ભળી જતી – અરે થોડાક દિવસ તો ગુલાબે પણ એ પોશાક ધારણ કર્યો – લેંગો, કમરે રેશમી શેલું અને માથા પર વાંસની ઝરપી !

ચતુર એને વખાણી નાખતો : 'તું આમાં ખૂબ સુંદર લાગે છે ગુલાબ !'

'મારે તને સુખી કરવો છે' એ સહસા ઉભરાઈ હતી : તું બહુ દુઃખી થયેલો માણસ છો બાદશા ! હું તને સુખથી ભરીને છલકાવી દઈશ. તારી વેદનામય જિંદગીનો એક ડાઘ પણ નહીં રહેવા દઉં...' અને આ પછી એ ચતુર પર આક્રમણ કરતી... રાતો ખૂબ ગરમ બની જતી પરંતુ દિવસોય...

ચતુરને એની નાજુક સ્થિતિથી ક્રમકમાં આવતાં, એ દૂર ભાગતો.

ગુલાબ એને પકડતી : ' પરવા ન કર...ડર નહીં દોસ્ત ! મને સુખ આપ અને તું સુખી થા ' ને પછી એ ઈતરડીની જેમ એને વળગી જતી.

ચતુરનો આત્મા થરકી જતો...અજ્ઞાત ભયના એક જબરજસ્ત આવેગથી એ ખળભળી ઊઠતો...ચતુર જેમ જેમ અચકાતો ડર પામતો એમ એમ એ વધારે ભૂખાવળી, વધારે હેતાળવી, ક્યારેક તો ઝનૂની બનીને એના પર અત્યાચાર કરી નાખતી—

આ બધો અતિરેક આસામની પ્રકૃતિએ રોજ જોયો હતો...વાંસના પુલોએ, બ્રહ્મપુત્રાના હોડીવાળાએ, જંગલના હાથીઓએ અને આસામીઓએ ફાટી આંખે જોયો હતો !

ચતુર હવે ભયભીત બન્યો હતો...એને લાગતું હતું કે જન્મથી પાછળ પડેલું પેલું વિનાશક તત્ત્વ ગુજરાતમાંથી ભાગીને પોતે અહીં આવ્યો તો અહીં પણ એણે પીછો કર્યો હતો...પોતાના હાથમાં આવેલ આ અફલાતૂન સ્ત્રી એને આંચકી લેવી હતી – માટે તો એણે ગુલાબના શરીરમાં પ્રવેશ કર્યો હતો – નહીંતર આમ બને ? એક સગર્ભા સ્ત્રી કે જેનાં અંગો માંડ માંડ હલનચલન કરી શકે – એ આટલી હદે ચંચળ ? આટલી બધી ભુખાળવી ? આટલી બધી અતૃપ્ત ?

ઘણી વાર એ ગુલાબના ઇજનનો ઇનકાર કરતો ત્યારે જોવા જેવી થતી.

ગુલાબ ભવાં ચડાવીને, લાંબા હાથ કરીને એને ભાંડવા માંડતી : ' તું મને તો પછી, અહીં શુ કામે લાવ્યો ? શું કામે પણ ? મને ભગુને જ આપી દેવી'તી, તો પછી...! તને શંકા છે ? શંકા જ છે તને. આ બાળક તારું નથી...ભગુનું છે...માટે... એટલા માટે જ હું એને ઝટ ઝટ પ્રસવવા માગું છું...તને ખાતરી થાય સમજ્યો ને ? '

અને ચતુર ચૂપ થઈ જતો. એને આધીન થઈ જતો.

—બસ હવે...અંજામ બિલકુલ સાફ હતો : એક દિવસ હવે કમનસીબ જ એવો આવવાનો કે ગુલાબ તે દિવસે એના બાહુમાં જ ખલાસ થઈ જવાની...!

ચતુર હવે મરણીઓ બનીને ગુલાબ સાથેના એકાંતને ટાળવા મથતો હતો. ગુલાબને લઈ ને એ વસ્તી વચ્ચે ભટક્યા કરતો પણ રાત એને માટે ખતરનાક બનતી.

હવે દિવસો બહુ નહોતા.

એક રાતે એ ગુલાબને લઈને આસામીઓના "બીહુ" ઉત્સવમાં ગયો અને પછી પસ્તાયો.

સતત રાતભર એ આસામી સ્ત્રી-પુરુષો સાથે...આસામના એ ભયાનક જંગલી વાજિંત્રોનાં બૂમ બૂમ તાલે નાચી...કૂદી-કૂદીને, ઠેકીઠેકીને નાચી...!

આસામી નરનારીઓએ એને એના પેટ સામે આંગળી ચીંધીને વારી.

સારું થયું કે એ લોકો ગુજરાતી જાણતાં નહોતાં. ગુલાબે જવાબમાં ચતુર સામે આંગળી ચીંધીને કહ્યું : 'આ મારો માટી છે...પણ કાયર છે...મારી પાસે આવતાં એ ડરે છે. મારી પાસે રહેતાં એનો જીવ નીકળી જાય છે સમજ્યાં? મારે આનંદ કેમ કરવો! નાચો અને નાચવા દો...વગાડો...વગાડો...વગાડો!'

અને મળસ્કે ગુલાબ ઢળી પડી.

—ચતુરે એને ઊંચકી ત્યારે હાથમાંથી સરી પડી – પસીને એ નીતરતી હતી!

દવાખાને પહોંચાડવા ચતુર લાચાર બન્યો હોત પરંતુ એ જંગલીઓએ એને મદદ કરી અને એને દવાખાને પહોંચાડી.

દવાખાનાની લોબીમાં ચતુર બાઘા જેવો થઈને ભમતો હતો — ગુલાબને સ્ત્રીઓના વિભાગમાં લઈ જવાઈ હતી – જ્યાં પુરુષોથી

ડોકાવાય એવું પણ નહોતુ.'

થોડા થોડા અંતરે એણે નર્સોને, ડૉક્ટરોને, પટાવાળાને, એ બાજુ ઝપાટાબંધ દોડતા જોયા...પછી દવાઓ, બાટલાઓ એ પછી ડીશો, તાસકો, નસ્તરો, ઓશિકાં, ચાદરો...!

અને ઘણી વાર પછી એને બોલાવવામાં આવ્યો.

—ચતુર ખળભળી ઊઠ્યો...

અજ્ઞાત એવા ચિંતના એકાદ ખૂણામાંથી ડૉક્ટરનું મોટું એવું આસામી મહોરું ઊપસી આવ્યું. જાડા જાડા હોઠ અને તીણા સફેદ દાંત વચ્ચેથી લાલચોળ એની જીભ ચતુરથી સાંભળી ન શકાય એવા શબ્દો ફેંકતી હતી : 'તમે ભાઈ, કમનસીબ પતિ છો માટે અત્યંત દુઃખ સાથે કહેવું પડે છે કે—'

અને ચતુર લોબીની વચમાં સ્તબ્ધ બનીને ઊભો રહ્યો... એનાં સઘળાં જ્ઞાનતંતુઓ પાંગળાં બનીને અટકી ગયાં...એણે એક વાર દવાખાનાને પહોળી આંખોથી જોઈ લીધું પછી કપાળ પર હાથ મૂક્યો. માથું જોરથી હલાવ્યું અને ધીમે રહીને ચાલતો થયો.

'તમે ભાગ્યશાળી માણસ છો' પાછળથી એક વોર્ડ ડૉક્ટરે એના ખભા પર હાથ મૂક્યો : 'એકંદરે આ ઠીક થયું...કુદરત હંમેશાં એનું કામ કરે જ છે. તમારી વાઈફ નાચી એનાથી બાળક છૂટું પડ્યું છે' અને પછી આંખો ઝીણી કરીને એણે ચતુરને પૂછ્યું, 'તમારી વાઈફ ખૂબ ભયભીત છે. તમે જાણતા હો તો ઇલાજ કરો...એનો ભય એના ગર્ભની આસપાસ આમ—' ડૉક્ટરે બન્ને હાથનાં આંગળાં ગોળાકાર કરીને ઢાંકણા આકારની સંજ્ઞા કરી : 'સખત રીતે વીંટળાયો છે.'

'અરે સાહેબ!' ચતુર ખુશ થઈ ગયો : 'ભલે તેવો ભય કેમ નથી! હું છું ને. હું એની પાસે સતત બેઠો રહીશ.' અને એ વોર્ડ તરફ છલાંગો ભરવા લાગ્યો : 'ગુલાબને કોઈ હેરાન નહીં કરી શકે. કોઈ નહીં.'

'હવે ચતુરને ત્યાં જવાની, બેસવાની છૂટ મળી હતી. કેમ પ્રસૂતિને વાર હતી અમે નર્સીને એનું ભાડું અપાઈ ગયું હતું ચતુર ગુલાબના ઓશીકા પાસે બેસી રહેતો.

ગુલાબ ક્યારેક તો ખૂબ આનંદમાં આવી જતી અને એ વખતે એના અંતર ઉપરથી વહેવારિકતા કે દુન્યવી સમજણનાં પડો એકદમ હટી જતાં : 'આ બાદશા !' ગુલાબ પ્રગટપણે બોલવા માંડતી : 'એક સમયે મને નહોતો ગમતો...એ કેવો બળિયાવર છે કોઈ જાણો છો ?' ને હસીને એ ચતુરને કહેતી : 'ચતુર કહે તો... પેલી મલ્લવાળી વાત. તારી ઉપર છ મલ્લો ચડ્યા હતા, કાં ?...' અને પછી ઘણી વારના મૌન પછી કહેતી : 'હવે અમે સુખી છીએ. મને એ અખંડ મળી ગયો છે. બાદશા...ચતુર બાદશા મને મળ્યો છે !' ને વળી એ પાછી ચતુરને વીંટળાઈ વળતી.

દિવસમાં એકાદ વાર એ સિસ્ટરનું બાવડું પકડીને પૂછતી : 'હવે ક્યારે આવવાનું છે ?' ને પછી ચતુર તરફ આંગળી ચીંધીને એ કહેતી : 'જોજ્યો બેન, એ અસ્સલ આના જેવું હશે. એનું નાક લાંબું હશે. જોજ્યો ક્યાંક નાકને ધજા કરી બેસતાં. આંખો પણ તમે ન માનતાં કે એની ચૂંચી હોય. એ તો ખરાબ હોત જો મને એ હરામખોર ભગુ મળ્યો હોત તો એ એના જેવું જ હોત. કાળું, ચૂંચી આંખોવાળું ટૂંકમાં બુઝારું હોત, બુઝારું.' અને પછી છત સામે જોઈ ને સંતોષ સાથે ઉમેરતી : 'આ તો હશે ધઉંના, અમારી ગુજરાતના ચાસિયા ધઉંના – પીંઠા જેવું...તમને જો રમાડવાનું મન ન થાય તો ફટચ કહેજો. પણ જોજ્યો હો એ બહુ ગરવું હશે. ક્યાંક રમાડી રમાડીને લોથ કરી નાખતાં નહીં – એ તો હસ્યા જ કરવાનું – સુખમાં અને દુઃખમાં.'

અને એક દિવસ...

ગુલાબે બે પગ વચ્ચે હાથ નાખીને ચીસ નાખી...ચતુર આભો બનીને હજ્જ્ય બેઠો હતો. લોહીનો એક ફુવારો ફેલાઈ ગયો.

નર્સ એકાએક દોડી આવી : ‘ખસો...અરે, ખસો. પ્રસૂતિ...!

ચતુર બહાર જતો રહ્યો. વળી પેલી દોડાદોડી સાધનોની... હવાઓની ધસમસ.

‘છોકરો જન્મ્યો છે’ ચતુરને કાને લગભગ કલાક પછી સમાચાર આવ્યા.

ચતુર અંદર જવા દોડ્યો, પણ એને રોકવામાં આવ્યો.

—અંદર એક મોટી હલચલ મચી હતી.

‘નાખી દો...!’ ગુલાબ ક્રોધમાં બરાડતી હતી : ‘એને ગટરમાં નાખી દો કહું છું...!’

અને બાળક ઉપર ગુસ્સાથી તરાપતી ગુલાબને બેત્રણ નર્સોએ ફચકાવીને પકડી અને પછી ચતુરને બોલાવ્યો...અને ગુલાબ ન જુએ એમ બાળક તરફ ઇશારાથી ચતુરનું ધ્યાન દોરવામાં આવ્યું.

—ચતુર ફાટી આંખે બાળકને જોઈ રહ્યો અને પછી શાંત ઊભો રહ્યો.

ચિતામાંથી મુરદું જાગે એમ ગુલાબ પથારીમાં બેઠી થઈ અને ડોકનો ઝટકો મારીને એણે ચતુરને કહ્યું : ‘જો...આ બાળક તારું નથી ચતુર! બરોબર નીરખીને જોઈ લે તારું છોકરું આવું ન હોય...’ અને પછી એક ઉંહકારો કર્યો : ‘ભગુ!’

ચતુર જાણે ગુલાબના મોં આડે હાથ દેવા માગતો હતો. એણે ઊંડા સાદે કહ્યું : ‘ગુલાબ! તું સૂઈ રહે...શાંતિથી સૂઈ રહે.’

ગુલાબનો અવાજ વધારે રઘવાયો બન્યો : ‘તને કાંઈ નથી થતું?...કાંઈ?!’

ચતુર આટલીક પળોમાં તો શાંતિની – ગુલાબ માટેની શાંતિની હળવાશની, નિર્ભયતાની પોઠયો ને પોઠયો ભરી લાવ્યો...એ ગુલાબની નજીક સરક્યો : ‘ના.’

અને આ ‘ના’ને વધુ દૃઢ, નિખાલસ અને વધુ પ્રતીતિકર બનાવવા ચતુરે ડોક સાથે આખો દેહ નકારમાં હલાવ્યો : ‘ના ના...

તું ખાતરી રાખ ગુલાબ ! મને કશું ન થાય...તું મને પૂરો ઓળખ, મને કશું જ ન થાય.'

એકાએક હવામાં કશુંક ભળ્યું. શાંત, સમજણી હવા એકાએક બોઝિલ, જાડી ને પછી છીંપરા જેવી બની ગઈ.

—ગુલાબે બંને કોણીઓ પથારીના ગાદલામાં ખૂંતાડી અને કેડ્ય સુધીના અરધાં શરીરને એણે ધક્કો મારીને ઊભું કર્યું : 'શું કામે ન થાય ?' ને પછી એ આખી ધ્રુજવા લાગી : 'ન થાય શું કામે !'

ચતુર એની પાસે ઓરો આવ્યો. પથારીએ બેસવા કેડ્યને એણે સહેજ વાળી, ગુલાબની આંખોમાં મમતાથી જોઈને એણે કહ્યું : 'તું ચિંતા ન કર...મને કશું નથી...કશુંય.'

ગુલાબે ચતુરને ધક્કો માર્યો : 'તને ક્યાંથી થાય ? શું કામે થાય ? હું જાણું છું—પહેલેથી, બધું જ જાણું છું. હું તારા દિલમાંથી નીકળી ગઈ છું – તું મારો નથી...મારો હોય તો ' અને એણે બાળક તરફ હાથ લાંબો કર્યો : ' તો આ વેઠી લેત ? કોઈ વેઠે ?' અને, ગુલાબે એક ચીસ નાખી : ' છોડ મને...કહું છું : જતો રહે !'

અને એકાએક ગુલાબે બે ગોઠણ વચ્ચે માથું ખોસી દીધું... અને તરત જ ગળાનાં હાડકાં ભાંગવાનો કડાકો થયો.

—ચતુર, નર્સો અને દાક્તરોએ મળીને ગુલાબના ગૂંડલાંને માંડ માંડ જુદું કર્યું અને ત્યારે તો ગુલાબનો ચહેરો બિહામણો થઈ ને સ્થિર બની ગયો હતો !

ચતુરને બધાંએ મળીને આઘો ખસેડ્યો : 'અરે, આ તે સ્ત્રી હતી ! આવી સ્ત્રીને તમે કઈ પેરે ચાહી શકો !'

ચતુરની આંખમાં ચોધાર આંસુઓ હતાં.

અને એ આંસુઓને જોનારાંની આંખમાં, માણસ કેટલી હદ સુધી મૂર્ખ હોઈ શકે છે – એ માટેનો અણગમો અને ઘૃણા...!